(૮૩) અદેય:

# પોમલા

## ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન

(અનુપારંગત : એમ. ફીલ. : ની પદવી માટે લખાયેલો શોધ નિબંધ)


માર્ગદર્શક

ડો. ટી. બી. નાયક

નિયામક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

અને પ્રાધ્યાપક તથા અધ્યક્ષ

સમાજમાનવશાસ્ત્ર વિભાગ

ગુજરાત વિદ્યાપીઠ

નિબંધ કર્તા

ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય



સમાજમાનવશાસ્ત્ર વિભાગ

મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ–૩૮૦૦૧૪.

૧૯૮૧


૧૦૯

# પોમલા

## ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન

( અનુપારંગત : એમ. ફીલ. : ની પદવી માટે લખાયેલો શોધ નિબંધ )


માર્ગદર્શક

ડૉ. ટી. બી. નાયક

નિયામક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

અને પ્રાધ્યાપક તથા અધ્યક્ષ

સમાજમાનવશાસ્ત્ર વિભાગ

ગુજરાત વિદ્યાપીઠ

નિબંધ કર્તા

ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય



સમાજમાનવશાસ્ત્ર વિભાગ

મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ

અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૧

# અનુક્રમણિકા

પૃષ્ઠ

પ્રસ્તાવના

પ્રકરણ

૧. વસતિ અને વિસ્તાર ૧

૨. ભૌતિક સંસ્કૃતિ ૧૨

૩. આર્થિક જીવન ૩૩

૪. સામાજિક સંરચના અને સંગઠન ૭૫

૫. સામાજિક રીતરિવાજો ૧૦૦

૬. ધાર્મિક જીવન ૧૨૨

૭. આરોગ્ય–બોલી અને શિક્ષણ ૧૩૦

૮. ઉપસંહાર અને વિકાસલક્ષી આયોજન ૧૪૦

પરિશિષ્ટ

પરિશિષ્ટ – ૧ અનુસૂચિ

પરિશિષ્ટ – ૨ સાંસ્કૃતિક અભ્યાસ માટેની મુલાકાત માર્ગદર્શિકા.

## -: પ્ર સ્તા વ ના :-

ગુજરાતમાં ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ આદિવાસીઓની વસતિ ૩૭ લાખની છે. જેમાં જુદી જુદી ૨૯ આદિવાસી જાતિઓનો સમાવેશ થયેલો છે. આ દરેક આદિવાસી જુથ પોતાની આગવી અને અલગ સંસ્કૃતિ ધરાવે છે. આવી આદિવાસી જાતિમાં અમુક જાતિઓ એવી છે કે જેની સંખ્યા દસ-બાર લાખની છે. જ્યારે અમુક આદિવાસી જુથો એવાં પણ છે કે જેની સંખ્યા ૫૦૦ ની જ છે. જેને વિશે વધુ જન સમાજ અજ્ઞાનતા સેવે છે: ગુજરાતમાં આવી જાતિઓ અજાણ રહી ગઇ છે. તેઓ વિશે લેખિત સાહિત્ય નથી, કે નથી તેમનો જુદી જુદી વિકાસ યોજનાના લાભમાં સમાવેશ થયો. સમાજમાનવશાસ્ત્ર અનુસ્નાતકના અભ્યાસ દરમિયાન એક વિદ્યાર્થી તરીકે મને લાગ્યું કે આવી કોઇ જાતિ વિશે વૈજ્ઞાનિક સંશોધન કરી તેને અંધકારની દુનિયામાંથી બહાર લાવી સભ્ય સમાજને તેની જાણકારી કરાવવી યોગ્ય લેખાશે. હું કંઇક આવા વિષય શોધની દિશા અનુભવતો હતો તેવામાં મારા માર્ગદર્શક ડૉ. શ્રી હ.બા.નાયકે "પોમલા" આદિવાસી વિશે સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ કરી અને તેમના માટેનું વિકાસલક્ષી આયોજન બનાવવા સૂચવ્યું. મેં આ સૂચનને સહર્ષ સ્વીકાર્યું, કારણ કે સમાજમાનવશાસ્ત્રનો વિદ્યાર્થી અને આદિવાસી સંશોધન કેન્દ્રમાં સંશોધન કાર્યકર હોવાથી આવા સમૂહ વિશે કામ કરવું મને ગમ્યું. મારા માર્ગદર્શકના અને મારા વિષય પરત્વેના વિચારોના સમન્વયથી ગુજરાતમાં એક ઘણી જ ઓછી સંખ્યા ધરાવતી આદિવાસી જાતિ "પોમલા" (ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન) એ વિષય પસંદ કર્યો.

## હેતુઓ :

૧. આ વિષય પસંદ કરવાનું મુખ્ય કારણ તો એ હતું કે આ જાતિ વિષે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ થયો હોય તેવું જોવામાં આવ્યું નથી. વળી, સમાજમાનવશાસ્ત્રમાં આ વિષય બિલકુલ નવો હતો – એક અણખેડાયેલ ક્ષેત્ર હતું. જેથી કંઈક નવી ભાત પડે અને આ વિષય તરફ અન્ય સંશોધકોનું ધ્યાન દોરવાય અને નવી દિશાં તરફના દ્વાર ખૂલે તો આને માટે પણ કરી શકાય. આ ઉપરાંત આ વિષય પસંદ કરવા પાછળ અન્ય હેતુઓ પણ હતા.

૨. આદિવાસીઓની સંસ્કૃતિ અને જીવનનો અભ્યાસ કરવામાં મને વૈજ્ઞાનિક અને વ્યક્તિગત રસ છે. તેને વધુ ખીલવવા માટે આ કામ લીધું છે.

૩. આવા નાના જૂથને પણ પોતાની આગવી સંસ્કૃતિ, સમાજ-રચના, સમાજ સંગઠન વગેરે હોય છે અને તે તેના "નાનાપણા" ને કારણે કેવું સ્વરૂપ ધરાવે છે એ પણ જાણવું હતું.

૪. આદિવાસીઓની અલગ સંસ્કૃતિ હોવા છતાં પણ તેઓ ઘણી સમાન સમસ્યાઓ જેવી કે ગરીબી, શોષણ, ભૂખમરો વગેરેથી આક્રાન્ત છે. આ બધાની માહિતી એકઠી કરી તે અંગે શું ઉપાયો લઈ શકાય તે વિષે વિચારવું હતું, મતલબ કે આ જાતિ માટે કેવા પ્રકારનું વિકાસલક્ષી આયોજન બનાવીએ કે જેથી કરીને આ જાતિનો સર્વાંગી વિકાસ સાધી શકે, તે માટે શોધવું હતું. સારાંશ એ કે મેં આ અભ્યાસ સમાજમાનવશાસ્ત્રીય સિદ્ધાંતો માટે એક જાતિની પ્રજાતિશાસ્ત્રીય વિગતો એકઠી કરવા માટે અને વિકાસ કાર્યક્રમ બનાવવા માટે ( એટલે એનો વ્યવહારુ ઉપયોગ થાય તે માટે ) કર્યો હતો.

## વિસ્તાર :

ગુજરાતમાં પોમલાઓની વસતિ આશરે માત્ર ૫૦૦(૦.૦૧ ટકા) ની છે; આ એક નાનું જૂથ, કોમ છે. તેની મુખ્ય વસતિ સુરત, વડોદરા, ખંભાત, અમદાવાદ અને ભરૂચ શહેરમાં છે. આ જાતિની વસતિ બહુ થોડી હોવાથી અભ્યાસ એકમ તરીકે આખા જ વિસ્તારને એટલે કે સુરત, વડોદરા, ખંભાત, અમદાવાદ અને ભરૂચ શહેરને પસંદ કરેલ અને તેમાંથી દરેક કુટુંબને અભ્યાસ એકમ તરીકે પસંદ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## સંશોધન પધ્ધતિ :

તપાસ વિષય અંગેની બધી માહિતી વેરવિખેર પડેલી હોય છે. તેને એકઠી કરવી પડે છે. આ માટે જુદી જુદી વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી બે પ્રકારની હોય છે; પ્રાથમિક અને દ્વૈતિયક. તેમાં દ્વૈતિયક માહિતી માટે પ્રકાશિત ગ્રંથો સેન્સસ, અહેવાલો ઇત્યાદિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય કર્યું છે. આ ક્ષેત્રકાર્ય દરમિયાન નીચેની જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### અ. અવલોકન - નિરીક્ષણ :

પોમલા કુટુંબોની રહેણીકરણી, તેમની ઉપાર્જનની અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ અને તેમની પરિસ્થિતિ વિષે તથા તેમના જીવનના જુદાં જુદાં પાસાં જેવા કે સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરેને લગતી વિગતો સહભાગી અને અસહભાગી નિરીક્ષણ દ્વારા એકઠી કરવામાં આવી છે.

બ. અનુસૂચિ :

ઘોમલા કુટુંબોની આર્થિક માહિતી એકઠી કરવા માટે એક પ્રશ્નોની સૂચિ બનાવવામાં આવી હતી. જેના દ્વારા ઘર, ઘર-વખરી, મિલકત, આવક, ધર્મ તથા દેવા વિષયક જાણકારી પ્રાપ્ત થઇ હતી. આ માટે પાંચે શહેરોમાંથી તપાસ દરમિયાન ૭૨ કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઇ મેં જાતે સામાજિક-આર્થિક માહિતી માટેની અનુસૂચિ ભરી હતી. અનુસૂચિનો નમૂનો પરિશિષ્ટ - ૧ માં મૂકવામાં આવ્યો છે.

ક. મુલાકાત :

ઘોમલા જાતિની સંસ્કૃતિ, રીત-રિવાજો અને આર્થિક પ્રવૃત્તિઓ વિષેના કેટલાક પાસાંઓ માટે તથા તેમની મુશ્કેલીઓ, તે મુશ્કેલીઓના ઉપાયો અને વિકાસ માટેના સૂચનો વગેરેની ઊંડાણ-પૂર્વકની માહિતી માટે ઘોમલા સમાજના આગેવાનો અને અનુભવી વ્યક્તિઓની તથા અન્ય સંબંધિતોની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં ઘોમલા જાતિના સભ્યો સાથે મુલાકાત એ અર્ધ સંરચનાત્મક હતી. એમાં સમાજજીવનમાં કેવા તાણાવાણા છે તે જાણવા માટે એક મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કર્યો હતો. એનો નમૂનો પરિશિષ્ટ - ૨ માં મૂકવામાં આવ્યો છે.

આ રીતે અનેક સંશોધન રીતો દ્વારા માહિતી એકઠી કરી હતી.

## ક્ષેત્રકાર્યની મુશ્કેલીઓ :

સૌરાષ્ટ્રમાં આમ-જન સમાજમાં એક કહેવત છે કે "સારા કામમાં સો વિઘ્નો આવે." મતલબ કે તમે કોઈ સારું કામ કરવા તૈયાર થાવ તો કંઈને કંઈ તો અંતરાય આવે જ. મારા ક્ષેત્રકાર્યમાં પણ કંઈક આવું જ બન્યું છે. જેમાં કેટલાક સંજોગો એવા હતા કે જે મારા આંતરિક હતા, જ્યારે અમુક મુશ્કેલી પોમલા જાતિના ક્ષેત્રકાર્ય દરમિયાન પડી.

૧. સંશોધન આયોજના બનાવ્યા પછી જે સમય ક્ષેત્રકાર્ય માટે નક્કી કર્યો તે મુજબ ક્ષેત્રકાર્ય માટેની પૂર્વતૈયારી કરતો હતો, અને એ સમય આવ્યો કે મારે ક્ષેત્રકાર્ય શરૂ કરવું. પરંતુ આમોસાથ એવા પણ સમાચાર મળેલા કે મારા લગ્નનું ડીસેમ્બરમાં નક્કી કર્યું છે. આ રીતે પોમલા જાતિના ક્ષેત્રકાર્યનું કામ મારે મોડું પાછું લઈ જવું પડ્યું. મારા લગ્ન પછીનું કામ પતાવી હું પાછો ફર્યો અને આવતાની સાથે જ મેં અમદાવાદમાં રહેતા પોમલા કુટુંબમાં જઈ મારું કામ આરંભ્યું. સાત-આઠ દિવસ હજુ માંડ થયા ત્યાં તો થઈ શરૂઆત "અનામત વિરોધી આંદોલન"ની. ફરી મારું કાર્ય થંભી ગયું. ઘણીવાર આવા સંજોગોમાં હું હતાશ પણ થઈ જતો, સતત ચિંતા રહ્યા કરતી હતી કે હવે મારા નિબંધનું શું થશે. ઘણા લાંબા સમય પછી આંદોલન ધીમે ધીમે શાંત પડતું ગયું અને મેં મારા કાર્યને આગળ ધપાવ્યું. ઉપરોક્ત પરિસ્થિતિથી હું ક્યારેક કંટાળી જતો. ક્યારેક આ ઉપાડેલ કાર્યને છોડી દેવાની ઇચ્છા થતી, પરંતુ મને મારા માર્ગદર્શક હંમેશા ટોકતા, અને કાર્યમાં ઝડપ રાખી સારી રીતે કામ કરવા કહ્યા કરતા. આજે આ નિબંધ પૂરો થવામાં સતત તેમની દરરોજની યાદ હતી તેમ કહું તો અતિશયોક્તિ નથી.

૨. પોમલા એ ગુજરાતની એક અજાણી આદિવાસી જાતિ છે, તેના વસવાટ અંગે કોઈ માહિતી નથી. ઘણા અધિકારી વર્ગ તેનાથી અજાણ છે આથી તેમને શોધવા એ ઘણું મુશ્કેલ કામ હતું. તે એટલે સુધી કે જે મહોલ્લામાં તે રહેતા હોય તેની આજુબાજુના લોકોને પૂછીએ કે અહીં પોમલા લોકો રહે છે ત્યારે તેઓ પાસેથી જવાબ "ના" જ મળતો. આખરે પોમલાનો વ્યવસાય ટોપલા-ટોપલી હોવાથી, ટોપલી બનાવતા લોકોના નામે હું પોમલાઓને શોધી શકવામાં સફળ થયો.

૩. પોમલા જાતિમાં સંશોધન-કાર્યની શરૂઆત કરી, પરંતુ પહેલા તેઓ મુક્ત મને સહકાર આપતાં નહિ તેવું જરૂર લાગ્યું. આથી તેઓ ક્ષોભ અનુભવતા તેઓને એમ લાગતું કે આવી માહિતી શા માટે પૂછતા હશે. અનેકવાર તેઓને મારા ઉદ્દેશ સમજાવવા છતાં સંકોચ રાખતા. પરંતુ અમુક દિવસોના સહવાસ બાદ તેઓ પ્રેમપૂર્વક માહિતી આપવા લાગ્યા. તેઓ પહેલા સંકોચ રાખતા એમાં કશું અજુગતું પણ નથી, કારણ કે આજ સુધીમાં આ જાતિ માટે કોઈ તેમને મળતા કે સમજણ આપવા ન ગયા હોવાથી તેઓ ક્ષોભ અનુભવે તે સ્વભાવિક બાબત છે.

આમ ઉપરોક્ત જુદી જુદી મુશ્કેલી સંશોધન-કાર્ય દરમિયાન પડી હતી.

મારા સંશોધનને અંતે મને એટલું જરૂર લાગે છે કે આ જાતિ વિશે હજુ ઊંડાણથી કામ થવું જોઈએ. વળી, આવા નાના જૂથની માફક ગુજરાતમાં બીજા નાના જૂથો જેવા કે ભરવાડ, ગોંડ-રાજગોંડ, ગરડા જેવી જાતિનો અભ્યાસ થવો જોઈએ.

આભાર :

મારા સંશોધન કાર્યના આયોજન અને આલેખનમાં થયા ચીમનભાઈ ભાવસારનો હું ઋણ સ્વીકારતો આભારી છું, કે જેઓ કોઈપણ જાતના સંકોચ વગર નિઃસંકોચપણે, પ્રમાણિક બની મને માહિતી આપી છે. આ ઉપરાંત મારા માર્ગદર્શક ડો. શ્રી ઠાકોરભાઈ અને વિષય પસંદગી તથા નિર્દેશ કરી ભાવિને અનુરૂપ અભ્યાસની જાણકારી માટે ઘણાજ છે, પરંતુ તેમને અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં જ્યારે જ્યારે મને મુશ્કેલી પડી ત્યારે ત્યારે મને માર્ગદર્શન આપ્યું છે તે બદલ હું તેમનો ઋણસ્વીકાર અને ઘણો આભારી છું. આ સિવાય અનેક વ્યક્તિઓએ મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી છે સર્વેનો આ તકે આભાર માનું છું

શ્રી ચંદ્રકાંત [illegible]

## પ્રકરણ ૧ : ૧ : વસ્તી અને વિસ્તાર

૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં અનુસૂચિત જનજાતિ-ઓની વસ્તી ૩,૮૦,૧૫,૧૬૨ હતી. જે ભારતની કુલ વસ્તીના ૬.૯૩ ટકા થાય છે. ૧૯૭૧ માં ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૩૭,૩૪,૪૨૨ થાય છે જે કુલ વસ્તીના ૧૪ ટકા છે. દેશમાં ગુજરાત આદિવાસી વસ્તીમાં ચોથું સ્થાન ધરાવતો પ્રદેશ છે. દેશનો દર દસમો આદિવાસી ગુજરાતમાં વસે છે અને દર સાતમો ગુજરાતી આદિવાસી છે. ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસ્તી રાજ્યની સરાસરી કરતાં વધારે છે. ગુજરાત રાજ્ય માટે આદિવાસીઓ ઘણો મહત્વનો સમૂહ છે.

ગુજરાતમાં જુદી જુદી ૨૯ જેટલી આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. તેઓ મુખ્યત્વે સુરત, ભરૂચ, વડોદરા, વલસાડ, ડાંગ, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા જીલ્લામાં વસે છે. આ જાતિ-ઓમાં કેટલીક આદિવાસી જાતિ જૂથની સંખ્યા લાખ થાય કે તેથી વધુ છે. કેટલાક આદિવાસી જૂથો એવાં છે કે જેની વસ્તીની સંખ્યા માત્ર પરિવારોની આજુબાજુ હોય જેમકે ૧૯૭૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ભરવાડ (૫૩૧), ગોંડ-રાજગોંડ (૪૦૨), અને પરધી (૫૩). આવા તદ્દન નાના જૂથોમાં જે તપાસમાં લીધેલ પોમલા અનુસૂચિત જનજાતિની વસ્તી પણ ૧૯૭૧ માં માત્ર ૩૦૦ હતી.

આદિવાસીઓ માટે સામાન્ય રીતે જે લક્ષણો ગણાવાય છે જેમાં જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં વસવાટને મુખ્ય ગણવામાં આવે છે. તેમાંથી પોમલા જાતિને આ લક્ષણ સ્પષ્ટ રીતે લાગુ પડતું નથી. આજે

તેઓ સપાટ પ્રદેશમાં અને શહેર સમાજ સાથે આગવો વસવાટ કરે છે. “આદિવાસીઓના” ભાગમાં હળપતિની સમાન બોલીનું વલણ પોમલા જાતિને લાગુ પડી શકે છે.

વસતી અને વસવાટ :

ગુજરાતમાં પોમલા જાતિ મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને ખેડા જીલ્લાઓમાં સમાન તાલુકાઓમાં આવેલા વસવાટ કરે છે, તેમજ ગુજરાત બહાર મહારાષ્ટ્ર રાજ્યમાં પણ તેમની વસતી છે; વળી રતલામ, ઇન્દોર, જામનગર વગેરે સ્થળે પોમલા જાતિની બોલી બોલનાર લોકો વસે છે, કદાચ તેઓ પણ પોમલા હોય શકે. જો કે અન્ય પ્રદેશમાં વસવાટ કરતાં પોમલા સાથે ગુજરાતમાં વસતા પોમલા જાતિનો સબંધો કોઈ પણ પ્રકારનો સામાજિક સબંધ રહેલો નથી.

ગુજરાત રાજ્યની કુલ આદિવાસી (૧૯૭૧) વસતી ૩૭,૩૪,૪૨૨ માં પોમલા આદિવાસીઓની વસતી ૩૦૦ છે. એટલે કે ગુજરાતની કુલ આદિવાસી વસતીમાં તેમનું પ્રમાણ માત્ર ૦.૦૧ ટકાનું છે. આ લોકો ક્યાં ક્યાં વસે છે તે કોઠા - ૧ માં આપ્યુ છે.

## કોઠો - ૧૧

### પોમલા આદિવાસીઓની વસતી (૧૯૭૧)

| ક્રમ | જિલ્લો | તાલુકો | વસતી | કુલ વસતી |
|---|---|---|---|---|
| ૧. | વલસાડ | નવસારી | ૧૧ | ૧૧ |
| | | પારડી | ૧ | ૧ |
| | કુલ | | ૧૨ | ૧૨ |
| ૨. | સુરત | ચોર્યાસી | ૫૦ | ૫૦ |
| | | બારડોલી | ૮ | ૮ |
| | કુલ | | ૫૮ | ૫૮ |
| ૩. | ભરૂચ | ભરૂચ | ૧૫ | ૧૫ |
| | | અંકલેશ્વર | ૧૪ | ૧૪ |
| | | વાગરા | ૩૦ | ૩૦ |
| | | જંબુસર | ૨૬ | ૨૬ |
| | | વાલિયા | ૧૫ | ૧૫ |
| | કુલ | | ૧૦૦ | ૧૦૦ |
| ૪. | વડોદરા | વડોદરા | ૧ | ૧ |
| | કુલ | | ૧ | ૧ |
| ૫. | સાબરકાંઠા | વિજયનગર | ૧ | ૧ |
| | કુલ | | ૧ | ૧ |
| ૬. | ખેડા | ખંભાત | ૭૧ | ૭૧ |
| | કુલ | | ૭૧ | ૭૧ |
| ૭. | અમદાવાદ | અમદાવાદ | ૨૫ | ૨૫ |
| | | ધોળકા | ૨૫ | ૨૫ |
| | કુલ | | ૫૦ | ૫૦ |

ચાલુ...

કોઠો - ૧ ચાલુ...

| ક્રમ | જિલ્લો | તાલુકો | વસ્તી | કુલવસ્તી |
|---|---|---|---|---|
| ૮. | મહેસાણા | [illegible] | ૭ | ૭ |
| | કુલ | | ૭ | ૭ |
| | બધા જિલ્લાની કુલ વસ્તી | | ૩૦૦ | ૩૦૦ |

અભ્યાસ માટે નીચે બતાવ્યા પ્રમાણે જિલ્લાઓમાંથી પસંદગી કરવામાં આવી હતી.

| ક્રમ | પસંદ કરેલ શહેર | ૧૯૮૧ની મહાજન વસતિ | ૧૯૮૧માં કુલ મહાજન કુટુંબ | પસંદ કરેલ કુટુંબ |
|---|---|---|---|---|
| ૧. | સુરત | ૨૫૭ | ૩૭ | ૩૧ |
| ૨. | વડોદરા | ૮૧ | ૧૭ | ૧૭ |
| ૩. | ખંભાત | ૭૪ | ૧૪ | ૧૪ |
| ૪. | અમદાવાદ | ૫૧ | ૮ | ૬ |
| ૫. | ભરૂચ | ૨૪ | ૪ | ૪ |
| | કુલ... | ૫૦૨ | ૮૦ | ૭૨ |

આમ ઉપર પ્રમાણે અભ્યાસમાં લીધેલ ૭૨ કુટુંબોની સભ્ય સંખ્યા દર્શાવતો કોઠો નીચે પ્રમાણે છે.

## કોઠો – ૨૨ (બ)

### વિસ્તાર પ્રમાણે કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે કુટુંબ સભ્યોનું વર્ગીકરણ

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબના સભ્યોનું વયજૂથ: ૫ વર્ષથી નીચે પુ. | ૫ વર્ષથી નીચે સ્ત્રી | ૬ થી ૧૦ પુ. | ૬ થી ૧૦ સ્ત્રી | ૧૧ થી ૧૫ પુ. | ૧૧ થી ૧૫ સ્ત્રી | ૧૬ થી ૨૦ પુ. | ૧૬ થી ૨૦ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૨૨<br>૨૦.૭૫ | ૨૫<br>૨૧.૭૪ | ૨૦<br>૧૮.૮૭ | ૨૨<br>૧૬.૧૩ | ૮<br>૭.૫૫ | ૧૪<br>૧૨.૧૭ | ૧૧<br>૧૦.૩૮ | ૬<br>૫.૨૨ |
| વડોદરા | ૧૭ | ૬<br>૧૧.૫૪ | ૬<br>૧૫.૩૮ | ૧૧<br>૨૧.૧૫ | ૬<br>૧૫.૩૮ | ૮<br>૧૫.૩૮ | ૨<br>૫.૧૪ | ૫<br>૯.૬૨ | ૨<br>૫.૧૪ |
| ખંભાત | ૧૪ | ૩<br>૭.૫ | ૧૦<br>૨૫.૬૭ | ૯<br>૨૨.૫ | ૫<br>૧૨.૮૨ | ૭<br>૧૭.૫ | ૧<br>૨.૫૬ | ૬<br>૧૫.૦૦ | ૨<br>૫.૧૩ |
| અમદાવાદ | ૬ | ૩<br>૧૪.૨૯ | –<br>– | ૩<br>૧૪.૨૯ | ૨<br>૧૧.૧૧ | ૪<br>૧૯.૦૫ | ૩<br>૧૬.૬૭ | ૨<br>૯.૫૨ | ૫<br>૨૭.૭૮ |
| ભરૂચ | ૪ | ૨<br>૧૪.૨૯ | ૧<br>૧૦.૦૦ | –<br>– | ૧<br>૧૦.૦૦ | ૨<br>૧૪.૨૯ | –<br>– | ૧<br>૭.૧૪ | ૨<br>૨૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૩૬<br>૧૫.૪૫ | ૪૨<br>૧૬.૦૧ | ૪૩<br>૧૮.૪૫ | ૩૬<br>૧૩.૨૬ | ૨૯<br>૧૨.૪૫ | ૨૦<br>૯.૦૫ | ૨૫<br>૧૦.૭૩ | ૧૭<br>૭.૬૬ |

ચાલુ...

કોઠો - ૨૨ (ચ) ચાલુ...

<u>વિસ્તાર પ્રમાણે કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે કુટુંબ સભ્યોનું વર્ગીકરણ</u>

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબના સભ્યોનું વયજૂથ ૨૧ થી ૨૫ પુ. | ૨૧ થી ૨૫ સ્ત્રી | ૨૬ થી ૩૦ પુ. | ૨૬ થી ૩૦ સ્ત્રી | ૩૧ થી ૩૫ પુ. | ૩૧ થી ૩૫ સ્ત્રી | ૩૬ થી ૪૦ પુ. | ૩૬ થી ૪૦ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૮<br>૮.૪૪ | ૧૦<br>૮.૭૦ | ૧૩<br>૧૨.૨૬ | ૧૧<br>૯.૫૭ | ૬<br>૫.૬૬ | ૫<br>૪.૩૫ | ૩<br>૨.૮૩ | ૪<br>૩.૪૮ |
| વડોદરા | ૧૭ | ૫<br>૬.૧૨ | ૨<br>૫.૧૩ | ૪<br>૭.૬૯ | ૪<br>૧૦.૨૫ | ૩<br>૫.૭૭ | ૩<br>૧.૬૬ | ૨<br>૩.૮૪ | ૩<br>૧.૬૬ |
| ખંભાત | ૧૪ | ૧<br>૨.૫ | ૩<br>૧.૩૬ | ૩<br>૭.૫ | ૧<br>૨.૫૬ | –<br>– | ૩<br>૧.૬૬ | ૨<br>૫.૦ | ૪<br>૧૦.૨૫ |
| અમદાવાદ | ૬ | ૩<br>૧૪.૨૬ | ૧<br>૫.૫૬ | –<br>– | ૧<br>૫.૫૬ | ૨<br>૬.૫૨ | –<br>– | ૧<br>૪.૭૬ | –<br>– |
| ભરૂચ | ૪ | ૫<br>૩૫.૭૧ | ૧<br>૧૦.૦૦ | ૧<br>૭.૧૪ | ૧<br>૧૦.૦૦ | –<br>– | –<br>– | –<br>– | –<br>– |
| કુલ... | ૭૨ | ૨૩<br>૯.૮૭ | ૧૭<br>૭.૩૬ | ૨૧<br>૯.૦૧ | ૧૮<br>૮.૧૪ | ૧૧<br>૪.૭૨ | ૧૧<br>૪.૯૯ | ૮<br>૩.૪૩ | ૧૧<br>૪.૯૯ |

ચાલુ...

## કોઠો - ૧૨ : (ચ)

ચાલુ...

**વિસ્તાર પ્રમાણે કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે કુટુંબ સભ્યાનું વર્ગીકરણ**

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબના સભ્યોનું વયજૂથ: ૪૧ થી ૪૫ | | ૪૬ થી ૫૦ | | ૫૦ થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| સુરત | ૩૧ | ૨<br>૧.૮૯ | ૫<br>૪.૩૫ | ૩<br>૨.૮૩ | ૧<br>૦.૮૭ | ૯<br>૮.૪૯ | ૧૨<br>૧૦.૪૪ | ૧૦૬<br>૧૦૦.૦૦ | ૧૧૫<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૩<br>૫.૭૭ | ૧<br>૨.૭૮ | ૧<br>૧.૯૨ | ૨<br>૫.૫૬ | ૪<br>૭.૬૯ | ૬<br>૧૬.૬૭ | ૫૨<br>૧૦૦.૦૦ | ૩૬<br>૧૦૦.૦૦ |
| ખંભાત | ૧૪ | ૪<br>૧૦.૦૦ | ૪<br>૧૦.૨૬ | ૧<br>૨.૫ | ૧<br>૨.૫૬ | ૩<br>૭.૫ | ૫<br>૧૨.૮૨ | ૪૦<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | –<br>– | –<br>– | –<br>– | ૩<br>૧૬.૬૭ | ૩<br>૧૪.૨૯ | ૩<br>૧૬.૬૭ | ૨૧<br>૧૦૦.૦૦ | ૧૮<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | –<br>– | –<br>– | –<br>– | ૨<br>૨૦.૦૦ | ૩<br>૨૧.૪૩ | ૨<br>૨૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | ૧૦<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૯<br>૩.૮૬ | ૧૨<br>૫.૪૩ | ૬<br>૨.૫૭ | ૯<br>૪.૦૭ | ૨૨<br>૯.૪૪ | ૨૮<br>૧૨.૬૭ | ૨૩૩<br>૧૦૦.૦૦ | ૨૨૧<br>૧૦૦.૦૦ |

## કોઠો - ૨૨ (બ)

### વિસ્તાર પ્રમાણે કુટુંબના સભ્યોનું વય જૂથ પ્રમાણે કુટુંબ સભ્યોનું વર્ગીકરણ

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબ સભ્યોનું વયજૂથ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ થી ૧૫ વર્ષ | | | ૧૬ થી ૪૦ વર્ષ | | | ૪૦ થી ઉપર | | | કુલ | | |
| | | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ |
| સુરત | ૩૧ | ૫૦ | ૬૧ | ૧૧૧ | ૪૨ | ૩૬ | ૭૮ | ૧૪ | ૧૮ | ૩૨ | ૧૦૬ | ૧૧૫ | ૨૨૧ |
| વડોદરા | ૧૭ | ૨૫ | ૧૪ | ૩૯ | ૧૯ | ૧૪ | ૩૩ | ૮ | ૧૧ | ૧૯ | ૫૨ | ૩૯ | ૯૧ |
| ખંભાત | ૧૪ | ૧૯ | ૧૬ | ૩૫ | ૧૨ | ૧૩ | ૨૫ | ૯ | ૧૦ | ૧૯ | ૪૦ | ૩૯ | ૭૯ |
| અમદાવાદ | ૬ | ૧૦ | ૫ | ૧૫ | ૮ | ૭ | ૧૫ | ૩ | ૬ | ૯ | ૨૧ | ૧૮ | ૩૯ |
| ભરૂચ | ૪ | ૪ | ૨ | ૬ | ૭ | ૪ | ૧૧ | ૩ | ૪ | ૭ | ૧૪ | ૧૦ | ૨૪ |
| કુલ... | ૭૨ | ૧૦૮ | ૯૮ | ૨૦૬ | ૮૮ | ૭૪ | ૧૬૨ | ૩૭ | ૪૯ | ૮૬ | ૨૩૩ | ૨૨૧ | ૪૫૪ |
| | | | | (૪૫.૩૮) | | | (૩૫.૬૮) | | | (૧૮.૯૪) | | | (૧૦૦.૦૦) |

ઉપરનો કોઠો જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે (૧) સ્ત્રી-પુરુષનું પ્રમાણ જોતાં પુરુષોની સંખ્યા મોટી વધુ છે. કુલ ૭૨ કુટુંબોમાં ૩૭૭ પુરુષો અને ૩૨૧ સ્ત્રીઓ છે. એટલે કે ૧૦૦ પુરુષોએ ૮૫ સ્ત્રીઓ છે. (૨) કુલ સભ્ય સંખ્યા ૬૯૮ થાય છે એટલે કુટુંબદીઠ સરેરાશ સભ્ય સંખ્યા ૯.૭ થાય છે. (૩) વધુમાં વધુ સભ્ય સંખ્યા બાળકનું જૂથ ૬ થી ૧૦ વર્ષ સુધીના બાળકોનું છે; (કુલ સંખ્યા ૭૪) બીજું સ્થાન ૫ વર્ષની નીચેના બાળકોનું છે. (કુલ સંખ્યા ૭૮) એટલે કે ૧ થી ૧૫ વર્ષ સુધીના જૂથની સંખ્યા ઘણી મોટી છે. કુલ સભ્યોમાં ૧ થી ૧૫ વર્ષના વયજૂથ બાળકોનું પ્રમાણ ૪૫.૩૮ ટકાનું છે. જ્યારે યુવાન વર્ગ કે જે કમાણી કરી શકે તેવો વર્ગ ૧૬ થી ૪૦ ની વયજૂથમાં માત્ર ૩૫.૧૮ ટકાનું પ્રમાણ છે. જ્યારે બાદ ૪૦ વર્ષની ઉપરના ૧૯.૪૪ ટકા સભ્યો છે. ઉપરોક્ત આંકડા જોતાં એ બાબત સ્પષ્ટ રીતે તરી આવે છે કે પોષણક્ષમ બાળકોનું પ્રમાણ વધુ છે અને કમાણી કરી શકે તેવા યુવાન વર્ગનું પ્રમાણ ઓછું છે. જો કે એક બાબતની નોંધ લેવી જરૂરી છે કે આ જાતિનો મુખ્ય ધંધો ટોપલા-ટોપલી બનાવવાનો છે જેમાં કુટુંબના દરેક વયની પ્રત્યેક સભ્ય પોતાનાથી બનતી મદદ કરે છે.

૧૯૭૧ ની વસ્તી ગણતરીના આંકડા અને મારા ક્ષેત્રકાર્ય દરમિયાન જે વસ્તી સંબંધી આંકડા મળ્યા તેના ઉપરથી આ જાતિમાં વસવાટ બાબતમાં કેટલું સ્થળાંતર થાય છે તે પણ જાણી શકાય છે. ૧૯૭૧ માં તેઓ ગુજરાતના જુદા જુદા જિલ્લા અને તાલુકાઓમાં મળીને પંદર સ્થળોએ વસવાટ કરતા હતા. આજે તેઓ ગુજરાતમાં માત્ર અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, કે ખંભાત શહેરમાં વસે છે. એનો અર્થ એ થયો કે તેઓ હવે માત્ર મોટા શહેરોમાં આવીને વસ્યા છે.

૧૯૧૧ ના વસ્તી ગણતરીના આંકડા મુજબ ધોમરા જાતિની કુલ વસ્તી ૩૧૯ હતી. ૧૯૭૧ ની વસ્તી ગણતરીના આંકડા મુજબ તેની કુલ વસ્તી ૬૦૦ ની હતી, આમ જ્યારે અન્ય જાતિઓમાં વસ્તી વધારો થયેલ છે ત્યારે આ જાતિમાં બે દાયકા બાદ વસ્તીમાં ઘટાડો જોવા મળ્યો. પરંતુ જ્યારે મારા સંશોધન દરમિયાન મે કુલ ૭૨ કુટુંબોનો સર્વે કાઢ્યો તો તેની કુલ વસ્તી ૪૫૪ થઇ. પરિણામ કુટુંબોનો સર્વે કાઢવાનું શક્ય ન બન્યું પરંતુ એટલું કહી શકાય કે ગુજરાતમાં હાલ ધોમરા જાતિની આશરે ૫૦૦ જેટલી વસ્તી છે.

ઉત્પત્તિ અને ઇતિહાસ :

"ધોમરા" એ શબ્દ ક્યાંથી આવ્યો, અથવા તો આ નામ કેમ પડ્યું તેને વિષેની માહિતી તેમજ આ જાતિ ક્યાંથી આવી તે વિષે તેઓ કહી માહિતી આપી શકતા નથી. સેન્સસ ઓફ બરોડાના દર્શાવ્યા મુજબ આ જાતિ ૨૦૦ વર્ષ પહેલાં મરાઠા પ્રદેશમાંથી ગુજરાતમાં આવીને વસી હોય તેવું લાગે છે.[1] તેઓની ભાષા તેલુગુને મળતી આવે છે તેથી તેઓ મૂળ દક્ષિણમાંથી આવ્યા હશે તેમ મનાય છે.[2] આ ઉપરાંત તેઓનો પોશાક પણ દક્ષિણ પ્રદેશને મળતો આવે છે. જો કે હાલ ઘણા વર્ષોથી શહેરી વિસ્તારના અને અન્ય સમાજના સંપર્કને કારણે પોશાકમાં પરિવર્તન આવી ગયું છે. વળી તેમનો મૂળ ધંધો વાંસ-મજૂરીના ઝાડના પાનમાંથી ટોપલા-ટોપલી બનાવવાનો ચાલુ છે, જે ધંધાની અનુકૂળતા કરવા કિનારાની આસપાસ વધારે રહે. આજે પણ તેની વસ્તી ખંભાત - સુરત બાજુ વધારે છે. (જુઓ કોઠા - નં. ૨ )

---

૧. Report Census of Baroda State - 1911 P.No. 311.

૨. ગુજરાતના આદિવાસીઓ - વિક્રમ શાહ - ૧૯૬૧ પેજ નં. ૩૫

૧૯૫૧ પહેલાં આ જાતિને "વિચરતી જાતિ" તરીકે ઓળખવામાં આવતી હતી, પરંતુ ૧૯૫૬માં રાષ્ટ્રપતિની બંધારણની કલમ ૩૪૨ મુજબ જે કેટલીક જાતિઓને અનુસૂચિત જનજાતિ તરીકે ગણી તેમાં ધોડિયાનો પણ સમાવેશ થાય છે.[3]

પૂર્વે જે જે અભ્યાસો થયા છે :

ધોડિયા જાતિ વિષે કેન્દ્રિત માહિતી વ્યવસ્થિત રીતે મળતી નથી. આજ સુધી જૂના વખતમાં જે થોડી માહિતી મળી છે તે આ પ્રમાણે છે.[4] (૧) સેન્સસ ઓફ બરોડા ૧૯૧૧ (પે.નં.૩૨૧) તેમાં આ જાતિ કયાંથી આવી અને કામમાં શું વ્યવસાય કરે છે તેની નોંધ કરી છે. (૨) ગુજરાત રાજ્ય સમુદાય વિકાસ આયોજન દ્વારા ગુજરાત સરકારે વસતા ધોડિયા કુટુંબો વિષે ધોડિયા જાતિના સામાજિક-આર્થિક પાસાંઓ ઉપર ટૂંકો અભ્યાસ આપ્યો છે.[5] આ ઉપરાંત (૩) ગુજરાત વિદ્યાપીઠ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર નિયામક દ્વારા પ્રકાશિત વસતા ધોડિયા જાતિના કુટુંબો વિષે માહિતી એકઠી કરી છે તેની નોંધ કાઢવામાં આવી છે.

---

૩. આદિવાસી ગુજરાત - [illegible] વિશેષાંક

૪. Census of Baroda State - 1911 P.N. 321

૫. યોજના : વર્ષ - ૫ અંક-૮

૧ જુલાઈ - ૧૯૭૮ મહેમૂદભાઈ શેખ - [illegible]

# પ્રકરણ ૧૨ ભૌતિક સંસ્કૃતિ

"સંસ્કૃતિનો આધાર આર્થિક વ્યવસ્થા પર છે."

ગજેન્દ્ર ગ્રોવ.

મોમના જાતિની અર્થવ્યવસ્થાને સમજવા માટે તેની ભૌતિક સંસ્કૃતિનો અભ્યાસ કરવો ઉપયોગી અને અનિવાર્ય છે. ભૌતિક જીવનની તેમના જીવન ઉપર ઘણી અસર પડે છે. મોમના જાતિના કુટુંબો પાસે આજે તેઓ પ્રાથમિક અને પાયાની જીવન જરૂરિયાતની વસ્તુઓ કરી શકાય તેવી વસ્તુઓ ઘણી અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. જે વસ્તુઓની સંખ્યા-પ્રમાણ જ બતાવે કે તેઓની આર્થિક સ્થિતિ કેવી છે.

ગુજરાતમાં અમદાવાદ, સુરત, ભરૂચ, વડોદરા અને ખંભાત શહેરમાં મોમના જાતિ વસવાટ કરે છે. આ દરેક શહેરમાં તેઓના મકાનો એક જ મહોલ્લામાં જોવા મળે છે. એક સુરત શહેરમાં ત્રણ-ચાર વિસ્તારમાં આ જાતિના સભ્યોનો વસવાટ છે. આ જાતિના આશરે પચ્ચીસ કુટુંબો સિવાય બાકીના બાકીના મકાનમાં રહેવા ની જરૂરી જગ્યાઓમાં પર કે રૂપયુ પણ નથી છે, માટે આ જાતિના સભ્યો સાથે ભરવાડો, કુંભાર, વાઘરી, મુસ્લીમ, હરિજન વગેરે જાતિનો વસવાટ છે. ઉપરોક્ત પાંચ શહેરોમાં ખંભાતમાં આ જાતિના સભ્યોનો વસવાટ વધારે છે. જ્યારે અન્ય શહેરોમાં થોડા છૂટા-છવાયા રહે છે, પરંતુ જ્યાં વસવાટ કરે ત્યાં તેના ત્રણ-ચાર કુટુંબો તો સાથે હોય જ છે.

## મહોલ્લાની રચના :

ક્ષેત્રકાર્ય દરમિયાન ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ અને ખેડા જિલ્લાના ખંભાત તાલુકાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં આ લોકોનો વસવાટ સરસપુર વિસ્તારની પોળમાં છે. સુરતમાં નાનપુરા ટીમલીયાવાડ, વરિયાળી બજાર, ભાગોળ, વડાચૌટા, સગરામપુરા, નવાપુરા ઓલિયા ખાતે છે. વડોદરામાં નવાપુરા મહેતાવાડ, રબારી મહોલ્લો, છાપરીયાળી ખાતે રહે છે. ભરૂચમાં કુંભારીયા ઢોળ, ટેકરા ઉપર, ચાવડીયા ઉપર રહે છે. જ્યારે ખંભાતમાં આ જૂથ ખંભાતના પરિમલ ઠેકા ઉપર વસવાટ કરે છે. આ જાતિમાં ઘણા ઓછા પોતાના મકાનમાં રહે છે. જો કે જમીન માલિકી તો અન્ય કોઈની હોય છે, પરંતુ—ગાત કુટુંબોએ ભાડાપટ્ટેથી જમીન મેળવી મકાન બનાવ્યા છે.

પોમલા જાતિના મહોલ્લાઓમાં પ્રવેશવા કોઈ નિશ્ચિત પ્રવેશ દ્વાર નથી. આજુબાજુના વિસ્તારમાં વાઘરી, મારવાડી, હરિજન વગેરે જાતિનો વસવાટ છે. શહેરી વિસ્તારને કારણે મકાનની ગલીઓ મોટી વ્યવસ્થિત છે. પરંતુ સુરતના અમુક વિસ્તારોમાં મકાનની બાંધણી નહીંવત વ્યવસ્થિત જોવા મળે છે. વળી જેમ નવા કુટુંબોનો વસવાટ થાય તેમ તેઓ તો જ્યાં યોગ્ય લાગે ત્યાં મકાન બનાવી લે છે. સરકાર તરફથી પાણીની વ્યવસ્થા દરેક જગ્યાએ કરવામાં આવી છે. પરંતુ ન્હાવા-ધોવું વગેરે ક્રિયાઓ બહાર કરતા હોવાથી પાણી જ્યાં ત્યાં ઢોળાયેલું જોવા મળે છે. જેને કારણે ગંદકી થાય છે. આ ઉપરાંત પોતાનો વ્યવસાય ટોપલા-ટોપલીને કારણે ઘર આગળ કચરો પડેલો હોય તેવું દેખાય આવે છે.

ઘણેરી વિસ્તાર હોવા છતાં તે બધા કુટુંબોને પોતાને ત્યાં લાઈટની સગવડતા છે. પોમલાના મહોલ્લામાં લાઈટ માટેના થાંભલા નખવામાં આવ્યા છે, પરંતુ તે પણ પૂરતા પ્રમાણમાં નથી. બધુ વપરાતાં જ હોય તેવું પણ જોવામાં આવ્યું. પોમલાના મહોલ્લા વચ્ચે પોતાના દેવ-દેવીનું મંદિર પણ છે.

આ કોમના સભ્યો પોતાના ઉપર-વ્યવસ્થાની ચીજ-વસ્તુઓ નજીકના બજારમાંથી ખરીદે છે. વાસણ આ લોકો કાર્ય કરવા બહાર જતા નથી. વળી પોતાના વ્યવસાયના કારણે અન્ય કુટુંબોની આવન-જાવન વધારે જોવા મળે છે.

## ઘર :

પોમલા જાતિના મકાનો સપાટ જમીન ઉપર આવેલા છે, મકાનો એક હરોળમાં હોય તેવું વધારે જોવામાં આવે છે. સામાન્ય રીતે એક ઘરની દિવાલ બીજા ઘરની દિવાલ સાથે જોડાયેલી હોય છે, વળી કોઈક મકાનોની દિવાલ સ્વતંત્ર પણ જોવા મળે છે.

ઘરની બનાવટમાં દિવાલો માટીમાંથી બનાવેલ હોય છે. જ્યારે કેટલીક જગ્યાએ ઈંટ માટીના બનાવેલા મકાનો પણ જોવા મળે છે. ઘરો લગભગ ૧૫' x ૨૦' ના હોય છે, તેની ઊંચાઈ ૮ થી ૧૦ ફૂટ છે. ઘર ઘરનું છાપરું પણ દેશી નળિયા, પતરા, સિમેન્ટની ચાદરો નો કોઈક જગ્યાએ નારિયેળના પાનનું છાપરું જોવા મળે છે. આ કુટુંબો ભાડાના મકાનમાં રહે છે તેના ઘરો ઈંટ-માટીના પાકા છે. આ વિશે જે દેખાય ઉપરથી આર્થિક પરિસ્થિતિ તેની પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

નમૂના માટે કુલ પાંચ શહેરો (૧) સુરત (૨) વડોદરા (૩) આણંદ (૪) અમદાવાદ અને (૫) ભરૂચ લેવામાં આવ્યાં હતાં. આમ કુલ ૭૫ કુટુંબો પસંદ કરવા કે કુટુંબોના સભ્યોની પરિસ્થિતિ નીચેના કોઠામાં ( કોઠા - ૩ માં) આપવામાં આવી છે.

## કોઠો - ૧૭

### દિવાલ અને છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો

| વિસ્તાર | કુલ કુટુંબો | દિવાલના પ્રકાર | | | છાપરાના પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | માટી | લાકડાં | ઈંટ | પતરાં | દેશી નળિયાં | ઘાસ | વિલાયતી નળિયાં |
| સુરત | ૩૧<br>૧૦૦.૦૦ | ૧૬<br>૫૧.૬૧ | ૧૩<br>૪૧.૯૩ | ૨<br>૬.૪૫ | ૨૨<br>૭૦.૯૭ | – | ૫<br>૧૬.૧૩ | ૪<br>૧૨.૯૦ |
| વડોદરા | ૧૭<br>૧૦૦.૦૦ | ૧૫<br>૮૮.૨૪ | ૧<br>૫.૮૮ | ૧<br>૫.૮૮ | ૧૧<br>૬૪.૭૧ | ૪<br>૨૩.૫૩ | ૧<br>૫.૮૮ | ૧<br>૫.૮૮ |
| પંચમહાલ | ૧૪<br>૧૦૦.૦૦ | ૬<br>૪૨.૮૬ | ૧<br>૭.૧૪ | ૭<br>૫૦.૦૦ | ૧<br>૭.૧૪ | ૭<br>૫૦.૦૦ | ૬<br>૪૨.૮૬ | – |
| અમદાવાદ | ૬<br>૧૦૦.૦૦ | – | ૧<br>૧૬.૬૭ | ૫<br>૮૩.૩૩ | ૨<br>૩૩.૩૩ | ૨<br>૩૩.૩૩ | ૧<br>૧૬.૬૭ | ૧<br>૧૬.૬૭ |
| ભરૂચ | ૪<br>૧૦૦.૦૦ | ૩<br>૭૫.૦૦ | – | ૧<br>૨૫.૦૦ | – | ૨<br>૫૦.૦૦ | – | ૨<br>૫૦.૦૦ |
| કુલ... | ૭૨<br>૧૦૦.૦૦ | ૪૦<br>૫૫.૫૬ | ૧૬<br>૨૨.૨૨ | ૧૬<br>૨૨.૨૨ | ૩૬<br>૫૦.૦૦ | ૧૫<br>૨૦.૮૩ | ૧૩<br>૧૮.૦૬ | ૮<br>૧૧.૧૧ |

ઉપરના કોઠા-૩ પરથી જોઈ શકાશે કે ચોમાંના મકાનો મોટે ભાગે કાચા છે. માટીની દિવાલનું પ્રમાણ ૪૦ (૫૫.૫૬) ટકા છે, લાકડાના પાટીયાની દિવાલનું પ્રમાણ ૧૬ (૨૨.૨૨) ટકા છે, જ્યારે ઈંટની દિવાલ ધરાવતા હોય તેવા ૧૬ (૨૨.૨૨ ટકા) કુટુંબો છે.

ચોમાં જાતિમાં મકાનના છાજ ચાર પ્રકારના જોવા મળે છે. પતરાં, દેશી નળિયા, ઘાસ અને વિલાયતી નળિયા. ઉપરના કોઠા-૩ થી સ્પષ્ટ થાય છે કે પતરાંના છાજનું પ્રમાણ ૩૬ (૫૦.૦૦ ટકા) સૌથી વધુ છે. જ્યારે દેશી નળિયાનું છાજ ૧૫ (૨૦.૮૩ ટકા), ઘાસનું છાજ ૧૩ (૧૮.૦૬ ટકા) અને વિલાયતી નળિયાનું છાજ ધરાવનાર ૮ કુટુંબો (૧૧.૧૧ ટકા) છે. અહીં એક સ્પષ્ટતા એ પણ કરવાની કે પતરાંનું છાજ ધરાવતાં ૩૬ મકાનો છે તેમાંથી ઘણાં તો ઝુંપડાં છે કે જેને તાજેતરમાં થોડાં વર્ષ પહેલા રેલ આવી તેમાં નુકશાની થયેલ, આથી સરકારી મદદથી એ છાજ (પતરાં) નાખેલ છે. તેને બાદ કરતાં આ લોકોના મકાનો ઉપર દેશી નળિયાના છાજનું પ્રમાણ વધારે છે. આ રીતે ભૌતિક વસવાટની દ્રષ્ટિએ ચોમાં સંસ્કૃતિમાં એક રૂપતા નથી. આ લોકોને જે વસ્તુઓ મળે તેનાથી મકાન બનાવી લે છે.

જે ઘરોમાં માત્ર એક ખંડ હોય તેની સંખ્યા વધારે છે. આથી મકાન કાચું હોય તેવા કુટુંબોનું પ્રમાણ પણ વધારે છે. મકાન કાચું કે પાકું તેમજ નમૂનામાં લીધેલ કુટુંબોના ઘરોના ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો નીચે પ્રમાણે છે. (કોઠા નં. - ૪)

## કોઠો – ૧૪

## મકાનનો પ્રકાર અને ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો

| વિસ્તાર | કુલ કુટુંબો | મકાનનો પ્રકાર | | ઓરડાની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | કાચું | પાકું | ૧ | ૨ | ૩ |
| સુરત | ૩૧<br>૧૦૦.૦૦ | ૨૨<br>૭૦.૯૭ | ૯<br>૨૯.૦૩ | ૨૬<br>૮૩.૮૭ | ૫<br>૧૬.૧૩ | – |
| વડોદરા | ૧૭<br>૧૦૦.૦૦ | ૧૭<br>૧૦૦.૦૦ | – | ૧૧<br>૬૪.૭૧ | ૫<br>૨૯.૪૧ | ૧<br>૫.૮૮ |
| ખંભાત | ૧૪<br>૧૦૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | – | ૧૨<br>૮૫.૭૨ | ૧<br>૭.૧૪ | ૧<br>૭.૧૪ |
| અમદાવાદ | ૬<br>૧૦૦.૦૦ | ૧<br>૧૬.૬૭ | ૫<br>૮૩.૩૩ | ૫<br>૮૩.૩૩ | ૧<br>૧૬.૬૭ | – |
| ભરૂચ | ૪<br>૧૦૦.૦૦ | ૩<br>૭૫.૦૦ | ૧<br>૨૫.૦૦ | ૨<br>૫૦.૦૦ | ૨<br>૫૦.૦૦ | – |
| કુલ... | ૭૨<br>૧૦૦.૦૦ | ૫૭<br>૭૯.૧૭ | ૧૫<br>૨૦.૮૩ | ૫૬<br>૭૭.૭૮ | ૧૪<br>૧૯.૪૪ | ૨<br>૨.૭૮ |

નમૂનામાં લીધેલ ૭૨ કુટુંબોમાંથી કાચાં મકાનો ૫૦(૬૯.૪૪ – ટકા) અને પાકાં મકાનો ૧૫ (૨૦.૮૩ ટકા) છે. આ ૧૫ મકાનોમાં પણ ભાડાનાં મકાનોની સંખ્યા વધારે હોય તેવું પણ જોવામાં આવ્યું છે. આ ઉપરાંત આ ઘરોમાં એક ઓરડાવાળાં ઘરો ૫૬ (૭૭.૭૮ ટકા) હતાં. જ્યારે બે કે ઓરડાવાળાં ઘરોનું પ્રમાણ ૧૪ (૧૯.૪૪ ટકા) હતું. અને ત્રણ ઓરડાવાળાં ઘરોની સંખ્યા ૨ (૨.૭૮ ટકા) હતી. ઉપરોક્ત ઘરોમાં વધુ એક ઓરડાવાળાં ઘરોમાં [illegible] જોવા મળે છે. આંકડા પ્રમાણ ૧ માં જોયું તેમ યોગ્ય કુટુંબોમાં સરેરાશ ૫.૩ ની સભ્ય સંખ્યા છે. વળી જ્યારે એક ઘરમાં આઠથી દસ સભ્યો સાથે રહેતા હોય, તેમાં પરણિત પુત્ર પણ હોય તેવું પણ જોવામાં આવ્યું છે. આથી એક બાબત પ્રથમ દ્રષ્ટિએ નજરે આવે છે કે ઘરમાં લોકો ઘણી જ [illegible] સંકડાશ ભોગવી રહ્યા છે. કેટલાક ઘરોમાં ૧૫ થી ૧૬ માણસો રહેતાં જોવા મળી આવ્યાં છે. આવાં મકાનોમાં ભોજન બનાવવું, ભોજન કરવું, સુવાનું, પોતાની આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિની કાચી સામગ્રી તેમજ તૈયાર થયેલ ટોપલા-ટોપલી રાખવી, દેવ-દેવીનું સ્થાપન કરવું, અન્ય સામાજિક- ધાર્મિક ક્રિયાઓ કરવી વગેરે કરે છે.

પરંતુ આ લોકોમાં મોટાભાગના સભ્યો બહાર ફેરીમાં સૂવે છે. વળી, કેટલાક રાત્રે રાતપાળીની નોકરી કરતા હોય કે રાત્રે ઓટો-રીક્ષા ચલાવતા હોય તેવું પણ જોવામાં આવ્યું છે.

આ નમૂનામાં લીધેલ ૭૨ કુટુંબોમાં મકાન માલિકનો હક્ક તેમજ ભાડાની બાબતમાં તપાસ દરમિયાન નીચે પ્રમાણે માહિતી મળેલ. ( કોઠા નં. – ૫ )

## કોઠો - ૧૫

### વિસ્તાર પ્રમાણે મકાનમાલિકીનો હક્ક દર્શાવતો કોઠો

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | મકાન માલિકીનો હક્ક: પોતાનું મકાન | મકાન માલિકીનો હક્ક: ભાડુતી મકાન | જો ભાડુતી મકાનમાં રહેતા હો તો (મકાન ભાડું): ૧૦ સુધી | ૧૧થી ૨૦ | ૨૧થી ૩૦ | કુલ ભાડું |
|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧<br>૧૦૦.૦૦ | ૨૨<br>૭૦.૯૭ | ૯<br>૨૯.૦૩ | ૬ | ૧ | ૨ | ૧૧૮<br>૬૩.૪૪ |
| વડોદરા | ૧૭<br>૧૦૦.૦૦ | ૧૩<br>૭૬.૪૭ | ૪<br>૨૩.૫૩ | ૪ | – | – | ૪૦<br>૨૧.૫૧ |
| ખંભાત | ૧૪<br>૧૦૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | – | – | – | – | – |
| અમદાવાદ | ૬<br>૧૦૦.૦૦ | ૩<br>૫૦.૦૦ | ૩<br>૫૦.૦૦ | ૩ | – | – | ૧૮<br>૯.૬૮ |
| ભરૂચ | ૪<br>૧૦૦.૦૦ | ૩<br>૭૫.૦૦ | ૧<br>૨૫.૦૦ | ૧ | – | – | ૧૦<br>૫.૩૮ |
| કુલ... | ૭૨<br>૧૦૦.૦૦ | ૫૫<br>૭૬.૩૯ | ૧૭<br>૨૩.૬૧ | ૧૪ | ૧ | ૨ | ૧૮૬<br>૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા - ૫ માં દર્શાવ્યા પ્રમાણે ૫૫ કુટુંબો (૭૩.૩૩ ટકા) ને પોતાના મકાનોની માલિકી છે, જ્યારે ૨૦ કુટુંબો (૨૬.૬૭ ટકા) ભાડાના મકાનમાં રહે છે. આ જે ૫૫ કુટુંબોને પોતાનાં મકાનની માલિકી છે તેમાં જમીન પોતાની હોય તેવાં તો માત્ર-૨૫ કુટુંબો છે, બાકીના સરકારી જમીન, ગોચરની જમીન વગેરે સ્થળે મકાન બાંધીને રહે છે. ભાડાનાં મકાનમાં જે ૨૦ કુટુંબો રહે છે તેમાં રૂ.૧૦/- સુધીનું ભાડું ૧૪ કુટુંબો આપે છે, રૂ.૨૦/- સુધીનું ભાડું ૧ કુટુંબ આપે છે અને રૂ.૨૧ થી ૩૦ સુધીમાં ૫ કુટુંબો ભાડું આપે છે. ઉપરનું ભાડું શહેરોની દ્રષ્ટિએ ઘણું ઓછું લાગે પરંતુ આ લોકો ખાસ હલકા વર્ગથી ભાડાના મકાનમાં રહેતા હોવાથી ભાડું મોંઘું છે. આજે મકાન માલિકો આ લોકોને મકાન ખાલી કરાવવા માટે પ્રયત્નો પણ કરે છે.

પોતાના તેમના મકાનો સ્થાનિક સામગ્રીમાંથી બનાવે છે. દિવાલો ઈંટ-માટીમાંથી બનાવે છે, જે તેમને બજારમાંથી ખરીદવા પડે છે. નળિયાં પણ તેઓ કુંભાર પાસેથી કે વેપારીને ત્યાંથી ખરીદી લાવે છે. જ્યારે જે કુટુંબો પાકું છાજ નથી, તેઓ ટોપલા-ટોપલી બનાવતાં જે તાડછાના પાન વધે તે મકાનના છાજ ઉપર નાખી દે છે. આ રીતે તેઓ સ્થાનિક સામગ્રીમાંથી મકાન બનાવતાં હોવા છતાં દરેક વસ્તુ માટે પરાવલંબી છે. જ્યારે કોઈ નવું મકાન બનાવે ત્યારે કુટુંબના સભ્યો મજૂરીનું કામ જાતે કરે છે કે જેથી ખર્ચ ઓછો આવે.

આ ઉપરાંત શહેરોમાં રહેતા હોવા છતાં ન્હાવા માટે કોઈ અલગ વ્યવસ્થા નથી. તેઓ મોટેભાગે ઘરના આંગણામાં ન્હાવાનું ચલાવે છે. જ્યારે પુરુષ સભ્યો તો નળ પાસે બેસીને પણ ન્હાઈ લે છે. સ્ત્રીઓ જ્યારે ન્હાય ત્યારે ઓથ કપડું આડું રાખે છે. કોઈક વળી

ઘરના એકાદ ખૂણામાં ન્હાવાનું રાખેલ છે. ઘરોમાં આ બારીઓ અપવાદ હોવાથી તેઓ જે કુદરતી પ્રકાશ હોય તેનો ઉપયોગ કરે છે. ઘરોમાં લાઈટની સગવડતા હોતી નથી, ઘરે પોતાના (પોર્તા) ઠલાઝામાં લાઈટ હોવા છતાં પોમલા ઘરો લાઈટથી વંચિત છે. તેઓ લાઈટના પૈસા ભરવા માટે અશક્તિમાન છે. આમ ઘરની આવશ્યક માનવીય સગવડોનો અત્યંત અભાવ દરેક ઘરોમાં જોવા મળેલ.

ઘરવખરી :

પોમલાની ઘરવખરીના સાધનો પોતાની જરૂરિયાત પૂરતા પણ નથી ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમિનિયમના-સ્ટીલના વાસણો, લોટા અને એકાદ માટલા, પાણી ભરવા માટે એકાદ-બે પાણીના માટલા, રાત્રે પોતાના ઘરમાં પ્રકાશ માટે ચીમની તો વળી કોઈને ત્યાં ફાનસ છે. ચા-પાણી માટે એકાદ-બે કાચની રકાબી હોય છે. ઉપરોક્ત બધી વસ્તુઓ તે નજીકની બજાર-માંથી ખરીદી લે છે. પોમલાઓ જીવન જરૂરિયાતની મોટાભાગે ઓછી વસ્તુથી ચલાવે છે. પોતાના ઘરના એક ખૂણામાં ચૂલો બનાવેલ હોય છે. દિવાલ ઉપર લાકડાની અભેરાઈ ઉપર વપરાશમાં લેવાના અને વધારાના સ્ટીલ - એલ્યુમિનિયમના વાસણો રાખે છે. કોઈને ત્યાં પાણી માટેનું પાણિયારું છે. બાકી નીચે માટીની નાની ઓટલી બનાવી તેના ઉપર પાણી માટે ઉપયોગમાં લેતા માટીના ગોળા મૂકે છે. અનાજ તેઓ સાત-આઠ દિવસનું સાથે ખરીદતા હોય તેવું બને છે. જે પતરાના ડબ્બામાં રાખે છે. સુવા માટે તાડછાના પાન અને તૈયાર ખરીદેલ ટોપલા-ટોપલી પણ એક બાજુ ઘરમાં જ રાખે છે.

નમૂનામાં લીધેલ ૭૨ કુટુંબોમાંથી ઘોઘા કુટુંબ પાસે ઘરવખરીના સાધનો કેટલા છે, તે કેન્દ્ર કુટુંબોની વ્યક્તિગત ઘરવખરી ઉપરથી જોઈ શકાશે.

ગામ ચેખાનના ઉનાભાઈ છોટુભાઈ વણકર કુટુંબના સભ્યો ૧૪ અને તેની ઘરવખરીના સાધનો નીચે પ્રમાણે છે.

એલ્યુમિનિયમ - કુલ વાસણો - ૧૨
ઉપરોક્ત વાસણોમાં ખાવા માટેની ડીશ થાળ બનાવવાની તપેલી, લોટો વગેરેનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| માટીના વાસણો | - | ૫ |
| જેમાં પાણી માટેના માટલા, લોટ બાંધવાની કથરોટ વગેરે | | |
| ફાનસ | - | ૧ |
| ફાનરડા | - | ૭ |

ગામ સુરતના મનાભાઈ ભીખાભાઈ વણકર, કુટુંબના સભ્યો ૭ છે. તેમની પાસે નીચે દર્શાવેલ ઘરવખરી છે.

| | | |
|---|---|---|
| એલ્યુમિનિયમના વાસણો | - | ૧૦ |
| પિત્તળની થાળી | - | ૩ |
| પિત્તળના લોટા-પ્યાલા | - | ૪ |
| માટીના | - | ૨ |
| ઘડિયાળ | - | ૧ |
| ચીમની | - | ૧ |
| પતરાની પેટી | - | ૧ |

ગામ વડોદરાના નારણભાઈ મનુભાઈ ઠાકોર, કુટુંબના સભ્યો ૫ છે. તેમની ઘરવખરી આ પ્રમાણે હતી.

| | | | |
|---|---|---|---|
| એલ્યુમિનિયમના વાસણો | | - | ૬ |
| પિત્તળના | " | - | ૫ |
| સ્ટીલના | " | - | ૪ |
| માટીના | " | - | ૨ |
| ખાટલો | | - | ૧ |
| ચીમની | | - | ૧ |
| લાકડાનો નાનો ઘોડો | | - | ૧ |

૭૨ કુટુંબોની તપાસ કરતાં ઘરવખરી સબંધી જે આંકડાઓ હતા તેની વિગતવાર આંકડાકીય માહિતી નીચે દર્શાવેલ કોઠા પ્રમાણે હતી.

## કોઠો – ૧૬

### ઘરવપરાશના સાધનો દર્શાવતો કોઠો (અનુસંધાન)

| સાધનોનાં નામ | | વિસ્તાર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| | | ૩૧ | ૧૭ | ૧૪ | ૬ | ૪ | ૭૨ |
| ૧. વાસણો | એલ્યુમિનિયમ | ૨૫૬<br>૩૬.૩૧ | ૧૦૭<br>૩૩.૧૫ | ૭૫<br>૩૫.૦૧ | ૫૮<br>૩૬.૧૬ | ૨૫<br>૩૦.૮૬ | ૫૨૧<br>૩૫.૧૪ |
| | પિત્તળ | ૧૭૮<br>૨૫.૨૫ | ૮૧<br>૨૫.૪૭ | ૨૮<br>૧૩.૩૩ | ૩૭<br>૨૫.૦૦ | ૧૬<br>૧૯.૭૫ | ૩૪૦<br>૨૩.૨૬ |
| | સ્ટીલ | ૬૮<br>૯.૬૫ | ૪૨<br>૧૩.૨૧ | ૨<br>૦.૯૫ | ૯<br>૬.૦૮ | ૭<br>૮.૬૪ | ૧૨૮<br>૮.૭૬ |
| | માટી | ૬૩<br>૮.૯૪ | ૩૩<br>૧૦.૩૮ | ૪૭<br>૨૨.૩૮ | ૧૩<br>૮.૭૮ | ૯<br>૧૧.૧૧ | ૧૬૫<br>૧૧.૨૬ |
| ૨. અન્ય | પાટલા | ૧૬<br>૨.૨૭ | ૬<br>૧.૮૯ | ૪<br>૧.૯૦ | ૫<br>૩.૩૮ | ૪<br>૪.૯૪ | ૩૫<br>૨.૩૯ |
| | ટેબલ-ખુરશી | ૬<br>૦.૮૫ | – | – | – | ૧<br>૧.૨૩ | ૭<br>૦.૪૮ |
| | સાયકલ | ૩<br>૦.૪૩ | ૨<br>૦.૬૩ | – | – | – | ૫<br>૦.૩૪ |

ચાલુ...

## કોઠો – ૧૧ઃ

### ખરવપણીના સાધનો દર્શાવતો કોઠો ( અનુસંધાન )

| પ્રશ્નક્રમ | સાધનોના નામ | વિસ્તાર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| | | ૩૧ | ૧૭ | ૧૪ | ૬ | ૪ | ૭૨ |
| ૨. અન્ય | ઘડિયાળ | ૨૨<br>૩.૧૨ | ૧<br>૦.૩૧ | – | ૧<br>૦.૧૮ | ૩<br>૩.૦૦ | ૨૭<br>૧.૮૧ |
| | રેડિયો | ૭<br>૦.૯૯ | ૫<br>૧.૫૭ | – | ૨<br>૧.૩૫ | ૨<br>૨.૪૭ | ૧૬<br>૧.૦૬ |
| | પંખો | ૧<br>૦.૧૪ | – | – | – | – | ૧<br>૦.૦૭ |
| | ફાનસ | ૭<br>૦.૯૯ | ૧<br>૦.૩૧ | ૨<br>૦.૯૫ | – | ૨<br>૨.૪૭ | ૧૨<br>૦.૮૨ |
| | ચીમની | ૨૯<br>૪.૧૧ | ૧૯<br>૫.૯૭ | ૫<br>૨.૩૮ | ૬<br>૪.૦૫ | ૪<br>૪.૯૪ | ૬૩<br>૪.૩૧ |
| | પ્રાયમસ | ૧<br>૦.૧૪ | ૪<br>૧.૨૬ | ૧<br>૦.૪૮ | ૪<br>૨.૭૦ | ૨<br>૨.૪૭ | ૧૨<br>૦.૮૨ |
| | પેટી | ૪૦<br>૫.૬૭ | ૧૫<br>૪.૭૨ | ૯<br>૪.૨૯ | ૧૨<br>૮.૧૧ | ૫<br>૬.૧૭ | ૮૧<br>૫.૫૪ |

કોઠો - ૧૬ ચાલુ...

## પરવળરીના સાધનો દર્શાવતો કોઠો ( સંખ્યામાં )

| સાધનોના નામ | | વિસ્તાર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| | | ૩૧ | ૧૭ | ૧૪ | ૬ | ૪ | ૭૨ |
| ૨. અન્ય | કબાટ (ઘડિયાળ + [illegible]) | ૮<br>૧.૧૪ | ૨<br>૦.૬૩ | – | – | ૧<br>૧.૨૩ | ૧૧<br>૦.૭૫ |
| | સીવવાનો સંચો | – | – | ૧<br>૦.૪૮ | – | – | ૧<br>૦.૦૭ |
| | [illegible] | – | – | ૩૬<br>૧૭.૧૪ | – | – | ૩૬<br>૨.૪૬ |
| | બેટરી | – | – | – | ૧<br>૦.૬૮ | – | ૧<br>૦.૦૭ |
| | કુલ... | ૭૦૫<br>૧૦૦.૦૦ | ૩૧૮<br>૧૦૦.૦૦ | ૨૧૦<br>૧૦૦.૦૦ | ૧૪૮<br>૧૦૦.૦૦ | ૮૧<br>૧૦૦.૦૦ | ૧૪૬૨<br>૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા- ૬ પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે કુલ ૪૫૪ વ્યક્તિઓ વચ્ચે વાસણો તેમજ અન્ય સાધનો થઈ કુલ ઘરવખરીના સાધનો ૧૪૭૬ છે. ઘણા જ સભ્યો વચ્ચે પુરતા થઈ રહે તેટલા વાસણો જ નથી તો પછી અન્ય ચીજવસ્તુઓની તો શું વાત જ કરવી? દરેક સભ્યને ભાગે સરાસરી ૩ સાધન આવે છે.

કુલ ૭૨ કુટુંબોના ૪૫૪ સભ્યો વચ્ચે કુલ સાધન સામગ્રીની સંખ્યા ૧૪૭૬ છે. તેમાંથી એલ્યુમિનિયમના ૫૨૧ વાસણો છે. (કુલ સાધન - સામગ્રીના ૩૫.૩૪ ટકા). આ સંખ્યા થોડી વિશેષ છે. તે પ્રમાણે પિત્તળના વાસણો ૩૪૦ (૨૩.૨૨ ટકા); સ્ટીલના ૧૨૮ (૮.૭૧૮૩ ટ) માટીના ૧૬૫ (૧૧.૨૪ ટકા) વાસણો છે. જે દર્શાવે છે કે આદિવાસીઓ ભૌતિક સાધન સામગ્રી તેમની પાસે ઘણી ઓછી છે. તે પ્રમાણે અન્ય સાધનો જેવા કે ખાટલા ૩૫ (૨.૩૮ ટકા) એટલે કે ૪૫૪ વ્યક્તિઓ- માંથી માત્ર ૩૫ વ્યક્તિ ખાટલા પર સૂઈ શકે છે. બાકીના જમીન ઉપર સૂવે છે. ટેબલ-ખુરશી ૭ (૦.૪૮ ટકા) સાયકલ ૫ (૦.૩૪ ટકા), ઘડિયાળ ૨૭ (૧.૮૫ ટકા) રેડિયો ૧૬ (૧.૦૯ ટકા), પંખો ૧ (૦.૦૭)ટકા), ફાનસ ૧૨ (૦.૮૨ ટકા), ચીમની ૬૩ (૪.૩૧ ટકા) પ્રાયમસ ૧૨ (૦.૮૨ ટકા) પતરાની પેટી ૮૧ (૫.૫૪ ટકા)કબાટ લાકડા તથા લોખંડના ૧૧ (૦.૭૫ ટકા) સીવવાનો સંચો ૧ (૦.૦૭ ટકા) લાકડીના ઘાસ કાપવાના દાતરડા ૩૬ (૨.૪૬ ટકા) અને બેટરી ૧ (૦.૦૭ ટકા) છે. આ છે કુલ ૭૨ કુટુંબોની ઘરવખરી જેમાં દૈનિક જરૂરિયાત માટેના વાસણોનું પ્રમાણ વધુ છે. જ્યારે અન્ય સાધનો નહિવત છે. આ ઉપરાંત દરેક કુટુંબ પાસે બે-ત્રણ ગોદડાં કે જે ફાટલા-તૂટેલા હાલમાં છે, કોઈક પાસે ગાદલા છે. તે જ રીતે ઓશિકા પણ અમુક પાસે જ છે.

ઉપરોક્ત ૭૨ કુટુંબોની કુલ પશુધનની સંખ્યા સામૂહિક જોયા બાદ દરેક જીલ્લા પ્રમાણે સંખ્યાની ચર્ચા કરીએ તો (જુઓ કોઠો-૩) સુરતમાં ૩૧ કુટુંબો વચ્ચે ૭૦૫, વડોદરામાં ૧૦ કુટુંબો વચ્ચે ૩૧૮, ખેડામાં ૧૪ કુટુંબો વચ્ચે ૨૧૦, બનાસકાંઠામાં ૯ કુટુંબો વચ્ચે ૧૪૮ અને ભરૂચમાં ૪ કુટુંબો વચ્ચે ૮૧ કુલ પશુધનનાં પ્રાણી છે.

આ જાતિના લોકો ઘોડાનો ઉપયોગ કરતા નથી. બળદગાડી ઉપર સામાન લાદી લે છે.

ઉપરની દરેક બાબત જોતાં એ વસ્તુની પ્રતીતિ થશે કે આજે તેઓ ઉચ્ચ જાતિઓની વસ્તુઓ પણ વસાવી શક્યા નથી.

<u>પહેરવેશ :</u>

પોમલા પુરુષોનો પહેરવેશ ધોતી-ખમીસ અને ફેંટો હતો. હાલ પોમલા પુરુષો અને સ્ત્રીઓ ઉપર મધ્યમ વર્ગના હિન્દુઓની અસર જણાય છે. પુરુષો લેંઘો, ખમીસ અથવા બુશકોટ પહેરે છે. તો કોઈ પાટલુન-બુશકોટ પહેરે છે. સ્ત્રીઓ ચણીયો પોલકું અને સાડી પહેરે છે. નાના બાળકો ખાલી ચડ્ડી પહેરે અથવા ચડ્ડી-બુશકોટ પહેરે છે. જ્યારે નાની છોકરીઓ ફરાક પહેરે છે. અમુક નાના બાળકો નગ્ન પણ ફરે છે.

આ કપડાં તેઓ બજારમાંથી તૈયાર ખરીદી લાવે છે. દરેક પાસે એકાદ - બે જોડ કપડાં હોય છે. જ્યારે અમુક પાસે એકાદ જોડ કપડાં હોય છે. જે રાત્રે ધોઈ નાખે અને ફરી સવારે પહેરી લે છે.

<u>ઘરેણાં અલંકાર :-</u>

સોના-ચાંદીના ઘરેણાં તો આ જાતિમાં જોવા મળતા નથી.

પોમલા પુરુષોમાં પહેરવેશનો ભેદ જણાતો નથી. જ્યારે સ્ત્રીઓ મુખ્યત્વે ગળામાં કાળા મણકાની માળા, કાચની માળા, હાથે કડી અને નાકે ચુની પહેરતા જોવા મળે છે. તેઓના કાનમાં પહેરવાના ઘરેણાં કે વેઢલા, નાકમાં નથણી, હાથમાં બંગડી વગેરે પહેરવાનાં આભૂષણોનાં નામ છે. એક રીતે કહીએ તો પોતાની જૂની ઢબોને પકડી આ નામોમાં આજે ગુજરાતીકરણ જોવા મળે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે આ લોકોમાં સોના-ચાંદીના ઘરેણાંનો રિવાજ નથી. પરંતુ લગ્ન પ્રસંગે કન્યાને પિતાની મુશ્કેલીથી ૦૧ તોલો સોનું ચડાવે છે. પરંતુ ક્યારેક આર્થિક ભીંસમાં આવતાં હોય ત્યારે તે પણ શાહુકાર-વેપારીના ઘરમાં ચાલ્યું જાય છે.

<u>ખોરાક :</u>

ખોરાકમાં આ જાતિ શાકાહારી તેમજ માંસાહારી છે. પોમલાઓ પોતાના ખોરાકમાં બાજરીનો ઉપયોગ વધુ કરે છે. બપોરના તેઓ રોટલા અને શાક ખાય છે. સાથે ક્યારેક દાળનો ઉપયોગ કરે છે. પણ અહીં બાજરીને પ્રથમ સૂપડાથી ઝાટકી કાંકરા વીણી સાફ કરે છે, બાદમાં ઘંટીમાં દળાવી લાવે છે. લોટને માટીની અથવા પિત્તળની કથરોટમાં નાખી પાણી નાખી લોટ બાંધવામાં આવે છે. જો બાજરીનો લોટ હોય તો મીઠું ભેળવવામાં આવે છે. પછી ચૂલામાં બળતણ નાખી થોડું કેરોસીન રેડી, દિવાસળી સળગાવી ચૂલો પ્રગટાવે છે. ચૂલા ઉપર માટીની તાવડી મૂકે છે. બાદ પાટલી વેલણથી રોટલા વણવામાં આવે છે. બાજરીના રોટલા હોય તો હાથથી થાપડી બનાવવામાં આવે છે.

શાકને રાંધવાની ચૂલાથી સળગાવેલા ચૂલા ઉપર તપેલી મૂકી પ્રથમ થોડું તેલ રેડી તેમાં રાઈ નાખી વઘારવામાં આવે છે. પછી તેમાં

મરચું, લસણ, મીઠું વગેરે મસાલો કરે છે. જ્યારે શાક ચડી જાય ત્યારે ઉતારી લે છે.

ખીચડી માટે પ્રથમ પાણી ગરમ કરે છે, ચોખા-મગની દાળને સાફ કરી, તેમાંથી કેટલાક નાખે છે. ત્યારબાદ ગરમ પાણીમાં નાખવા-માં આવે છે. તેમાં થોડું લસણ અને મીઠું પણ નાખે છે. પાણી બળી જાય અને ખીચડીના દાણા પોચા લાગે એટલે ખીચડી ચડી ગઈ છે તેમ માની ઉતારી લે છે. માંસ તો તો કોઈક જ વખત ઉપયોગ કરે છે. ખોરાકની ચીજ-વસ્તુઓ રોજગારીની સગવડતા પ્રમાણે ખરીદે છે. ઉત્સવ કે તહેવારોના પ્રસંગે જો પૈસાની સગવડ હોય તો મીઠાઈ ખરીદે છે નહિ તો લાપશી કે શીરો તેમાં બનાવી લે છે. તહેવાર-ની બાબતમાં એક વસ્તુ એ જોવા મળી કે તેઓ મહુડા સિવાય અન્ય કોઈ પ્રકારનું મદ્ય માનતા નથી.

તેમનો દરરોજનો ખોરાક આ પ્રમાણે હોય છે.

| <u>સવારે</u> | <u>બપોરે</u> | <u>સાંજે</u> |
|---|---|---|
| ચા - રોટલી (મળે તો) | બાજરાનો રોટલો શાક કે દાળ-કઢી કોઈવાર જુવાર-મકાઈ પણ વાપરે. | ખીચડી - શાક કે રોટલા - શાક |

<u>પીણાં</u> :

પીણામાં ચાની ટેવ નિયમિત છે. જ્યારે તાડી મળે તો તે પણ પી લે છે. દારૂની પીવાની બાબતમાં કેવળ પ્રમાણે વિવિધતા છે. વડોદરામાં દારૂ પીનારા પહેલાં ઘણા જોવા મળે છે, અને તેમના

પહેલવે કહે છે કે મારે અમારે દારૂ પીવો છે. ત્યારબાદ બધા થોડા થોડા પૈસા કાઢી દારૂ મંગાવી સામૂહિક રીતે પીએ છે. આ ઉપરાંત વધાઇ કે લગ્ન પ્રસંગોએ દારૂનો ઉપયોગ દરેક શહેરોમાં થાય છે.

મોજશોખની વસ્તુઓ :

જ્યાં જીવન જરૂરિયાતના સાધનોની પૂરતી સગવડતા નથી ત્યાં મોજશોખમાં શું હોય શકે ? કુલ ૭૨ કુટુંબોમાં ૧૨ રેડિયા અને ૨૭ કાંડા ઘડિયાળ છે, એ માટે આ મોજશોખના સાધનો તો ન જ કહી શકાય, કારણ કે નોકરી કરતા લોકો માટે ઘડિયાળ આવશ્યક છે. જ્યારે રેડિયો જો મોજશોખમાં આવે તો ૭૨ કુટુંબોમાં ૧૨ કુટુંબો રેડિયો ધરાવે છે. એક પોમલા કુટુંબને કે જે દુકાનદાર છે તેને ત્યાં લાઇટ-પંખો, લોખંડનો કબાટ, સનમાઇકાનો પલંગ છે. આના સિવાય અન્ય કુટુંબો પાસે તો જરૂરી સાધનો પણ નથી.

ધંધાના સાધનો :

પોમલા જાતિનો મુખ્ય વ્યવસાય ટોપલા-ટોપલી અને સાવરણી બનાવવાનો છે. તેઓ આ વસ્તુઓ તાડ અને ખજૂરીના ઝાડમાંથી બનાવે છે. તાડ અને ખજૂરીને કાપવા માટે તેઓ દાતરડાનો ઉપયોગ કરે છે. અને તે પણ બજાર અને સુરતમાં, બાકીના શહેરોમાં રહેતા પોમલા કુટુંબો કાચો માલ તૈયાર લઇ લે છે. એટલે કે ધંધા માટેના સાધનો-દાતરડા બજાર-સુરતમાં છે. આ રીતે ટોપલા-ટોપલી બનાવવા માટે અન્ય કોઇ સાધનની જરૂર પડતી નથી.

## પ્રકરણ - ૩ : આર્થિક જીવન

કોઈપણ કુટુંબ કે સમાજ પોતાની જીવન જરૂરિયાતની વસ્તુઓ મેળવવા - ગુજરાન ચલાવવા કોઈપણ પ્રવૃત્તિનો આશરો લે છે. પછી ભલે તે વિકસિત સમાજ હોય કે અવિકસિત, શહેરી સમાજ હોય કે ગ્રામ્ય, સભ્ય સમાજ હોય કે આદિવાસી સમાજ, પરંતુ તેણે કોઈને કોઈ પ્રવૃત્તિનો આશરો લેવો પડે છે. આ ઉપરાંત સમાજમાં જીવન વ્યવહારના સમગ્ર પાસાં પર ભૌગોલિક વાતાવરણની અસર પૂરેપૂરી વર્તાતી હોય છે. તેમાંય જે જાતિઓ પ્રાથમિક કક્ષાનું જીવન જીવે છે તેના ઉપર ભૌગોલિક વાતાવરણની વિશેષ અસર પડે છે.

પરંપરાથી આ જાતિનો મુખ્ય વ્યવસાય તાડનાં પાનમાંથી રમકડાં, ઝાડુ, ટોપલીઓ વગેરે બનાવીને વેચવાનો છે.[1] આજે પણ એક પ્રાથમિક વ્યવસાય-કુટિરઉદ્યોગમાં તેઓ તાડ અને ખજૂરીના પાનમાંથી ટોપલા-ટોપલી, સાંઠડી અને સાવરણી બનાવે છે. પરંતુ દિનપ્રતિદિન આ ધંધામાં ઓટ આવતી જાય છે. સ્વતંત્રતા પહેલાં તેમને ટોપલા-ટોપલી બનાવવા માટે કાચી સામગ્રી સરળતાથી મળી રહેતી, પરંતુ હાલ તાડી પીવા ઉપર પ્રતિબંધ આવવાથી તેનું વાવેતર ઓછું થયું છે. તેમાં પણ મીઠાઈ માટે પૂંઠાના ખોખા (બોક્સ) આવવાથી ધંધા માટે જે થોડી ઘણી આશા હતી તેને પણ મોટો ફટકો પડ્યો. પરંપરાગત ધંધામાં ઓટ આવવાથી જીવન નિર્વાહ માટે હાલ અનેક પ્રકારના વ્યવસાયો કરે છે. જીવન નિર્વાહ માટે અનેક સાધનોનો ઉપયોગ એટલા માટે કરે છે કે કોઈપણ સાધન એવું નથી કે જેમાંથી

---

1. Report - Census of Baroda State 1911 - Page No. 311

તેમને પૂરતી રોજી મળી શકતી હોય. અન્ય કોઈ વ્યવસાયનો અનુભવ ન હોવાથી એકીવર્ગ તો પોતાના મૂળ ધંધાને અનુસરી રહી છે, જ્યારે બીજો અન્ય ધંધા તરફ વળ્યા છે. આથી તેઓના ધંધામાં વિવિધતા છે.

"જે જાતિઓનો મુખ્ય વ્યવસાય ચાલ્યો ગયો વ્યવસાય પરિવર્તન કરી જીવન નિર્વાહ માટે અનેક ધંધાઓ અપનાવ્યા છે, કે જેમનો કોઈ ચોક્કસ વ્યવસાય નથી તેવી જાતિઓ અને કોમો(?) સ્વાભાવિક રીતે ગુનાખોરીનો શિકાર થાય છે. ભારતીય ગ્રામ વ્યવસ્થામાં કારીગર વર્ગો મોટાભાગના કારીગરો અને ગુલામો(?) પર આધારિત હતી તેવી જાતિઓ પણ નિમ્ન પ્રકારનું જીવન જીવે છે. જ્યારે આદિવાસી જાતિઓ આર્થિક રીતે તો પછાત હતી તેથી ચોક્કસ વ્યવસાયોના કારણે ગુજરાતમાં કાથોડીઓ, વાઘરી, કોળી, કોટવાળિયા, સીદીઓ, ધરમપુરના વારલી, ડફેરો અને પંચમહાલના મોટાભાગના ભીલો અને બાકીના [illegible] ગામોમાં વસતા ભીલ વસાવાઓથી મોટો વર્ગ ગુનાખોરીની પરિસ્થિતિમાં [illegible] ની રેખાથી ઘણા નીચેના પ્રકારનું જીવન વિતાવે છે."[૨]

## આર્થિક રચના–વ્યવસાયો :

પીંઢારા(?) જાતિના કુટુંબો નીચે જણાવ્યા પ્રમાણેના જુદા જુદા પ્રકારના કામ કરીને પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે.

(૧) ટોપલા – ટોપલી

(૨) રોડીકામમાં(?) નોકરી

(૩) કારખાનામાં નોકરી

---

૨. કાથોડી આદિવાસીઓમાં ગુનાખોરી અનુપારંગત શોધ નિબંધ– રોહીતકર(?) પંડ્યા ગુજરાત વિદ્યાપીઠ – ૧૯૭૯.

(૪) ખોટીઓના ઘડવી
(૫) ચણીઓના બનાવવી
(૬) ગુલાબીકામ
(૭) વાંસ બનાવવું
(૮) ચાંદી સાંકી બનાવવી
(૯) છૂટક મજૂરી
(૧૦) વેપાર
(૧૧) હીરા ઘસવા
(૧૨) નોકરી
(૧૩) ઓફિસમાં નોકર નથી

ઉપર જણાવેલ જુદા જુદા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં ઘોમલા કુટુંબનો દરેક સભ્ય રોકાયેલ છે. તપાસમાં આવરી લીધેલા કુલ ૭૨ કુટુંબોમાં ઉપર દર્શાવ્યા મુજબના જુદા જુદા ૧૪ વ્યવસાયો જીવન નિર્વાહના સાધનો છે. પરંતુ આમાંની એક પણ પ્રવૃત્તિ એવી નથી કે જેનાથી તેઓ પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે અને તેના કારણે આજે મોટાભાગના કુટુંબો એક કે બે નહિ પરંતુ ત્રણ-ચાર વ્યવસાય અપનાવી પોતાની જીવન નૌકા ચલાવે છે. ઘોમલા કુટુંબોમાં જે ઉપરોક્ત ભિન્ન-ભિન્ન વ્યવસાયો છે તેની વિગતે ચર્ચા કરીએ તો,

## ૧. ટોપલા-ટોપલી બનાવવી :

ઘોમલા જાતિનો મોટાભાગનો વર્ગ આ વ્યવસાયમાં પડેલો છે. એક રીતે કહીએ તો તેનો પરંપરાગત વ્યવસાય ટોપલા-ટોપલી બનાવવાનો છે. આજે તેના પ્રણાલિકાગત વ્યવસાયમાં ઓટ આવતી જાય છે છતાં પણ તેને છોડતા નથી. કુટુંબનો દરેક સભ્ય સીધી કે આડકતરી રીતે આ વ્યવસાયમાં સામેલ છે.

ટોપલા-ટોપલી ઉપરાંત તેઓ સાવરણી અને સાદડી બનાવવાનું કામ પણ કરે છે.

ઉપરોક્ત વસ્તુઓ તેઓ ખજૂરી અને તાડના પાનમાંથી બનાવે છે. આ ઝાડ સામાન્ય રીતે નદી કિનારે વધારે પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે ખરી જગ્યાએ પાનવાળી જમીનોમાં પણ તે હોય છે. તાડ સામાન્ય રીતે ૧૦૦ થી ૧૨૫ ફૂટ ઊંચુ હોય છે, જ્યારે ખજૂરી ૨૦થી ૨૫ ફૂટ ઊંચી હોય છે. આ વૃક્ષોમાંથી કાપી સામગ્રી કેટલી આવશે તેની કોઈ નિશ્ચિતતા હોતી નથી; પરંતુ ઝાડ ઘરના વપરાશ ઉપરાંત આ લોકો સામાન્ય વેચાણ પણ કરે છે. જો કે સુરત, અને ભરૂચના લોકો તાડ કે ખજૂરી કાપવા જાતે જાય છે. તેઓને આ વસ્તુઓ જાતે કાપવા જવાની અનુકૂળતા છે. જ્યારે વડોદરા - અમદાવાદ અને ખેડા ના લોકો પૈસાની સગવડતા હોય તો જ્યાં આ સામગ્રી પ્રાપ્ય હોય ત્યાં કાપવા માટે જાય છે. નહિ તો વેપારીને ત્યાંથી ખરીદી લે છે. અથવા તો કોઈના પાનવાળી ખેતરમાંથી કાપી લાવે છે. જો કે પાનવાળી ખેતરમાં પણ તેને અમુક પૈસા તો આપવા પડે છે. એક માહિતી દાતાના જણાવ્યા અનુસાર એક મજૂરાના રૂ.૪૦ આપવા પડે, જેમાંથી ૪૦ ઝાડી જેટલો માલ નીકળે. ૨૦ ઝાડીમાંથી ૩૦ સાવરણી બને જે રૂ.૧-૨૫ ની આવે. આમ ૪૦ ઝાડીમાંથી રૂ.૭૫-૦૦ની આવક થાય. રૂ.૪૦/- જેવી મજૂરીથી પાન લીધા હોય તેને બાદ કરતાં રૂ.૩૫/- ચોખ્ખા વધે. આમ ઉપરોક્ત આંકડાથી ખ્યાલ આવે છે કે તેઓ જાતે કાપી લાવે, મહેનત કરી અને તેમાંથી સાવરણી બનાવે તો તેને રૂ.૩૫/- મળે. તેમના જણાવ્યા અનુસાર કુટુંબના ત્રણ-ચાર સભ્યો આખો દિવસ કામ કરે તો ખર્ચ કાઢતા રૂપિયા ૬ થી ૧૦ મળે.

આ વસ્તુઓ કઇ રીતે બનાવે તે અંગે જેવું જાણવા મળ્યું કે પ્રથમ તેઓ તાડ કે ખજૂરીનાં પાન કાપી લાવે છે. પછી તેને પલાળી પોચાં કરવામાં આવે છે. ત્યારબાદ તેના નાના-નાના ચીરા કે પટ્ટા-પાટ કૂણા ટુકડા કરી જરૂરિયાત પ્રમાણમાં આવે છે. ત્યારબાદ તેમાંથી ટોપલા ટોપલી બનાવે છે. એક વાતની સ્પષ્ટતા કરું તો આ લોકો ખજૂરીમાંથી સાવરણી બનાવે છે અને તાડમાંથી ટોપલા-ટોપલી અને સાદડી બનાવે છે. જો કે આજે તેઓ સાદડી બહુ ઓછી બનાવે છે. વળી સ્થળ પ્રમાણે ધંધામાં પણ વિવિધતા છે. જેમકે આણંદ-ખંભાતમાં સાવરણી બનાવવાનું પ્રમાણ વધારે છે જ્યારે અમદાવાદ-વડોદરા અને સુરતમાં ટોપલા-ટોપલી વધારે બનાવે છે.

આ ધંધા માટે શિયાળો-ઉનાળો વધારે અનુકૂળ છે, કારણ વસ્તુઓ સારી રહે છે. જ્યારે ચોમાસામાં તાડ કે ખજૂરીનાં પાન મેળવવાં મુશ્કેલ બને છે. આથી તેઓને ચોમાસામાં ઉધાર કરીને દિવસો પસાર કરવાં પડે છે, અને ક્યારેક ભૂખ્યા રહેવું પડે તેવું પણ બને છે. તેઓ પાસે પૈસા કે બહારની મદદ ન હોવાથી કાચો માલ રાખી શકતા પણ નથી.

આ ટોપલા-ટોપલીની ખરીદી વેપારીઓ કરે છે. વેપારીઓ ૧૦ ટોપલીના રૂ.૧-૨૫ આપે છે. જ્યારે ખોડિયા લોકો છૂટક ૦-૧૫ પૈસાની એક ટોપલી વેચે છે. વેપારીઓ આ ટોપલીનો ઉપયોગ મીઠાઇ ભરવા માટે કરે છે. પરંતુ આજે પૂંઠાના બોક્સનું ચલણ વધવાથી તેઓ ટોપલા-ટોપલી ઓછા ખરીદે છે. ભાવ ઓછા આપે છે. ખોડિયા લોકોને અન્ય વ્યવસાયનો અનુભવ ન હોવાથી આ ધંધો કરવો જ પડે છે. અને વેપારીઓ તેની આ મજબૂરી જાણીને ભાવ પણ ઓછા આપે છે.

ધોબીના લોકોનો ધંધો તહેવારોના પ્રસંગો જેવા કે લગ્ન-દિવાળી વગેરે સમયે વધારે ચાલે છે. જ્યારે શિયાળુ તેમજ વધારે વરસાદી ટોપા-ટોપીઓનો ઉપાડ વધુ થાય છે. જ્યારે આ લોકો દિવસ-રાત્રિ કામ કરે છે. એ રીતે એક દિવસના રૂ.૨૫ થી ૩૦ કુટુંબદીઠ મેળવે છે.

આ વ્યવસાયમાં વધારે પડતી મજૂરી સ્ત્રીઓ રોકાયેલી છે, જ્યારે નાના-નાના બાળકો થોડી ઘણી મદદ કરે છે. જેમકે ગુંદરને પાણી છાંટવું, તૈયાર ટોપીઓ પેકમાં મૂકી દેવી વગેરે. ધંધામાં મંદી આવવાથી પુરુષ વર્ગ અન્ય વ્યવસાય તરફ વળ્યો છે. એક કુટુંબના ત્રણ-ચાર સભ્યો આ વ્યવસાય કરતા હોવા છતાં તેઓ દિવસ દરમ્યાન ૬.૦ થી ૧૦ મેળવે છે. આમ માસિક રૂ.૨૦૦ થી ૩૦૦/- જેટલું વેતન મેળવે છે.

## ૨. રંગાટી કામ :

સુરત અને વડોદરા જેવા બે શહેરોમાંથી ૭ કુટુંબના સાત સભ્યો કારખાનાઓમાં કાપડના રંગાટીકામ અર્થે જાય છે. જ્યાં તેઓ ત્યાંના કાપડને જુદા જુદા રંગ કરવાનું કામ કરે છે. આ કામ માટે મીલના સમય મુજબ તેઓ જાય છે, એટલે કે આઠ કલાક કામે જાય છે. કોઈ સભ્યની રાત્રિની પાળીમાં વારો આવે છે, તો અમુક સભ્યો દિવસની પાળીમાં છે. આ સમયમાં પણ ફેરફાર થાય છે અર્થાત અમુક માસ બાદ પહેલી પાળીનાને બીજી પાળીમાં અને બીજી પાળીનાને પહેલી પાળીમાં મૂકે છે. ઉપરોક્ત સાત સભ્યોમાંથી ત્રણ-ચાર સભ્યો કાયમી છે, કે જેને રૂપિયા ૫૦૦ થી ૬૦૦ પગાર મળે છે. બીજા સભ્યો બદલીમાં જાય છે જેને રજાઓ બાદના રૂપિયા ૩૦૦ થી ૩૫૦ મળે છે.

૩. <u>સાંચાખાતામાં નોકરી</u> :

સુરતમાં સાંચાખાતામાં ઘણાં સભ્યોને નોકરી મળે છે. જેમાંથી એવા ઘણા સભ્યો કાયમી છે કે જેમને રૂપિયા ૧૦૦/- જેવો પગાર મળે છે. બાકીના કે જે કાયમી નથી પરંતુ પાળીમાં કામ કરે છે તેમને રૂપિયા ૪૦૦ થી ૪૫૦/- માસિક મળે છે.

સાંચાખાતામાં તેઓ સુતરને વ્યવસ્થિત રીતે વણવાનું કામ કરે છે, એટલે કે સુતરમાંથી કાપડ બનાવે છે. સાંચાખાતામાં પગાર ઉપરાંત ૮.૩૩ ટકા એટલે કે એક પગાર બોનસ રૂપે દિવાળી ઉપર આપવામાં આવે છે. તેમજ સસ્તા દરે અમુક કાપડ પણ આપવામાં આવે છે.

૪. <u>ઓટોરીક્ષા</u> :

સુરત, વડોદરા અને અમદાવાદ જેવા શહેરોમાં થઈ કુલ ચાર પુરુષ સભ્યો રીક્ષા ચલાવે છે. જો કે આ સભ્યોને પોતાની રીક્ષા નથી. તેઓ ભાડેથી રીક્ષા લઈને ચલાવે છે, જેમાં ખર્ચ કાઢતાં રૂ.૨૫/- જેવું દિવસ દરમિયાન મળે છે. ઓટોરીક્ષાના માલિકને દરરોજના રૂપિયા ૧૫ થી ૨૦ આપવા પડે છે. ઘણી વખત એવું પણ બને છે કે રીક્ષા ભાડે ન મળતા દિવસો સુધી ઘેર પણ બેસવું પડે છે. એ જોતાં આ આવક કાયમી નથી. પરંતુ જ્યારે રીક્ષા મળે ત્યારે આવક થાય છે.

૫. <u>પગરીક્ષા</u> :

પગરીક્ષા એકલા વડોદરામાં જ પોતાના સભ્યો ચલાવતા માલુમ પડ્યા. વડોદરામાં કુલ સાત થી આઠ પુરુષ સભ્યો પગરીક્ષા ચલાવે

છે. આ પથરીઓ પોતાની માલિકોની જ હોતાં અન્યને ત્યાંથી ભાડે લઈ આવે છે. એક દિવસના ભાડાના રૂ.૩/- જૂના માલિકને આપે છે. આ લોકો વહેલા સવારથી બપોરના એક વાગ્યા સુધી પથરીઓ ટાંકવા બતાવે છે. જેમાં ઢોર માટેની ગીરજી, ખારે વજનની વસ્તુઓ વગેરે ઉપર આપે છે. આ કામથી તેઓને રૂ.૧૦/- મળે છે. પરંતુ રૂ.૩/- તો રોજના માલિકને આપવા પડે છે. ઉપરાંત ટાંકણાં ઘસાઈ જાય કે તૂટે તો આ ભાડે લાવનાર વ્યક્તિએ તેને મરામત કરી આપવાનું હોય છે, આથી જૂના મજૂરી કરનાર-પથરીઓ લાવનારને કે જે બપોર સુધી કામ મજૂરી કરે છે તેને માસિક સરાસરી માત્ર રૂપિયા ૨૦૦/- જ મળે છે.

૬. <u>લુહારી કામ :</u>

લુહારી કામ તેઓ સ્વતંત્ર ન કરતા અન્યને ત્યાં કે જેઓ લુહારી તરીકેનું કાયમી કામ કરે છે અને દુકાન ધરાવે છે ત્યાં કામ માટે જાય છે. જ્યાં તેઓ કોદાળી, કુહાડી, દાતરડા વગેરે બનાવે છે. ઉપરાંત આવા જૂના થઈ ગયેલા સાધનોને પાના કાઢી આપી ધારદાર બનાવી દે છે. આ કામ એકલા સુરતમાં ઘણા ઓછા લોકો કરે છે. જ્યાં માલિક તેમને રૂ.૨૫૦ થી ૩૦૦ આપે છે.

૭. <u>વાહન ચલાવવું :</u>

સુરતમાંથી એક સભ્ય વાહન ચલાવવાનું કામ કરે છે, જે કોઈ માલિકની પેઢીમાં છે, જૂના માલિકના કહેવા મુજબ વાહનની હેરફેર કરે છે. જેમાં માલિક તેને રૂ.૫૦૦/- પગાર આપે છે.

૮. માછી જાળી બનાવવી :

સુરતમાં એક જણ માછીની જાળી બનાવે છે, એ જાળી તેઓ માછીઓની માંગણી પ્રમાણે રાખી છે કે જેથી ગ્રાહકો ખરીદી શકે. આ કામથી તેઓ ખર્ચ કાઢતાં દિવસના રૂપિયા ૧૦/- જેટલું સરાસરી મેળવી લે છે.

૯. છૂટક મજૂરી :

આરબ સિવાય બાર ચોહરીઓમાંથી કુલ ૧૪ પુરુષ સભ્યો છૂટક મજૂરીના કામ માટે જાય છે. આ કામ વિવિધ પ્રકારના હોય છે. કોઈ બાંધકામના કામ માટે, કોઈ કારખાનામાં રોજમદાર તરીકે, કોઈ વળી માલની માલ-સામાન ફેરવવા માટે વગેરે કામ માટે જાય છે. તેમાં એક દિવસના રૂપિયા ૪ થી ૫ તરીકે તેમને મજૂરી મળે છે.

૧૦. વેપાર :

સુરતમાં બે સભ્યો વેપાર કરે છે, તેમાં એક ભાઈ નાળિયેરના ગોટાનો વેપાર કરે છે. જે જથ્થાબંધ ખરીદી લાવે છે અને બાદમાં ૧૫-૨૦ ગોટા સાયકલ પર રાખી ગામમાં ફેરી કરી વેચાણ કરે છે. તેઓને જથ્થાબંધમાં ગોટા ૦-૮૦ પૈસામાં એક નંગ એ રીતે મળે છે. અને તે રૂ.૧ થી ૧-૨૫ માં વેચે છે. બીજા એક ગોમલાભાઈ કરીયાણાની દુકાન સુરતના વરિયાળી બજાર વિસ્તારમાં ચલાવે છે. જે જીવન-જરૂરિયાતની તમામ વસ્તુઓ પોતાની દુકાનમાં રાખે છે. તેમના જણાવ્યા અનુસાર તેઓને દુકાનમાંથી માસિક રૂપિયા ૫૦૦ થી ૫૫૦ મળે છે.

૧૧. હીરા ઘસવા :

છ સભ્યો ભાવનગરમાં અને એક સભ્ય સુરતમાં આમ કુલ ચાર કુટુંબના સભ્યો હીરા ઘસવાનું કામ કરે છે. આ ચાર કુટુંબમાંથી સુરતનું એક કુટુંબ તો ફક્ત આ ધંધા ઉપર જ નિર્ભર છે, જે કોઈ અન્ય વ્યવસાય કરતું નથી. આ લોકો વેપારીઓના કારખાનામાં આ કામ કરે છે; જેમને માસિક રૂ.૪૦૦ થી ૫૦૦ મળે છે. જો કે આ ધંધામાં હાલ મંદી હોવાથી પૂરતી મજૂરી મળી શકતી નથી.

૧૨. નોકરી :

ગામ શહેરોમાં થઈ કુલ ૨૭ સભ્યો નોકરી કરે છે, જે સરકારી તેમજ બિનસરકારી – ખાનગી ખાતામાં નોકરી કરે છે. પોતાના કુટુંબના પરિણીત સભ્યો છૂટા પડવાથી, અન્ય શહેરમાં વહેંચાયા છે. ઘણા સભ્યો જુદી જુદી જગ્યાએ નોકરી કરે છે. શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી કોઈ સારા હોદ્દા ઉપર આ લોકો હોય તેવું જોવામાં આવ્યું નથી. પરંતુ ઘણા વર્ષો સમયથી નોકરી કરતા હોવાથી હાલ તેઓને રૂ.૩૦૦ થી ૭૦૦ જેવો પગાર મળે છે.

૧૩. હોટલમાં નોકર તરીકે :

આ પ્રકારના કામને એક પ્રકારનું દૂષણ કહીશું તો વધારે યોગ્ય કહેવાશે. આજે પોતાના કુટુંબને ગુજરાન ન ચાલતા દશથી બાર વર્ષના છોકરાને ચાની હોટલમાં નોકર તરીકે મોકલે છે કે જ્યાં ચા આપવી, ચાના રકાબી-પ્યાલા સાફ કરવા, માલિક અને ગ્રાહકો જેવું બોલે તેવું સાંભળવું અને તેના બદલામાં મેળવે છે માત્ર માસિક રૂપિયા ૪૫/- વેતન. આવા દૂષણનો ભોગ લગભગ પંદરથી વીસ બાળકો બન્યા છે.

ઉપર જણાવ્યા પ્રમાણેના વિવિધ વ્યવસાયોમાં ભાગે ચોધરા કુટુંબો જણાયો પડેલા છે. જે પાછળથી જે જ સ્પષ્ટતા કરું તો મુખ્ય વ્યવસાયમાં ખેતી મુખ્ય જણાયો જ છે, નવીન કામનો અનુભવ શક્તિ ન હોવાથી તેઓ તો ટોપલા-ટોપલી બનાવવાનું જ કામ કરે છે.

ચોધરા કુટુંબો હાલ ક્યા ક્યા વ્યવસાય કરી રહ્યા છે ? તેમજ જે કુટુંબ કેટલા વ્યવસાય કરી રહ્યું છે, તેની જાણકારી નીચે દર્શિત કોઠા ઉપરથી વધારે સારી રીતે જાણી શકાશે.

# કોઠો - ૧૭

## ધંધાવાર કુટુંબોનું વર્ગીકરણ

| ધંધાના નામો | જિલ્લાવાર | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| | ૩૧<br>૧૦૦.૦૦ | ૧૭<br>૧૦૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | ૬<br>૧૦૦.૦૦ | ૪<br>૧૦૦.૦૦ | ૭૨<br>૧૦૦.૦૦ |
| +વણાટકામ+રંગાટીકામ | ૫<br>૧૬.૧૧ | ૧<br>૫.૮૮ | - | - | - | ૬<br>૮.૩૩ |
| વણાટકામ + સાળકામ | ૬<br>૧૯.૩૫ | - | - | - | - | ૬<br>૮.૩૩ |
| વણાટકામ | ૩<br>૯.૬૮ | ૩<br>૧૭.૬૫ | ૧<br>૭.૧૪ | - | ૧<br>૨૫.૦૦ | ૮<br>૧૧.૧૧ |
| વણાટકામ + વાયન સમારવું | ૧<br>૩.૨૩ | - | - | - | - | ૧<br>૧.૩૯ |
| વણાટકામ + મોટરીયા + ધગરીયા | ૨<br>૬.૪૫ | ૬<br>૩૫.૨૯ | - | ૧<br>૧૬.૬૭ | - | ૯<br>૧૨.૫૦ |
| વણાટકામ + નોકરી | ૩<br>૯.૬૮ | ૧<br>૫.૮૮ | ૫<br>૩૫.૧૪ | ૪<br>૬૬.૬૬ | ૩<br>૭૫.૦૦ | ૧૬<br>૨૨.૨૧ |
| વણાટકામ + કુટાઈકામ | ૩<br>૯.૬૮ | - | - | - | - | ૩<br>૪.૧૭ |

+ વણાટકામ = ટોપલા-ટોપલી, સાવરણી સાદડી બનાવવી.

## કોઠો - ૧૭:



### ધંધાવાર કુટુંબોનું વર્ગીકરણ

| ધંધાનાં નામો | વિસ્તાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સુરત | વડોદરા | પંચમહાલ | સાબરકાંઠા | ભરૂચ | કુલ |
| ચાની લારી + છૂટક મજૂરી | ૧<br>૩.૨૩ | – | – | – | – | ૧<br>૧.૩૬ |
| વાંસકામ + વેપાર | ૨<br>૬.૪૫ | – | – | – | – | ૨<br>૨.૭૮ |
| વાંસકામ + નોકરી + સાળકામ | ૧<br>૩.૨૩ | – | – | – | – | ૧<br>૧.૩૬ |
| ઢોરપશુ | ૧<br>૩.૨૩ | – | – | – | – | ૧<br>૧.૩૬ |
| વાંસકામ + છૂટક મજૂરી | ૨<br>૬.૪૫ | ૧<br>૫.૮૮ | – | ૧<br>૧૬.૬૭ | – | ૪<br>૫.૪૧ |
| વાંસકામ + પ્લાસ્ટીકકામ + મજૂરી | ૧<br>૩.૨૩ | – | – | – | – | ૧<br>૧.૩૬ |
| નોકરી | – | ૧<br>૫.૮૮ | – | – | – | ૧<br>૧.૩૬ |
| પૂજારીકામ | – | ૨<br>૧૧.૭૬ | – | – | – | ૨<br>૨.૭૮ |

## કોઠો- ૧૭: ચાલુ...

### વ્યવસાયવાર કુટુંબોનું વર્ગીકરણ

| વ્યવસાય | જિલ્લાવાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| નામો | સુરત | વડોદરા | પંચમહાલ | અમદાવાદ | ભરૂચ | કુલ |
| વણાટકામ + રીક્ષા + છૂટક મજૂરી | - | ૨<br>૧૧.૧૧ | - | - | - | ૨<br>૨.૭૮ |
| નોકરી + વણાટકામ + હીરાઘસુ + છૂટક મજૂરી | - | - | ૧<br>૭.૧૪ | - | - | ૧<br>૧.૩૯ |
| નોકરી + છૂટક મજૂરી | - | - | ૩<br>૨૧.૪૩ | - | - | ૩<br>૪.૧૭ |
| નોકરી + હીરાઘસુ | - | - | ૧<br>૭.૧૪ | - | - | ૧<br>૧.૩૯ |
| છૂટક મજૂરી + વણાટકામ + હીરાઘસુ | - | - | ૧<br>૭.૧૪ | - | - | ૧<br>૧.૩૯ |
| છૂટક મજૂરી | - | - | ૨<br>૧૪.૨૯ | - | - | ૨<br>૨.૭૮ |

ઉપરોક્ત કોઠા (૭) પરથી ખ્યાલ આવે કે જેમાં વણકર કુટુંબો - સભ્યો ધંધાની બાબતમાં વિવિધતા ધરાવે છે. હવે દરેક ધંધાની વિગતવાર ચર્ચા કરીએ.

**વણકરકામ + રંગાટીકામ :**

વણકરકામ + રંગાટીકામ કરતાં કુલ ૭૨ કુટુંબોમાંથી ૬ કુટુંબો (૮.૩૩ ટકા) છે કે જેઓ ખજૂરી-તાડના પાનમાંથી ટોપલા-ટોપલી બનાવે છે, અને જુદી જુદી જાતની ચીજોમાં સાડી-સાદડી વગેરે રંગવા માટે જાય છે.

**વણકરકામ + સાળકામ :**

કુલ ૭૨ કુટુંબોમાંથી ૬ કુટુંબો (૮.૩૩ ટકા) વણકરકામ અને સાળકામમાં જાય છે. સાળખાતામાં તેઓ જુદું જુદું ખાતાનું કામ કરે છે.

**વણકરકામ :**

એક જ વ્યવસાય ઉપર સંપૂર્ણ નિર્ભર હોય તેવા કુલ ૮ કુટુંબો (૧૧.૧૧ ટકા) છે. કે જેઓ પોતાનો પરંપરાગત વ્યવસાય કરી રહ્યા છે.

**વણકરકામ + કાઉન્ટિંગ :**

વણકરકામની જોડે કાઉન્ટિંગ-બાઉન્ડ સાથે નોકરીનું કામ ૧ કુટુંબ (૧.૩૯ ટકા ) કરે છે.

**વણકરકામ + મોટરો + ખટારાઓ :**

વણકરકામની સાથે મોટરો કે ખટારાઓ ચલાવતા હોય તેવા ૪ કુટુંબો (૧૨.૫૦ ટકા) છે. તેમાં પણ આ પ્રવૃત્તિ વડોદરા શહેરમાં વધારે થાય છે. કે જેમાં ખટારાઓ દ્વારા માલ-સામાન લઈ આવીને ઉતારવાની મજૂરીનું કામ કરે છે.

**વણકરકામ + નોકરી :**

૭૨ કુટુંબોમાંથી ૧૬ કુટુંબો (૨૨.૨૨ ટકા) આ પ્રવૃત્તિ કરે છે, જેની સંખ્યા અન્ય વ્યવસાયથી વધારે છે. પોતાની પરંપરાગત પ્રવૃત્તિની સાથે સાથ તેઓ કારખાનાઓમાં, પટાવાળા તરીકે કે અન્ય સ્થાનની જગાએ નોકરી કરે છે.

**વણકરકામ + સુથારીકામ :**

૩ કુટુંબ (૪.૧૭ ટકા) ઉપરોક્ત પ્રવૃત્તિ કરી રહ્યું છે. સુથારીકામમાં તેઓ અન્ય સુથારની દુકાનમાં જઈને આ કામ કરે છે.

**ચાની લારી + છૂટક મજૂરી :**

આવું કાર્ય કરતું ફક્ત ૧ કુટુંબ (૧.૩૯ ટકા) છે. કે જે ચાની લારી ચલાવે છે અને સાથોસાથ જે કંઈ મજૂરી મળે તે પણ કરી લે છે.

**વણકરકામ + દુકાન :**

વણકરકાર્ય દરમિયાન પણ ઘરેથી દુકાન ચલાવતું હોય તેવું એક ૧ કુટુંબ (૧.૩૯ ટકા) છે કે જે જીવન જરૂરિયાતની વસ્તુઓ

પોતાની જમીનો ખેડે છે.

**વણાટકામ + નોકરી + ધાબકામ :**

ઉપરોક્ત પ્રવૃત્તિ કરનાર ફક્ત ૧ કુટુંબ (૧.૭૪ ટકા) છે.

**હીરા ઘસવાના :**

ટોપલા-ટોપલી વિગતમાં ગમે વ્યવસાય હોય અને તે પણ બેકાર હોય તેવું કામ કરતું ૧ કુટુંબ (૧.૭૪ ટકા) હીરા ઘસવામાં છે.

**વણાટકામ + છૂટક મજૂરી :**

આ પ્રવૃત્તિ કરતા ૪ કુટુંબો (૫.૫૫ ટકા) છે. છૂટક મજૂરીમાં તેઓ કોઈને ત્યાં વણાટકામ અથવા કામે જવું, માલ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવો વગેરે પ્રકારનું કામ કરે છે.

**વણાટકામ + રંગાટીકામ + મજૂરી :**

ઉક્ત વ્યવસાયને અપનાવી રહ્યું હોય તેવું ૧ કુટુંબ (૧.૭૪ ટકા) છે.

**નોકરી :**

નોકરી ઉપર નિર્ભર હોય તેવું ૧ કુટુંબ (૧.૭૪ ટકા) છે.

**પગરીક્ષા :**

પગરીક્ષા ચલાવતા ૨ કુટુંબો (૨.૭૮ ટકા) છે. આ પગરીક્ષા

ધરાવતા કુટુંબોની સંખ્યા વડોદરામાં વિશેષ પ્રમાણમાં છે.

<u>વણાટકામ + રીક્ષા + છૂટક મજૂરી :</u>

આવી પ્રવૃત્તિ કરતાં ર કુટુંબો (૨.૫૮ ટકા) વડોદરામાં જોવા મળ્યાં.

<u>નોકરી + વણાટકામ + હીરાઘસુ + છૂટક મજૂરી :</u>

૧ કુટુંબ (૧.૩૯ ટકા) એવું પણ જોવા મળ્યું કે જે પોતાના કુટુંબના નિર્વાહ માટે ચાર-ચાર વ્યવસાયને અપનાવી રહ્યું છે.

<u>નોકરી + છૂટક મજૂરી :</u>

ખંભાતમાંથી ત્રણ કુટુંબો (૪.૧૭ ટકા) એવા જોવા મળ્યા કે જેમાં પુરુષો નોકરી કરતા હોય અને તેની પત્ની અથવા તો છોકરાઓ છૂટક મજૂરીનું કામ કરતા હોય છે.

<u>નોકરી + હીરાઘસુ :</u>

ખંભાતમાં ૧ કુટુંબ (૧.૩૯ ટકા) ઉપરોક્ત વ્યવસાય કરી રહ્યું છે.

<u>છૂટક મજૂરી + વણાટકામ + હીરાઘસુ :</u>

ખંભાતમાં ૧ કુટુંબ (૧.૩૯ ટકા) એવું છે કે જેના સભ્યો છૂટક-મજૂરી, ટોપલા-ટોપલી બનાવવા અને હીરા ઘસવાના કારખાના-માં હીરા ઘસવાનું કામ કરી રહ્યા છે.

છૂટક મજૂરી :

અન્ય કોઈ વ્યવસાય ન મળતાં છૂટક મજૂરી કરી કુટુંબનું નિર્વાહ ચલાવતાં હોય તેવા ખંભાતમાં ૨ કુટુંબો (૨.૭૮ ટકા) છે.

ઉપરોક્ત વર્ણવ્યાં મુજબ આ લોકોમાં પાસે ધંધાની બાબતમાં આર્થિક ઉપાર્જનની બાબતમાં અનેકવિધતા જોવા મળે છે.

આ ઉપરાંત દરેક શહેરમાં ધંધાની બાબતમાં જોઈએ તો, સુરતમાં સૌથી વધારે ટોપલા-ટોપલી બનાવતા અને સામાનાયમાં કામ કરતા રહ્યો છે. ૩૧ કુટુંબોમાંથી ૨ કુટુંબો એવાપણ જોવા મળ્યા કે જે પોતાનો પરંપરાગત વ્યવસાય છોડી અન્ય પ્રવૃત્તિ કરી રહ્યા છે. વડોદરામાં ૧૭ માંથી ૬ કુટુંબો (૩૫.૩૧ ટકા) એવા છે કે જે વણાકામ, મોટરીયા અને ચકરીયા ચલાવી કુટુંબનું ગુજરાન ચલાવે છે. જે પ્રવૃત્તિ વિશેષ છે. વડોદરામાં પણ ૨ કુટુંબો એવા છે કે જે ટોપલા-ટોપલી બનાવતા નથી. ખંભાતમાં નોકરી અને વણાકામ કરતા કુલ ૧૪ માંથી ૫ કુટુંબો (૩૫.૧૪ ટકા) છે. ૭ કુટુંબો એવા છે કે જેણે પોતાના મૂળ ધંધાને છોડી દીધો છે. અમદાવાદમાં ૧૨માંથી ૪ કુટુંબો (૩૩.૩૩ ટકા) એવા છે કે નોકરી અને વણાકામની પ્રવૃત્તિ કરે છે. તેજ રીતે ભરૂચમાં નોકરી અને વણાકામનું કામ ૪ માંથી ૩ કુટુંબો (૭૫ ટકા) છે. અમદાવાદ અને ભરૂચમાં કોઈપણ કુટુંબ એવું જોવા ન મળ્યું કે જે પોતાનો પરંપરાગત એવો ટોપલા-ટોપલી બનાવવાનું કામ કરતું ન હોય. આમ ઉપરોક્ત કોઠા ઉપરથી એ બાબત સ્પષ્ટ નજરે તરી આવે છે કે આજે આ લોકો ધંધાની બાબતમાં ઘણું વૈવિધ્ય ધરાવે છે. ૭૨ માંથી ૧૦ કુટુંબો એવા છે કે જેણે પોતાની પરંપરાગત ધંધાની પ્રવૃત્તિ છોડી દીધી છે.

પોતાના સભ્યોને પોતાનાં કે પોતાનાં કુટુંબનો જીવનનિર્વાહ નેક થતાં આધાર કરવો મુશ્કેલ છે. આ લોકોનો પોટલીઓનો વર્ષ ટીપવાં-ટીપવાંથી આવવાના કામમાં પડેલો છે. જે વ્યવસાય હાલ પડી ભાંગ્યો છે તેમ કહીએ તો ચાલે. બીજા ધંધાઓમાં કહીએ તો આ કામ પાછળ જે મહેનત કરે છે તેના પ્રમાણમાં પુરતું વેતન મળતું નથી. જે અન્ય વ્યવસાય કરે છે તે પણ કાયમી નથી. નમૂનામાં લીધેલ કુટુંબો-નું વધુ માહિતી જોતું તેમાંથી જાણવા મળે છે કે અત્યારે પચાસ સભ્ય સંખ્યા ધરાવનાર ૭૨ કુટુંબમાંથી ૧૫ વર્ષ અને ઉપર સુધીની ઉંમર ધરાવતા બાળકોની સંખ્યા ૪૫.૩૮ ટકા છે. જ્યારે ૧૬ થી ૪૦વર્ષની વયજૂથ ધરાવતાં કામ કરી શકે તેવા સભ્યો માત્ર ૩૫.૬૮ ટકા છે. તેમાં પણ સ્ત્રીઓની સંખ્યા વધારે છે. આને કારણે પોતાના સમાજે કમાણી કરનારની થોડી સંખ્યા ઉપર કમાણીનો આધાર રાખવો પડે છે. કમાણી કરનાર કરતાં, કમાણી કરનાર ઉપર આધારિતની સંખ્યા વધારે છે. તેથી નાના બાળકોને શિક્ષણ છોડી કુટુંબના જીવન-નિર્વાહમાં મદદ તેટલું મદદગાર થવું પડે છે - થવાની ફરજ પડે છે.

કુટુંબમાં કમાણી કરનાર, કમાણી કરનાર પર આધારિત અને બીજા કમાનારની સરેરાશ સંખ્યાનું પ્રમાણ નીચે કોઠા - ૮ માં દર્શાવવામાં આવ્યું છે.

## કોઠો - ૧૮ :

### આર્થિક દરજ્જો દર્શાવતો કોઠો

| વિસ્તાર | કુલ કુટુંબો | આર્થિક દરજ્જો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કમાનાર | | કમાનાર પર આધારિત | | બિનકમાનાર | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| સુરત | ૩૧ | ૩૭ | ૧ | ૧૯ | ૬૦ | ૫૦ | ૫૪ | ૧૦૬ | ૧૧૫ |
| | | ૩૪.૯૧ | ૦.૮૭ | ૧૭.૯૨ | ૫૨.૧૭ | ૪૭.૧૭ | ૪૬.૯૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૧૫ | ૩ | ૧૧ | ૧૭ | ૨૬ | ૧૯ | ૫૨ | ૩૯ |
| | | ૨૮.૮૫ | ૭.૬૯ | ૨૧.૧૫ | ૪૩.૫૯ | ૫૦.૦૦ | ૪૮.૭૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૧૫ | - | ૮ | ૨૨ | ૧૭ | ૧૭ | ૪૦ | ૩૯ |
| | | ૩૭.૫ | - | ૨૦.૦૦ | ૫૬.૪૧ | ૪૨.૫ | ૪૩.૫૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | ૬ | - | ૭ | ૧૩ | ૮ | ૫ | ૨૧ | ૧૮ |
| | | ૨૮.૫૭ | | ૩૩.૩૩ | ૭૨.૨૨ | ૩૮.૧૦ | ૨૭.૭૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૩ | ૧ | ૬ | ૬ | ૫ | ૩ | ૧૪ | ૧૦ |
| | | ૨૧.૪૩ | ૧૦.૦૦ | ૪૨.૮૬ | ૬૦.૦૦ | ૩૫.૭૧ | ૩૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૭૬ | ૫ | ૫૧ | ૧૧૮ | ૧૦૬ | ૯૮ | ૨૩૩ | ૨૨૧ |
| | | ૩૨.૬૨ | ૨.૨૬ | ૨૧.૮૯ | ૫૩.૩૯ | ૪૫.૪૯ | ૪૪.૩૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરનો કોઠો જોતાં બે બાબતો સ્પષ્ટ થાય છે કે કુલ ૪૫૪ સભ્યોમાંથી કમાણી કરનાર ૭૩ પુરુષો અને માત્ર ૫ સ્ત્રીઓ જ છે. જેનું પ્રમાણ પુરુષોમાં ૩૧.૩૨ ટકા અને સ્ત્રીઓમાં ૨.૨૧ ટકા છે. જ્યારે કમાણી કરતા હોવા છતાં કુટુંબ પર આધારિત હોય તેવા પુરુષો ૫૧ (૨૧.૮૯ ટકા) અને સ્ત્રીઓ ૧૧૮ (૫૩.૩૯ ટકા) છે. જ્યારે કુટુંબને બિલકુલ મદદરૂપ થઈ શકતાં નથી, તેવા બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોની સંખ્યામાં પુરુષોમાં ૧૦૬ (૪૫.૪૯ ટકા) અને સ્ત્રીઓમાં ૯૮ (૪૪.૩૫ ટકા) છે. આમ કુલ ૧૦૦ ટકામાં પુરુષોમાં ૪૫.૪૯ ટકા કમાનાર નથી, એવી સંખ્યા વિશેષતઃ છે. જ્યારે સ્ત્રીઓમાં ૧૦૦ ટકામાં ૫૩.૩૯ કમાનાર પર આધારિત છે, એટલે કે તે કમાણી કરતી હોવા છતાં કુટુંબ ઉપર આધાર રાખવો અનિવાર્ય બને છે. ટૂંકમાં, પુરુષોમાં [illegible] અને સ્ત્રીઓમાં કુટુંબ પર આધારિત રહેવાનું પ્રમાણ વધુ છે.

શ્રમવિભાજન.

**પુરુષો :**

[illegible] રોજિંદા [illegible] મુખ્ય ટોપલા-ટોપલી બનાવવા માટે તાડ-ખજૂરીના ઝાડનાં પાન કાપવા જવું તેના ભારા બાંધી તેને ઘેર લઈ આવવા. આ કામ માટે તેઓ સવારમાં વહેલા નીકળી બપોરના પાછા ફરે છે. ઘરે પહોંચીને પાંદડાને વ્યવસ્થિત કરવી, તેને બરાબર ગોઠવવી, પાણીમાં પલાળવી, ટોપલા-ટોપલી બનાવવા, સાવરણી બનાવવા હોય તો ખજૂરીને કાપી લાવે, પાણીમાં પલાળે, અને સાવરણી બનાવે, તૈયાર થયેલો માલ જે વેપારીને ત્યાં નક્કી કર્યું હોય ત્યાં આપી આવે. [illegible] મજૂરીમાં જાય તેઓ માટી ખોદવી, પાણી ભરવું, ઈંટ જ્યાં ચણતર થતું હોય ત્યાં આપે છે. જે માટે દિવસ ઊગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી કામ કરવું પડે.

નોકરીમાં જે જતા હોય તે તેના સમય પ્રમાણે સવારે ૭ ૧૧ થી ૫ નોકરીએ જાય છે. આ ઉપરાંત સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં હાજરી આપવી, બહારગામ કે અન્ય કોઈ મહેમાન આવે તો તેની પાસે બેસવું વગેરે કામ પુરુષ વર્ગો કરે છે. બાકી પોલીસમાં પુરુષ વર્ગ કોઈને કોઈ કામમાં રોકાયેલ રહે છે.

સ્ત્રીઓ :

મોટા ભાગે સ્ત્રીઓ પોતાના પુરુષો કરતા સવારે વહેલી ઉઠે છે. ઉઠીને દાતણ-પાણી કરી ઘરની સફાઈ કરે છે. નળ ઉપરથી પાણી ભરી લાવે છે. સવારનું કંઈ ખાવાનું વધેલ હોય તો નાના બાળકોને જમાડે છે. જો પોતાના છોકરા-છોકરી નિશાળે જતા હોય તો તેને તૈયાર કરી નિશાળે મોકલે છે. તેઓ પોતે પણ નાહી-ધોઈને તૈયાર થાય છે. પછી ટોપલા-ટોપલી બનાવવા લાગી જાય છે. બાદમાં બપોરનું જમવાનું બનાવે છે. પહેલા પુરુષ વર્ગોને જમાડી લે છે. બાદમાં સ્ત્રીઓ જમે છે. પછી વાસણ વગેરે માંજી કરી પાછા ટોપલી બનાવવા લાગી જાય છે. સાંજે જે ટોપલી બની હોય તેને નક્કી કરેલા વેપારીને ત્યાં દઈ આવે છે. ઘર માટે જે જરૂરી સામગ્રી લેવાની હોય તે લઈ આવે છે. બીજા દિવસની ટોપલી-સાવરણી બનાવવા માટેની કાચી સામગ્રી પાણીમાં પલાળી દે છે. રાત્રિનું ભોજન બનાવે છે. પ્રથમ પુરુષોને જમાડી સ્ત્રીઓ પછી જમી લે છે. જે વાસણની સફાઈ કરવાની હોય તે સાફ કરે છે, ઘરની સફાઈ કરી સૂવા માટેની પથારી તૈયાર કરી અને તેઓ સૂઈ જાય છે.

બાળકો :

ઘરમાં જે નાના-નાના બાળકો હોય તેને મોટું બાળક સાચવ-

વાનું કામ કરે છે. જેથી તેના માં-બાપ અન્ય કામ કરી શકે. જે બાળકો નિશાળે જતા હોય તે નિશાળે જાય. છોકરીઓ કોઈ નાની વસ્તુઓ વાંચવાની હોય તો તે વાંચી આપે. ટોપલા-ટોપલી બનાવવામાં મદદ કરે, નવરાશની પળમાં બધા બાળકો ભેગા મળી કોઈ રમત રમે.

આમ ઉપર જણાવ્યા પ્રમાણે ઘરનાં દરેક સભ્યો દૈનિક કામગીરી રચનાત્મકમાં રોકાતા હોય છે, જેનાથી જે કામ થઈ શકે તે કરે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી કુટુંબના બધા સભ્યોએ નાનું-મોટું જે કામ મળે તે કરવું પડે છે. આમ છતાં સ્ત્રીઓ ખાસ કરીને ટોપલા-ટોપલી અને સાવરણી બનાવવાનું કામ, અને ઘરકામ કરે છે. પુરુષો અન્ય જે કાંઈ કામ મળે તે કરે છે અને બાળકો પોતાથી થઈ શકે તે અર્થોપાર્જનમાં મદદ કરે, બાળકોને રમાડે અને શિક્ષણ લે.

<u>આવક :</u>

પોમલા કુટુંબો આવક મેળવવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેમાં અનેક પ્રકારના સ્રોત હોવા છતાં તેમને તેમાંથી પૂરતી રોજી મળતી નથી. નમૂનામાં લીધેલ કુટુંબો જે જે સાધનોમાંથી આવક મેળવે છે તેને હવે જોઈશું, કારણ કે કુટુંબના ભરણપોષણ, સામાજિક, ધાર્મિક પ્રસંગો વગેરે આવકે તમામ ખર્ચનો ભાર ઉપડે છે. પોમલા કુટુંબો કયા વ્યવસાયમાંથી કેટલી આવક મેળવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ નીચેના વાચનના કોઠા પરથી આવી શકાશે.(કોઠા નં.-૬)

## કોઠો – ૬૪

### ધંધાવાર વાર્ષિક આવક દર્શાવતો કોઠો (રૂપિયામાં)

| જિલ્લાવાર | કુલ કુટુંબો | ધંધાવાર આવક | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ખેતીવાડી | નોકરી ધંધો | મજૂરી | અન્ય | કુલ |
| સુરત | ૩૧ | (૩૧૪૫)<br>૪૭૫૦૦<br>૪૧.૦૪ | (૩૩૦૬)<br>૧૦૨૫૦૦<br>૪૯.૧૪ | (૩૬)<br>૧૪૦૦<br>૦.૫૮ | (૨૩૬)<br>૭૪૦૦<br>૩.૫૪ | (૬૭૨૬)<br>૨૦૮૬૦૦<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | (૧૭૫૬)<br>૨૬૮૪૭<br>૩૬.૨૬ | (૨૬૩૩)<br>૪૬૮૪૦<br>૬૦.૫૮ | – | (૧૫૩)<br>૨૬૦૦<br>૩.૧૬ | (૪૮૪૨)<br>૮૨૩૮૭<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | (૬૦૧)<br>૬૪૦૦<br>૨૨.૮૨ | (૧૮૦૦)<br>૨૬૧૬૦<br>૬૩.૫૭ | (૧૮૬)<br>૨૬૧૦<br>૬.૩૩ | (૨૬૫)<br>૩૦૦૦<br>૭.૨૮ | (૨૬૪૨)<br>૪૧૧૭૦<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | (૩૦૪૦)<br>૧૮૩૪૦<br>૪૭.૬૫ | (૨૬૦૦)<br>૧૬૨૦૦<br>૪૨.૫૯ | – | (૬૦૦)<br>૩૬૦૦<br>૯.૪૬ | (૬૩૪૦)<br>૩૮૦૪૦<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | (૨૨૮૫)<br>૯૧૪૦<br>૫૦.૬૭ | (૧૮૫૦)<br>૭૪૦૦<br>૪૧.૦૨ | xxxxxx | (૩૭૫)<br>૧૫૦૦<br>૮.૩૧ | (૪૫૧૦)<br>૧૮૦૪૦<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | (૨૨૭૪)<br>૧૬૪૧૨૭<br>૪૨.૨૮ | (૨૮૦૮)<br>૨૦૨૧૫૦<br>૫૨.૦૮ | (૫૩)<br>૩૮૧૦<br>૦.૯૮ | (૨૬૧)<br>૧૮૧૦૦<br>૪.૬૬ | (૫૩૯૬)<br>૩૮૮૧૮૭<br>૧૦૦.૦૦ |

( કૌંસમાં દર્શાવેલ આંકડા કુટુંબદીઠ ધંધાવાર વાર્ષિક આવક દર્શાવે છે.)

(ઉપરના આવકના કોઠામાં ગૃહઉદ્યોગ, નોકરી-ધંધો, મજૂરી અને અન્ય આવક જેવા આવકના પ્રકાર દર્શાવ્યા છે, તેમાં ગૃહઉદ્યોગ એટલે કે ટીપણાં-ટીપણી અને સાંધણી બનાવવી, નોકરી-ધંધો એટલે જે સભ્યો બહારથી તેમજ સરકારી ખાનગીમાં નોકરી કરે છે તે, ધંધામાં વેપાર કરનાર, ગોદડીઓ-પથારીઓ બનાવનાર, હીરાઘસનાર, સુથારી કામ, રંગાટીકામ, સાબખાનામાં નોકરી વગેરેનો સમાવેશ થાય છે. મજૂરીમાં છૂટક મજૂરી કરનાર અને અન્ય આવકમાં હોટલ બોય તરીકે કામ કરનાર, [illegible], વાસણનું છૂટક કામકાજ કરનાર, ઘરકામમાં વાસણ સાફ કરવાનું, વગેરેનો સમાવેશ કરેલ છે)

ઉપરના કોઠા નંબર ૯ જોતાં એ સ્પષ્ટ થાય છે કે ધોબીઓ જુદા જુદા વ્યવસાયમાંથી આવક મેળવે છે. આ જાતિનો મુખ્ય વ્યવસાય ટીપણાં-ટીપણી બનાવવાનો છે. પરંતુ આજે અન્ય વ્યવસાયો મુખ્ય બનતા જાય છે. આવકના કોઠા ઉપરથી એ જોઈ શકાય છે કે આજે તેઓ નોકરી અને ધંધામાંથી ૫૨.૦૮ ટકા આવક મેળવે છે, ગૃહઉદ્યોગમાંથી ૪૨.૨૮ ટકા, અન્ય વ્યવસાયમાંથી ૪.૬૬ ટકા અને મજૂરીમાંથી ૦.૯૮ ટકા આવક મેળવે છે.

હવે તપાસમાં લીધેલ ૭૨ કુટુંબોની શહેર પ્રમાણે આવક જોઈએ. તો સુરત શહેરમાં ગૃહઉદ્યોગમાંથી ૪૧.૦૪ ટકા નોકરી-ધંધામાંથી, ૪૯.૧૪ ટકા, મજૂરીમાંથી ૦.૫૮ ટકા અને અન્ય સાધનોમાંથી ૩.૫૪ ટકા આવક મેળવે છે. વડોદરા શહેરમાં ગૃહઉદ્યોગમાંથી ૩૬.૨૧ ટકા, નોકરી-ધંધામાંથી ૬૦.૫૮ ટકા, મજૂરી કોઈ કરતા નથી, જ્યારે ૩.૨૧ ટકા અન્ય વ્યવસાયમાંથી આવક મેળવે છે. ખંભાતમાં ગૃહઉદ્યોગમાંથી ૨૨.૯૨ ટકા, નોકરી-ધંધામાંથી ૬૩.૫૭ ટકા, મજૂરીમાંથી ૬.૩૩ ટકા, અને અન્ય પ્રવૃત્તિમાંથી ૭.૨૮ ટકા આવક પ્રાપ્ત કરે છે. અમદાવાદમાં ૪૭.૬૫ ટકા ગૃહઉદ્યોગમાંથી, ૪૨.૫૬ ટકા નોકરી

ધંધામાંથી, અન્ય વ્યવસાયમાંથીજ આવક ૬.૪૬ ટકા છે, જ્યારે મજૂરી કોઈ કરતા નથી. જ્યારે ભાવનગર ૫૦.૧૦ ટકા કુટુંબોમાંથી ૪૧.૦૨ ટકા નોકરી-ધંધામાંથી, ૮.૩૧ ટકા અન્ય કામ કરી આવક મેળવે છે. મજૂરી કોઈ કરતા નથી. ઉપરના કોઠામાં એ પણ જોઈ શકાશે કે ચાલ અમદાવાદ અને ભાવનગર કુટુંબોની આવક વિવિધતા છે. પરંતુ સમગ્ર રીતે જોઈએ તો નોકરી-ધંધાની આવક મુખ્ય છે.

કુટુંબદીઠ આવકનું પ્રમાણ જોતા લાગે છે કે અનેક પ્રકારના વ્યવસાયો ઉપર નિર્ભર રહેતા હોવાથી તેમની આવક વધુ મોટી છે. કુટુંબદીઠ વાર્ષિક આવક ૫૩૮૧ રૂપિયા છે.

આકૃતિ કોઠા ૯ માં સમગ્ર વ્યવસાયમાંથી મળતી આવક અને કુટુંબદીઠ આવક જોવા મળે, જેમાં કુટુંબોની વાર્ષિક આવકો અને માસિક સરેરાશ કુટુંબદીઠ આવક જોઈએ, તે જોતાં ખ્યાલ આવશે કે ચાલ તેમની રોકડી મોટી આવકથી પોતાનું ગુજરાન ચલાવે છે.

## કોઠો - (૧૦)

ધંધાવાર વાર્ષિક માથાદીઠ આવક અને માસિક કુટુંબદીઠ આવક દર્શાવતો કોઠો (રૂ.માં)

| જિલ્લાવાર | કુલ | ધંધાવાર આવક | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | [illegible] | | નોકરી-ધંધો | | મજૂરી | | અન્ય | | કુલ | |
| | કુટુંબ | વાર્ષિક માથાદીઠ | માસિક કુટુંબદીઠ | વાર્ષિક માથાદીઠ | માસિક કુટુંબદીઠ | વાર્ષિક માથાદીઠ | માસિક કુટુંબદીઠ | વાર્ષિક માથાદીઠ | માસિક કુટુંબદીઠ | વાર્ષિક માથાદીઠ | માસિક કુટુંબદીઠ |
| સુરત | ૩૧ | ૪૪૧ | ૨૨૨ | ૪૬૪ | ૨૦૬ | ૬ | ૩ | ૩૩ | ૨૦ | ૮૪૪ | ૫૬૧ |
| વડોદરા | ૧૭ | ૩૨૮ | ૧૪૬ | ૫૪૮ | ૨૪૪ | – | – | ૨૬ | ૧૩ | ૬૦૫ | ૪૦૩ |
| ખંભાત | ૧૪ | ૧૧૯ | ૫૬ | ૩૩૨ | ૧૫૬ | ૩૩ | ૧૬ | ૩૮ | ૧૮ | ૫૨૨ | ૨૪૬ |
| અમદાવાદ | ૬ | ૪૧૮ | ૨૫૩ | ૪૫૫ | ૨૨૫ | – | – | ૬૨ | ૫૦ | ૭૦૫ | ૫૨૮ |
| ભરૂચ | ૪ | ૩૮૧ | ૧૬૦ | ૩૦૮ | ૧૫૪ | – | – | ૬૩ | ૩૧ | ૭૫૬ | ૩૦૫ |
| કુલ... | ૭૨ | ૩૬૨ | ૧૬૦ | ૪૪૫ | ૨૩૪ | ૮ | ૪ | ૪૦ | ૨૧ | ૮૯૫ | ૪૪૯ |

ઉપરનો કોઠો જોતા ખ્યાલ આવશે કે હાલ પોપટાઓની વાર્ષિક માથાદીઠ આવક રૂપિયા ૮૮૫ છે અને વાર્ષિક કુટુંબદીઠ રૂપિયા ૪૪૬ આવક છે. જે વાર્ષિક વ્યક્તિદીઠ આવક રૂપિયા ૭૩-૭૫ જેટલી થાય. આટલી ઓછી આવકમાં તેમને માટે જીવન નિર્વાહ ચલાવવો ઘણો મુશ્કેલ બને છે; એક તો વધારે મજૂરી અને આખો દિવસ કામ કરતા હોવાથી તેમનો ખોરાક પણ વધુ છે. વળી કામે મોટા સભ્યોને બેકાર થવાથી તો કોઈ કુટુંબને વર્ષમાં ૬૦-૧૦૦ દિવસ ભૂખ્યા પણ કાઢવા પડે છે. વળી આ લોકો સ્થાયી નિવાસમાં રહેતા હોવાને કારણે ક્ષેત્ર વિસ્તાર કરતા ખોપવારી પણ વધુ હોય છે.

<u>ખર્ચ</u> :

ઉપરોક્ત આવકની સામે ખર્ચનું પ્રમાણ પણ એટલું જ છે. આ ખોપવારીઓનાં સમાજમાં તેઓ રોજનું રોજ લાવીને ખાય છે. જ્યારે મોટાભાગના કુટુંબો બચત કરી શકતા પણ નથી. જ્યારે કોઈ આકસ્મિક ખર્ચ આવી જાય ત્યારે તેને પહોંચી વળવું ઘણું મુશ્કેલ બને છે. ખાસ તેઓને વધુ ખર્ચ ખોરાક પાછળ થાય છે જેમાં અનાજ, દૂધ, તેલ, ઘી, ખાંડ, શાક, મસાલા, મરચાં વગેરેનું ખર્ચ વધારે છે.

પોપટા કુટુંબો કઈ કઈ વસ્તુઓ પાછળ કેટલો ખર્ચ કરે છે તે કોઠો - ૧૧ જોતા જાણી શકાશે.

કોઠો - ૬.૧૧

વાર્ષિક વપરાશી ખર્ચ (કિંમત રૂપિયામાં)

| વસ્તુનું નામ | વિક્રેતાર અને કુટુંબ સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| | ૩૧ | ૧૭ | ૧૪ | ૬ | ૪ | ૭૨ |
| અનાજ | ૧૧૦૩૦૦ (૫૭.૦૬) | ૪૨૦૦૦ (૬૧.૩૭) | ૧૮૦૬૦ (૫૪.૯૬) | ૧૮૬૦૦ (૬૬.૮૨) | ૬૯૦૦ (૬૬.૩૭) | ૧૯૫૮૬૦ (૫૮.૯૩) |
| દૂધ-ઘી | ૧૨૪૫ (૩.૨૩) | ૨૨૭૦ (૩.૧૨) | ૧૫૩૪ (૪.૬૭) | ૧૨૨૪ (૪.૪૦) | ૪૨૦ (૩.૧૩) | ૧૧૯૬૩ (૩.૪૮) |
| ખાંડ-ગોળ | ૮૬૨૦ (૪.૪૬) | ૩૦૧૫ (૪.૪૧) | ૧૩૩૨ (૪.૦૫) | ૬૨૭ (૨.૨૫) | ૪૨૦ (૩.૧૩) | ૧૪૦૧૪ (૪.૧૭) |
| તેલ | ૧૨૨૮૫ (૬.૩૬) | ૩૫૨૦ (૫.૧૪) | ૧૬૫૦ (૫.૦૨) | ૧૨૫૦ (૪.૪૯) | ૬૦૦ (૪.૪૭) | ૧૯૩૦૫ (૫.૭૫) |
| ચા-કોફી | ૨૨૮૫ (૧.૧૮) | ૭૦૫ (૧.૦૩) | ૪૪૯ (૧.૩૭) | ૨૯૨ (૧.૦૫) | ૧૩૦ (૦.૯૭) | ૩૮૬૧ (૧.૧૫) |
| ગરમમસાલા | ૩૨૬૫ (૧.૬૭) | ૧૧૯૦ (૧.૭૪) | ૨૯૧ (૦.૮૯) | ૩૪૦ (૧.૨૨) | ૨૫૦ (૧.૮૬) | ૫૨૭૬ (૧.૫૮) |
| દાળ | ૨૦૩૦ (૧.૦૫) | ૪૦ (૦.૦૬) | ૧૨૮૦ (૩.૯૦) | ૧૨૦ (૦.૪૩) | - | ૩૪૭૦ (૧.૦૩) |
| તમાકુ-બીડી | ૫૬૨૫ (૨.૯૧) | ૧૨૮૫ (૧.૮૮) | ૧૯૦૦ (૫.૭૮) | ૫૪૬ (૧.૯૬) | ૧૩૦ (૦.૯૭) | ૯૪૮૬ (૨.૮૩) |
| બળતણ, કેરોસીન, દિવાસળી | ૫૩૦૫ (૨.૭૪) | ૨૦૨૨ (૨.૯૫) | ૧૪૪૮ (૪.૪૧) | ૭૧૬ (૨.૫૭) | ૨૯૫ (૨.૨૦) | ૯૮૫૬ (૨.૯૪) |

ચાલુ...

કોઠો – ૩.૧૧

ચાલુ...

## વાર્ષિક વપરાશી ખર્ચ (કિંમત રૂપિયામાં)

| વસ્તુનું નામ | વિસ્તાર અને કુટુંબ સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| સાબુ વગેરે | ૫૩૨૦ (૨.૭૫) | ૧૬૪૦ (૨.૪૦) | – | ૬૦૦ (૨.૧૬) | ૩૧૫ (૨.૩૫) | ૭૮૭૫ (૨.૩૫) |
| મદિરા | ૬૭૩૦ (૩.૪૮) | ૨૦૮૦ (૩.૦૪) | – | ૬૫૦ (૨.૧૬) | – | ૯૪૬૦ (૨.૮૧) |
| કુલ... | ૧૧૮૦૪૦ | ૫૯૦૬૭ | ૨૦૯૪૪ | ૨૪૯૬૦ | ૧૧૪૬૦ | ૨૯૬૧૩૧ (૮૭.૦૧) |
| મુસાફરી | ૫૦૦૫ (૨.૫૯) | ૨૮૫૫ (૪.૧૭) | ૬૩૫ (૨.૮૨) | ૭૨૫ (૨.૬૦) | ૫૦૦ (૩.૦૩) | ૧૦૦૨૦ (૨.૯૮) |
| કપડાં | ૯૫૦૫ (૪.૯૨) | ૪૧૦૫ (૬.૧૦) | ૨૦૦૫ (૮.૪૫) | ૧૫૦૫ (૫.૩૬) | ૧૦૦૫ (૮.૦૬) | ૧૮૧૦૫ (૫.૩૮) |
| પગરખાં | ૧૮૬૫ (૦.૯૭) | ૬૦૦ (૦.૮૮) | ૨૦૦ (૦.૮૯) | ૧૫૫ (૦.૫૬) | ૨૯૦ (૨.૫૫) | ૩૧૮૦ (૦.૯૫) |
| શિક્ષણ | ૩૨૧૦ (૧.૬૬) | ૧૩૦ (૦.૧૯) | ૩૦ (૦.૧૮) | – | – | ૩૪૦૦ (૧.૦૧) |
| સામાજિક-ધાર્મિક | ૪૪૨૫ (૨.૨૯) | ૨૫૦ (૦.૩૭) | ૮૦૫ (૨.૩૫) | ૪૩૦ (૧.૫૩) | ૮૫ (૦.૪૫) | ૬૦૯૫ (૧.૮૧) |
| અન્ય | ૧૧૩૨ (૦.૫૯) | ૩૫૫ (૦.૬૫) | – | – | – | ૧૯૧૭ (૦.૫૪) |
| કુલ... | ૧૯૩૨૧૨ (૧૦૦.૦૦) | ૬૮૪૩૨ (૧૦૦.૦૦) | ૩૨૮૫૯ (૧૦૦.૦૦) | ૨૮૦૩૫ (૧૦૦.૦૦) | ૧૪૨૧૦ (૧૦૦.૦૦) | ૩૩૭૦૩૮ (૧૦૦.૦૦) |

(કૌંસમાં આપેલા આંકડા ટકાવારી દર્શાવે છે.)

ઉપરનો કોઠો જોતાં જણાશે કે તેઓનો ખોરાકમાંનો ખર્ચ અનાજ પાછળ થાય છે, જારે તેઓ અનાજ પાછળ ૫૮.૯૩ ટકા, દૂધ-ઘી ૩.૫૮ ટકા, શાકભાજી ૪.૧૭ ટકા, તેલ ૫.૦૫ ટકા, ચા-ખાંડ ૧.૧૫ ટકા, ગરમ મસાલા ૧.૫૮ ટકા, ઈંડાં ૧.૦૩ ટકા, તમાકુ-બીડી ૨.૮૩ ટકા, માછલી-કેરોસીન-દિવાસળી ૨.૯૩ ટકા, કાપડ ૨.૩૫ ટકા, વાળ ૨.૮૨ ટકા, મુસાફરી ૨.૯૯ ટકા, કપડાં ૫.૯૯ ટકા, ભાડું ૦.૯૫ ટકા, શિક્ષણ ૧.૦૧ ટકા, સામાજિક-ધાર્મિક પ્રસંગે ૧.૮૨ ટકા અને અન્ય ખર્ચ ૦.૫૪ ટકા કરેલ. જેમાં દવા, કોઈ અરજ પ્રસંગનો ખર્ચ વગેરે છે. આમ કુલ ખર્ચ આમાં ખોરાકી પાછળ ૮૦.૦૧ ટકા ખર્ચ કરે છે, જ્યારે અન્ય ખર્ચાઓ ૧૯.૯૯ ટકા કરે છે.

આ ઉપરાંત જોઈએ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક અને માસિક ખર્ચ તથા માથાદીઠ વાર્ષિક અને માસિક ખર્ચ સરેરાશ ખર્ચ કેટલું થાય છે તેનો વિચાર જોઈએ. આ માટે આપણે કોઠા ૧૨ અને ૧૩ જોઈએ.

## કોઠો - ૧૧૨

### વાર્ષિક કુટુંબદીઠ વપરાશી ખર્ચ (જિલ્લાવાર રૂપિયામાં)

| વસ્તુનું નામ | જિલ્લાવાર | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સુરત | વડોદરા | ખંભાત | અમદાવાદ | ભરૂચ | કુલ |
| | ૩૧ | ૧૭ | ૧૪ | ૧ | ૪ | ૬૭ |
| અનાજ | ૩૫૫૮ | ૨૪૭૧ | ૧૨૯૦ | ૩૧૦૦ | ૨૨૨૫ | ૨૭૪૮ |
| દૂધ-ઘી | ૨૦૨ | ૧૩૪ | ૧૧૦ | ૨૦૪ | ૧૦૫ | ૧૬૩ |
| શાક-ફળ | ૨૦૮ | ૧૦૮ | ૬૫ | ૧૦૪ | ૧૦૫ | ૧૬૪ |
| તેલ | ૩૬૬ | ૨૦૭ | ૧૧૮ | ૨૦૮ | ૧૫૦ | ૨૬૮ |
| ચા-કૉફી | ૭૪ | ૪૨ | ૩૨ | ૪૬ | ૩૨ | ૫૪ |
| મરીમસાલા | ૧૦૪ | ૬૬ | ૨૧ | ૫૭ | ૬૨ | ૭૪ |
| ખાંડ | ૬૬ | ૩ | ૬૨ | ૨૦ | - | ૪૮ |
| તમાકુ-બીડી | ૧૯૧ | ૭૬ | ૧૩૬ | ૯૧ | ૩૩ | ૧૩૨ |
| બળતણ, કેરોસીન દીવાબત્તી | ૧૦૪ | ૧૧૬ | ૧૦૩ | ૧૧૮ | ૭૪ | ૧૩૭ |
| વાહનભાડું | ૧૦૧ | ૯૭ | - | ૧૦૦ | ૭૬ | ૧૦૬ |
| મહેમાન | ૨૧૭ | ૧૨૨ | - | ૧૦૨ | - | ૧૩૧ |
| કુલ... | ૫૪૨૧ | ૩૫૧૫ | ૧૯૯૭ | ૪૧૫૩ | ૨૮૬૪ | ૪૦૫૮ |
| મુસાફરી | ૧૬૧ | ૧૧૭ | ૬૭ | ૧૨૧ | ૧૨૫ | ૧૩૬ |
| કપડાં | ૩૦૬ | ૨૪૬ | ૧૬૮ | ૨૬૨ | ૨૬૬ | ૨૬૫ |
| પગરખાં | ૬૦ | ૩૫ | ૧૬ | ૨૬ | ૭૨ | ૪૪ |
| શિક્ષણ | ૧૦૪ | ૮ | ૪ | - | - | ૪૭ |
| સામાજિક ધાર્મિક | ૧૪૩ | ૧૫ | ૧૨ | ૭૭ | ૨૧ | ૮૫ |
| અન્ય | ૩૭ | ૩૬ | - | - | - | ૨૫ |
| કુલ... | ૬૨૩૨ | ૪૦૨૫ | ૨૩૪૦ | ૪૬૩૬ | ૩૩૫૨ | ૪૬૬૩ |

## કોઠો - ૧૩

**વપરાશી જમીન પ્રમાણે વાર્ષિક માથાદીઠ ખર્ચ અને વાર્ષિક કુટુંબદીઠ ખર્ચ દર્શાવતો કોઠો.**

| ગામનું નામ | વાર્ષિક માથાદીઠ ખર્ચ (રૂપિયામાં) | વાર્ષિક કુટુંબદીઠ ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|
| [illegible] | ૪૩૧ | ૩૧૬ |
| [illegible] | ૨૧ | ૧૪ |
| [illegible] | ૩૦ | ૧૩ |
| [illegible] | ૪૩ | ૨૨ |
| [illegible] | ૬ | ૫ |
| [illegible] | ૧૨ | ૬ |
| [illegible] | ૮ | ૪ |
| [illegible] | ૨૦ | ૧૧ |
| [illegible] | ૨૨ | ૧૧ |
| [illegible] | ૧૭ | ૬ |
| [illegible] | ૨૦ | ૧૧ |
| કુલ... | ૬૪૩ | ૩૩૮ રૂ.૫૪/- વાર્ષિક માથાદીઠ ખર્ચ |
| [illegible] | ૨૨ | ૧૨ |
| [illegible] | ૪૨ | ૨૨ |
| [illegible] | ૭ | ૪ |
| [illegible] | ૮ | ૪ |
| [illegible] | ૧૩ | ૭ |
| [illegible] | ૫ | ૨ |
| કુલ... | ૭૪૦ | ૩૮૯ રૂ.૬૨/- વાર્ષિક માથાદીઠ ખર્ચ |

નમૂનાના કુલ ૭૨ કુટુંબોનું કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ, માસિક ખર્ચ તથા માથાદીઠ વાર્ષિક અને માસિક ખર્ચ નીચે પ્રમાણે છે.

| વિગત | ખર્ચ (રૂપિયામાં) |
|---|---|
| કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૪૧૧૩–૦૦ |
| કુટુંબદીઠ માસિક ખર્ચ | ૩૪૩–૦૦ |
| માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૭૪૦–૦૦ |
| માથાદીઠ માસિક ખર્ચ | ૬૨–૦૦ |

ઉપરનો કોઠો નં ૧૧–૧૨ જોતાં જણાય છે કે નમૂનાના કુટુંબનું સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ.૪૧૧૩/- છે, જ્યારે માસિક સરેરાશ ખર્ચ રૂ.૩૪૩/- છે. તેવી જ રીતે માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૭૪૦/- છે અને માથાદીઠ માસિક ખર્ચ રૂ.૬૨/- છે. જે સરેરાશ દૈનિક ખર્ચ રૂ.૨–૦૩ પૈસા જેવું થાય છે. આનો અર્થ એ કે પોમલા કુટુંબના દરેક સભ્યે રૂ.૨–૦૩ નું ખર્ચ કરી પોતાના આખા દિવસની જરૂરિયાત સંતોષવી પડે છે. વળી, આ લોકો ની વહેરમાં રહેતા હોવાથી અનેક મુશ્કેલી પણ વેઠવી પડે છે.

એક બાબતનો ઉલ્લેખ કરું તો પોમલા કુટુંબોની સરેરાશ વાર્ષિક આવક રૂપિયા ૫૨૮૧ છે. અને કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂપિયા ૪૧૧૩–૦૦ થાય છે. આનો અર્થ એ કે તે લોકોને બચત થતી હશે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદા જ પ્રકારની છે; પોમલા કુટુંબના કુલ ૭૨ કુટુંબોમાંથી એક–બે કુટુંબોની આવક વધુ છે, જેઓ એક–બે વ્યવસાય કરે છે, નોકરી–વેપાર સારા ચાલે છે. તેઓની આવક વધારે છે. જે કુલ આવકમાં આવી જતાં સરાસરી આવક વધી જાય છે. પરંતુ જો વ્યક્તિગત આવક અને ખર્ચ જોવા જઈએ તો ખર્ચનું પ્રમાણ વધી જાય છે. ઘણાં કુટુંબો દેવાદાર છે, જેમને ભૂખ્યા પણ દિવસો પસાર કરવા પડે છે.

## હેતુ :

નમૂનામાં લીધેલ કુલ ૭૨ કુટુંબોમાંથી કેટલા કુટુંબો દેવાદાર છે, અને તેમને કેટલું દેવું છે, તથા દેવું કોનું અને શા માટે દેવું કરે છે તે જોઈશું.

નમૂનાના ૭૨ કુટુંબમાંથી ૨૫ કુટુંબો દેવાદાર છે કે જેઓ સગા-વ્હાલાં, શાહુકાર-વેપારી, બેંક અને બીજાઓ પાસેથી પૈસા લઈને દેવું કરે છે. આ માટે કોઠો - ૧૪ જોવાથી વધારે ખ્યાલ આવશે.

## કોઠો - ૪૫

### દેવું દર્શાવતો કોઠો

| વિસ્તાર | કુલ કુટુંબો | દેવાદાર કુટુંબો | દેવા માટેના પ્રાપ્ય સાધનો: શાહુકાર વેપારી | સરકાર | સહકારી મંડળી | બેંક | સગાંસંબંધી | મિત્ર | કુલ દેવું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૯ | ૨૦૦૦ (૨૨૨) ૬.૨૨ | - | - | - | ૨૫૧૮૦ (૨૭૯૮) ૭૮.૨૫ | ૫૦૦૦ (૫૫૫) ૧૫.૫૩ | ૩૨૧૮૦ (૩૫૭૫) ૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૨ | ૧૦૦૦૦ (૫૦૦૦) ૯૫.૨૪ | - | - | - | - | ૫૦૦ (૨૫૦) ૪.૭૬ | ૧૦૫૦૦ (૫૨૫૦) ૧૦૦.૦૦ |
| ખંભાત | ૧૪ | ૭ | ૩૦૦ (૪૩) ૩.૮૩ | - | - | ૮૪૦ (૧૨૦) ૧૦.૭૧ | ૪૦૦૦ (૫૭૧) ૫૧.૦૨ | ૨૭૦૦ (૩૮૬) ૩૪.૪૪ | ૭૮૪૦ (૧૧૨૦) ૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | ૫ | ૪૦૦૦ (૮૦૦) ૫૧.૯૫ | - | - | - | ૨૮૦૦ (૫૬૦) ૩૬.૩૬ | ૯૦૦ (૧૮૦) ૧૧.૬૯ | ૭૭૦૦ (૧૫૪૦) ૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૨ | - | - | - | - | ૨૭૦૦ (૧૩૫૦) ૯૦.૦૦ | ૩૦૦ (૧૫૦) ૧૦.૦૦ | ૩૦૦૦ (૧૫૦૦) ૧૦૦.૦૦ |
| કુલ | ૭૨ | ૨૫ | ૧૬૩૦૦ (૬૫૨) ૨૬.૬૩ | - | - | ૮૪૦ (૩૪) ૧.૩૭ | ૩૪૬૮૦ (૧૩૮૭) ૫૬.૬૫ | ૯૪૦૦ (૩૭૬) ૧૫.૩૫ | ૬૧૨૨૦ (૨૪૪૯) ૧૦૦.૦૦ |

( કૌંસમાં દર્શાવેલ આંકડા દેવાદાર કુટુંબદીઠ દેવું દર્શાવે છે.)

ઉપરના કોઠા - ૧૪ પરથી સ્પષ્ટ થાય છે કે લોકો વધુ દેવું ૫૬.૩૫ ટકા શાહુકારોનું દેવું છે. જ્યારે ૨૬.૮૩ ટકા સહકારી-બેન્કોનું ૧૫.૭૫ ટકા મિત્રો પાસેથી અને ૧.૦૭ ટકા બેન્કનું દેવું છે.

સાંખોલિયા ગામમાં સરેરાશ ૨૫ કુટુંબનું દેવું ૨૪૪૬ રૂપિયા જોવા મળે છે.

કુટુંબોએ ઉપરોક્ત દેવું શા માટે કર્યું છે તેની વિગત કોઠો - ૧૫ જોતાં જણાશે.

## કોઠો - ૧૫

**દેવાદાર કુટુંબોના હેતુવાર દેવાની પરિસ્થિતિ દર્શાવતો કોઠો ([illegible] ૨૧.૫૬)**

| વિસ્તાર | કુટુંબ સંખ્યા કુલ | દેવાદાર કુટુંબો | હેતુ: સામાજિક | નિભાવખર્ચ | મકાન | ધંધો | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૬ | (૧૦૨૨)<br>૧૫૫૦૦<br>૪૮.૧૭ | (૭૫)<br>૬૮૦<br>૨.૧૧ | (૮૮૭)<br>૮૦૦૦<br>૨૪.૮૬ | (૮૮૭)<br>૮૦૦૦<br>૨૪.૮૬ | | (૩૫૭૫)<br>૩૨૧૮૦<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૨ | ૧૦૫૦૦<br>(૫૨૫૦)<br>૧૦૦.૦૦ | - | - | - | | ૧૦૫૦૦<br>(૫૨૫૦)<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૭ | ૬૨૦૦<br>(૮૮૬)<br>૭૯.૦૮ | ૩૦૦<br>(૪૩)<br>૩.૮૩ | - | ૧૩૪૦<br>(૧૯૧)<br>૧૭.૦૯ | - | ૭૮૪૦<br>(૧૧૨૦)<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | ૫ | ૪૩૦૦<br>(૮૬૦)<br>૫૫.૮૪ | ૩૪૦૦<br>(૬૮૦)<br>૪૪.૧૬ | - | - | - | ૭૭૦૦<br>(૧૫૪૦)<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૨ | - | ૩૦૦<br>(૧૫૦)<br>૧૦.૦૦ | ૨૦૦૦<br>(૧૦૦૦)<br>૬૬.૬૭ | ૭૦૦<br>(૩૫૦)<br>૨૩.૩૩ | - | ૩૦૦૦<br>(૧૫૦૦)<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૨૫ | ૩૬૫૦૦<br>(૧૪૬૦)<br>૫૯.૬૨ | ૪૬૮૦<br>(૧૮૭)<br>૭.૬૪ | ૧૦૦૦૦<br>(૪૦૦)<br>૧૬.૩૪ | ૧૦૦૪૦<br>(૪૦૨)<br>૧૬.૪૦ | - | ૬૧૨૨૦<br>(૨૪૪૯)<br>૧૦૦.૦૦ |

(કૌંસમાં દર્શાવેલ આંકડા દેવાદાર કુટુંબદીઠ હેતુવાર દેવું દર્શાવે છે.)

દેવું આ માટે કરે છે તેવા પ્રશ્નના જવાબમાં મુખ્યત્વે સામાજિક પ્રસંગો પાછળનું દેવું વધારે જોવા મળ્યું. જેમાં સામાજિક પ્રસંગો માટે ૧૪૩૦ (૫૪.૩૨ ટકા) નિર્વાહ માટે ૧૮૦ (૭.૧૪ ટકા), મકાન સમારકામ માટે ૪૦૦ (૧૬.૩૪ ટકા), ઘર માટે ૪૦૨ (૧૬.૪૦ ટકા) દેવું કરે છે.

આમ પોયડાઓની આવક, ખર્ચ દેવું વગેરે જોતા ખ્યાલ આવશે કે તેઓ ઘણી નિમ્નકક્ષાની પરિસ્થિતિમાં જીવી રહ્યા છે. આજે તેઓ દરેક-દરેક સભ્ય ફરજે છે કામ કરતો હોવા છતાં કુટુંબનું ગુજરાન ચાલતું નથી, જેને કારણે ભૂખ્યા અને અર્ધ ભૂખ્યા પણ રહેવું પડે છે. પોયડાઓની ઉપરની બધી હકીકતો જોતા ગુજરાતના કોળા, કાઠોડી જેવા આદિવાસીઓ જે પ્રકારનું જીવે છે તેવું જ જીવન આ લોકોનું પણ છે.

કામવિભાજન :

~~પોયડા કુટુંબનો દરેક સભ્ય સવારથી સાંજ સુધી જુદી જુદી પ્રવૃત્તિ કરે છે તે પોયડા સમાજના કામવિભાજન ઉપરથી વધારે સારી રીતે જાણી શકાશે.~~

મિલકત :

પોયડાઓની મિલકતમાં જે ગણો તે તેમની ભૌતિક વસ્તુઓ છે, જેવા કે ઘર, ઘરવખરીનો સામાન, તેમજ ખાટલા, ગોદડી, પતરાની પેટી આ બધાનો સમાવેશ થાય છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતા હોવા છતાં તેમની મિલકત ઘણી ઓછી છે જે કોઠો - ૧૨ જોતા વધારે સ્પષ્ટ થશે.

## કોઠો – ૬૧ :

જંગમ – સ્થાવર મિલકત દર્શાવતો કોઠો (કિંમત રૂપિયામાં)

| જિલ્લાઓ | કુટુંબ સંખ્યા | જંગમ – સ્થાવર મિલકત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | મકાનની કિંમત | ઘરવખરીના સામાનની કિંમત | રોકડ | સોનું | ચાંદી | અન્ય | કુલ |
| સુરત | ૩૧ | (૬૪૨૭.૪૨)<br>૧૯૯૨૫૦<br>૮૭.૮૬ | (૬૮૩.૬૭)<br>૨૧૧૯૪<br>૯.૩૫ | (૫૬.૬૧)<br>૧૭૫૫<br>૦.૭૭ | (૯૫.૧૬)<br>૨૯૫૦<br>૧.૩૦ | (૫૨.૫૮)<br>૧૬૩૦<br>૦.૭૨ | | (૭૩૧૫.૪૫)<br>૨૨૬૭૭૯<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | (૨૫૨૯.૪૧)<br>૪૩૦૦૦<br>૮૮.૧૯ | (૨૬૬.૮૮)<br>૪૫૩૭<br>૧૦.૩૫ | (૨૧.૪૭)<br>૩૬૫<br>૦.૭૫ | (૨૦.૫૮)<br>૩૫૦<br>૦.૭૨ | – | – | (૨૮૩૮.૩૫)<br>૪૮૨૫૨<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | (૩૨૮.૫૭)<br>૪૬૦૦<br>૫૭.૧૬ | (૨૦૬.૪૩)<br>૨૮૯૦<br>૩૫.૪૧ | (૩૫.૭૧)<br>૫૦૦<br>૬.૨૨ | (૪.૬૪)<br>૬૫<br>૧.૧૮ | | | (૫૭૪.૬)<br>૮૦૪૫<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | (૨૩૩૩.૩૩)<br>૧૪૦૦૦<br>૮૬.૮૬ | (૩૪૪.૬૭)<br>૨૦૬૮<br>૧૨.૮૩ | (૮.૩૩)<br>૫૦<br>૦.૩૧ | – | – | – | (૨૬૮૬.૩૩)<br>૧૬૧૧૮<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | (૫૩૭૫.૦૦)<br>૨૧૫૦૦<br>૯૦.૦૩ | (૫૮૦.૫)<br>૨૩૨૨<br>૯.૭૨ | – | – | (૧૫)<br>૬૦<br>૦.૨૫ | – | (૫૯૭૦.૫)<br>૨૩૮૮૨<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | (૩૯૨૧.૫૩)<br>૨૮૨૩૫૦<br>૮૭.૨૬ | (૪૬૪.૬૬)<br>૩૩૪૫૬<br>૧૦.૩૫ | (૩૭.૦૮)<br>૨૬૭૦<br>૦.૮૩ | (૪૭.૧૫)<br>૩૩૯૫<br>૧.૦૫ | (૨૩.૪૭)<br>૧૬૯૦<br>૦.૫૨ | – | (૪૪૯૪.૨૨)<br>૩૨૩૫૬૧<br>૧૦૦.૦૦ |

( કોઠામાં આપેલા આંકડા કુટુંબદીઠ મિલકત દર્શાવે છે.)

ઉપરની કોઠા નં. ૧૫ જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે. કુલ મિલકતમાં અનાજની કિંમત ૭૭૨૧.૫૭ પૈસા (૮૦.૨૧ ટકા) છે, જે સૌથી વિશેષ છે; જ્યારે ઘરવખરીના સાધનોની કિંમત ૧૬૪.૬૬ (૧૦.૩૫ ટકા) છે, રોકડ રકમ ૭૦.૦૮ (૦.૮૩ ટકા), સોનું ૪૭.૧૫ (૧.૦૫ ટકા) અને ચાંદીની કિંમત ૭૨ રૂપિયા થવાથી કુલ ૧૧,૨૩.૪૭ (૦.૫૧ ટકા) છે. પરિણામે ૭૨ રૂપિયા થવાથી કુલ જંગમ તથા સ્થાવર મિલકત ૧૧,૪૪૯૪.૨૨ પૈસા છે. જેમાં મુખ્ય હિસ્સો અનાજની કિંમતનો છે. આ અનાજની માહિતી પણ ખેડૂતોના વાડે નથી. વહેરી સહકારી ધિરાણકારોને તો આ મિલકત અન્યાયે અવેજ આપે અગત્ય સામાન્ય કિંમત ગણાય છે.

## પ્રકરણ - ૪થું સામાજિક રચના અને સંગઠન

એરિસ્ટોટલે એક જગ્યાએ કહ્યું છે કે "માનવી એક સામાજિક પ્રાણી છે." એનો અર્થ એ કે કોઈ પણ મનુષ્ય સમાજ વગર રહી શકતો નથી. વ્યક્તિ માટે સમાજ જરૂરી અને ઉપયોગી જ નહિ પરંતુ અનિવાર્ય છે. વ્યક્તિ હંમેશાં અન્ય વ્યક્તિની સહાયની ચાહે છે. એટલું જ નહિ પરંતુ વ્યક્તિ પોતાની જરૂરિયાત સમાજમાં જ સંતોષે છે. આવા સમાજની અંદર પણ વિભિન્ન પ્રકારના સંગઠનો હોય છે. વ્યક્તિ પોતાની અર્થ જરૂરિયાત અને ઇચ્છાની પૂર્તિ માટે પોતાને અનુકૂળ એવા સંગઠનની રચના કરે છે. આવું સંગઠન દરેક જગ્યાએ પ્રગટ કે પ્રચ્છન્ન સ્વરૂપે હોય છે, જે સમાજની કાર્યવાહીમાં મદદરૂપ બને છે. આ ઉપરાંત રાજકીય સંગઠન પણ હોય છે કે જે બાહ્ય પરિસ્થિતિ ઉપર નિયમન-નિયંત્રણ મૂકે છે, સમાજની વ્યવસ્થા, સુનિશ્ચિતતા વધારવામાં પોતાનો હિસ્સો આપે છે. આ રાજકીય સંગઠન ઉપરાંત જાતિવાદી અને પછાત કોમોમાં પોતાના સમાજની વ્યવસ્થા માટે આંતરિક પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ પોતાના સમાજની સુવ્યવસ્થા માટે આંતરિક સંગઠનપણ હોય છે. આવું જ સંગઠન પોમલા સમાજમાં પણ જોવા મળ્યું. જો કે શહેરી સભ્યતાની અસરને કારણે આવું સંગઠન ધીમે ધીમે નિષ્ક્રિય-નબળું બનતું જાય છે. તેની અસરકારકતા ઘટતી જાય છે.

આગળ જોયું તેમ પોમલાના મૂળ વતન વિષે બે વાતો જોવા મળી. (૧) પોમલા મહારાષ્ટ્રથી ૨૦૦ વર્ષ પહેલાં ગુજરાતમાં આવીને વસ્યા અને (૨) પોમલા મૂળ દક્ષિણના છે કારણ કે તેની ભાષા-બોલી તેલુગુને મળતી આવે છે; કારણકે તેઓ જે તે વિસ્તારમાં વિખરાયેલા જોવા મળે છે. ગુજરાતના જુદા જુદા પાંચ જિલ્લાઓમાં પોમલાની

વસતી છે. પણ જિલ્લાઓમાંથી ૭૨ કુટુંબ નમૂનામાં લીધાં છે તે કુટુંબો માં વિસ્તારમાં કેટલા સમયથી વસવાટ છે તે જોઈએ.

ખોજાઓનો ગુજરાતમાં વસવાટ ઘણો જૂનો છે એટલે કે તેઓ ૩૦૦ - ૩૫૦ વર્ષ પહેલાં ગુજરાતમાં આવ્યા હતા. તેઓ ગામડાં અને શહેરો બન્ને જગ્યાએ વસવાટ કરતાં હતા. પરંતુ આજ તેઓ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં જ વસવાટ કરે છે. તેમનો વસવાટ કેટલા વર્ષનો જૂનો છે તે કોઠો - ૧૭ ઉપરથી વધારે સ્પષ્ટ બનશે.

**કોઠો - ૧૭**

**વિસ્તાર અને વસવાટ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ**

| વિસ્તાર | કુલ કુટુંબો | વસવાટની સંખ્યા ૧થી ૧૦ | ૧૧થી ૨૦ | ૨૧થી ૩૦ | ૩૧થી ૪૦ | ૪૦થી ઉપર |
|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧<br>૧૦૦.૦૦ | ૩<br>૯.૬૭ | ૩<br>૯.૬૭ | - | ૧<br>૩.૨૨ | ૨૪<br>૭૭.૪૪ |
| વડોદરા | ૧૭<br>૧૦૦.૦૦ | ૧<br>૫.૮૮ | - | - | - | ૧૬<br>૯૪.૧૨ |
| ખંભાત | ૧૪<br>૧૦૦.૦૦ | - | ૨<br>૧૪.૨૮ | ૩<br>૨૧.૪૩ | - | ૯<br>૬૪.૨૯ |
| અમદાવાદ | ૬<br>૧૦૦.૦૦ | - | - | - | - | ૬<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪<br>૧૦૦.૦૦ | - | ૧<br>૨૫.૦૦ | - | ૨<br>૫૦.૦૦ | ૧<br>૨૫.૦૦ |
| કુલ... | ૭૨<br>૧૦૦.૦૦ | ૪<br>૫.૫૬ | ૬<br>૮.૩૪ | ૩<br>૪.૧૭ | ૩<br>૪.૧૭ | ૫૬<br>૭૭.૭૬ |

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે ૭૭.૭૬ ટકા કુટુંબોનો વસવાટ ૪૦ વર્ષ ઉપરનો છે. બાકીના ૨૨.૨૪ ટકા લોકોએ ૧ થી ૪૦ વર્ષ સુધીના ગાળામાં વસવાટ કરેલ છે.

આ જાતિના લોકો જે સ્થળાંતર કરે છે તે આ વ્યવસાય નહીં મુખ્યત્વે છે. તેમનાં પરંપરાગત વ્યવસાય ટોપલા-ટોપલીઓના બનાવી મુખ્યત્વે જંગલ અને મુંબઈમાં વધારે હોવાથી જે સ્થળાંતરિત થયાં છે તે એ શહેરોમાં મુખ્યત્વે છે.

<u>ગોત્ર</u> :

પોમલા સમાજમાં ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે, કે જેને તેઓ "શાખ" તરીકે ઓળખે છે. આ "શાખ" કુટુંબનાં સભ્યને વારસામાં મળે છે. જન્મની સાથે જ વ્યક્તિને શાખ જોડાઈ જાય છે. પરંતુ આમાં એક અપવાદ છે અને તે એ કે લગ્ન બાદ સ્ત્રીની શાખ તેના પતિની જે શાખ હોય તે પ્રમાણે બદલાઈ જાય છે. અને તેનું કારણ કે પોમલા કુટુંબ પિતૃસત્તાક છે. આ "શાખ" પ્રમાણે જ પોમલા જાતિમાં સામાજિક સંબંધો બંધાય છે. તેઓ એક શાખ-ગોત્રમાં લગ્ન કેમ કરતાં નથી? એવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે એક શાખના ભાઈ-બહેન કહેવાય માટે એક ગોત્રમાં લગ્ન કરે તો ભગવાનના ગુનેગાર બનીએ, એવું કરવાથી મહાપાપ લાગે.

પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે આ ગોત્રનો જન્મ કઈ રીતે થયો? તેનો જવાબ આપવા પોમલા સભ્યો અશક્તિમાન છે. પોમલા જાતિના ૭૨ કુટુંબોનો સંપર્ક સાધતાં તો તેમાં જુદી જુદી સાત "શાખો" છે. તેમાં એક દીમાડ શાખ પણ છે. તેની ઉત્પત્તિ વિશે કંઈક આ પ્રમાણે જાણવા મળ્યું : ગુરપાન બાજુ દીમાડ કરીને જંગલ અને પહાડી વિસ્તાર છે, ત્યાં દીમાડ દેવ છે અને તે દેવ ઉપરથી દીમાડ "શાખ" આવી હશે. માટે જ પોમલા સભ્યો દીમાડ દેવને પૂજે છે. આ સિવાયની શાખ વિશે કંઈ જાણવા મળ્યું નથી.

તપાસમાં લીધેલ ૭૨ કુટુંબોમાં જુદી જુદી સાત શાખો જોવા મળી જે નીચે પ્રમાણે છે. (જુઓ કોઠા નં. ૧૮)

## કોઠો - ૧૮

### વિસ્તાર પ્રમાણે ચોકનું વર્ગીકરણ દર્શાવતો કોઠો

| વિસ્તાર | કુલ કુટુંબો | ચોકના નામો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વન્ની | સાનકેડા | વીંખાડ | ભવાટ | રાઠોડ | સોલિયા | રાજ | પરદેશી |
| સુરત | ૩૧<br>૧૦૦.૦૦ | ૧૫<br>૪૮.૩૮ | ૧૬<br>૫૧.૬૧ | - | - | - | - | - | - |
| વડોદરા | ૧૭<br>૧૦૦.૦૦ | ૬<br>૩૫.૨૬ | - | ૬<br>૩૫.૨૬ | ૨<br>૧૧.૭૬ | ૧<br>૫.૯૦ | - | - | ૨<br>૧૧.૭૬ |
| ખંભાત | ૧૪<br>૧૦૦.૦૦ | ૭<br>૫૦.૦૦ | ૧<br>૭.૧૪ | - | ૫<br>૩૫.૭૨ | - | ૧<br>૭.૧૪ | - | - |
| પંચમહાલ | ૬<br>૧૦૦.૦૦ | ૬<br>૧૦૦.૦૦ | - | - | - | - | - | - | - |
| ભરૂચ | ૪<br>૧૦૦.૦૦ | - | ૧<br>૨૫.૦૦ | - | - | - | - | ૨<br>૫૦.૦૦ | ૧<br>૨૫.૦૦ |
| કુલ... | ૭૨<br>૧૦૦.૦૦ | ૩૪<br>૪૭.૨૨ | ૧૮<br>૨૫.૦૦ | ૬<br>૮.૩૪ | ૭<br>૯.૭૨ | ૧<br>૧.૩૯ | ૧<br>૧.૩૯ | ૨<br>૨.૭૭ | ૩<br>૪.૧૭ |

ઉપરથી સાથ જોતાં એક બાબત એવી લાગે છે કે બધુ સાથ તેમાંથી ઉત્પન્નતેથી બચનારી હોય. જેમકે ૨૦૦૦-૨૦૦ વગેરે. માં ઉપરાંત કોઠો જોતાં એ પણ ખ્યાલ આવે છે કે કુટુંબો એવાં પણ છે કે જેને ખેતીની સામગ્રી ખ્યાલ નથી.

કોઠા ઉપરથી જોઈ શકાશે કે તેમાંથી વધતી સાથ ધરાવતાં કુટુંબોની સંખ્યા કુલ ૭૨ કુટુંબમાંથી ૩૪ (૪૭.૨૨) થવા જાય છે. જ્યારે ૨૦ – ગરીબ વચ્ચેના એક-બે કુટુંબ જોવા મળ્યા છે.

પ્રકરણ ૧ માં જોયું કે ચોખા કુટુંબનું સરેરાશ કદ ૬.૩ છે. તપાસમાં લીધેલા ૭૨ કુટુંબોનું કદ [illegible] પ્રમાણે નીચેના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે જોવા મળ્યું હતું.

## કોઠો - ૧૯:

### સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબનું કદ: ૧ થી ૩ કુલ કુટુંબ | પુ. | સ્ત્રી | ૪ થી ૬ કુલ કુટુંબ | પુ. | સ્ત્રી | ૭ થી ૧૦ કુલ કુટુંબ | પુ. | સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૪<br>૧૨.૯૦ | ૫<br>૪.૭૨ | ૫<br>૪.૩૫ | ૧૦<br>૩૨.૨૬ | ૨૭<br>૨૫.૪૭ | ૨૯<br>૨૫.૨૨ | ૧૨<br>૩૮.૭૧ | ૪૦<br>૩૭.૭૪ | ૪૯<br>૪૨.૬૧ |
| વડોદરા | ૧૭ | ૫<br>૨૯.૪૨ | ૪<br>૭.૧૪ | ૭<br>૧૭.૫૦ | ૬<br>૩૫.૨૯ | ૧૫<br>૨૬.૭૯ | ૧૮<br>૪૫.૦૦ | ૬<br>૩૫.૨૯ | ૩૩<br>૫૮.૯૩ | ૧૪<br>૩૫.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૩<br>૨૧.૪૩ | ૧<br>૨.૫૦ | ૪<br>૧૦.૨૬ | ૬<br>૪૨.૮૬ | ૧૩<br>૩૨.૫ | ૧૮<br>૪૬.૧૫ | ૪<br>૨૮.૫૭ | ૧૭<br>૪૨.૫ | ૧૨<br>૩૦.૭૭ |
| અમદાવાદ | ૬ | — | — | — | ૩<br>૫૦.૦૦ | ૬<br>૪૨.૮૬ | ૩<br>૩૩.૩૩ | ૩<br>૫૦.૦૦ | ૮<br>૫૭.૧૪ | ૬<br>૬૬.૬૭ |
| ભરૂચ | ૪ | ૧<br>૨૫.૦૦ | — | ૧<br>૧૦.૦૦ | ૧<br>૨૫.૦૦ | ૩<br>૨૧.૪૩ | ૩<br>૩૦.૦૦ | ૨<br>૫૦.૦૦ | ૧૧<br>૭૮.૫૭ | ૬<br>૬૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૧૩<br>૧૮.૦૬ | ૧૦<br>૪.૨૬ | ૧૭<br>૭.૬૯ | ૨૬<br>૩૬.૧૧ | ૬૬<br>૨૮.૦૯ | ૭૪<br>૩૩.૪૮ | ૨૭<br>૩૭.૫૦ | ૧૧૩<br>૪૮.૦૯ | ૯૩<br>૪૨.૦૮ |

ચાલુ....

કોઠો - ૧૯

ચાલુ...

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબનું કદ: ૧૦ થી ઉપર: કુલ કુટુંબ | પુ. | સ્ત્રી | કુલ: કુલ કુટુંબ | પુ. | સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૫<br>૧૬.૧૩ | ૩૪<br>૩૨.૦૭ | ૩૨<br>૨૭.૮૨ | ૩૧<br>૧૦૦.૦૦ | ૧૦૬<br>૧૦૦.૦૦ | ૧૧૫<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | – | – | – | ૧૭<br>૧૦૦.૦૦ | ૫૨<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૧<br>૭.૧૪ | ૯<br>૨૨.૫ | ૫<br>૧૨.૮૨ | ૧૪<br>૧૦૦.૦૦ | ૪૦<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | – | – | – | ૬<br>૧૦૦.૦૦ | ૨૧<br>૧૦૦.૦૦ | ૧૮<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | – | – | – | ૪<br>૧૦૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | ૧૦<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૬<br>૮.૩૩ | ૪૩<br>૧૮.૪૫ | ૩૭<br>૧૫.૭૫ | ૭૨<br>૧૦૦.૦૦ | ૨૩૩<br>૧૦૦.૦૦ | ૨૨૧<br>૧૦૦.૦૦ |

ઉપરના કોઠામાં બતાવ્યા પ્રમાણે ચોધરા કુટુંબોમાં ૭ થી ૧૦ સભ્ય સંખ્યા ધરાવતું કુટુંબનું કદ વધારે વિશેષ છે. ૭૨ કુટુંબોમાંથી ૨૭ કુટુંબો આ ૭ થી ૧૦ સભ્ય સંખ્યાના ગાળામાં આવી જાય છે. તે જ પ્રમાણે ૪ થી ૬ સભ્ય સંખ્યા ધરાવતા ૨૧ કુટુંબો છે, ૧ થી ૩ સભ્ય સંખ્યા ધરાવતા ૧૩ કુટુંબો છે. જ્યારે ૧૦ થી ઉપર સંખ્યા હોય તેવા ૬ કુટુંબો છે. આ જોતાં વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ચોધરા કુટુંબનું કદ હોવું જોઈએ તેના કરતાં સરખામણીએ વધુ કદ ચોધરા કુટુંબોમાં છે અને તેનું કારણ એ છે કે શિક્ષણનું પ્રમાણ ઓછું અને કુટુંબનિયોજનનો ઉપયોગ ન કરવાથી સામાન્ય રીતે કુટુંબો મોટાં હોય છે.

પરંતુ સાથોસાથ એ પણ જોવા મળ્યું કે ચોધરા જાતિમાં સંયુક્ત કુટુંબમાં રહેનારની સંખ્યા સારી એવી છે. તેનો વધુ ખ્યાલ કોઠો-૨૦ જોવાથી આવશે.

**કોઠો – ૨૦**

**વિસ્તાર પ્રમાણે કુટુંબોના પ્રકાર દર્શાવતો કોઠો**

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | કુટુંબના પ્રકાર: સંયુક્ત | કુટુંબના પ્રકાર: કેન્દ્રીય કુટુંબ |
|---|---|---|---|
| સુરત | ૩૧<br>૧૦૦.૦૦ | ૧૬<br>૫૧.૬૧ | ૧૫<br>૪૮.૩૯ |
| વડોદરા | ૧૭<br>૧૦૦.૦૦ | ૪<br>૨૩.૫૩ | ૧૩<br>૭૬.૪૭ |
| ખંભાત | ૧૪<br>૧૦૦.૦૦ | ૩<br>૨૧.૪૩ | ૧૧<br>૭૮.૫૭ |
| અમદાવાદ | ૬<br>૧૦૦.૦૦ | ૨<br>૩૩.૩૩ | ૪<br>૬૬.૬૭ |
| ભરૂચ | ૪<br>૧૦૦.૦૦ | ૩<br>૭૫.૦૦ | ૧<br>૨૫.૦૦ |
| કુલ | ૭૨<br>૧૦૦.૦૦ | ૨૮<br>૩૮.૮૯ | ૪૪<br>૬૧.૧૧ |

ઉપરના કોઠાની ચર્ચા કરતા પહેલાં એક બાબતની સ્પષ્ટતાં કરું તો, સંયુક્ત કુટુંબ એટલે બે પેઢીના સભ્યો તેમજ અન્ય સગાં સંબંધી સાથે રહેતાં હોય તે, જ્યારે કેન્દ્ર-સ્થ કુટુંબ એટલે પતિ-પત્ની અને અવિવાહિત બાળકો.

ઉપરનાં કોઠા-૨૦ પરથી જાણી શકાય કે મોમના કુટુંબોમાં કેન્દ્ર-સ્થ કુટુંબોની સંખ્યાં ઘણી વિશેષ છે. કુલ ૭૨ કુટુંબમાંથી ૪૪ (૬૧.૧૧ ટકા) કુટુંબો કેન્દ્ર-સ્થ કુટુંબો છે. જ્યારે ૨૮ (૩૮.૮૯ ટકા) કુટુંબો સંયુક્ત કુટુંબ છે. પરંતુ અલગ-અલગ શહેરોની દ્રષ્ટિએ તપાસીએ તો સુરત અને ભરૂચમાં સંયુક્ત કુટુંબની સંખ્યા વધુ છે. તેઓ સાથેની વાતચીત દરમિયાન એવું લાગ્યું કે તેનું વલણ સંયુક્ત જ કુટુંબ પ્રત્યે વધારે છે. પરંતુ મકાનની સંકડાશ હોવાથી લગ્ન બાદ પુત્ર પોતાની પત્ની સાથે અલગ વસવાટ કરે છે.

મોમના કુટુંબમાં જે ૭૨ કુટુંબો (સંયુક્ત અને કેન્દ્ર-સ્થ) છે, તેમાં કુટુંબોમાં નીચે પ્રમાણેનાં સગાં-સંબંધી રહેતાં હોય તેવું જોવા મળ્યું.

૧. પતિ - પત્ની
૨. પતિ - પત્ની, અવિવાહિત બાળકો
૩. પતિ-પત્ની, અવિવાહિત બાળકો,
પરિણિત પુત્ર-પુત્રવધૂ
૪. પતિ-પત્ની, અપરિણિત પુત્ર-પુત્રીઓ, પરિણિત પુત્રો,
પુત્રવધૂઓ, પૌત્ર-પૌત્રીઓ.
૫. વિધુર, પુત્ર-પુત્રીઓ.
૬. વિધુર - પરિણિત પુત્ર, પુત્રવધૂ, પૌત્ર-પૌત્રીઓ,
અપરિણિત પુત્ર-પુત્રીઓ.
૭. વિધવા, અપરિણિત પુત્ર-પુત્રીઓ.
૮. વિધવા

૯. પતિ-પત્ની, ભાઈ, બહેન, ભત્રીજા, ભત્રીજી, પુત્ર-પુત્રીઓ.

૧૦. પતિ-પત્ની, પત્નીના ભાઈ, પુત્ર-પુત્રીઓ, પુત્રવધૂ

૧૧. પતિ-પત્ની, પુત્રી-જમાઈ

૧૨. પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, ભાઈ-ભાભી, ભાઈના સંતાનો

૧૩. પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, બહેન

૧૪. પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, બહેનના પુત્ર-પુત્રીઓ

૧૫. પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, પરિણિત પુત્ર-પુત્રવધૂ, વિધવા બહેન

ઉપરોક્ત કોઠામાં મુજબના અનેક પ્રકારના સમાજો વોહરા કુટુંબમાં મળે છે.

કુટુંબનું સ્વરૂપ :-

વોહરા એ પિતૃસત્તાક, પિતૃસ્થાની અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવતું જૂથ છે. કુટુંબના દરેક કાર્યમાં કુટુંબનો વડીલ પુરુષ-કે ઘરનો કારભાર સંભાળતો હોય તે મુખ્ય વ્યક્તિ છે. પુત્રના નામ પાછળ પિતાનું નામ લખાય છે. તેમજ પિતાની સંપત્તિ-મિલકત હોય તે દરેક પુત્રને સરખે હિસ્સે મળે છે. પુત્રીને મિલકતમાં ભાગ મળતો નથી.

કુટુંબમાં જે કમાણી આવે તે વડીલ પુરુષના હાથમાં રહે છે. કુટુંબના સંચાલના નિર્ણયો જેવા કે લગ્ન સબંધી આર્થિક સબંધો કોની સાથે રાખવા કોને ત્યાં જવું કોને ત્યાં નહિ વગેરે નિર્ણય વડીલ પુરુષ લઈ લે છે. છતાં લગ્ન સબંધ બાંધવાનો હોય ત્યારે પત્ની,

મોટો પુત્ર, ચાચો વગેરેના અભિપ્રાય લેવામાં આવે છે.

કુટુંબમાં પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, સાસુ-વહુ, ભાભી-નણંદ વગેરે વચ્ચે અણબનાવ બને તો એવા સંજોગોમાં કુટુંબનું વિભાજન થાય છે. કુટુંબના સભ્યો વચ્ચે ઝઘડો થાય ત્યારે કેસ પંચાયતમાં જાય છે, ન્યાયાલયો કે અદાલતો ગ્રાહ્ય કરતા નથી; કુટુંબનું વિભાજન થતા પહેલા ચોધરા પટેલ વાળી કુટુંબના સભ્યોને સમજાવવાનો પ્રયત્નો કરે છે. પરંતુ કંઇ નિષ્કર્ષ ન આવે તો વડીલો તેમને જુદા કરી દે છે.

કુટુંબમાં પત્ની કહ્યામાં ન રહે તો તેને સમજાવવામાં આવે છે, તેણીના પિતાને બોલાવી તેને ફરિયાદ કરવામાં આવે છે છતાં ન માને તો પત્ની સાથે પુરુષ-પતિ છૂટાછેડા પણ લઇ લે છે.

ટૂંકમાં, ચોધરા સમાજમાં સ્ત્રીની કરતાં પુરુષનું વર્ચસ્વ વધારે છે.

<u>સગાઇ સંબંધ :</u>

દરેક વ્યક્તિ જન્મ, લગ્ન વગેરેના આધારથી પોતાના સમાજની બીજી વ્યક્તિઓ સાથે સંબંધિત બને છે. જેને સગાઇ સંબંધ કહેવાય છે. પરંપરાગત સમાજ માન્ય સંબંધો ટકાવવા માટે, તેમજ સમાજના માળખામાં રહીને આવા સંબંધો ગોઠવાય છે. જે વ્યક્તિને સામાજિક-ક્રમ દ્વારા જીવનવ્યવહારમાં બાંધતા હોય છે. આથી એક વ્યક્તિ અન્ય વ્યક્તિને સંબોધન દ્વારા પોતાના સંબંધને અભિવ્યક્ત કરે છે. ચોધરા જાતિમાં બે પ્રકારના સગાઇ સંબંધ જોવા મળે છે.

(૧) રક્ત પર આધારિત
(૨) લગ્ન પર આધારિત

ઉપરોક્ત બે પ્રકારનાં સગપણો ઉપરાંત પોતાના ફળિયામાં રહેતાં અન્ય વણકર, હરિજન, સુથાર, માંગવાડી વગેરે સાથે પણ સગપણ રાખે છે.

પ્રથમ પ્રકારનાં વાંશિક સગપણોમાં એક જ લોહીનાં સંબંધીઓ ભાઈ-બહેન, ભાઈ-ભાઈ, બહેન-બહેન, માતા-પુત્રી, માતા-પુત્ર, પિતા-પુત્ર વગેરે આ પ્રકારનાં સગપણો ગણવામાં આવ્યાં છે.

એક લોહીના સંબંધીઓ એક જ પિતાના વંશજો કહેવાય છે એટલે કે તેઓ એક લોહીના છે, આવાં સગાંઓ વચ્ચે લગ્ન કરવા ઉપર સમાજ માન્ય નિષેધ હોય છે.

જ્યારે લગ્ન કરવાથી સસરા, સાસુ, દિયર, જેઠ, ભાભી, મામાજી, કાકાજી, સાળા, સાળી, ફુવા વગેરે સગપણો ઉભા થાય છે. ચોધરાઓમાં એક ગોત્ર વચ્ચે લગ્ન સંબંધ માન્ય નથી પરંતુ અન્ય આદિવાસી અને બ્રાહ્મણ જાતિમાં મામા-ફોઈના સંતાનો વચ્ચે લગ્ન થાય છે, તેમ ચોધરા સમાજમાં પણ મામા-ફોઈના સંતાનો વચ્ચેના લગ્નને મંજૂરી અપાય છે. એને કારણે ચોધરાની સગાઈ-સગપણ વ્યવસ્થામાં એક સગપણના બદલે પણ બીજા સગપણનું બદલી ઠરાતું જાય છે, એટલે કે નજીકનાં સંબંધીઓમાં લગ્ન વ્યવહાર થતો હોવાથી સગાઈ-સગપણનું ક્ષેત્ર મર્યાદિત અને નાનું બનતું જાય છે.

<u>કેટલાક સગાઈ સંબંધ સૂચક શબ્દો :</u>

દરેક સમાજ-જાતિ કે કુટુંબમાં પોતાના નજીકના સગા-સંબંધી કે જે લોહીના સંબંધ ઉપર આધારિત કે લગ્નના સંબંધ ઉપર આધારિત સગાઓ હોય તેને માટે તેને બોલાવવા માટે કોઈ નિશ્ચિત શબ્દ હોય છે. ચોધરા જાતિમાં પણ આવા સંબંધીઓને બોલાવવા માટે

અમુક શબ્દો છે.

આ ઉપરાંત એ બાબત પણ જાણી છે કે પિતાની ઓળખાણ કરાવીએ ત્યારે કે જે સગપણ સૂચક શબ્દ છે એને અંગ્રેજીમાં Term of reference તરીકે ઓળખવામાં આવે છે તે અને જે શબ્દથી વ્યક્તિને બોલાવવામાં આવે તે કંઈક અલગ હોય છે કે એને અંગ્રેજીમાં Term of Address કહેવાય છે. આ રીતે દરેક સગાઓ માટે બે પ્રકારની શબ્દાવલી આવે.

જો કે ચોધરા સમાજ હાલ તેમાં ઘણાથી શહેર સમાજના સંપર્કમાં રહેતો હોવાથી તેના અમુક સંબોધનોમાં ગુજરાતી શબ્દો પ્રવેશ પામ્યા છે. આ શબ્દોથી તેઓ હાલ અજાણ છે. એટલે કે અમુક સગાઓને શું કહેવાય અને તેને સંબોધન કરી બોલાવવા હોય ત્યારે શું કહેવું એનાથી અજાણ છે. આ બે શબ્દાવલી જાણવા જેવી તે આ પ્રમાણે છે.

| | સંદર્ભ<br>સગાઈ ~~સૂચક~~ શબ્દ | સંબોધન<br>સગાઈ ~~બોલાવવાના~~ શબ્દ |
|---|---|---|
| પિતા - | બાબ | - એ બાપા અરે બા |
| માતા - | આય | - મા અરે બા |
| પુત્ર - | ડેરો | - નામ લઈને |
| પુત્રી - | પોરહેર | - " |
| પતિ - | ઘોરાપાઈ | - છોકરાનું નામ લઈને |
| પત્ની - | ઉરેત | - બેબીનું નામ લઈને |
| ભાઈ (પુરુષ) - | તેય | - તેને જરા ઉચેવા |
| બેન (પુરુષ) - | બાઈ | - બઈ ઉચેવા |
| ભાઈ (સ્ત્રીનો) - | તેય | - નામ લઈને |
| બેન (સ્ત્રીનો) - | બાઈ | - નામ લઈને |

ભાઈ (પોતાના પિતાનો જ સ્વભાઈ સિવાય બીજી-બનુભવની (તેય) સ્ત્રીનો પુત્ર)

ભાઈ ( પોતાની માતાનો જ સ્વપિતા સિવાય બીજા પુરુષનો પુત્ર) " "

બેન (પોતાના પિતાની જ સ્ત્રી માતા સિવાય - બીજી સ્ત્રીની પુત્રી) — બઇ

બેન (પોતાની માતાની જ સ્વામિના સિવાય - બીજા પુરુષની પુત્રી) — બઇ

મોટોભાઇ (પુરુષો) - બારે તેમ - બારે તેમ મોટવા

મોટો ભાઇ (સ્ત્રીઓ)- બારે તેમ - "

નાનોભાઇ (પુરુષો) અનારે તેમ - અનારે તેમ મોટવા

નાનોભાઇ (સ્ત્રીઓ)-અનારે તેમ - "

મોટી બહેન (પુરુષો) બારે તેચચ - બારે તેચચ મોટવા

મોટી બહેન (સ્ત્રીઓ) બારે તેચચ "

નાની બહેન (પુરુષો) અનારે બઇ "

નાની બહેન (સ્ત્રીઓ) અનારે બઇ "

પિતાનો ભાઇ - બેરે ચાઇ - બેરે બાપા મોટવા

ભાઇનો પુત્ર (પુરુષો) ઘેરે ડેરુ ચાકુ - નામ દઇને

પિતાનો પિતાથી [illegible] નાનો ભાઇ - કારે કાકો - કાકા

પિતાનો પિતાથી મોટો ભાઇ - બેરે ચાઇ - નામ દઇને બેરેચાઇ

મોટોભાઇનો પુત્ર (પુ.બો) બારે —

મોટાભાઇની પુત્રી (પુરુષો) બેરે પીચકુ તેમ - નામ દઇને

નાના ભાઇનો પુત્ર (પુરુષો) - ખબર નથી

નાના ભાઇની પુત્રી (પુરુષો) - અનારે તેમને પીચકેર - નામ દઇને

પિતાના મોટાભાઇની પત્ની - બેરેચમ —

પિતાના નાનાભાઇની પત્ની - અનારે નેકે ઉકેન —

પિતાના મોટાભાઇનો પુત્ર - તેમ નામ દઇને

પિતાના મોટાભાઇની પુત્રી- પીચકેર "

પિતાના મોટાભાઇની પુત્રી- " "

પિતાના નાનાભાઇનો પુત્ર - અનારે તેમ "

પિતાના નાનાભાઇની પુત્રી - નને અનારે તેમને પીચકેર "

| | | |
|---|---|---|
| ભાઈનો પુત્ર (ભત્રીજો) | – ભતરે તેમ | – નામદઈને |
| ભાઈની પુત્રી ( " ) | – ભતરે તેમચ | " |
| પિતાની પિતાથી મોટી બહેન | – ફુઈ બારુ | ——— |
| પિતાની પિતાથી નાની બહેન | – સારે ફુઈ | ——— |
| પિતાની બહેનનો પતિ | – મામા | મામા |
| પિતાની બહેનનો પુત્ર | – તેમ | નામદઈને |
| પિતાની બહેનની પુત્રી | – બાઈ | " |
| પિતાની બહેનના પુત્રની પત્ની | – તેમ્બ વિરેત | —— |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | – મેમાન | —— |
| પિતાની બહેનના પુત્રની પત્ની | – તેમ્બ વિરેત | —— |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | —— | —— |
| પિતાની બહેનના પુત્રનો પુત્ર | – જોરે બાબ | નામદઈને |
| પિતાની બહેનની પુત્રીની પુત્રી | —— | —— |
| માતાનો માતાથી મોટોભાઈ | – મામા | મામા |
| માતાનો માતાથી નાનો ભાઈ | – સારે તેમ | —— |
| માતાના મોટાભાઈની પત્ની | – મામી | મામી |
| માતાના નાનાભાઈની પત્ની | – મામી | મામી |
| પત્નીના ભાઈનો પુત્ર | – બેરેતેમ | નામદઈને |
| પત્નીના ભાઈની પુત્રી | – બઈ | " |
| માતાના મોટાભાઈનો પુત્ર | – તેમ | " |
| માતાના મોટાભાઈની પુત્રી | – બઈ | " |
| માતાના નાનાભાઈનો પુત્ર | —— | —— |
| માતાના નાનાભાઈની પુત્રી | —— | —— |
| માતાના પિતા | – બેરેગાબ | |
| માતાની માતા | – બેરેગમ | |
| બહેનનો પુત્ર (ભાણો) | – તેગ્બે ડબેગ(ભાણીયો) | – નામદઈને |

| | | |
|---|---|---|
| બહેનની પુત્રી (પુત્રો) | –તેમરે પીયડે | નામ દઈને |
| બહેનની પુત્ર મોટાભાઈનો પુત્ર | – તેમ્બે ડેરી | " |
| બહેનના નાનાભાઈની પુત્રી | – તેમ્બ પીયડેર | " |
| માતાની મોટી બહેન | – તેયમ | -- |
| માતાની નાની બહેન | – તેયમ | -- |
| બહેનનો પુત્ર (સ્ત્રીનો) | – ડેરી | નામ દઈને |
| બહેનની પુત્રી (સ્ત્રીનો) | – પીયડેર | " |
| માતાની મોટી બહેનનો પતિ | – મેમાન | -- |
| માતાની નાની બહેનનો પતિ | – મામાજી | મામાજી કહેવા |
| પત્નીની મોટી બહેનનો પુત્ર | – તેય | નામ દઈને |
| પત્નીની નાની બહેનનો પુત્ર | " | " |
| પત્નીની નાની બહેનની પુત્રી | -- | નામ દઈને |
| માતાની મોટી બહેનનો પુત્ર | -- | નામ દઈને |
| માતાની નાની બહેનનો પુત્ર | -- | " |
| માતાની મોટી બહેનની પુત્રી | -- | " |
| માતાની નાની બહેનની પુત્ર | -- | " |
| પિતાનો પિતા | – બેરેગાવ શીથે –ગમાન | -- |
| પુત્રનો પુત્ર (પુત્રો) | – ડેરી | નામ દઈને |
| પુત્રીની પુત્રી (સ્ત્રીનો) | – પીગડેર | " |
| પિતાની માતા | – બેરેગમ | -- |
| પુત્રનો પુત્ર (સ્ત્રીનો) | – ડેરી | નામ દઈને |
| પુત્રની પુત્રી (સ્ત્રીનો) | – પીગડેર | " |
| પુત્રીનો પુત્ર (સ્ત્રીનો) | – ડેરૂ | " |
| પુત્રીની પુત્રી (સ્ત્રીનો) | – પીગડેર | " |
| પુત્રીનો પુત્ર (સ્ત્રીનો) | – ડેરૂ | " |
| પુત્રીની પુત્રી (સ્ત્રીનો) | – ફરિશે પીગડેર | " |

| | | |
|---|---|---|
| પત્નીનો પિતા | – ગમાન | — |
| પત્નીની માતા | – સૈરેગ | — |
| પુત્રીનો પતિ (પુત્રો) | – સૈમાત્ર | — |
| પુત્રીનો પતિ (સ્ત્રીનો) – | સૈમાત્ર | — |
| પતિનો પિતા | – ગમાન | — |
| પતિની માતા | – સત | — |
| પુત્રની પત્ની (પુત્રો) | – મેરે માત્ર | – અને હોય મેરે માત્ર બોલ |
| પુત્રની પત્ની (સ્ત્રીનો) – | મેરે માત્ર | – " |
| પત્નીનો મોટોભાઈ | – સાળો | નામદઈને |
| પત્નીનો નાનોભાઈ | – શીરે તેમ | " |
| મોટી બહેનનો પતિ (પુત્રો) | – બેમાન | – અને બેમાનક બોલવા |
| મોટી બહેનનો પતિ (સ્ત્રીનો) | બેમાન | " |
| પત્નીના મોટાભાઈની પત્ની | – મેરે માત્ર | — |
| પત્નીના નાનાભાઈની પત્ની | – મેરે માત્ર | — |
| નાની બહેનનો પતિ (પુત્રો) | – બેમાન | — |
| નાની બહેનનો પતિ (સ્ત્રીનો) – | બેમાન | — |
| પત્નીની મોટી બહેન | – સાળી | સાળી બોલવાં |
| પત્નીની નાની બહેન | – સાળી | " |
| પત્નીની મોટી બહેનનો પતિ | – તેમ | — |
| પત્નીની નાની બહેનનો પતિ | – તેમ | — |
| પતિનો મોટોભાઈ | – ઠુઠો | — |
| પતિનો નાનોભાઈ | – દીયોર | દીયોર અને હોવી |
| પતિની મોટી બહેનનો પતિ | – બનેવી | — |
| પતિની નાની બહેનનો પતિ | – બનેવી | — |
| પતિની મોટી બહેન | — | નામ દઈને |
| પતિની નાની બહેન | — | " |

| | | |
|---|---|---|
| મોટાભાઈની પત્ની (જુનો) | – ઉવેન | – ભેરે ભાભી કે ભોટવા |
| નાનાભાઈની પત્ની (જુનો) | – ઉવેન | – ભાભી ભોટવા |
| મોટાભાઈની પત્ની (નવો) | – ભઈ | – ભાભી |
| નાનાભાઈની પત્ની (નવો) | – ભઈ | – છોકરાનું નામ કહેને |
| પત્નીની બહેનનો પતિ | – સાઢુભાઈ | નામ કહેને |
| પતિના મોટાભાઈની પત્ની | – –– | –– |
| પતિના નાનાભાઈની પત્ની | – –– | –– |
| પુત્રની પત્નીનો પિતા | – વેવાઈ વા | –– |
| પુત્રની પત્નીની માતા | – વેવાણી વા | –– |

ઉપરોક્ત ઉદાહરણો જોતાં એ બાબત સ્પષ્ટ રીતે જોઈ શકાય કે તેઓના મૂળ શબ્દોમાં ગુજરાતી શબ્દો ઘણાં જોવા મળે છે. સાથો-સાથ અમુક સગાને માટે કયો શબ્દ વાપરે તેઓ તે વિષે કશું જાણતા નથી.

આ સિવાય મર્યાદા અને મશ્કરીના સંબંધો પણ જોવા મળે છે. ખોજા સમાજમાં અમુક સગાઓ સાથે મર્યાદા જાળવવી પડે છે. તેઓની હાજરીમાં અમુક જ વર્તન કરી શકાય તેવી સીમા બાંધેલી હોય છે, જ્યારે અમુક સંબંધી-સગા સાથે મશ્કરીના સંબંધો પણ હોય છે. આ બન્ને સંબંધોને સમાજશાસ્ત્રીય ભાષામાં પરિહાર અને પરિહાસના સંબંધો એ રીતે ઓળખવામાં આવે છે.

<u>પરિહારના સંબંધો :</u>

પરિહારના સંબંધો એટલે કે મર્યાદાના સંબંધો આવા સંબંધોમાં પિતા-પુત્ર, માતા-પુત્ર, પિતા-પુત્રી, માતા-પુત્રી, કાકા, દાદા, ફૂવા, ફૈ, બહેન આ ઉપરાંત સાસુ-સસરા વગેરેનો સમાવેશ થાય છે.

આવી વ્યક્તિઓ સાથે મર્યાદાથી વર્તવામાં આવે છે. તેનું પાલન જાળવવામાં આવે છે. તેઓ સાથેની વાતચીત દરમિયાન મલાજ જોવાય નહિ,તેઓની હાજરીમાં મલાજ વગર ન કરાય,તેઓની હાજરીમાં નાના બાળકો પણ એક પ્રકારનો ક્ષોભ અનુભવે છે. ટૂંકમાં આવા જે આમાન્યામાં રહેવું જોઈએ છે તેનાથી આગળ જઈને છૂટથી બોલવાનું બને અને જો તેમ કરવામાં આવે તો અયોગ્ય અનિષ્ટ અને મલાજ વર્તન કહેવાય. આ જે મર્યાદા જાળવવામાં આવે છે તેના કેટલાક ઉદાહરણો જોઈએ તો -

(૧) પતિ-પત્ની વાતો કરતા હોય, સાથે બેઠા હોય તેમાં પિતા-માતા, કાકા-દાદા અથવા તો કુટુંબના સભ્યોમાંથી કોઈ વડીલ પુરુષ કે સ્ત્રી આવી જાય તો બન્ને પાછા ઉભા થઈ જાય છે - અલગ પડી જાય છે.

(૨) વડીલો પાસે બેઠા હોય તો છોકરાઓ જરા દૂર બેસે છે.

<u>પરિહાસના સંબંધો :</u>

પરિહાસના સંબંધો એટલે કે મશ્કરીના સંબંધો, આમાં સંબંધમાં ભાભી-દીયર, ભાભી-નણંદ, સાળો-બનેવી, સાળી-બનેવી, વગેરે આવે છે. આવા સગપણો ઘણે ભાગે મશ્કરીના સંબંધો હોય છે. પરંતુ આમાં પણ તેનું સમાજનું વાતાવરણ અને પરિસ્થિતિ અમુક જાતિમાં મશ્કરીના સંબંધો સૂચવે હોય, કોઈ વખત શારીરિક મશ્કરી સંબંધો પણ હોય જ્યારે અમુક જાતિમાં ફક્ત બોલવાની મશ્કરીના વ્યવહારો હોય અને તે પણ અમુક હદ સુધી, ચૌધરા જાતિમાં જે કંઈ મશ્કરીના સંબંધો જોવા મળે તે ઠીક આ પ્રકારે છે.

(૧) સાળા-સાળીને કંઈ હાથે-પગે ખોડ હોય તો તે રીતે તેની

મજૂરી કરવામાં આવે.

(૨) કોઈ વચન પાળવા સમયમાં બોકડા-કૂકડા આદિ ધરાવવામાં આવે.

<u>અન્યજાતિ સાથેના સંબંધો :-</u>

પોમલા સભ્યોના વસવાટની આજુબાજુ વાઘરી, કુંભાર, મારવાડી, મુસ્લીમ, હરિજન વગેરે જાતિઓનો સભ્યોના સંબંધ પણ સુમેળ ભર્યા છે. અન્ય જાતિઓ સાથે તેઓ આર્થિક મુશ્કેલીમાં એકબીજા એકબીજાને મદદરૂપ બને છે. લગ્ન, માંદગી, મૃત્યુ જેવા પ્રસંગોએ એક-બીજા સભ્યોને ત્યાં આવવા-જવાનો વ્યવહાર છે. ક્યારેક એકબીજી જાતિ વચ્ચે લગ્ન સંબંધ પણ બંધાય. લગ્ન જેવા પ્રસંગોમાં જમવા પણ અન્યોને ત્યાં જાય છે. વળી, સ્ત્રીઓ રોજરોજ બાબતમાં હળીમળી રહે છે. મારા સંશોધન દરમિયાન એક બીજી જાતિની સ્ત્રીઓ આ પ્રમાણે વાતો કરતી હતી: અમે તો રસોઈ બનાવી જમી લીધું, વાસણ પણ હજી નથી ધોયા તમે આજે જમવામાં શું શું બનાવ્યું હતું. અમે શાક અને રોટલા બનાવ્યા વગેરે. ટૂંકમાં અન્ય જાતિઓ સાથેના સંબંધ સારા છે.

પોમલા સભ્યોના પોતાની જાતિ વચ્ચેના સંબંધો સારા અને સુખદ છે. એકબીજાને તેઓ આર્થિક સામાજિક બાબતમાં મદદ કરે છે.

<u>જાતિપંચ :</u>

દરેક સમાજ ઉપર રાજકીય રીતે કાયદા દ્વારા નિયંત્રણ હોય છે, જેનાથી સમાજની વ્યવસ્થા જળવાય રહે, લોકો નિયમોનું પાલન કરે, ગુનાઓનું પ્રમાણ ઘટે વગેરે, પરંતુ આ રાજકીય કાયદા ઉપરાંત

આદિવાસી અને પછાત જાતિમાં જાતિપંચ જોવા મળે છે. જે પોતાના સમાજના સભ્યો ઉપર એક નિયંત્રણના સાધન તરીકે મહત્વનું કાર્ય કરે છે. પોયમા સમાજમાં સામાજિક સંગઠનનું એક એવું જાતિપંચ છે [illegible] નથી તેમ કહેવું અમારે યોગ્ય છે.

પાંચ શહેરોનાં ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું જાણવા મળ્યું કે હાલ અમારા પોયમા સમાજમાં જાતિપંચ જેવું કંઈ નથી, પરંતુ સામાન્ય રીતે પોયમા કુટુંબો અંદર એક આગેવાન હોય છે. જે માટે નથી કોઈ ઉમેદવાર કે નિમણૂક કાર્યવાહી તે એક નિર્ણય લેવાય છે. આ પોયમા પટેલ પોતાના સમાજમાં અનાચરણનું નિરાકરણ કરે, કોઈ સમાધાનકારી માર્ગ બતાવે, કુટુંબમાં પતિ-પત્નીને અણબનાવ હોય તો તેનું સમાધાન કરે અને તેમ છતાં [illegible] ન માને તો છૂટાછેડા આપે, લગ્ન પ્રસંગોમાં હાજરી આપી (પાંચાભા પટેલ [illegible]) પોયમા પટેલની-આગેવાનની છે, તેના બદલામાં પટેલને સમાજ તેવા પ્રસંગોએ ૧૧.૧૫/- રોકડ રકમથી મળે છે. પરંતુ એટલું કહેવું જોઈએ કે દિવસે-દિવસે તેનું નિયંત્રણ ઘટતા જાય છે. તેમાં પણ યુવાનવર્ગના સભ્યો-યુવાનો, અભિપ્રાયો જાણ્યા પછી એવું લાગે છે કે થોડા વર્ષ પછી (જાતિપંચ જે સ્થાપે છે) તેનું અસ્તિત્વ પણ કદાચ નહિ રહે. આજે પોયમા સભ્યો પણ [illegible] કોર્ટમાં જવાનું વધારે પસંદ કરે છે.

સાથોસાથ એટલું પણ કહેવું જોઈએ કે હાલના સમયે પોયમા પટેલનું પોતાના સમાજમાં સારું એવું માન છે. પરંતુ નાનું એવું આ જૂથ હોવાથી અન્ય સ્તરે તેનું અસ્તિત્વ નથી. પરંતુ નાનું એવું જૂથ હોવાથી અન્ય શહેરો સાથે આ સુંદર સંબંધો છે. રોટી વ્યવહાર ઉપરાંત બેટી વ્યવહાર પણ અન્ય શહેરોમાં કે જ્યાં અન્ય પોયમા કુટુંબ છે ત્યાં કરે છે. લગ્ન-મરણ જેવા પ્રસંગોએ એક બીજા શહેરોમાં પણ જાય છે.

ગુજરાતમાં જે નાના આદિવાસી જૂથો વસવાટ કરે છે, તેમાં

પોતાના થઈ ગયા છે. આ જૂથની જનસંખ્યા ઘણી મોટી છે. એ જૂથ એવું છે કે આદિવાસી સમૂહોની અલગતા આજ સુધી સમાજમાંથી જાળવી રાખી છે તે વસતિની દ્રષ્ટિએ ઘણાં મોટાં હોય છે એટલે તેઓ નાયકાએ લઈને અલગ(?) કેટલાંક સમૂહમાં સંસ્કૃતિ અને સામાજિક સંબંધોમાં ફેરફાર હોય છે તે સમજવું નથી હોતું. ભારતની આદિવાસી જાતિ વિષે આવી બાબતની ઘણી જાણકારી થયેલી જોવા મળે છે. જે જે જૂથની અલગતા રહી છે તેમાં તેની જનસંખ્યા ઘણી મોટી હોવાથી આ પ્રશ્ન તરત નજરે પડે છે. પોમલાઓનું ઉદાહરણ લઈએ તેમ કહી શકાય કે જ્યારે કોઈપણ પ્રજાતિય જૂથ મોટું હોય ત્યારે તેના સમાજમાં આ પ્રકારે વિશેષતાઓ જોવા મળે છે.

(૧) આવો સમૂહ પોતાને પોતાના મૂળ જૂથથી ભૌગોલિક કારણથી જુદો પડી ગયેલો હોય છે, અને અન્ય મુખ્ય સમાજમાં ભાગીને વસી જાય છે. જ્યાં વસે છે તેવા મુખ્ય સમાજને આપણે મુખ્ય યજમાન કહેશું અને આવાં નાના જૂથને અતિથિ સમૂહ કહીશું.

(૨) તે આવાગમનનાં સાધનો જ્યાં સહેલાઈથી ઉપલબ્ધ હોય અને જ્યાં મૂળ આર્થિક પ્રવૃત્તિનાં સાધનો ઘણાં ઓછાં હોય ત્યાં ટકી જાય છે. જો કે કેટલુંક બજારે વિખેરાઈ જાય તો તે બધાંનો પરસ્પર સરળતાથી અને ટૂંકા સમયમાં પહોંચી શકાય તેવા હોય છે.

(૩) આવું જૂથ પોતાના મૂળ ધંધાની સાથે બીજાં સહાયક ધંધા પણ ગોઠવી શકે છે. જેમકે આગળ પ્રકરણ ૩ માં જોયું તેમ પોમલાઓ ટોપલા-ટોપલીના મૂળ ધંધા જોડે સુથારીકામ, મજૂરી, પથ્થરકા-ખોદીઓ ચલાવવી, નોકરી, રસાટીકામ, બાળબાંધકામ કામ ઇત્યાદિ કરે છે.

(૪) આવા નાના જૂથમાં કુટુંબ એક પછી એકલવાની સંખ્યા વધી જાય

છે. કારણ કે જે ક્રિયાશીલ અને વિધ્વંસકારી સાંસ્કૃતિક સંપર્કો હોય છે તેમાં માત્ર કુટુંબ જ કુળ એકમ તરીકે ચાલુ રહે છે; (ક્યારેક પણ વિચ્છિન્ન થઈ જાય છે.) જે પોમલાઓમાં જોવા મળે છે.)

(૪) સગાઈ સંબંધોમાં જે નવું નજીકનાં સગાંઓ હોય તેનું જ મહત્વ હોય છે, અને તેને માટે જ જૂની કુળ બોલીના શબ્દો વપરાય છે. બીજાં સગાં માટેની શબ્દાવલી નથી તેને માટે ગુજરાતી શબ્દો જ વાપરે છે. દા.ત. પોમલા લોકોની જે સગાઈ શબ્દાવલી બાબત ઘણી છે તેમાં આ બાબત સ્પષ્ટ રીતે જોવા મળે છે.

(૫) આવા જૂથ જે મુખ્ય સમાજમાં ભેળવાઈને રહે છે તેના મોટાં તહેવારો જ અપનાવી લેવાય છે. મુખ્ય સમાજનાં બાહ્ય બાહ્ય સાંસ્કૃતિક તત્ત્વોને અપનાવે છે, ભાષા, પોશાક, ધર્મ અને માન્યતાના મહત્વના અંશો દા.ત. હોળી વગાડવાં કે દિવાળીના તહેવારો ઉજવવા, નામકરણની પ્રથા ઇત્યાદિ.

બીજો એક વિચાર માંગી લેતી બાબત એ છે કે નાનું નાનું જૂથ હોવા છતાં તેનું અસ્તિત્વ કેમ ટકી રહે છે ? આ બાબત ઘણી રસપ્રદ અને જાણવી જરૂરી છે. આવો નાનો સમુદાય પોતાની જાતિને ટકાવી રાખવા અને એક એકમ તરીકે ટકી રહેવા હંમેશા પ્રયત્નશીલ રહે છે અને તે માટે વિવિધ ઉપાયો લે છે. અને પોમલા જાતિમાં આવી જૂથ ટકાવી રાખવા માટે જે બાબતો જોવા મળી તે આ પ્રમાણે છે.

(૧) અ. પોમલા લોકો હંમેશા પોતાના જૂથ સિવાયના અન્ય પ્રજાતિય જૂથને, ભલે તેટલા તેના પ્રકારો હોય છતાં પોમલા તરીકે તેઓને [illegible] નથી. [illegible] બાજુ કે [illegible] હોય છે તેઓ પોતાને પોમલા માને છે, આ પોમલા જૂથમાં ભળવા પ્રયત્ન કરે છે. પરંતુ મૂળ પોમલા તરીકે આ તાં લોકો તેને સ્વીકારતા નથી.

(૧) જ. વળી, અન્ય પ્રદેશમાં આ લોકોની ખોજા મોમના લોકો ગણે છે. તેથી ગુજરાતમાં વસતા મોમના સાથે લગ્ન સંબંધ બાંધવા ઇચ્છે છે. પરંતુ ગુજરાતના મોમનો તેનો અસ્વીકાર કરે છે કારણ કે ખોજા જ્ઞાતી હોવાથી તેઓ મોમના જ છે તેમ ન કહી શકાય તેવું આ લોકો માને છે.

(૨) મોમન તો પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવા હિમાયત કરે છે. મોમના છોકરી મોમના જ્ઞાતિમાં જ પરણાવવી જોઈએ તેવું આગ્રહપૂર્વક માને છે અને કરે છે. પરંતુ જો મોમના પુરુષ અન્ય જ્ઞાતિમાં પરણે તો તેનો વિરોધ થતો નથી કારણ કે જે વહુ લાવે તે મોમના તરીકે જ ઓળખાય છે. મારા ક્ષેત્રકાર્ય દરમિયાન અને પરિ-ચર્ચા દરમ્યાન ધ્યાનમાં આવ્યું કે પુરુષ સભ્યોએ વાણિયા, રજપૂત, કોળી વગેરે જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્ન કર્યાં હોય. આનો અર્થ એ થયો કે પોતાની જ્ઞાતિનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મોમનાઓ સતત અને સભાન પ્રયાસો કરે છે, બીજી જ્ઞાતિઓમાંથી પણ આડકતરી રીતે ભરતી થયા કરે છે.

ઉત્તર ગુજરાતમાં પાંચ શહેરોમાં મોમના લોકો વસે છે, જેના વચ્ચેનું અંતર એક બીજાથી દૂર હોવા છતાં લગ્ન તો પોતાની જ્ઞાતિમાં જ કરશે, આમ પોતાના જૂથનું અસ્તિત્વ અને [illegible] સાતત્ય જાળવી રહે તે માટે લગ્ન સંબંધી સીમારેખા પાકી સુનિશ્ચિત. પ્રયત્નો કરી રહ્યા છે.

(૩) આધુનિક યુગ ઇસ્લામ સંસ્કૃતિના કેટલાક તત્ત્વોનો સ્વીકાર કરે છે અને આમ કરી તેની સાથે અથડામણમાં આવવાને બદલે અનુકૂળતા સાધી લે છે, જેથી કરીને પોતાના તરીકે એક જૂથ તરીકે ટકી શકે છે.

(૪) સમાન ધાર્મિક વલણવાળી ચળવળની સંસ્કૃતિની બીજી જાતિઓની સાથે જ સહઅસ્તિત્વ કરે છે.

આનો અર્થ એ થયો કે આવો નાનો સમૂહ પોતાનાં નાનાપણાંના કારણે, પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાને માટે પોતાની ઓળખાણ રાખે પણ છે અને સ્થાનિક વસ્તી પણ રહે છે.

# પ્રકરણ ચોથું સામાજિક રીતરિવાજો

સંસ્કૃતિક ભિન્નતાને કારણે દરેક જાતિના રિવાજો અલગ-અલગ જોવા મળે છે. એક રીતે કહીએ તો કોઈપણ સમાજ પોતાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સામાજિક માળખું ગોઠવતો હોય છે કે સામાજિક માળખાંના ચોકઠામાં રહીને વ્યક્તિએ વર્તન કરવું પડે છે. અથવા તો એવા વર્તનની સમાજ અપેક્ષા રાખે છે. આર્થિક સ્થિતિ અને સામાજિક પાસાને ઘણો નજીકનો સંબંધ છે. પોમલા જાતિના સમગ્ર જીવનને જાણવા માટે જેટલી આર્થિક સ્થિતિની જાણકારી મેળવવી જરૂરી છે તેટલી જ સામાજિક પાસાને અનુલક્ષી અભ્યાસ કરવાની જરૂર છે.

ગુજરાતમાં વસતા પોમલાઓ શહેરી સંસ્કૃતિની અસર નીચે હોવાથી તેના ઘણાં સામાજિક રિવાજોમાં પરિવર્તન આવ્યું છે. મૂળ રિવાજોને છોડી દીધા હોય તેવું પણ જોવા મળ્યું. જ્યારે શહેરી અને સવર્ણ સમાજના અમુક રિવાજો અપનાવ્યા હોય તેવું પણ ધ્યાનમાં આવ્યા વગર રહેતું નથી. છતાં પોમલા સમાજ ગરીબ સંસ્કૃતિનો સમાજ છે. જેથી ગરીબાઈના માળખામાં સમગ્ર જીવન વ્યવહારો ગોઠવાયેલા જોવા મળે છે.

રજસ્વલા સ્ત્રી :

પોમલાઓમાં રજસ્વલા થયેલ સ્ત્રીને "અડકવું નહિ" એવા નામે ઓળખાવે છે. જેને માટે તેઓ પોતાની બોલીમાં " મોર બોસી ડોચો ઇટરે ટા." એવા નામે બોલે છે. સામાન્ય રીતે છોકરી ૧૧ થી ૧૪ વર્ષના ગાળામાં પ્રથમ વખત રજસ્વલા થાય છે. આ સમય દરમિયાન

તેણી રસોઈ બનાવવી, પાણી ભરવું, દેવ-દેવીની પૂજા વિધિ કે ધૂપ-દીપ કરવાં, વગેરે કાર્યો કરતી નથી. તેમજ કોઈ પવિત્ર કાર્યો થતાં હોય ત્યાં જતી નથી; આદિવાસી સ્ત્રી વાસણ સાફ કરવાં, ઘરમાં સફાઈ કરવી વગેરે કામ કરે છે. અમુક કામ કરવાં અને અમુક કામ ન કરવાં તેની પાછળ તેઓ માને છે કે માસિક અપવિત્ર છે, તેનું શરીર અપવિત્ર છે. આ પવિત્રતા જાળવવા માટે જ્યાં સુધી સ્ત્રી રજસ્વલા હોય ત્યાં સુધી અન્યને સ્પર્શ ન કરાય. આદિવાસી સ્ત્રી પાંચમે દિવસે માથું ધુએ છે. રજસ્વલા સ્ત્રી સાથે તેનો પતિ જાતિય સંબંધ બાંધતો નથી, જાતિ સંબંધ ન બાંધવા પાછળ તેઓની માન્યતા એવી છે કે રજસ્વલા સ્ત્રી સાથે જાતિય સંબંધ બાંધવો એ ધર્મ વિરુદ્ધનું કાર્ય છે. તેવું કરવાથી ઈશ્વર કોપાયમાન થાય બાળકને અપાય થાય; જ્યારે રજસ્વલા થવાનું બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવું માને છે.

<u>ગર્ભાધાન :</u>

સ્ત્રીને રજસ્વલા થવું બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવું માને છે; આ ઉપરાંત આદિવાસી સ્ત્રીને ઉલટી થાય તો પણ ગર્ભ રહ્યો હશે તેવું માને છે. ગર્ભ રહેવા પાછળ જાતિય સંબંધને મુખ્ય ગણવામાં આવે છે. છતાં ઈશ્વરની મહેર સિવાય આ વસ્તુ સંભવિત નથી તેમ માને છે.

લગ્ન બાદ પાંચ-બાર વર્ષ સ્ત્રીને ગર્ભ ન રહે તો ડૉક્ટર પાસે તપાસ કરાવડાવે છે. દવા વગેરે લે છે. કેટલાક સંજોગોમાં ભગત-ભૂવાની પણ સલાહ લેવામાં આવે છે. ક્યારેક પુત્ર પ્રાપ્તિ માટે બાધા-આખડી પણ લે છે.

ગર્ભ રહ્યા પછી કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. સ્ત્રીને જ્યારે લગ્ન પછી પ્રથમ ગર્ભ રહે છે ત્યાર

પછીના સાતમા-આઠમા માસે ખોળો ભરે છે.

<u>સીમંત :</u>

ખોળો ભરવાની વિધિને તેઓ સીમંત નામે ઓળખે છે. સ્ત્રીને જ્યારે સાતમો-આઠમો માસ ચાલતો હોય ત્યારે ગર્ભ રહેલ સ્ત્રીના માતા-પિતાને પણ ત્યાં જાણ કરી બોલાવવામાં આવે છે કે "ખોળા [illegible] નક્કી:" એટલે કે અમુક દિવસે ખોળા ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે સ્ત્રીના માતા-પિતા આવે છે, તેઓ આવી સ્ત્રીના ખોળામાં શ્રીફળ અને ચોખા મૂકી ખોળો ભરી વધાવી લે છે. ત્યારબાદ તેણી તેના માતા-પિતા સાથે પ્રસૂતિ માટે પિયરમાં જતી રહે છે.

<u>પ્રસૂતિ :</u>

પ્રથમ સુવાવડ સ્ત્રીના પિતાને ત્યાં કરવામાં આવે છે, હાલ માં લોકો પ્રસવની ક્રિયા દવાખાને કરાવવાનું વધારે પસંદ કરે છે, જો કે તેની પાછળ આર્થિક પરિસ્થિતિ અગત્યનો ભાગ ભજવે છે. થોડાં વર્ષો પહેલાં પ્રસવ દાયણ પાસે કરાવતા હતા પરંતુ હાલ દાયણ રોકડા રૂ.૧૫ થી ૨૦ અને એક સાડી માગે છે. આથી તેઓ દવાખાને જવાનું વધારે પસંદ કરે છે. દવાખાનામાં પૈસા આપવા પડતા નથી. ઉપરાંત સુવાવડી સ્ત્રીને ખોરાક પણ દવાખાના તરફથી મફત આપવામાં આવે છે. અને જ્યારે દવાખાનામાંથી છૂટે ત્યારે દાનપેટીમાં પોતાની શક્તિ અને ઇચ્છા મુજબ રૂપિયા પાંચથી દસ નાખે છે. પ્રસવ બાદ આવી સ્ત્રીને ખોરાકમાં કાટલાં ઘી અથવા તો તેલમાં બનાવેલ શીરો આપવામાં આવે છે. જૂના વખતમાં બાળકના જન્મ બાદ તરત જ સ્ત્રીને લીમડાના ફૂલની છાલનો રસ અને થોડું તેલ પીવડાવવામાં

આવતું હતું.₁ હાલ આવું જોવા મળતું નથી.

પ્રથમ સમયે પોતાના કુટુંબીજનોની સ્ત્રીઓ હાજર હોય છે. પુરુષો હાજર રહેતા નથી, તેમ છતાં તેણીનો પતિ હાજર હોય છે, અને તે પોતાની પત્નીની ખાટી લેવા પણ કરે છે. જૂના વખતમાં તેઓમાં "ખાટકાખવાડે" નામનો પ્રચલિત રિવાજ હતો, એટલે કે કુટુંબનાં કેટલાક માણસોમાં કેટલાક ખારિયાથી હોકોમાં એક કણો નિયમ પ્રચલિત હતો અને તે એ કે જ્યારે પત્ની બાળકને જન્મ આપે ત્યારે પતિએ તેની ખાટી બરાબર કરવી, પોયણામાં પણ આ બાબત જોવા મળતી હતી અને આથી પોયણા માટે કહેવત બની કે "પોયણી જણે અને પોયણો ખાય" એટલે કે કોઈની મહેનતના ફળ કોઈ ખાય છે.₂ જો કે પોયણા શબ્દનો આ કહેવતનો અર્થ અત્યારે જુદો આ પ્રમાણે ઘટાવે છે : એકવાર બન્યું એવું કે પોયણા જાતિનું એક કુટુંબ એક ગામથી બીજે ગામ જતું હતું ત્યારે રસ્તામાં એક બાઈને સુવાવડ આવી, સુવાવડ દરમિયાન તેમના ગધેડા બાજુના કોઈ ખેતરમાં પેસી ગયા, આ સમયે ખેતરનો માલિક ત્યાં આવી ગયો, આ સમયે પોયણાએ વિચાર્યું કે હું ગધેડા હાંકવા જઈશ તો માલિક મને મારશે અથવા કુટશે. આથી ગધેડા હાંકવા પોયણીને મોકલી અને નવું જન્મેલ બાળક પોયણા પાસે સુવડાવી દીધું. પોયણીએ ખેતરના માલિક પાસે જઈને કહ્યું કે "માલિક, પોયણી છોકરા જણે અને પોયણો સુવાવડ ખાય, અને મારશો નહિ" એ-ગમ? આપેલ કહેવત અને આ કહેવતનો ભાવાર્થ એક જ થતો હોય તેવું લાગે છે.

---

૧. Report census of Baroda State - 1911 Page - 311

૨. Report Census of Baroda State - 1911 Page - 311

પોતાના જાતિમાં પુત્ર કે પુત્રી જન્મે તેમાં આનંદ અનુભવે છે. છતાં પુત્રના જન્મથી વધુ આનંદ થાય છે, જેથી થાળ ટિમકાવની જાણકારી અને વડીલો કાયમ રહે તે માન્યતા કામ કરે છે.

સુવાવડી સ્ત્રીને પ્રસવ બાદ વાટકી ખોરાક આપવામાં આવે છે. કડુ ખાટું-મોળું ખવરાવવામાં આવતું નથી. આર્થિક સ્થિતિ સારી હોય તો ઘીનો ખોરાક આપવામાં આવે છે.

બાળકના જન્મ બાદ કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. હાલ પ્રસવની ક્રિયા દવાખાનામાં રાખતાં હોવાથી નવા જન્મેલ બાળકની નાળ નર્સ જ પોતાના સાધનોથી કાપી લે છે.

દવાખાનામાંથી છૂટવા બાદ સુવાવડી સ્ત્રીનો ખાટલો ઘરમાં એકાદ ખૂણામાં રાખવામાં આવે છે કે જેથી કોઈને તકલીફ ન પડે.

<u>છઠ્ઠી</u> :

બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે આ વિધિ કરવામાં આવે છે, આ દિવસે ઘઉંની રોટલી અને ચાલ લીલોતરી શાક સાથે બનાવી નાના બાળકોને જમાડવામાં આવે છે.

આ દિવસે બાળકને નવડાવવામાં આવે છે, નવાં વસ્ત્રો પહેરાવવામાં આવે છે અને તેની માતા પણ નાહી-ધોઈ લે છે.

<u>નામકરણ વિધિ</u> :

બાળકના જન્મ પછીના સવા માસે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસે પંચ-સાત નાના બાળકોને જમાડવામાં આવે છે. સુવાવડી સ્ત્રી તથા નવા જન્મેલ બાળકને નવડાવવામાં આવે છે. આવી સ્ત્રી તથ

જન્મેલ બાળક પોતાની ફુઇબેનોને ઘરે નાખવા જાય છે. ત્યારે ફુઇબેનોને ચોઘળ વધાવવાનો આવે છે અને રીવાં કરવાનો આવે છે. ફઈબા પાસે નામ પાડે રાશિ જોવરાવી નામકરણ વિધિ કરવાનો આવે છે; આ સામાન્ય રીતે ઘરનો વડીલ પાડે છે. પુરુષ-સ્ત્રીના નામો ગુજરાતી નામો જેવાં છે. જો કે અન્ય પ્રભાવ સાથે નવાં નામો અપનાવે છે જે કંઇક આ પ્રમાણે જોવા મળ્યા.

<u>વૃધ્ધ પુરુષો : (૫૦ વર્ષથી ઉપર)</u>

નગીનભાઇ, છોટુભાઇ, મનાભાઇ, લલ્લુભાઇ, સોમાભાઇ, ઉનાભાઇ મણીલાલ.

<u>યુવાન પુરુષો : (૨૫ થી ૪૦ વર્ષ)</u>

પ્રવીણભાઇ, હસમુખભાઇ, કેશવભાઇ, બચુભાઇ, નટુભાઇ, ગોપાલભાઇ, ઠાકોરભાઇ, મુકેશભાઇ, અરવિંદભાઇ, મહેન્દ્રભાઇ, ભાનુપ્રસાદભાઇ.

<u>નાના બાળકો : (૧ થી ૧૫ વર્ષ)</u>

હિતેશ, રણજીત, કલ્પેશ, રાજુ, દીપક, રમેશ, અશોક, સંજય, અમીત.

<u>વૃધ્ધ સ્ત્રીઓ :</u>

કાશીબેન, ઉજીબેન, ઝવીબેન, રમીબેન, દિવાળીબેન.

<u>યુવાન સ્ત્રીઓ :</u>

મીનાક્ષી, પ્રભાવતી, તારાબેન, પાર્વતી, રમીલા, મંજરી.

<u>નાની બાળાઓ :</u>

પુષ્પા, ઉમા, જયશ્રી, નીરુ, જયમતી, નાનકી, શારદા, સુમન, મંજુ, મીના, સરસ્વતી.

ઉપરોક્ત નામ જોતા લાગે છે કે હાલ સભ્ય સમાજના સંપર્કથી તેઓ નવા-નવા નામો પાડે છે. આજથી ૫૦ વર્ષ પહેલાના અને અત્યારે જે નામો પાડે છે તેમાં ઘણો તફાવત છે.

<u>લગ્ન પહેલાના અને પછીના જાતિય સંબંધો :</u>

લગ્ન પહેલાં ગુજરાતની અન્ય આદિવાસી જાતિઓ જેવી જાતિય સંબંધમાં છૂટછાટ પોમલા આદિજાતિમાં જોવા મળતી નથી. લગ્ન પહેલાના જાતિય સંબંધ ઉપર સમાજ માન્ય નિષેધ છે. આવા સંબંધો જો કોઈ અંગે બંધાય તો તેને પણ અનીતિ અને અનિષ્ટ માનવામાં આવે છે. ક્ષેત્રકાર્યમાં જાણવા મળ્યું કે હજુ સુધી એવો કોઈ કિસ્સો બન્યો નથી, છતાં એવું થાય તો છોકરા-છોકરીને લગ્ન કરવા ફરજ પાડવામાં આવે છે, પછી ભલે છોકરો અન્ય જાતિનો હોય.

આમ આવા સંબંધો ઉપર પ્રતિબંધ હોવા છતાં કોઈ છોકરા-છોકરી વચ્ચે આવા સંબંધ બંધાયા હોય તો પહેલા નાતને ભેગી કરવામાં આવે છે. છોકરા-છોકરીના પિતા પાસેથી દંડ લેવામાં આવે છે, જે દંડની રકમ આવે તેમાંથી કરસાણ-મીઠાઈ મંગાવી દરેક

કુટુંબના લગ્નો કે જ્યાં હાજર હોય તેને ચાલે ભિક્ષે વહેંચી દેવામાં આવે છે. આમ દહેજ પાછળ કોઈ આર્થિક કારણો કે વ્યક્તિગત સ્વાર્થ ન હોતા જે ખૂબ કરી છે તેની ચિંતા કરવામાં આવી છે તેવી માન્યતા પ્રધાન છે.

લગ્ન પછીના જાતિય સંબંધને પણ સ્વીકારતાં નથી. જો કોઈ સ્ત્રી અન્ય પુરુષ જોડે આડા સંબંધ રાખે તો તેવી સ્ત્રીને ઘરમાંથી કાઢી મૂકવામાં આવે છે. તેના સાથે તેનો પતિ છુટાછેડા લે છે.

<u>લગ્નહેતુ :</u>

ચોધરા જાતિમાં લગ્ન પોતાના જ સમાજમાં ગોઠવાય તેવું વધારે ઇચ્છે છે. અને મોટાભાગના લગ્નો સમાજમાં જ થાય છે. આને માટે આર્થિક સ્થિતિ વધારે કારણભૂત છે. કેમકે જાન લઈ જવી, છોકરીને તેના પિતાને જ્યાં હલવા-આવવા જાવનું વગેરે બાબતોમાં ખૂબનું ખર્ચ હોય તો મુશ્કેલી પડે છે. આથી સમાજમાં લગ્ન ગોઠવવાનું વધારે ઇચ્છે છે.

<u>બહુપત્ની પ્રથા :</u>

આ સમાજમાં લગ્ન એકપત્નીક છે એટલે કે એક સ્ત્રી અને એક પુરુષના લગ્ન સમાજ માન્ય છે અને તે પણ ચોધરા સમાજમાં જ. બહુપતિ કે બહુપત્ની ઉપર સમાજ પ્રતિબંધ મૂકે છે. પરંતુ જો કોઈ સ્ત્રીને બાળક ન થતું હોય તો અને તેવી સ્ત્રી અન્ય લગ્ન માટે પુરુષને- પોતાના પતિને પરવાનગી આપે કે તમે બાળકો માટે બીજા લગ્ન કરો તો જ પુરુષ બીજા લગ્નો કરી શકે છે. જો કે બીજી પત્ની લાવ્યા પછી પણ પુરુષે બન્ને પત્નીને સાચવવી પડે છે.

## જીવનસાથી પસંદગીમાં જોવાતાં મુદ્દા :

લગ્ન કરવા માટે બન્ને પક્ષ પ્રથમ મહત્વ કુટુંબને આપે છે. સમાજમાં કુટુંબનું સ્થાન - માન - મોભો કેવાં છે તેને મહત્વ આપવામાં આવે છે. જ્યારે છોકરાના પિતા છોકરીમાં કામ કરવાની આવડત, તેનું ચારિત્ર વગેરે મુદ્દો જોવે છે. છોકરીનાં માતા-પિતા છોકરાપક્ષની આર્થિક સ્થિતિ, છોકરો કામ શું કરે છે, તેમાંથી કેટલી આવક થાય છે, તેની ચાલ-ચલગત, વડીલો પ્રત્યેની અને કુટુંબ પ્રત્યેનો છોકરાનો વર્તન, તેની ટેવો, વગેરે બાબતો જોવામાં આવે છે. આ બધુ જોયા પછી માતા-પિતા પોતાનાં છોકરા-છોકરીની વાત આગળ ચલાવે છે. આમ છતાં જે પાત્રો જોડાવાનાં છે તેનો પણ અભિપ્રાય લેવામાં આવે છે. છોકરા-છોકરીની ઇચ્છા હોય તો જ વાત આગળ ચલાવે છે.

## લગ્ન - ઉંમર :

પોમલાઓમાં લગ્નની ઉંમર ૧૫ થી ૨૫ વર્ષની કહી શકાય. પોમલાઓમાં નમૂનામાં લીધેલા કુટુંબોમાં સ્ત્રીઓની લગ્ન ઉંમર ૧૫ થી ૨૦ વર્ષ સુધીમાં વધારે જોવા મળી હતી. જ્યારે છોકરાઓના લગ્નની ઉંમર ૧૫ થી ૨૫ વર્ષ સુધીમાં જોવા મળી હતી, જે નીચેના કોઠા પરથી વધારે સ્પષ્ટ થશે.

# કોઠો - ૨૨૧

## લગ્ન સમયની ઉંમર પ્રમાણે કુટુંબ સંખ્યાનું વર્ગીકરણ

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | લગ્ન સમયની ઉંમર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૫ થી ૨૦ | | ૨૧ થી ૨૫ | | ૨૬ થી ઉપર | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| સુરત | ૩૫ | ૨૦<br>૪૬.૫૧ | ૩૬<br>૭૫.૦૦ | ૨૧<br>૪૮.૮૪ | ૧૨<br>૨૫.૦૦ | ૨<br>૪.૬૫ | - | ૪૩<br>૧૦૦.૦૦ | ૪૮<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૪<br>૨૨.૨૨ | ૧૫<br>૭૧.૪૩ | ૧૩<br>૭૨.૨૨ | ૬<br>૨૮.૫૭ | ૧<br>૫.૫૬ | - | ૧૮<br>૧૦૦.૦૦ | ૨૧<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૧૧<br>૭૩.૩૩ | ૨૦<br>૯૫.૨૪ | ૩<br>૨૦.૦૦ | ૧<br>૪.૭૬ | ૧<br>૬.૬૭ | - | ૧૫<br>૧૦૦.૦૦ | ૨૧<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૪ | ૬<br>૭૫.૦૦ | ૪<br>૧૦૦.૦૦ | ૨<br>૨૫.૦૦ | - | - | - | ૮<br>૧૦૦.૦૦ | ૪<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૫<br>૭૧.૪૨ | ૭<br>૮૭.૫ | ૧<br>૧૪.૨૯ | ૧<br>૧૨.૫ | ૧<br>૧૪.૨૯ | - | ૭<br>૧૦૦.૦૦ | ૮<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૪૬<br>૫૦.૫૫ | ૮૭<br>૮૧.૩૧ | ૪૦<br>૪૩.૯૬ | ૨૦<br>૧૮.૬૯ | ૫<br>૫.૪૯ | - | ૯૧<br>૧૦૦.૦૦ | ૧૦૭<br>૧૦૦.૦૦ |

ઉપરનો કોઠો જોતાં જણાશે કે ધોબીમાં સમાનપણે લગ્નસમયનું ધોરણ જોવા મળતું નથી. પુરુષો ૧૫ થી ૨૦ વર્ષ સુધીમાં ૫૦.૯૪ ટકા અને ૨૧ થી ૨૫ વર્ષ સુધીમાં ૪૭.૬૨ ટકા લગ્ન થયા છે. જ્યારે પુરુષોમાં ૨૬ વર્ષથી ઉપર લગ્ન કર્યા હોય તેનું પ્રમાણ માત્ર ૧.૪૪ ટકા છે. આમ પુરુષોમાં લગ્નની ઉંમર ૧૫ થી ૨૫ વર્ષના ગાળામાં વધુ જોવા મળે છે. સ્ત્રીઓમાં ૧૫ થી ૨૦ વર્ષ સુધીમાં ૮૧.૩૧ ટકા અને ૨૧ થી ૨૫ વર્ષ સુધીમાં ૧૮.૬૯ ટકા લગ્ન થયેલાં છે. એટલે કે છોકરીઓનાં ૧૫ થી ૨૦ વર્ષ સુધીમાં લગ્ન કરવાનું પ્રમાણ વધારે છે.

ધોબી જ્ઞાતિમાં છોકરો ઉંમર લાયક થાય એટલે તેનાં પિતા છોકરીની શોધમાં લાગી જાય છે. છોકરીઓ પણ નજરથી વાંકી ઘણી હોવાથી છોકરીનાં માતા-પિતાને શોધ કરવી પડતી નથી. જો છોકરામાં કંઈ ખોડ-ખાંપણ હોય તો છોકરાના પિતા છોકરાની શોધખોળ કરે છે.

તપાસમાં લીધેલ ૭૨ કુટુંબોની કુલ સંખ્યા ૪૫૪ નો વૈવાહિક દરજ્જો નીચેના કોઠા – ૨૨ માં બતાવ્યા પ્રમાણે હતો.

## કોઠો - ૧૨૨:

### વૈવાહિક દરજ્જા પ્રમાણે કુટુંબ વડાઓનું વર્ગીકરણ

| વિસ્તાર | કુટુંબ સંખ્યા | વૈવાહિક દરજ્જો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અપરિણિત | | પરિણિત | | છૂટાછેડા | | વિધુર-વિધવા | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| સુરત | ૩૧ | ૬૩<br>૫૯.૪૩ | ૬૭<br>૫૮.૨૬ | ૪૩<br>૪૦.૫૭ | ૪૩<br>૩૭.૩૯ | - | ૧<br>૦.૮૭ | - | ૪<br>૩.૪૮ | ૧૦૬<br>૧૦૦.૦૦ | ૧૧૫<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૩૪<br>૬૫.૩૮ | ૧૮<br>૪૬.૧૫ | ૧૭<br>૩૨.૬૯ | ૧૭<br>૪૩.૫૯ | ૧<br>૧.૯૩ | - | - | ૪<br>૧૦.૨૬ | ૫૨<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૨૫<br>૬૨.૫ | ૧૮<br>૪૬.૧૫ | ૧૫<br>૩૭.૫ | ૧૫<br>૩૮.૪૬ | - | ૧<br>૨.૫૬ | - | ૫<br>૧૨.૮૨ | ૪૦<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | ૧૩<br>૬૧.૯૦ | ૯<br>૫૦.૦૦ | ૭<br>૩૩.૩૩ | ૭<br>૩૮.૮૯ | ૧<br>૪.૭૬ | - | - | ૨<br>૧૧.૧૧ | ૨૧<br>૧૦૦.૦૦ | ૧૮<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૭<br>૫૦.૦૦ | ૨<br>૨૦.૦૦ | ૭<br>૫૦.૦૦ | ૭<br>૭૦.૦૦ | - | - | - | ૧<br>૧૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | ૧૦<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૧૪૨<br>૬૦.૯૪ | ૧૧૪<br>૫૧.૫૮ | ૮૯<br>૩૮.૨૦ | ૮૯<br>૪૦.૨૭ | ૨<br>૦.૮૬ | ૨<br>૦.૯૦ | - | ૧૬<br>૭.૨૪ | ૨૩૩<br>૧૦૦.૦૦ | ૨૨૧<br>૧૦૦.૦૦ |

ઉપરનો કોઠો – ૨૨ જોતાં સ્પષ્ટ થશે કે ૨૩૩ પુરુષોમાં ૧૪૨ (૬૦.૯૪ ટકા) પુરુષો અપરણિત હતાં, ૮૯ (૩૮.૨૦ ટકા) પરણિત હતાં, અને ૨ (૦.૮૬ ટકા) પુરુષોએ છૂટાછેડા લીધેલ હતાં. તે જ પ્રમાણે ૨૨૧ સ્ત્રીઓમાં ૧૧૪ (૫૧.૫૮ ટકા) અપરણિત ૮૯ (૪૦.૨૭ ટકા) પરણિત, ૨ (૦.૯૦ ટકા) છૂટાછેડા લીધેલ અને ૧૬ (૭.૨૪ ટકા) વિધવાઓ હતી આમ જોતાં અપરણિતોની સંખ્યા વધુ છે. જ્યારે વિધવા અને છૂટાછેડા લીધેલનું પ્રમાણ ઓછું જોવું છે, વિધુરનું પ્રમાણ જોતાં ઓછું નથી તેનું કારણ એ છે કે પુરુષ અન્ય લગ્ન કરી લે છે. જ્યારે સ્ત્રીઓ વાંઝી થઈ જાય પછી બીજા લગ્ન કરવાનું ઓછું પસંદ કરે છે.

સગાઈ :

સગાઈને માટે તેઓ "અણોજી" એવો શબ્દ વાપરે છે. સામાન્ય રીતે છોકરાની ઉમર ૧૯ થી ૨૧ વર્ષ અને છોકરીની ઉમર ૧૭ થી ૨૦ વર્ષની હોય ત્યારે સગાઈ કરવામાં આવે છે. સગાઈ માટેની શરૂઆત છોકરાપક્ષ તરફથી થાય છે, અને તે માટેનું મુખ્ય કારણ એ છે કે પોમલા સમાજમાં સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધુ છે. સગાઈ માટે છોકરાના પિતા, છોકરીના પિતા પાસે પોતાના પુત્રનું માગું લઈને જાય છે. જો બન્ને પક્ષે સંમતી હશે તો વાત આગળ ચલાવે છે. સગાઈમાં છોકરી માટે છોકરાપક્ષ તરફથી બે જોડી કપડાં, ચોખા- [illegible] ચિન્હ તરીકે રૂ. અને પાઘડી લઈ જાય છે. તેમજ ગોળ વગેરે પણ લે છે. છોકરાપક્ષનાની સ્થિતિ સારી હોય તો સગાઈમાં પહેરવાના નંદીના ઘરેણાં પણ લે છે. સગાઈની વિધિમાં આશરે ૧૦ થી ૧૨ માણસો જાય છે. કોઈ જગ્યાએ મુખ્ય પાત્ર છોકરો પણ જોડે જાય છે. સગાઈની વિધિ છોકરીપક્ષને ત્યાં થાય છે. સગાઈની વિધિ રજુના

આડાં બારણી જાનની આવભગત કરવામાં આવે છે; પ્રથમ છોકરીને જે છોકરાંપક્ષ તરફથી કપડાં આપ્યાં હોય તે પહેરાવવામાં આવે છે. તેમજ અન્ય જે વસ્તુઓ આપ્યાં હોય તેનાથી તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ છોકરાંપક્ષ તરફથી કોઈપણ એક બાઈ છોકરીને ચોટલો કરી વધાવે છે; છોકરીનાં પિતા તરફથી હાજર રહેલાંને ચાંલ્લાઓ આપવામાં આવે છે.

આ વિધિના અંતે છોકરાંનાં પિતાએ ગામનાં પટેલને ૧૧.૨૦ થી ૨૫ આપવાના હોય છે. વરોરના ભોજનનો જે ખર્ચ થયો હોય તે પણ છોકરાપક્ષે ભોગવવો પડે છે. કોઈ જગ્યાએ સગાઈની વિધિ પુરી થઈ જાય એટલે દારૂની ઉજાણી પણ થાય છે. સગાઈ પછીના દિવસે છોકરાંપક્ષવાળાં છોકરીપક્ષવાળાં ચાંલ્લાઓ આપી વિદાય કરે છે. સગાઈમાં આશરે ૩૦૦ થી ૪૦૦ નો ખર્ચ થાય છે.

<u>લગ્ન :</u>

બન્ને પક્ષની અનુકૂળતાએ લગ્નની તિથિ નક્કી કરવામાં આવે છે. સામાન્ય રીતે ગામના લોકો વૈશાખ માસમાં લગ્ન કરવાનું વધારે ગોઠવે છે. આ લોકો પોતાના કુળ-કુટુંબમાં લગ્ન ગોઠવણી વખતે પોતાનાં અન્ય કોઈ નજીકના સગામાં લગ્ન નથી તેનો પણ ખ્યાલ કરે છે. લગ્નની તિથિથી છ કે બાર દિવસ અગાઉ પોતાનાં સગા-સંબંધીઓને ખબરી જાણ કરે છે. જો કે હાલ તો ઘણાં લગ્ન કંકોત્રી પણ છપાવવા લાગ્યા છે. જ્યારે ગામમાં રૂબરૂમાં આમંત્રણ આપી આવે છે.

લગ્નની જે તિથિ આવી હોય તેનાં છ દિવસ અગાઉથી વર-કન્યાને પીઠી ચોળવામાં આવે છે. આ પીઠી જે પરણિત યુવતીઓ

હોય તે જ ચાલે છે. કુંવારા છોકરાઓ પાછા ચાંલ્લામાં ભાગ લેતા નથી.

માંડવો :

લગ્ન તિથિનાં આગલા દિવસે મંડપ રોપવામાં આવે છે. વર-કન્યા બન્નેને ત્યાં મંડપ એક જ દિવસે રોપવામાં આવે છે. બ્રાહ્મણે જે મુહૂર્ત અને સમય આપ્યો (શોધ્યો) ત્યારે મંડપ રોપે છે. મંડપ ઘરના બારણા-ની બાજુમાં એક ખાડો કરી પ્રથમ ગણેશસ્થાપન કરે છે; આ ગણેશ-સ્થાપનને મુહૂર્ત-ઘડી વગેરે કહેવામાં આવે છે. ઘરમાં ગોત્રજનું સ્થાપન કરવામાં આવે છે. તે જ દિવસે બપોરના ગ્રહશાંતિ હવન કરે છે. અને જે સગા-વહાલાં, મહેમાનો, મિત્રો આવ્યા હોય તેને ભોજન કરાવવા-માં આવે છે. ભોજનમાં લાપસી, દાળ, ભાત, શાક બનાવે છે, પરંતુ કોઈની આર્થિક સ્થિતિ નબળી હોય તો દાળ-ભાત-શાક પણ બનાવે છે.

જાન :

મંડપના બીજા દિવસે જાન જાય છે, આ જાન છોકરાની છોકરીને ત્યાં જાય છે. જાન ગામમાં જવાની હોય તો સાંજે ચાર-પાંચ વાગ્યે નીકળે છે. પરંતુ બહારગામ જવાની હોય તો જાન સવારમાં ૬ થી ૭ વાગ્યે ગાડાં, ચોકડીઓ, ટ્રક-બસમાં નીકળે છે. જાનમાં સ્ત્રી-પુરુષો-બાળકો બધાં આશરે ૫૦ થી ૧૦૦ માણસો જાય છે. આમાં પોતાના કુટુંબના સગા-વહાલાં ઉપરાંત પડોશી અને મિત્રો પણ હોય છે. જાન લઈ જનાર પક્ષની આર્થિક સ્થિતિ સારી હોય તો ટ્રકમાં જાન જાય છે. નહિ તો ટ્રેન કે બસમાં જતા રહે છે અને સ્ટેશનથી પગપાળા જાય છે.

લગ્નને દિવસે વરરાજાનો પોષાક પાટલુન-ખમીસ-કોટ અને માથે ટોપી પહેરે છે. કપડાંનો કલર કોઈપણ જાતનો હોય છે. હાલ ઘણાં યુવાન છોકરાઓ કોટ-પાટલુન પણ પહેરે છે. પગમાં દરેક પરણનાર પુરુષ લાલ કલરના બુટ પહેરે છે. કન્યાનો પહેરવેશ લાલ અથવા લીલા કલરની સાડી, લાલ પોલકું અને લાલ ચણિયો હોય છે. જાનમાં આવનાર અન્ય સભ્યો પોતાની પાસે હોય તે કપડાં પહેરે છે.

જાન કન્યાપક્ષને ત્યાં પહોંચે ત્યારે પ્રથમ ઉતારો આપ્યો હોય ત્યાં જાય છે. ત્યાં કન્યાપક્ષનાં વડીલ સ્ત્રી-પુરુષો જાનૈયાને મળવા માટે આવે છે. જાન સમયસર સાંજના પાંચ-છ વાગ્યે પહોંચે છે, તેથી મોડી રાતમાં કન્યાપક્ષને ત્યાં જમવા માટે બોલાવવામાં આવે છે. ભોજનમાં દાળ-ભાત-શાક અને લાપસી હોય છે. કોઈ-કોઈ અત્યારે લાડુ અને ગાંઠીયા જમાડવામાં આવે છે. જમણ પુરું થઈ જાય એટલે વરપક્ષના પોતાને મૂકેલ ઉતારે આવી જાય છે.

લગ્ન વિધિ :

ભોજન કરી ઉતારે ગયાં બાદ કન્યાપક્ષ તરફથી વરઘોડો લઈને આવવાનું આમંત્રણ આપવામાં આવે છે. વરરાજા વાજતે-ગાજતે કન્યાને માંડવે આવે છે. વરઘોડો નીકળે ત્યારે આગળ ઢોલ અથવા બેન્ડવાજા વાગતા હોય છે. તેની પાછળ પુરુષો અને તેની વચ્ચે વરરાજા હોય છે. વરરાજાની પીઠ ઉપર તેની બહેન અથવા નાની છોકરી નાની લોટીમાં થોડા પાન નાખી લૂણ ઉતારે છે. પાછળ સ્ત્રીઓ ગીત ગાતી આવે છે. કન્યાપક્ષને ત્યાં પહોંચે એટલે માંડવા નીચે વરરાજાને પાટલા ઉપર બેસાડવામાં આવે છે. સૌ પ્રથમ દહેજના રૂ.૧૦૦ થી ૧૨૫ વરપક્ષ તરફથી કન્યાપક્ષને આપવાના હોય છે તે આપે છે.

ચોખવાં સમાજમાં બે રીતે લગ્નો થાય છે (૧) બ્રાહ્મણ દ્વારા જો બ્રાહ્મણ દ્વારા લગ્ન વિધિ કરાવવામાં આવે તો તે બ્રાહ્મણ પ્રમાણે ચોરી વગેરે વિધિ પોતાની રીતે કરે છે. જો કે આવું પ્રમાણ નહિવત છે. (૨) ચોખવાં પટેલ દ્વારા - ચોખવા પટેલ દ્વારા લગ્ન વિધિ કરાવવાના ઘણાં દાખલા છે. ચોખવા પટેલ વર-કન્યાને બે મંડપ વચ્ચે પાટલા ઉપર બેસાડે છે, વર-કન્યા ઉપર ફુલહાર કરે છે. પછી પોતાની બોલીમાં વરવધૂને આશિષ વચનો આપે છે અને વર-કન્યાને ચાર ફેરા ફેરવે છે. ત્યારબાદ હાજર રહેલા સમાજના લોકો વર-કન્યાને રૂા. ૨ થી ૫ નો ચાંદલો કરે છે. આ રીતે લગ્ન વિધિ પુરી થાય છે.

<u>વિદાય :</u>

લગ્નના બીજા દિવસે સવારમાં વર-કન્યાને કન્યાપક્ષ તરફથી ખીરું મોઢું કરાવવામાં આવે છે. અન્ય જાનૈયાઓને ચાં-પાણી નાસ્તો કરાવવામાં આવે છે. જાન વિદાય થતાં પહેલાં વર-કન્યા પરસ્પર અને મોસ-શરીર કંકુનાં થાપાં લગાવે છે. કન્યાના પિતા પહેરામણી રૂપે તો વાસણ અને ગોદડી ચરતમાં આપે છે. પરંતુ તેમાં કોઈ ફરજિયાત નથી. પછી જાનને વિદાય કરવામાં આવે છે. કન્યા વરની જોડે જ જાય છે. અન્ય કોઈ બીજી કન્યાપક્ષ તરફથી જાન સાથે જતી નથી. આઠ-દસ દિવસ પછી કન્યાપક્ષ તરફથી કન્યાને તેડવા માટે ચાર-પાંચ માણસો આવે છે. બાદ કન્યા પોતાના પિયરમાં એકાદ માસ રહે છે. ત્યારબાદ વરપક્ષ તરફથી બે-ત્રણ માણસો આવી કન્યાને તેડી જાય છે. બે-ત્રણ માસ કન્યા વરપક્ષને ત્યાં રહે છે. ફરી કન્યાના માત-પિતા આવી કન્યાને તેડી જાય છે. કન્યા પોતાના પિયરમાં બે-ત્રણ માસ રહે છે. પછી સાસરે આવી જાય છે અને કાયમી ત્યાં જ રહે છે.

કોઈપણ પ્રસંગો કે ઉત્સવોમાં કકન ચેડાક-ને દિવસ પોતાના પિયરમાં જાય છે, લગ્ન પ્રસંગ માટે ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે.

છૂટાછેડા :

પોમલા જાતિમાં છૂટાછેડા લઈ શકાય છે. એટલે કે છૂટાછેડા સમાજ માન્ય છે પરંતુ છૂટાછેડાનું પ્રમાણ ઘણું જ ઓછું છે. અભ્યાસમાં આવરી લીધેલ કુલ ૭૨ કુટુંબમાંથી માત્ર બે પુરુષ અને બે સ્ત્રીએ જ છૂટાછેડા લીધેલ છે. છૂટાછેડા લેવા માટે અનેક કારણો છે જેમકે પત્ની કહ્યામાં ન રહે, તેની ચાલ-ચલગત સારી ન હોય, સંતાનો થતા ન હોય. પુરુષ અથવા સ્ત્રી બન્નેમાંથી કોઈને શારીરિક રોગ હોય તો આવી કોઈપણ પરિસ્થિતિમાં બન્ને પાત્રો પુરુષ-સ્ત્રી છૂટાછેડા લે છે.

પુરુષ સ્ત્રીને છૂટાછેડા આપી દે અથવા તો બન્નેની સંમતિથી છૂટાછેડા લેવાય તો પુરુષે સ્ત્રીને આપેલ દહેજ પાછું આપવું નથી. પુરુષ કમાતો હોય, પોતાની પત્નીને ખાવા-પીવાનું આપતો હોય, કોઈ મોટા વ્યસન ન હોય છતાં પોતાની પત્નીને જરાપણ તકલીફ ન પડતી હોય અને તેણી છૂટાછેડા લેવા ઈચ્છે તો તેણીએ પુરુષે આપેલ દહેજ તો આપવું જ પડે છે. તદુપરાંત પુરુષને લગ્નમાં જે ખર્ચ થયો હોય તે પણ સ્ત્રી પક્ષે પાછો આપવો પડે છે.

પતિ-પત્ની છૂટાછેડા લે, અને જો કંઈ સંતાન હોય તો તે સંતાનનો હક્કદાર પુરુષ બને છે. પરંતુ સંતાન નાની ઉંમરનું હોય તો સ્ત્રી પાસે રહે છે. પરંતુ મોટું થતા તેણે પુરુષને સોંપી દેવું પડે છે.

પુનઃ લગ્ન :

પોમલા જાતિમાં વૈધવ્ય ભોગવવું ફરજિયાત ન હોવાથી, તેમજ

પુનર્લગ્ન સમાજ સ્વીકૃત હોવાથી વિધવા-વિધુર કે છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષ પુનર્લગ્ન કરી શકે છે. આવાં લગ્નો જે રીતે પ્રથમ લગ્નની માફક વિધિસર થતાં નથી. વળી, વિધવા-વિધુર તેમજ છૂટાછેડા લીધેલ પાત્રને તેનાં જેવું જ પાત્ર મળે છે એટલે કે વિધુર સાથે કોઈ કુંવારી છોકરી લગ્ન કરવા તૈયાર થતી નથી કે વિધવા સાથે કોઈ કુંવારો છોકરો લગ્ન કરવા સંમત થતો નથી.

આ પુનર્લગ્નને માટે તેઓ "નાતરું" એવો શબ્દ વાપરે છે. આવા લગ્નમાં પુરુષ પક્ષ તરફથી પત્નીપક્ષને મફરો ભરી પડે જાય છે. ત્યારે બન્નેને સ્વીકાર કરવામાં આવે છે.

<u>દિયરવટું</u> :

પોમલા સમાજમાં દિયરવટાની પ્રથા છે. એટલે કે પતિ મરી જાય પતિના નાનાભાઈની સાથે તે લગ્ન કરી શકે છે અને આવાં લગ્નો થયેલાં જ છે; પરંતુ પતિના મોટાભાઈ સાથે લગ્ન થતાં નથી એટલે કે જેઠવટું નથી. પતિના મોટાભાઈને પિતા સમાન ગણવામાં આવે છે.

<u>સાળીવટું</u> :

પત્નીના મૃત્યુબાદ પતિ મૃત પત્નીની બેન જોડે લગ્ન કરી શકે છે. સાળી નાની કે મોટી કોઈપણ હોય શકે. પરંતુ નાની સાળી સાથે લગ્ન થયેલાના દાખલા છે. મોટી સાળી જોડે લગ્ન થયેલા હોય તેવું હજુ સુધી બન્યું નથી.

મૃત્યુ :

વ્યક્તિ જ્યારે મરણ પથારીએ હોય ત્યારે તેના નજીકના સગાઓને જેમકે ભાઈ, બહેન, કાકા, જમાઈ, દીકરી વગેરેને બોલાવી લેવામાં આવે છે. મરણ પથારીએ પડેલ વ્યક્તિનું મૃત્યુ થયું છે તેમ જણાય એટલે ગામમાં રહેતાં પોતાના જાતિ ભાઈઓને તુરત જ બોલાવી લેવામાં આવે છે અને એક ઘીનો દીવો પ્રગટાવવામાં આવે છે. વ્યક્તિ મરણ પામે એટલે મૃતદેહને ખાટલા ઉપરથી ઉતારી નીચે જમીન ઉપર રાખવામાં આવે છે. વ્યક્તિના મૃત્યુના સમાચાર જાણી જે સ્ત્રી-પુરુષો ત્યાં આવે તેઓ રડવા લાગે છે.

મૃતદેહને પ્રથમ સ્નાન કરાવવામાં આવે છે. પછી હળદર આખા શરીર ઉપર લગાડવામાં આવે છે. તેને અત્તર છાંટવામાં આવે છે, અને બાદમાં નવા વસ્ત્રો પહેરાવવામાં આવે છે. પછી વાંસ વગેરેની ઠાઠડી તૈયાર કરવામાં આવે છે.

મૃતદેહને દીકરા-ભાઈ અન્ય નજીકના સગાઓ ઉપાડે છે. સ્મશાન યાત્રા નીકળે ત્યારે આગળ એક વ્યક્તિ હાંડી માટલીમાં અગ્નિ રાખી ચાલે છે, તેની પાછળ પુરુષો મૃતદેહને લઈને ચાલે છે. સ્ત્રીઓ ઘણી પાછળ હોય છે, અને તે ફક્ત થોડે સુધી સાથે જઈ શકે છે. મૃતદેહને પહેલાં જગ્યા નક્કી કરેલ હોય તેવા સ્થળે ચિતામાં મૂકવામાં આવે છે. ત્યાં ઠાઠડી ઉપાડનાર તેઓ એક પ્રદક્ષિણા કરે છે. બાદમાં ઠાઠડીની જે આગળ હોય તે પાછળ આવી જાય છે અને પાછળ હોય તે આગળ આવી જાય છે. ત્યાં એક વિસામો પણ લેવામાં આવે છે.

પોમલા જાતિમાં મૃતદેહને દાટવાની અને બાળવાની બન્ને ક્રિયા થાય છે. સામાન્ય રીતે ૫ થી ૭ વર્ષ સુધીનાને દાટે છે અને

તેવાથી ચોટી ઉપરવાને આવી છે. પરંતુ હાલ વાડકાની ખાધ વધુ હોવાથી અને ચોખા વાણિની આર્થિક સ્થિતિ નથી હોવાથી તેઓ ચોટી ઉપરવાને પણ કાઢવા લાગ્યા છે. સ્મશાનમાં મૃતદેહને દાટી કે બાળીને દરેક પુરુષો ન્હાવા માટે જાય છે, સ્મશાનેથી મૃત્યુ પામેલ વ્યક્તિને ત્યાં પાછા ફરે ત્યારે દરેકને પાણીમાં લીમડાનાં પાન નાખી કોગળા કરાવવામાં આવે છે. કોગળા કર્યા બાદ દરેક વ્યક્તિ ઘર પોતે ઘરે પડે છે, એટલે કે ઘર તરફ પ્રયાણ કરે છે. ત્યારબાદ ત્યાં આવેલ બધાને ચા-પાણી આપવામાં આવે છે. આ ચા-પાણી મૃત્યુ પામેલ વ્યક્તિને ત્યાં જ બના અન્ય સગાંઓને ત્યાંથી આવે છે. ચા-પાણી લઈ બધા વિદાય થાય છે.

<u>મૃત્યુબાદની વિધિ :</u>

મૃત્યુબાદ પાંચ દિવસ સુધી મૃત્યુ પામેલ વ્યક્તિને જ્યાં દાટવામાં કે બાળવામાં આવ્યો હોય ત્યાં તેને જે કંઈ વધુ પસંદ વ્યસન હોય કે તેની કોઈ ખાવા-પીવાની પ્રિય વસ્તુ હોય તે મૂકવામાં આવે છે. મૃત્યુ પછીના છઠ્ઠા દિવસે જે નજીકના સગાંઓ થતા હોય તેવા પુરુષો દાઢી-મૂછ કઢાવી નાખે છે, બાદ કે દીકરા હોય તે માથાના વાળ પણ કઢાવી નાખે છે. જેને તેઓ "સુવાણુ" ઉતાર્યું એ રીતે બોલે છે, સુવાણુ ઉતાર્યું એટલે કે સૂતક કાઢવું. કોઈ વળી, મૃત્યુ પામેલાની પાછળ ભજન-કીર્તન પણ કરાવે છે.

બારમાની વિધિ કરવાની પ્રથા છે. આ વિધિ બ્રાહ્મણ પાસે કરાવાય છે. સામાન્ય રીતે બ્રાહ્મણ આ વિધિ નદી કિનારે કરાવે છે. જેમાં મૃત વ્યક્તિને પિંડદાન કરવામાં આવે છે. બારમાની વિધિમાં જે સ્ત્રી-પુરુષ સગાંઓ આવ્યા હોય તેને ભોજન પણ મૃત પામેલ વ્યક્તિને ત્યાં હોય છે. મૃત વ્યક્તિ પાછળ કોઈ પાળિયો કે ખતરી

મૂકવામાં આવતો નથી, પરંતુ પાછળ લગભગ રૂપિયા ૫૦૦ થી ૭૦૦ નો ખર્ચ થાય છે.

આમ સમગ્ર રીતે જોતાં [illegible] સામાજિક માળખા ઉપર આર્થિક વિકાસનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. [illegible] તે પરંતુ [illegible] વિકાસમાં આર્થિક બાબત ઘણી રીતે અસર કરી છે. રહેણી અને [illegible] હોવા છતાં તેઓ પોતાની રીતે જ, પોતાના રિવાજ મનાવે છે. અને તેની પાછળ છે આર્થિક રીતે નબળી પરિસ્થિતિનો પ્રભાવ.

## પ્રકરણ – ૬ ધાર્મિક જીવન

સામાજિક જીવનમાં દરેક ક્ષેત્રે ધર્મ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોવા મળે છે. ધર્મ એ તેની મૌલિક સંસ્કૃતિ સાથે સંકળાયેલ છે, દરેક સમાજમાં તેની અસર છે. સમગ્ર સમાજનું ધાર્મિક પાસું, વાતાવરણ તેમજ સંસ્કૃતિની ભિન્નતાને કારણે ધાર્મિક માન્યતાઓમાં પણ ભિન્ન-ભિન્ન પ્રકારની જોવા મળે છે.

ધોડિયાજાતિ હિન્દુ ધર્મમાં આસ્થા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓને માને છે; આમ છતાં પોતાના ધાર્મિક વ્યવહારના ક્ષેત્રમાં પણ કેટલાક દેવ-દેવીઓ છે. તેઓ મોગલ, જોગણી, મહાકાળી, અંબાજી, બહુચરી, હનુમાન, ગણપતિદેવ વગેરેને પૂજે છે. વળી, ધાર્મિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં કંસારીદેવ, નવાટીદેવ, ભીમનાથ વગેરેની પૂજા કરે છે. આ દેવ-દેવીઓની પૂજાને ધોડિયા ક્યારે કઈ રીતે અનુસરવા લાગ્યા તે અંગે કોઈ માહિતી મળતી નથી. પરંતુ એટલું કહી શકાય કે ધોડિયા જાતિ ઉપર હિન્દુ સમાજની અસર છે.

### ધોડિયા જાતિમાં ધર્મનું સ્થાન :

સમાજની દરેક ઘટનાને સમજવી કે માનવી માટે મુશ્કેલ છે. જ્યારે તે અમુક ઘટના પાછળના કારણો જાણી શકતો નથી, ત્યારે તેની પાછળ કોઈ અલૌકિક શક્તિ હશે તેવું માને છે અને અલૌકિક શક્તિમાંથી જ જુદા જુદા દેવ-દેવીઓની પૂજા શરૂ થાય છે. ધોડિયા જાતિનો મૂળ ધંધો ખેત-મજૂરી અને વાંસમાંથી ટોપલા-ટોપલી બનાવવાનો છે. આ માટે તેઓને અથાગ પરિશ્રમ કરવો પડે છે. ઘણી વખત વ્યક્તિનું જીવન પણ જોખમમાં મુકાય જાય તેવું પણ થાય છે. આવી વિકટ પરિસ્થિતિ હોય ત્યારે વ્યક્તિ ધર્મનો આશરો લે છે.

**ધાર્મિક માન્યતાઓ :**

અહીંયા દરેક ધોમલા કુટુંબ કોઈને કોઈ દેવીની પૂજા કરે છે. ધોમલા લોકો બહુચરાજી માતાને પૂજે છે. વળી, તેઓ ખોડિયાર, કાળભૈરવ, અંબાજી, ચોસઠ જોગણી અને શીતળા દેવીને પૂજે છે. તે ઉપરાંત દરેક ગામના કુટુંબો કોઈને કોઈ કુળદેવી હોય છે તેની પૂજા તેઓ પ્રસંગોપાત નૈવેદ્ય ધરાવી કરે છે.

ધોમલા લોકો નિયમિત રીતે પૂજા કરતા હોય તેવું જોવામાં નથી આવતું. પરંતુ અમુક પ્રસંગોપાત પૂજા કરે છે. તેઓ વ્યક્તિગત રીતે પણ દેવ-દેવીની પૂજા કરે છે. તેમજ ચૈત્રમાસ અને આસોમાસ (નવરાત્રી) માં તેઓ સામૂહિક રીતે માતાજીની પૂજા કરે છે.

ધોમલા લોકો પોતાના દેવ-દેવીનું સ્થાન ઘરમાં ઉપરના ભાગે રાખે છે. તેઓ માતાનો દીવો પણ ઉપર રાખે છે. તેઓની માન્યતા પ્રમાણે દીવો માતાજી છે - તે પવિત્ર કહેવાય તેથી તેનું સ્થાન ઉપર છે. તેઓ દરેક પૂનમે માતાને શ્રીફળ વધારી પૂજા કરે છે. તેમના ઇલાકામાં હનુમાન, વાળિયાદેવ, ચોસઠ જોગણી વગેરે દેવ-દેવીના મંદિરો છે.

**તહેવારો - ઉત્સવો :**

ધોમલા લોકો હિન્દુ ધર્મ સમાજના સંપર્કમાં આવવાથી હિન્દુ તહેવારો પણ ઉજવતા થયા છે. આ લોકો હિન્દુઓમાં આવતા બધા તહેવારો ઉજવે છે. અલબત્ત તહેવારો બધા માટે સામાન્ય હોવા છતાં દરેક સમાજની આર્થિક સ્થિતિ અને સંસ્કૃતિ પ્રમાણે તહેવારો ઉજવવામાં પણ ભિન્નતા હોય છે. આ જાતિના લોકો જે તહેવારો

ઉજવે છે તેનો ક્રમવાર ઉલ્લેખ આ પ્રમાણે છે.

હોળી :

હોળીના દિવસે બપોરના ભોજનમાં તેઓ સેવો કે લાપશી બનાવે છે. રાત્રિના સમયે જ્યાં હુતાશણી પ્રગટતી હોય ત્યાં દર્શન કરવા માટે જાય છે. ત્યાં ધાણી, શ્રીફળ વગેરે લઈ જઈને પૂજા કરે છે. જે હુતાશણી પ્રગટી હોય તેને પ્રદક્ષિણા કરે છે. ઘણાં આ દિવસે ઉપવાસ પણ કરે છે. હુતાશણીના દર્શન કરી આવીને રાત્રિ-ભોજન કરે છે.

બીજા દિવસે ધૂળેટી મનાવે છે. આ દિવસે સામ-સામે રંગે રમે છે. એકબીજાને કાદવ-કીચડ ઉડાડે છે. અને બપોરના નાહી-ધોઈને ફરવા નીકળે છે. ઘણાં દારૂ પીનારા દારૂ પીએ છે.

રક્ષાબંધન :

આ દિવસે બહેન પોતાના ભાઈને રાખડી બાંધે છે. ભાઈ પોતાની શક્તિ પ્રમાણે બહેનને પૈસા અથવા કોઈ વસ્તુ આપે છે.

સાતમ - આઠમ :

શ્રાવણ માસમાં આવતા સાતમ-આઠમના તહેવારોમાં લોકો થેપલા બનાવે છે, અને તે દિવસોમાં ખાય છે. સાતમને દિવસે શિતળા માતાની પૂજા બાળકોની રક્ષા માટે કરે છે. આઠમના દિવસે શહેરમાં જે મેળો ભરાતો હોય ત્યાં જોવા માટે જાય છે. કૃષ્ણ જન્મના દર્શન કરવા કોઈ કોઈ લોકો જાય છે.

**નવરાત્રિ :**

આસોમાસના પ્રથમ નવ દિવસો એ હિન્દુઓમાં નવરાત્રિ તરીકે ઉજવાતો ઉત્સવ છે. આ દિવસોએ ધોબલા લોકો પણ ઉજવે છે. ઘણાં સભ્યો નવરાત્રિના નવ દિવસ ઉપવાસ કરે છે. તેમાં જેઓ ભગત હોય તેઓ તો ઉપવાસ કરે જ છે. નવ દિવસ સુધી માતાજી ભવાની પૂજા કરે છે. દરેક કુટુંબ આ દિવસોમાં પોતાની દેવીના નૈવેદ પણ કરે છે.

**દિવાળી :**

દિવાળીનો ઉત્સવ પરંપરા તો પાંચ દિવસ ચાલે છે. આ લોકો ધનતેરસથી તહેવાર ઉજવવા માંડે છે. ધનતેરસને દિવસે તેઓ લક્ષ્મીમાતાની પૂજા કરે છે. તેઓ વ્યવસાય પોતાના સાધન ખેતીમાં કે દાતરડા ઉપયોગમાં લેવાય તેની પણ પૂજા કરે છે. દિવાળીના દિવસે નાના બાળકો ફટાકડા ફોડે છે. રાત્રે શહેરમાં રોશની જોવા માટે પણ નીકળે છે. નવા વર્ષના શુભદિને તેઓ એક બીજાને મળવા-હળવા જાય છે. ઉપરોક્ત તહેવારોમાં કોઈ કુટુંબની પરિસ્થિતિ સારી હોય તો મીઠાઈ લઈને આવે છે. બાકી તેઓ ખીર કે લાપસી જરૂર બનાવે છે.

ઉપરોક્ત તહેવારોની મનાવવાની રીત જોતા સ્પષ્ટ ખ્યાલ આવશે કે તેઓએ આ તહેવારો સભ્ય સમાજમાંથી અપનાવ્યા છે. આ ઉત્સવો ઉપરાંત આ જાતિના પોતાના પણ કેટલાક ઉત્સવો છે જે સામૂહિક રીતે બધા સભ્યો ભેગા થઈને ઉજવે છે.

**ઉજાણી :**

આ ઉજાણી ચૈત્ર અથવા અષાઢ એ માસમાંથી કોઈપણ માસમાં

ઉજવવામાં આવે છે. આ ઉજવણીને તેઓ "ભૈરવનાથ"ની ઉજવણી કે રીતે ઓળખાવે છે. દરેક ધોમલા કબીરમાં પોતાના દરેક કુટુંબ પાછળ પ્રથમ રવિવારે પહેલ કે ઘર ઉજવવામાં આવે છે. આ તેમાં બધાં વૈશાખથી એક બકરું મારે છે. પછી દેવી આગળ તેનું બલિદાન આપવામાં આવે છે. પછી તેનું શાક બનાવી દરેક સભ્યને પ્રસાદી આપવામાં આવે છે.

<u>જાડી - ઉજવણી :</u>

ધોમલા લોકો દર પાંચમે વર્ષે મોટો મહોત્સવ કરે છે. જો કે હાલ દરેક કબીરમાં મહોત્સવ કરતાં જ નથી. આ દિવસમાં એકાદ બકરાં લાવવામાં આવે છે. બકરાંને નવરાવી છૂટાં કરી દેવામાં આવે છે. આ સમયે ઢોલકાં વાળા ઢોલકાં વગાડે છે. જ્યારે બકરાં ધૂણે એટલે તેને મારી દે છે. બીજે દિવસે ફરી બકરાં છૂટાં મૂકી દે અને ઢોલકાવાળા ઢોલકાં વગાડે અને બકરાં ધૂણે એટલે મારી દે. આવું સતત આઠ દિવસ સુધી કરવામાં આવે છે. પછી રવિવાર આવે ત્યારે બકરાંનાં બલિદાન આપવામાં આવે છે. બાદમાં દરેક કુટુંબને સરખે ભાગે વહેંચી આપવામાં આવે છે.

ઉપરોક્ત આઠ દિવસો દરમ્યાન તેઓ વ્યાખ્યાનો અને વાર્તાઓ રાખે છે. જેમાં દેવ-દેવીના અવતારોની કથા હોય છે. આ કથા જાગરીયા (જાગરીયા એટલે બારોટ) વાંચે છે. ધોમલા જાતિના જાગરીયા બામણી, પારધી કે બારૈયા જાતિના કોઈ સભ્યો હોય છે.

<u>આર્થિક પ્રવૃત્તિના સંદર્ભમાં પૂજા :</u>

વર્ષમાં પ્રથમ વખતે જ્યારે તેઓ તાડના પાન કાપવા જાય

ત્યારે માં વિધિ કરે છે. સામાન્ય રીતે તેઓ બે માસમાં નાક-મજૂરાનો માંસ ખાવાની શરૂઆત કરે છે. આ દિવસોમાં તેઓ માતાના સ્થાને બેઠ ચોખા અને દાળ ચડાવે છે, પહેલા પોતાના કુળદેવીને ધોવા કરી ચોખા ચઢાવવામાં આવે છે. પછી નાનાં-નાનાં બાળ બાળકોને બ્યારી કુટુંબના દરેક સભ્યો ખાય છે. અને પછી જ નાક કાપવા લીકી છે. માંસ પ્રતિવર્ષ નાક કાપવા બાદ પહેલાં આ વિધિ કરે છે.

## બળિયા દેવ :

જ્યારે નાના-મોટાં છોકરા-છોકરીને માતા નીકળે ત્યારે તેને કોઈ નુકશાન ન થાય, શારીરિક ખોડ ન રહે તે માટે બળિયા દેવની પૂજા કરવામાં આવે છે. તેઓ દેવ પાસે નાળ, કણ, શ્રીફળ અને શીતળ મૂકે છે અને દીવો કરી દેવની પૂજા કરી લે છે.

આ ઉપરાંત જૂના વખતમાં દરબાર વર્ગમાં આ જાતિના લોકો નડિયાદમાં કુમારિકા માતાની પ્રતિષ્ઠા કરવા બેઠા હતા અને આ હરસિદ્ધ માતાની ખાસ કૃપા પામેલા લોકો ચમત્કાર ભગતા વગેરે જેવા ચમત્કારો કરતા હતા.[1] આજે આવું જોવા મળતું નથી.

## ભૂત - પ્રેત - ડાકણ :

શહેરી સભ્યતાની અસરને કારણે તેઓ ભૂત-પ્રેતમાં માનતાં નથી. છતાં તેઓ માને છે કે કોઈ વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ થયું હોય, મરતા - મરતા કોઈ ઈચ્છા બાકી રહી ગઈ હોય તો તે ભૂત થાય

---

1. Report Census of Baroda State - 1911 Page - 311

છે, અને ભૂત થતી જમાનામાં આપણો પણ પડે તો ભૂત વળગે છે. આવું ભૂત જો ચોધરા જાતિમાં કોઈને વળગે તો તેનો ભૂવા પાસે જાય છે. ભૂવાઓ વળગાડ કાઢતાં પહેલાં માતાજીને ધૂણાવે છે. આદિવાસી માળીયાના કોડિયાનો ધ્વજાનો ધી ચાય, અને પછી ભૂતને ભૂત કાઢે છે. જો કે ભૂત વળગ્યાં હોય તેવાં કોઈ દાખલાં જાણવા મળ્યાં નથી.

પરંતુ ચોધરાઓ ડાકણમાં માને છે. સામાન્ય રીતે ડાકણની આંખો કરડાકી હોય છે, તેનાં જોવાથી સારો જીવ બરાબ થઈ જાય નાનું છોકરું બિમાર થઈ જાય વગેરે બાબતો ડાકણમાં હોય છે.

ડાકણ છતાં તેમજ પુરુષ ચાકેલ તેમ બન્ને પ્રકારની હોય છે. આવી ડાકણ જો કોઈને વળગે તો આગળ ભૂત-પ્રેત કાઢવાની જે વિધિ ભૂવાઓ કરે છે તે જ પ્રકારની વિધિ ડાકણ કાઢવા માટે છે.

<u>ભગત - ભૂવા :</u>

શહેરીકરણની અસરને કારણે દિવસે-દિવસે ભગત-ભૂવાઓમાં ઓછી ગણના થતી જાય છે. તેમાં પણ યુવાન વર્ગ તો ભૂવાઓમાં માનતો જ નથી. આજે કંઈ શારીરિક તકલીફ પડે તો દવાખાને જવાનું વધારે પસંદ કરે છે.

આમ છતાં કોઈને નાગ કે વીંછી કરડે તો બન્ને પ્રકારના ધાર્મિક અને દવાના ઉપચારો કરે છે. કોઈને નાગ કે વીંછી કરડે તો તેઓ ખત્રીદેવ ઋષીનું મંદિર છે ત્યાં જાય છે, ત્યાં પૂજારી લીમડાના પાંદડા ચવરાવે છે. તેઓ માને છે કે જો લીમડાના પાન કડવા લાગે તો ઝેર ચડ્યું નથી અને પાન મીઠા લાગે તો ઝેર ચડ્યું છે તેમ માને છે. તેઓની માન્યતા પ્રમાણે આ દેવના દર્શન કરવાથી કોઈપણ ઝેરી જાનવર કરડ્યું હોય તો સારું થઈ જાય છે.

**બાધા - આખડી :**

ઘણા વ્યક્તિગત રીતે તેઓ બાધા-આખડીમાં માનતા રાખી શ્રીફળ વધારે છે. તે પણ અમુક બીમારી થયો હોય અને સારું થતું ન હોય, કોઈ મનોકામના પૂર્ણ કરવા માટે રાખી હોય તો જ શ્રીફળ વધારે છે. જ્યારે સામૂહિક રીતે તે ઉજાણી કરે ત્યારે બકરાનો ભોગ આપે છે.

ઘણા ભગત તેઓ માને છે કે માતાને જીવ સાટે જીવ આપવામાં આવે તો પોતાના કુટુંબીજનો સુખી થાય છે. હાલ તેઓ બકરો કાપતા નથી. તેથી તેઓ દુઃખી છે તેવું પણ માને છે.

**શુકન - અપશુકનની માન્યતા :**

અન્ય સમુદાયોની જેમ પોમલા લોકો પણ શુકન-અપશુકનની માન્યતામાં માને છે. કોઈ સારાં કાર્યક્રમના હોય ત્યારે પહેલાં તેઓ શુકન જુએ છે. જેમકે સારો દિવસ, સારું મુહૂર્ત તે જ પ્રમાણે બહારગામ જતા હોય અને પ્રથમ કુંવારી છોકરી સામે મળે કે પાણી ભરીને આવતી સ્ત્રી મળે, કોઈ સાધુસંત કે બ્રાહ્મણ મળે તો શુકન માને છે. પરંતુ બહારગામ જતા બિલાડી આડે ઉતરે, વિધવા સ્ત્રી સામી મળે, કોઈ વ્યક્તિ છીંક ખાય તો તેને અપશુકન માને છે. આમ પોમલા લોકો શુકન-અપશુકનમાં માને છે.

## પ્રકરણ - ૭ ભાષા-બોલી અને શિક્ષણ

### ભાષા - બોલી :

પોમલા લોકો તેલુગુને મળતી આવતી એવી બોલી બોલે છે. તેઓ ગુજરાતી પણ ઘણું સારું બોલી જાણે છે, પરંતુ અંદરો-અંદરની વાતચીત પોતાની આગવી બોલીમાં કરે છે. છતાં એક બાબત તેઓની બોલી ઉપરથી એ પણ જોવા મળે કે તેમની બોલીના શબ્દોમાં હવે ગુજરાતી ભાષાના શબ્દો ઘણા આવતા જાય છે. તેઓ જે બોલી બોલે છે તેનાં કેટલાક શબ્દો - વાક્યો આ પ્રમાણે છે.

| ગુજરાતી શબ્દ | પોમલા જાતિનો શબ્દ |
|---|---|
| છોકરો | કેચણ કેડપ |
| બાપ | બીમકે |
| મુખી | પડેલેય |
| ચકલી | તેન્ગી |
| ફૂલ | પુંલ |
| પાણી. ગાડી અંદર | પરા લીએલાં |
| ગાડી ચાલ | ઈંજેલા |
| મકાન | ઈલ્લુ |
| કાતરવું | પૂંછણ તીપા |
| કામ કરવા જા | કુમ મેઠે જી |
| તડકામાં મૂકવી દો | આરિા નીરે ઘુર |
| હિંમત | તેલ ગુટપા |

| ગુજરાતી શબ્દ | ચોધરા જાતિનો શબ્દ |
| --- | --- |
| વાદળ ગાજે છે | મેઘ ગડે |
| વરાદે વાય છે | ધુવાં કે વારો |
| ધોકમર જોવાં જાય છે | જાં ધુવાં |
| કપડાં ધોવાનાં | કપૂ ધોવ કરે ને |
| ન્હાવાનું | ધુવ કરેન |
| પતિ-પત્નીના મિલન માટેનો શબ્દ | જો કરેન |
| સોનું | [illegible] |
| તોરું | ચાંદ તોલાથી |
| ખીચું | ઉપ |
| ચોખા | ચોવલે |
| નફાનું | ખુમારી |
| વાડા | કાવલાથી |
| વાડી | કેરાનથી |
| [illegible] | કેરવાં |
| વડિયર | કોલર |
| ચકેન | તનસથી |
| પેસાં | ચાંજો |
| ઝુડકર | જંજો |
| મરવું | [illegible] |
| ચોક | તીચ |
| નેવ | [illegible] |
| ચોટ | ચાઉ |
| ચાડ | નેચ |
| ઝાડ | ચર |

| ગુજરાતી શબ્દ | પોમલા જાતિનો શબ્દ |
| --- | --- |
| ગુજ્જુ | આવિષ |
| ચમલાન | કુમરાં |
| માવ | વાં |
| એક રૂપિયો | ઓક માયાં |
| બે રૂપિયા | રેન માયાં |
| ત્રણ રૂપિયા | મુન માયાં |
| ચાર રૂપિયા | નાલ માયાં |
| પાંચ રૂપિયા | ઐજ માયાં |
| છ રૂપિયા | આર માયાં |
| સાત રૂપિયા | એડ માયાં |
| આઠ રૂપિયા | અડે માયાં |
| નવ રૂપિયા | નવ માયાં |
| દસ રૂપિયા | પદ માયાં |
| પતિ | મોરાપઇ |
| પત્ની | ભરેક |
| મારે જમવું છે | નને તિન્નરે ચી |
| હું બજારમાં જાવ છું | મેકને ઉડકે હુગડેવી |
| હું ઘરમાં ગોકુળમાં ઘેલાયા કહું છું | ના પટના મોરનકો ભૂગી કાજે |
| હું તારે ત્યાં કાલે આવીશ | નાનીને વચ્ચે નેર |
| એક રાજા હતો | ઓક રાજા ઈ |
| મારા કુટુંબમાં સાત માણસો રહે છે. | નને કુટુંબકો એક સેનને ધી |

આમ ઉપરોક્ત પ્રકારનાં વાક્યો-શબ્દો પોમલા જાતિના લોકો બોલે છે. જેમાં રાજા, કુટુંબ, નવ વગેરે શબ્દો ગુજરાતી છે.

બીજા શબ્દોમાં તેની બોલીમાં ગુજરાતી શબ્દો આવતાં જાય છે:

## શિક્ષણ :

પોતાના જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે, તેટલું જ નહિ પરંતુ દિવસે-દિવસે શિક્ષણમાં ઘટાડો થતો હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. શિક્ષણ જેવી અગત્યની બાબતને તેઓ બહુ મહત્વ આપતા નથી. શિક્ષણનો ઉદ્દેશ ફક્ત નોકરી માટે કરે છે. અને અત્યારે નોકરી મેળવવી ઘણી મુશ્કેલ છે; આથી તેઓ માને છે કે શિક્ષણ લે તો શું અને ન લે તો પણ વાંધો નહિ. જો કે વધુ તપાસ કરતાં તેવું પણ જોવા મળ્યું કે શિક્ષણ ઓછું હોવા પાછળ તેની આર્થિક-સામાજિક પરિસ્થિતિ જવાબદાર છે. નાનું છોકરું તેનાથી નાના બાળકને રમાડવાનું કામ કરે, પોતાના ટોપલા-ટોપલીના ધંધામાં મદદ કરે વગેરેને કારણે શિક્ષણ તરફ રસ લેતા નથી. વળી, વાલીઓ અશિક્ષિત હોવાથી બાળકો પ્રત્યે પૂરતું ધ્યાન આપતા નથી.

તપાસમાં લીધેલ ૭૨ કુટુંબોમાં કેટલા સભ્યો શિક્ષિત અને કેટલા અશિક્ષિત છે તે નીચેના કોઠા પરથી વધારે સ્પષ્ટ થશે.

## કોઠો - ૧૨૩૨

### શિક્ષણનું સ્તર દર્શાવતો કોઠો

| જિલ્લાઓ | કુલ કુટુંબો | શિક્ષણનું સ્તર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અશિક્ષિત | | શિક્ષિત | | કુલ | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| સુરત | ૩૧ | ૫૧<br>૪૮.૧૧ | ૮૪<br>૭૩.૦૪ | ૫૫<br>૫૧.૮૯ | ૩૧<br>૨૬.૯૬ | ૧૦૬<br>૧૦૦.૦૦ | ૧૧૫<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૨૬<br>૫૦.૦૦ | ૩૨<br>૮૨.૦૫ | ૨૬<br>૫૦.૦૦ | ૭<br>૧૭.૯૫ | ૫૨<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| પંચમહાલ | ૧૪ | ૨૫<br>૬૨.૫ | ૩૭<br>૯૪.૮૭ | ૧૫<br>૩૭.૫ | ૨<br>૫.૧૩ | ૪૦<br>૧૦૦.૦૦ | ૩૯<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | ૭<br>૩૩.૩૩ | ૧૫<br>૮૩.૩૩ | ૧૪<br>૬૬.૬૭ | ૩<br>૧૬.૬૭ | ૨૧<br>૧૦૦.૦૦ | ૧૮<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૫<br>૩૫.૭૧ | ૬<br>૬૦.૦૦ | ૯<br>૬૪.૨૯ | ૪<br>૪૦.૦૦ | ૧૪<br>૧૦૦.૦૦ | ૧૦<br>૧૦૦.૦૦ |
| કુલ | ૭૨ | ૧૧૪<br>૪૮.૯૩ | ૧૭૪<br>૭૮.૭૩ | ૧૧૯<br>૫૧.૦૭ | ૪૭<br>૨૧.૨૭ | ૨૩૩<br>૧૦૦.૦૦ | ૨૨૧<br>૧૦૦.૦૦ |

ઉપરના કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે કુલ ૨૭૭ પુરુષોમાં ૧૩૪ અશિક્ષિત અને ૧૪૩ શિક્ષિત છે એટલે કે કુલ પુરુષોમાં ૪૮.૩૭ ટકા અશિક્ષિત અને ૫૧.૬૩ ટકા શિક્ષિત છે; તે જ રીતે ૨૨૧ સ્ત્રીઓમાં ૧૬૯ (૭૬.૪૭ ટકા) અશિક્ષિત છે અને ૫૨(૨૩.૫૩ ટકા) શિક્ષિત છે. આમ કુલ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે.

આ ઉપરાંત નમૂનામાં લીધેલ ૭૨ કુટુંબોમાં કેટલું શિક્ષણ પૂરું થયું છે તેનો ખ્યાલ નીચેના કોઠા પરથી આવશે.

## જેમનું શિક્ષણ પુરું થયું છે તેવા કુટુંબ સભ્યોનું વર્ગીકરણ

| વિસ્તાર | કુલ કુટુંબો | શિક્ષણ સ્તર: ૧ થી ૪ પુ. | ૧ થી ૪ સ્ત્રી | ૫ થી ૭ પુ. | ૫ થી ૭ સ્ત્રી | ૮ થી ૧૦ પુ. | ૮ થી ૧૦ સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત | ૩૧ | ૨૩<br>૬૭.૬૫ | ૧૦<br>૪૩.૪૮ | ૮<br>૨૩.૪૮ | ૧૨<br>૫૨.૧૭ | ૩<br>૮.૮૨ | ૧<br>૪.૩૫ | ૩૪<br>૧૦૦.૦૦ | ૨૩<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૭<br>૫૮.૩૩ | ૨<br>૫૦.૦૦ | ૫<br>૪૧.૬૭ | ૨<br>૫૦.૦૦ | – | – | ૧૨<br>૧૦૦.૦૦ | ૪<br>૧૦૦.૦૦ |
| ખંભાત | ૧૪ | ૧૨<br>૯૨.૩૦ | ૧<br>૧૦૦.૦૦ | – | – | ૧<br>૭.૭૦ | – | ૧૩<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૯ | ૪<br>૩૬.૩૬ | ૧<br>૫૦.૦૦ | ૭<br>૬૩.૬૪ | ૧<br>૫૦.૦૦ | – | – | ૧૧<br>૧૦૦.૦૦ | ૨<br>૧૦૦.૦૦ |
| ભરૂચ | ૪ | ૩<br>૪૨.૮૬ | ૩<br>૧૦૦.૦૦ | ૩<br>૪૨.૮૬ | – | ૧<br>૧૪.૨૮ | – | ૭<br>૧૦૦.૦૦ | ૩<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૪૯<br>૬૩.૬૪ | ૧૭<br>૫૧.૫૨ | ૨૩<br>૨૯.૮૭ | ૧૫<br>૪૫.૪૫ | ૫<br>૬.૪૯ | ૧<br>૩.૦૩ | ૭૭<br>૧૦૦.૦૦ | ૩૩<br>૧૦૦.૦૦ |

માધ્યમ કોઠો જોતાં સ્પષ્ટ રીતે ખ્યાલ આવશે કે આ જાતિમાં શિક્ષણ કેટલું ઓછું છે. વળી, જે શિક્ષણ પૂરું થયું છે તેમાં ધોરણ ૧૦ સુધી જ છે. એટલે કે સ્નાતકમાં કોઈ માધ્યમ આવતાં નથી. કુલ ૭૭ પુરુષ ઉત્તરદાતાએ શિક્ષણ પૂરું કર્યું છે. તેમાં ૧ થી ૪ ધોરણમાં ૪૯(૬૩.૬૪ ટકા), ૫ થી ૭ ધોરણમાં ૨૩ (૨૯.૮૭ ટકા) અને ૮ થી ૧૦ ધોરણમાં ૫ (૬.૪૯ ટકા) હતા. તે જ પ્રમાણે સ્ત્રીઓમાં ૩૩ સ્ત્રીઓએ શિક્ષણ પૂરો કર્યો છે. જેમાંથી ૧ થી ૪ ધોરણમાં ૧૭ (૫૧.૫૨ ટકા) ૫ થી ૭ ધોરણમાં ૧૫ (૪૫.૪૫ ટકા) અને ૮ થી ૧૦ ધોરણમાં માત્ર ૧ (૩.૦૩ ટકા) હતી. ઉપરોક્ત હકીકતથી એ પણ જોવાશે કે જેણે શિક્ષણ પૂરું કર્યું છે તેમાં ૧ થી ૪ ધોરણની સંખ્યા વધારે છે. માધ્યમ કોઠો જ સ્પષ્ટ કરે છે.

અત્યારે ચાલુ શિક્ષણ લેતાં બાળકોમાં પણ તેમના શિક્ષણના આંકડા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે બાળકોમાં અત્યારે શિક્ષણનું શું પ્રમાણ કેટલું છે.

## કોઠો – ૬૨૫૬

### વિસ્તાર પ્રમાણે શિક્ષણ ચાલુ હોય તેવા કુટુંબ સભ્યોનું વર્ગીકરણ

| વિસ્તાર | કુટુંબ સભ્યો | શિક્ષણ સ્તર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ થી ૪ | | ૫ થી ૭ | | ૮ થી ૧૦ | | કુલ | |
| | | પું. | સ્ત્રી | પું. | સ્ત્રી | પું. | સ્ત્રી | પું. | સ્ત્રી |
| સુરત | ૩૧ | ૧૭<br>૮૦.૯૫ | ૧૧<br>૮૪.૬૨ | ૩<br>૧૪.૨૯ | ૨<br>૧૫.૩૮ | ૧<br>૪.૭૬ | – | ૨૧<br>૧૦૦.૦૦ | ૧૩<br>૧૦૦.૦૦ |
| વડોદરા | ૧૭ | ૧૨<br>૮૫.૭૧ | ૨<br>૬૬.૬૭ | ૨<br>૧૪.૨૯ | ૧<br>૩૩.૩૩ | – | – | ૧૪<br>૧૦૦.૦૦ | ૩<br>૧૦૦.૦૦ |
| ખંભાત | ૧૪ | ૨<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ | – | – | – | – | ૨<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ |
| અમદાવાદ | ૬ | ૩<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ | – | – | – | – | ૩<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ |
| મુંબઈ | ૪ | ૧<br>૫૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ | – | – | ૧<br>૫૦.૦૦ | – | ૨<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦૦ |
| કુલ... | ૭૨ | ૩૫<br>૮૩.૩૩ | ૧૬<br>૮૪.૨૧ | ૫<br>૧૧.૯૦ | ૩<br>૧૫.૭૯ | ૨<br>૪.૭૬ | – | ૪૨<br>૧૦૦.૦૦ | ૧૯<br>૧૦૦.૦૦ |

ઉપરનાં કોઠાં પરથી જણાય છે કે નવાગામે વસેલ કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. કુલ ૪૨ છોકરાં અને ૧૯ છોકરી અભ્યાસ કરી રહ્યાં છે. તેમાં પણ પ્રાથમિક શિક્ષણમાં સૌથી વધારે છે. કુલ ૪૨ છોકરાઓમાંથી ૧ થી ૪ ધોરણમાં ૩૫ (૮૩.૩૩ ટકા) ૫ થી ૭ ધોરણમાં, ૫ (૧૧.૯૦ ટકા) અને ૮ થી ૧૦ ધોરણમાં ૨ (૪.૭૭ ટકા) છે. તે જ રીતે કુલ ૧૯ છોકરીઓમાંથી ૧૬ (૮૪.૨૧ ટકા) ૧ થી ૪ ધોરણમાં, ૩ (૧૫.૭૮ ટકા) ૫ થી ૭ ધોરણમાં છે. આમ કુલ ૬૧ છોકરા-છોકરીઓમાંથી ૫૧ છોકરા-છોકરી તો માત્ર ૧ થી ૪ માં જ છે. માધ્યમિક શિક્ષણ લઈ રહ્યા હોય તેવાં માત્ર બે જ છોકરાં છે.

ઉપરના આંકડા પોતે સ્પષ્ટ રીતે ખ્યાલ આપે છે કે વહેરીયા શિક્ષણની પૂરેપૂરી સુવિધાઓ હોવા છતાં શિક્ષણથી મોટાભાગનો પરિવાર ગર્ભ વંચિત રહે છે. જેની પાછળ પોતાની આર્થિક સ્થિતિ જવાબદાર છે. તેમજ મોટાભાગના સભ્યોને ખ્યાલ નથી કે અમને શૈક્ષણિક અને આદિવાસી લોકોને કાયદે લાભ મળે છે.

## પ્રકરણ - ૮ ઉપસંહાર અને વિકાસલક્ષી આયોજન

કોઈપણ વ્યક્તિ જ્યારે કોઈપણ કાર્યનો આરંભ કરે છે ત્યારે તેને પાછળ કોઈને કોઈ હેતુઓ હોય છે. અને આ હેતુને પાર પાડવા માટે પ્રયત્નો કરે છે. પછી તે કોઈ સામાન્ય કામ હોય કે જીવનનું ધ્યેય હોય. મેં પણ પોમલા જાતિનો અભ્યાસ કરવાનું વિચાર્યું અને શરૂઆત કરી ત્યારે અમુક હેતુઓ કે ધ્યેયો રાખ્યા હતાં. હવે મુખ્ય વાત એ છે કે આ હેતુઓ સાધ્ય થયાં છે? આ અંગેની ચર્ચા પણ અહીં અગત્યની અને મહત્ત્વની ગણી શકાય.

૧. અભ્યાસ અંગેનો મારો પ્રથમ હેતુ એ હતો કે સમાજમાનવશાસ્ત્રમાં આ વિષય બિલકુલ નવો હતો. અને વણખેડાયેલો હતો, આ જાતિનો અભ્યાસ કરવાથી નવી દિશાં તરફના દ્વાર ખુલી શકે અને બીજું પણ તેના માટે ઘણું કરી શકાય.

મારા સમગ્ર અભ્યાસ લેખનને અંતે મને એટલું જરૂર લાગે છે કે આ હેતુ ચોક્કસ પાર પાડ્યો છે. ગુજરાતનો પ્રબુદ્ધ સમાજ આ જાતિથી અજાણ હતા - છે: સમાજમાનવશાસ્ત્રના વિષયમાં કે અન્ય કોઈ આ જાતિ વિષે માહિતી ઉપલબ્ધ નથી, તો મારા નિબંધથી જાતિ વિષે જાણકારી તો મળશે જ. પરંતુ સાથોસાથ અન્ય સંશોધકો આને વિષે વધુ અભ્યાસ કરવા પ્રેરાશે; આને માટેના નવા દ્વાર ખુલશે.

૨. આદિવાસીઓની સંસ્કૃતિ અને જીવનનો અભ્યાસ કરવામાં મને વૈજ્ઞાનિક અને વ્યક્તિગત રસ છે, તેને વધુ ખીલવવા માટે આ કામ લીધું છે.

આદિવાસીઓના ઘણા લક્ષણો સમાન હોવા છતાં તેની સંસ્કૃતિમાં ભિન્નતા હોય છે. પોમલા લોકોનો અભ્યાસ કર્યા બાદ અને પણ સંસ્કૃતિ વિશે ઘણું જાણવા મળ્યું કે જેની ચર્ચા દરેક અંતે કરી છે.

૩. આવા નાના જૂથને પણ પોતાની આગવી સંસ્કૃતિ, સમાજરચના, સમાજ સંગઠન વગેરે હોય છે અને તે તેના "નાનાપણા" ને કારણે કેવું સ્વરૂપ ધરાવે છે તે પણ જાણવું હતું.

પ્રકરણ ૪ માં આ અંગેની ઘણી ચર્ચા કરી અને તેમાં જોયું તેમ પોમલા લોકો પોતાની જાતિને એક એકમ તરીકે ટકાવી રાખવા સઘન પ્રયાસો કરે છે. વળી, પોતાના "નાનાપણા"ને કારણે કંઈક જુદું જ સ્વરૂપ ધરાવે છે.

૪. આદિવાસીઓને અલગ સંસ્કૃતિ હોવા છતાં પણ તેમાં ઘણી સમાન સમસ્યાઓ જેવી કે ગરીબી, શિક્ષણ, ભૂખમરો વગેરેથી આક્રાન્ત છે. આ અંગેની માહિતી એકઠી કરી તે અંગે શું ઉપાયો થઈ શકાય તે વિશે વિચારવું હતું. મતલબ કે આ જાતિ માટે કેવા પ્રકારનું વિકાસલક્ષી આયોજન બનાવીએ કે જેથી કરીને આ જાતિનો સર્વાંગી વિકાસ સાધી શકે.

પોમલા લોકો આજે ગરીબી, શિક્ષણ અને ભૂખમરા જેવી સમસ્યાઓથી પીડાય છે. પ્રકરણ ૨-૩ માં જોયું તેમ આ લોકો ભૂખમરો અને ગરીબીથી પીડાય છે. ઘણાં કુટુંબો દેવાદાર છે. વળી, પ્રકરણ-૭માં જોયું તેમ પોમલાઓમાં શિક્ષણનું પ્રમાણ હજી ઘણું ઓછું છે. આથી આ જાતિ માટે શું થઈ શકે મતલબ કે તેનો વિકાસ કઈ રીતે થઈ શકે તે માટે પ્રકરણ - ૮ માં વિકાસ માટેના સૂચનો અને વિકાસલક્ષી આયોજન બનાવ્યું છે.

મારું જે સંશોધન કાર્ય હાથમાં લઈને જે હેતુઓ રાખ્યાં હતા, તે મારા સમગ્ર સંશોધન બાદ પૂરા થયા છે તેવું મને જરૂર લાગે છે.

પોમલા જાતિવાળી ખૂબ જ ઘણી ઓછી વસ્તી ધરાવતું ગાડિ-વાળી ખૂબ છે, જેની અર્થ વ્યવસ્થા અને સામાજિક સંરચનાને લગતા પાસાઓની ચર્ચા આગળ કરી. ખાસ હાલના સમયની શહેરી પ્રજા, શહેરી વાતાવરણ, ઔદ્યોગિકરણની અસર નીચે અને શહેર સમાજના સહવાસથી આ જાતિમાં ઘણું પરિવર્તન આવ્યું કે કેમ તે બાબતે સ્વાભાવિક પ્રશ્ન થાય, આ પરિવર્તન કેટલું હશે? બીજા શબ્દોમાં કહીએ તો આવી જાતિ પરિવર્તન સાથે પોતાના કદમ કેટલા મીલાવશે તેનો આધાર તે સમાજની અર્થવ્યવસ્થા, મૂલ્યો, વલણ અને વૈશ્વિક પરિસ્થિતિ ઉપર અવલંબતા ધરાવે છે.

પરાપૂર્વથી પોમલા જાતિ આર્થિક ઉપાર્જનમાં ટોપલા-ટોપલી બનાવવા, છાબડી, સાવરણી બનાવવી વગેરે વ્યવસાયો કરતા આવ્યા છે. આજે પણ કુલ વસ્તીમાંથી મોટાભાગના લોકો આ ધંધાને અનુસરી રહ્યા છે. મુખ્ય વર્ગીય-વ્યવસાય અભિમુખ થતો ગયો છે, આ રીતે આર્થિક બાબતમાં બહુ ફેરફાર થયો નથી, અથવા બહુ અલ્પ હકીકત કહીએ તો તેમ કહી શકાય કે ફેરફાર બહુ ઓછો અને નહિવત્ થયો છે. એટલે કે સામાજિક-આર્થિક પરિવર્તન બહુ ઓછું છે.

પોમલા લોકો સ્વભાવે શાંત, પ્રમાણિક અને સખત પરિશ્રમ કરનારા છે, જે મળે તેનાથી સંતોષ માનનારા છે. તેઓમાં [illegible] અપ્રમાણિકતા, ગુનાહિતવૃત્તિ કે કોઈનું ખરાબ કરવાની વૃત્તિ સહેજે પણ જોવા મળતી નથી. તેઓ આસપાસમાં વસવાટ કરતી અન્ય જાતિઓ સાથે પણ સારા અને અનુકૂળ સંબંધો ધરાવે છે.

પોમલાઓમાં સંયુક્ત કરતાં વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધારે છે અને તેનું મુખ્ય કારણ એ કે લગ્ન બાદ પત્નીની ચડામણીને કારણે પિતાથી છોકરો અલગ થાય છે, પરંતુ ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું ચોક્કસ જાણી શકાયું કે તેઓ વિભક્ત કુટુંબમાં રહેતા હોવા છતાં તેમનું વલણ સંયુક્ત કુટુંબ પ્રત્યે વધુ છે.

પોમલાઓની સાથે જ્યારે આપણે પૂછતા અને વાત કરીએ છીએ ત્યારે તેઓ ઉત્સાહ પૂર્વક સહકાર આપે છે. આપણી સાથે પ્રેમપૂર્વક વર્તાવ રાખે છે અને તેઓની મુશ્કેલી - સમસ્યા પણ વર્ણવે છે. ક્ષેત્રકાર્ય દ્વારા જે કેટલીક સમસ્યાઓ જોવા મળી તે આ પ્રમાણે છે.

સમસ્યાઓ :

પોમલા જાતિના પરંપરાગત વ્યવસાયથી તેઓને જીવન ટકાવવું ઘણું મુશ્કેલ બન્યું છે. જીવન ટકાવવા નવા ધંધાઓ તરફ તેમને જવું પડ્યું છે. આમ છતાં પણ કુટુંબો પેટપુરતું ખાવાનું મેળવી શકતાં નથી. ઘણી વખત દેવું કરવું પડે છે અને એક વખત દેવામાં પડયા બાદ જલ્દી બહાર નીકળી શકતા નથી. વળી, શહેરી સભ્ય સમાજના સંપર્કથી થોડું ઘણું નવું અપનાવતા થયા છે. આને કારણે તેઓ વધુ મુશ્કેલીમાં મુકાતા જાય છે. ટૂંકમાં તેઓ ઘણી બધી સમસ્યાઓનો ભોગ બન્યાં છે. તેમાંથી તેને બહાર લાવવા હોય તો તેઓનો વિકાસ કરવો હોય તો પ્રથમ તેની સમસ્યાઓની જાણકારી મેળવવી જરૂરી નહિ બલ્કે અનિવાર્ય છે.

૧૭ રહેઠાણ :

રહેઠાણની સમસ્યા પોમલા માટે અતિ વિકટ સમસ્યા છે.

ગુજરાતમાં આશરે ૮૦ પોમલા કુટુંબો વસે છે તેમાંથી ચાર-પાંચ કુટુંબને બાદ કરતાં બધાં કુટુંબો ઘરવિહોણાં છે. તેઓ ભાડાંના મકાનમાં કે છાપરું બનાવી રહે છે; વળી, જે મકાન હોય છે, તે પણ કાચી માટીનાં, ઘાસ, વળિયાંનાં છાપરાં કે તાડછાનાં પાન ઢાંકેલાં હોય તેવાં મકાનો છે; આથી દર ચોમાસે તેમને રૂપિયા ૧૦૦ થી ૧૫૦ મકાન મરામત કરાવવામાં ખર્ચ થાય છે; આ ઉપરાંત કુટુંબ નિયોજનની સમજના અભાવે કુટુંબનું પ્રમાણ ઘણું મોટું છે. ક્રમ-ક્રમ કુટુંબો કરે કરે વધતાં જાય છે, જેથી નવા રહેઠાણની વ્યવ-સ્થા કરવી પડે છે. આથી રહેઠાણની સમસ્યા ઉગ્ર બનતી જાય છે. વળી, પોતાના વ્યવસાયનું માળખું પણ એવા પ્રકારનું છે કે તેઓ પોતાના સમાજથી દૂર અલગ રહેવા જતા નથી. ઉપરોક્ત પરિસ્થિ-તિથી ઘણા સભ્યોને મકાન બહાર સૂવું પડે છે. વધુ સંકડાશને કારણે ગંદકી પણ વધારે છે.

## ૨. ધંધાની સમસ્યા :

પોમલા જાતિ પરંપરાથી ટોપલા-ટોપલીનો વ્યવસાય કરે છે. હાલ પણ આજ ધંધો ચાલુ છે. પરંતુ આજે પ્લાસ્ટિક માટેના બોક્સ આવવાથી આ લોકોનો ધંધો પડી ભાંગ્યો છે. આજે બજારમાં ૨૦ ટોપલીના ભાવ રૂ. ૧-૨૫ મળે છે. જે મહેનતના પ્રમાણમાં ઘણું જ ઓછું વળતર કહેવાય અ-ન્ય વ્યવસાયનો અભાવ હોવાથી તેમજ નવા વ્યવસાયો સરળતાથી કરી ન શકવાને કારણે તેઓ ઘણી મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાયા છે. ધંધાના વિકાસ કે વ્યવસ્થા માટે સહકારી સોસાયટી નહિ હોવાથી તેઓનું વેપારી દ્વારા શોષણ પણ ઘણું થાય છે. વળી, તાડછાના ભાવ પણ પોસાતા નથી. વેપારીની હરિફાઈમાં ઉતરવું પડતું હોવાથી તાડછાના પાન ખરીદી શકતા

નથી. જો મળે તો કિંમત વધુ આપવી પડે છે.

૩. આરોગ્યની સમસ્યા :

મકાનની સુવિધાના અભાવને કારણે તેઓ ઘણી સંકડાશમાં રહે છે. બહાર પણ સૂવું પડે છે. ભૌતિક જીવનને કારણે મચ્છરનું પ્રમાણ વધારે છે. ગરીબાઈને કારણે પૂરતું પોષણ મળતું નથી. તેથી તેઓ મેલેરિયા, કોલેરા, ચામડીના રોગ, ઝાડા-ઉલટી, ગંભીર પ્રકારના કે ગંભીર માંદગીથી પીડાય છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે આરોગ્યની [illegible] ગંભીર હોવા છતાં પૂરતી સુવિધા લઈ શકતા નથી.

૪. શિક્ષણની સમસ્યા :

વ્યવસાયમાં નાના બાળકોથી માંડી મોટી ઉંમરના સુધી રોકાયેલ હોવાથી શિક્ષણની સવલતોનો ઉપયોગ કરી શકતા નથી. દિવસે દિવસે શૈક્ષણિક પરિસ્થિતિમાં ઘટાડો થતો જાય છે.

ઉપરોક્ત જુદી જુદી સમસ્યાઓની જાળમાં [illegible] સપડાયા છે, જે સમસ્યાઓ એવી ગુંચવણભરી છે કે આજે આ લોકોનો વિકાસ થતો અટક્યો છે. તેઓ અન્ય સમુદાયોથી પાછળ રહી ગયા છે. આ ઉપરાંત અમુક એવી બાબતો જોવા મળી કે જે વિકાસ માટે અવરોધક બને છે. આને કારણે વિકાસ માટેની ચર્ચા કરતા પહેલા તે જાતિના પાછળ રહી જવાના કારણો કે અવરોધક પરિબળોનો ખ્યાલ કરવો ઉપયોગી અને જરૂરી છે.

## વિકાસ માટેના અવરોધક પરિબળો :

૧. ગુજરાતમાં ધોમવા આદિવાસી ઘણા ઓછા જ વસે છે. આજ દિવસ સુધી આ જાતિ માટે કોઈ લેખિત સાહિત્ય ઉપલબ્ધ નથી. તેથી ગુજરાત માટે એક અજાણી આદિવાસી જાતિ રહી ગઈ છે. તે એટલે સુધી કે જે અધિકારી વર્ગ આદિવાસી વિકાસ માટે મુકવામાં આવ્યા છે. તેઓ જ ધોમવાઓને જાણતા નથી. મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન મને અનેક એવા અનુભવો થયા છે કે હું કોઈ અધિકારીને મળવા જતો અને કહેતો કે તમારા શહેરમાં ધોમવા લોકોનો વસવાટ કયાં છે ? ત્યારે તેઓ મને સામે પૂછતા કે ધોમવા ? અહીં કોઈ એવા લોકો વસતા જ નથી. અરે, અમે તો આવું નામ જ આજે સાંભળ્યું. આ છે આપણી [illegible] નબળાઈ કે અજ્ઞાનતા, આ ઘટના આપણાં સામાજિક જીવનની કરૂણતા સૂચવે છે. જે અધિકારીઓને આદિવાસીઓના વિકાસ માટે મુકયા હોય તેઓ જ જો આદિવાસીથી અજાણ હોય તો તે શું વિકાસ કરી શકવાના છે ?

૨. ધોમવા આદિવાસીઓને આદિવાસીઓની યોજના કે ખાસ પ્રકારના જે લાભ મળે છે તેની જાણકારી નથી અને તે લાભો મેળવવા માટે સંગઠન કરવાની આવડત નથી.

૩. આગળ જણાવી તે આર્થિક પરિસ્થિતિ ઉપરાંત અમુક સામાજિક પરિસ્થિતિ પણ છે, જેમકે કુટુંબનો પુરુષ વર્ગ સંપૂર્ણ સ્વતંત્ર અને સ્વચ્છંદી છે. એટલે કે એક યુવાન કારખાના કે હીરાના નંગ ઘસવા જતો હોય અને તે રૂપિયા ત્રીસથી પચાસ કમાતો હોય છે. આ પૈસામાંથી તે પોતાને ઈચ્છા પડે તેમ ખર્ચ કરે છે. આ ખર્ચ પણ ચા-પાણી-નાસ્તાનું વ્યક્તિગત ખર્ચ છે. આથી કુટુંબને પૂરતી મદદ કરતો નથી. જે ઘરખર્ચ થાય છે તે સ્ત્રીઓની આવકમાંથી થાય છે. આ રીતની સામાજિક

પરિસ્થિતિને કારણે વિકાસ થતો અટકે છે.

૪. કેટલાક વ્યસનોના ભોગ બન્યા છે. અમુક લોકો નિયમિત દારૂનું સેવન કરે છે, કેટલાક જુગાર રમતાં હોય તેવું પણ લાગ્યું.

૫. કામના પ્રમાણમાં જે વેતન અથવા તો વળતર મળે છે તે ઓછું જ મળે છે: દા.ત. ૨૦ નંગ છાબડીના ૧૧.૦-૨૫ પૈસા મળે તે પણ ઓછા જ મળે છે. આ રીતે વેપારીઓના શોષણને કારણે આ લોકોનો વિકાસ અટકે છે.

<u>વિકાસ માટેનાં સૂચનો :</u>

આપણે આગળ જોયું તેમ પોમલા જાતિ વર્ષોથી પાછળ રહી ગયેલ એવી કચડાયેલી જાતિ છે. તથા રોજગારની તકોનો અભાવ હોવાથી જીવન નિર્વાહ કઈ રીતે ચલાવવો તેની કોઈ સૂઝ પડતી નથી. સભ્ય સમાજ અને સરકારી તંત્ર આ જાતિથી અજાણ હોવાથી કોઈપણ જાતની સરકારી યોજનાનો લાભ મળતો નથી.

પોમલાઓ પોતાના પરંપરાગત ધંધામાં નિપુણ હોવા છતાં અને અન્ય વ્યવસાયો કરવા તૈયારી દર્શાવતા હોવા છતાં અન્ય ધંધાનાં સાધનો ઉપલબ્ધ નહિ હોવાથી તેઓ મુશ્કેલભરી સ્થિતિમાં મૂકાયા છે. આથી પ્રવર્તમાન પરિસ્થિતિમાં આ જાતિ માનપૂર્વક જીવી શકે. તેઓની આર્થિક સ્થિતિમાં સુધારો થાય અને અજ્ઞાનના અંધકારમાંથી જાણકારીની દુનિયામાં બહાર નીકળી શકે તે માટે કંઈક ત્વરિત કરવું ઘટે. મારા [illegible] હરમિચંદ પોમલાના વિકાસ માટે તેમને પૂછવામાં આવતા તેમણે મને અનેક સૂચનો કર્યાં છે. તેમજ મારા અવલોકન દ્વારા આ જાતિ વિશે સમાજમાનવશાસ્ત્રની દ્રષ્ટિએ વિચાર્યું છે. વળી, અન્ય જાતિના આગેવાન

સભ્યો, ચીમડા મારવાનો, વગેરેની મુલાકાતમાંથી મને જે જાણવા મળ્યું છે તેને આધારે કેટલાક સૂચનો કરું છું. જે તેમના જીવન વિકાસ-માં તેમને મદદરૂપ બને તેવી મને આશા, શ્રદ્ધા અને વિશ્વાસ છે.

<u>સૂચનો</u> :

૧. ચીમડા જાતિનો પરંપરાગત વ્યવસાય ટોપલા-ટોપલી, સાવરણી, સાદડી બનાવવાનો છે. જેમાં નાનાથી માંડી મોટા સુધીના દરેક કામ કરવાની શક્તિ ધરાવે છે. આથી શક્ય હોય ત્યાં સુધી તેમને માટે પરંપરાગત ધંધાનો વિકાસ કરવો જોઈએ. તેમને ટોપલા-ટોપલી બનાવવા માટે તાડછા-ખજૂરાનાં પાન નિયમિત મળી રહે તે રીતની ગોઠવણ કરવી જોઈએ. સામાન્ય રીતે જેઠ માસમાં તાડછાંનાં પાન વધારે થાય છે. આથી આ માસ દરમિયાન સરકારી ધોરણે તેની ખરીદ કરાવી રાખવી જોઈએ અથવા તો કોઈ સહકારી મંડળીની રચના કરી તેમાં આ ધંધા માટેનું ખરીદ-વેચાણ કરવું જોઈએ. આથી ચીમડાને જે અત્યારે ઓછા ભાવ મળે છે અને વેપારી દ્વારા જે તેનું શોષણ થાય છે તે અટકશે. આ માટે ધ્યાન રાખી કામ કરવામાં આવશે તો તેમનો પરંપરાગત ધંધો વિકાસ પામશે અને તેઓ રસપૂર્વક કાર્ય કરશે અને કાયમી રોજી મેળવી શકશે.

<u>૨. ખાદી અને ગ્રામોદ્યોગ :</u>

ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા તેમને રોજી આપી શકાય. અંબર ચરખો ૮ કલાક કાંતવાથી ઓછામાં ઓછા રૂપિયા ૨/- જરૂર મેળવી શકે, તો આ માટેની જરૂરી તાલીમ અને સુવિધા આપવા જોઈએ. કારણ કે આખો દિવસ ટોપલા-ટોપલી બનાવવાનું કામ કરવાથી તેને રૂ.૨-૦૦ જેવું મળે છે, તો અંબર ચરખા આપવા-થી તેઓ જરૂર વધુ રોજી મેળવી શકશે. આ ઉપરાંત આ લોકો

શહેરોમાં વસે છે. ત્યાં અન્ય વ્યવસાયો ચાલુ છે. તેમણે ચાલુ વ્યવસાય
કાંતણ અને ફૂલકામ, ભરતગૂંથણ વગેરે કામમાં તેમને દાખલ કરી
તાલીમ આપવામાં આવે તો તેઓ ઘેર કાયમી રોજી મેળવી શકે.

૩. મરઘાં ઉછેર :

આદિવાસી માટે જે વિકાસ યોજના છે, તેમાં મરઘાં આપ-વાનો પણ એક કાર્યક્રમ છે. જો દરેક કુટુંબને પતિ-પત્નિ, મરઘાં આપવામાં આપેલો મરઘાંના બચ્ચાંમાંથી અને ઇંડામાંથી આવક મેળવી શકે.

૪. ધીરે-ધીરે પરિવર્તનની સાથે આ લોકોને અન્ય વ્યવસાયો કરવાની ભૂખ જાગી છે તો જે લોકો સ્વતંત્ર રીતે વેપાર-ધંધો શરૂ કરવા ઇચ્છા ધરાવે છે તેમને જરૂરી લોન આપવી જોઇએ.

૫. ભણેલા યુવાનોને કાયમી કામ મળી રહે તે માટેના તાલીમ-વર્ગો શરૂ કરી આ યુવકોને યાંત્રિક રીપેરીંગ, કડિયાકામ, દરજી-કામ, સુથારીકામ, લુહારીકામ, હીરા ઘસવા વગેરે કામો શીખવવા જોઇએ. આવા તાલીમ વર્ગોનો જે ખર્ચ થાય તે સરકારે ભોગવવો જોઇએ અને તાલીમ પૂરી થયા બાદ જરૂરી સાધનો લોન પેટે આપવા જોઇએ.

૬. "દિગ્વજય" જેવા કેન્દ્રો તથા અન્ય સંસ્થાઓના ઉપક્રમે ગૃહ ઉદ્યોગ વિકાસ પામતો જાય છે. આ જાતિની બહેનોને પણ એવું એકાદ કેન્દ્ર કરવામાં મદદ કરી તેમાં રોકવામાં આવે તો ઘણી બહેનોને કામ મળી રહે.

૭. અભ્યાસમાં ડ્રાઇવરી શીખેલ પાસે શહેરોમાં ઘણાં યુવાનો ઘોડાગાડી અને મોટરરીક્ષા ચલાવે છે. જે પોતાની માલીકીના નથી :

દરરોજ માછીકે બાંડાના પગારીઠાના રૂ.૩/- અને મોટરીઠાના રૂ.૧૦/- આપવા પડે છે. જો સરકાર દ્વારા કે બેંકો દ્વારા આ લોકોને પૂરી લોન આપી મદદ કરવામાં આવે તો બેન્કુસ વધારે સાધન પોતાનું થઈ જાય અને કાયમી આવક મેળવતાં થઈ શકે.

૮. પોમલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. આ માટે પોમલા વિસ્તારમાં બાલવાડી અને પ્રાથમિક શાળા શરૂ કરવી જોઈએ, તેમજ પોમલા બાળકોને નોટો, સ્લેટ, પુસ્તકો વગેરે આપવામાં આવે તો પોમલાઓમાં શિક્ષણનો વધારો થશે.

૯. ગુજરાતના અન્ય વિસ્તારોમાં જેમ આદિવાસીઓ માટે આશ્રમશાળા ચલાવવામાં આવે છે તેમ પોમલાઓ માટે પણ આશ્રમ-શાળા ખોલવી જોઈએ. જેમાં બીજી પછાતવર્ગની જાતિઓના બાળકોને પણ લેવા કે જેથી બાળક કાયમી આશ્રમશાળામાં રહે અને અભ્યાસ કરવામાં વધુ મહેનતુ બનશે. વળી, પોમલા બાળક બાપ પોતાના ટોપલા-ટોપલીના વ્યવસાયમાં ધ્યાન આપે છે તેથી શિક્ષણ સારી રીતે મેળવી શકતો નથી. આ કારણે જો આશ્રમશાળા ખોલવામાં આવે તો શિક્ષણનો વ્યાપ વધશે. વળી આશ્રમશાળામાં શિક્ષણ ઉપરાંત સામુદાયિક કેન્દ્ર તરીકે પણ કામ કરે કે જે દ્વારા પોમલાઓને અન્ય પ્રકારના માર્ગદર્શનો કુશળતાઓની તાલીમ કે અન્ય પ્રશ્નો માટે સમજ આપી શકાય. તો આવી આશ્રમશાળા શિક્ષણના વિકાસ સાથે આર્થિક વિકાસમાં પણ સહાયક થશે.

૧૦. પોમલાઓ જ્યાં વિસ્તાર અને સાંકડા ઘરોમાં રહે છે. હવા પૂરતી સુવિધા નથી આથી અનેક રોગોના ભોગ બને છે. પૂરતો અને જરૂરી ખોરાક વિટામીનયુક્ત ખોરાક નહિ ... શારીરિક નબળાઈ કયારેક વધારે છે. આ માટે તેમના રોગોની ઉંડી તપાસ કરવી જોઈએ અને તે અંગેની જરૂરી મદદ

કરવી જોઇએ.

## ૧૧. અપંગ - વૃધ્ધોને પેન્શન :

સરકાર તરફથી અપંગો અને વૃધ્ધોને માટે પેન્શન યોજના શરૂ કરવામાં આવી છે. છતાં પોમલા સુધી આ યોજના પહોંચી નથી. તો પોમલાને આ સુવિધાનો લાભ તાત્કાલિક આપવો જોઇએ.

૧૨. પોમલા લોકોમાં કુટુંબનું કદ ઘણું મોટું છે, કુટુંબ નિયોજનનો અમલ થતો નથી. તેના વિષે અજ્ઞાન છે. આથી પોમલા સમાજમાં યોગ્ય કાર્યકરો રોકી કુટુંબનિયોજનનો પ્રચાર થાય તો કુટુંબનું કદ ઘટે જેથી આર્થિક રીતે પણ ઉન્નતિ થશે.

૧૩. છેલ્લે શહેરી સમાજની અસરને કારણે લગ્ન જેવા પ્રસંગોપાત ખર્ચનું પ્રમાણ વધવા લાગ્યું છે. તો આ માટે યોગ્ય સમજ આપી આંધળા ખર્ચ ન કરે તે માટે કંઇક કરવું જોઇએ.

## પ્રજા પોતાનું ભાવિ પોતે ઘડે છે :

પંડિત જવાહરલાલ નેહરુએ કહ્યું છે કે

"લોકોને તેમની પોતાની સૂઝ પ્રમાણે વિકાસ કરવા દેવો જોઇએ, અને તેમના ઉપર કશું લાદવાનો પ્રયત્ન આપણે નહિ કરવો જોઇએ. તેમની પરંપરાગત [illegible] કલા, કારીગરી તથા સંસ્કૃતિને શક્ય તેટલી બધી રીતે આપણે ઉત્તેજન આપવું જોઇએ."

"આદિવાસી વિસ્તારોમાં આપણે મોટું વહીવટી માળખું ગોઠવવું નહિ જોઇએ કે એક સામટી ઘણી બધી યોજનાઓ દાખલ નહિ કરવી જોઇએ, અને જ્યાં સુધી તેમના પોતાના સામાજિક અને

સાંસ્કૃતિક સંગઠનો માંડકને કામ કરવાનું રાખવું જોઈએ.

મેનો મત છે કે યોગ્ય કાર્યકર્તાઓ કે જેમાં અત્યારે ઉપરોક્ત જણાવેલ સૂચિત વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકાય તો જાતિ પૈકીનો ઉત્કર્ષ-વિકાસ થશે. આ બધા કાર્યક્રમ મૂકવા તેમાં પોમલાઓનો પૂર્ણ સહયોગ લેવો પડશે. જ્યાં સુધી તેમનો સહયોગ ન હોય તેમને સક્રિય કર્યાં ન હોય ત્યાં સુધી કોઈપણ યોજના સફળ બની નથી; એ પણ જણાવવા માંગું છું કે આ સહયોગ સક્રિય અનુયોગ હોવો જોઈએ.

**<u>વિકાસનું આયોજન :</u>**

પોમલા જાતિની વસતિ સુરત, વડોદરા, ખંભાત, અમદાવાદ ને મારુ શહેરમાં છે. પાંચે શહેરોમાં કુલ આશરે ૬૦ કુટુંબો . જેની સંખ્યા ૧૯૮૧ પ્રમાણે ૩૦૦ હતી. પાંચ [illegible] ર કુટુંબ (૪૫૪ સંખ્યા)નો સંપર્ક સાધી શકાયો હતો. બાકીના કુટુંબોનો સંપર્ક સાધવો શક્ય બન્યો ન હતો. આ રીતે હાલ પોમલાની કુલ વસતિ ૭૫૦ હશે તેમ કહી શકાય.

પોમલા જાતિનો મોટો વર્ગ હાલ ચટાઈ કામમાંથી બહાર રહ્યો છે. તેમ કહીએ તો ખોટું નથી. પરંપરાગત ધંધો દિવસે-દિવસે ક્ષીણ થતો જાય છે. વળી, જે ધંધો ચાલે છે તે માટે માલ મળતો ન હોવાને કારણે કામની રોજી મળતી નથી. આ કારણે ે સમય ભૂખમાં કે અર્ધભૂખમાં રહેવું પડે છે. આથી તેઓ અન્ય વ્યવસાય તરફ અભિમુખ બન્યા છે. જેમાં સામાજિકમાં નોકરી, રીક્ષા-મોટરીક્ષા ચલાવવી, કોન્ટ્રાક્ટ કરવું, સુથારીકામ વગેરે ધંધો કરે છે. સ્ત્રી વર્ગ ઘેર ટોપલા-ટોપલી બનાવે છે. આમ અનેક ધંધો ગુજારા જીવન નિર્વાહ ચલાવે છે.

પ્રવર્તમાન સંજોગોમાં આ જાતિનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય, તેને પગભર કરવા હોય તો તેને માટે કોઇ વિકાસ યોજના બનાવી તેનું તાત્કાલિક અમલીકરણ થાય તે જરૂરી છે. આ રીતે જો તેને પગભર કરવામાં આવશે તો તેનામાં નૈતિક જુસ્સો આવશે અને બેકાર તેઓ આગળ આવશે. પછી પોતાનું પોતાની મેળે કરી લેશે. મારા ક્ષેત્રકાર્યના અનુભવ અને તેમનાં મંતવ્યો અનુસાર તેઓની વાસ્તવિક જરૂરિયાત શું છે, અને તેમાં આપણે શું કરી શકીએ વગેરેને ધ્યાનમાં રાખી આ વિકાસ આયોજન સૂચવ્યું છે. આ વિકાસ કાર્યક્રમનો જો અમલ થાય અને તેને મદદ આપવામાં આવે તો આપણે તેમની ઉપર ઉપકાર કરીએ છીએ તેવું કદીએ ન માનવું. પરંતુ એક પાછળ રહી ગયેલા સમાજને આગળ લાવવો તે આપણી નૈતિક અને સામાજિક ફરજના ભાગ રૂપે કામ કર્યું લેખાશે. વળી, આ સમાજના માટે વિકાસ યોજના બનાવી લાભ દેવો જોઇએ તેના બીજા પણ કારણો છે.

૧. પોમલા માટે આજ સુધીમાં કશો ખર્ચ થયો નથી. આદિવાસી હોવા છતાં આદિવાસીઓને મળતા જે લાભો છે તેનાથી પોમલા જાતિ વંચિત રહી છે. તો હવે આ જાતિ માટે જે કંઇ થઇ શકે તે કરવું જ પડશે.

૨. આ સમાજની અર્થરચનામાં કોઇ જાતનું બુનિયાદી માળખું બનાવવું હશે તો ખર્ચ તો કરવો જ પડશે. આ લોકો હાલ એવી પરિસ્થિતિમાં છે કે જે પોતાની મેળે બુનિયાદી માળખું તૈયાર કરી શકે તેમ નથી. તો આપણે જ એ કરી આપવું પડશે.

૩. વળી, આ ખર્ચને કારણે શું ઉત્પન્ન થવાનું છે તે સમજવું જોઇએ. આને લઇને આર્થિક-સામાજિક માળખું બદલાશે અને એમાંથી જે લાભ મળશે તે બીજી મૂડીમાં ઉમેરાતા લાભ કરતા

અનેક ગણો લાભ થશે.

પોમલાઓના સર્વાંગી વિકાસ માટે આ સૂચિત વિકાસ યોજના આગામી ૨ વર્ષમાં ૭,૮૪,૧૦૦ નું ખર્ચ થશે. આ ખર્ચ કદાચ મોટો પણ લાગશે, પરંતુ પોમલાઓની કુલ ૫૦૦ ની વસતિમાં જો માથાદીઠ ખર્ચ ગણીએ તો આશરે રૂપિયા ૧૫૬૮ જેટલો જ થાય છે.

<u>વિકાસ કાર્યક્રમ :</u>

<u>ભૌતિક સગવડો :</u>

<u>ઘર :</u>

પાંચ શહેરોમાં મળી હાલ પોમલા જાતિના ૮૦ કુટુંબો છે. જેના ઘર કાચી માટીની દિવાલવાળા અને છાજ, સાદાં નળિયાં કે તાડછાંના પાનનું છે. જે ઘરો મોટેભાગે એક ઓરડાના છે. વળી, ૮૦ કુટુંબોમાં ફક્ત ચાર કુટુંબ સિવાય મકાનની માલિકી અન્યની છે એટલે કે ભાડાના મકાનમાં રહેનારાઓ છે કે અન્યની જમીનમાં મકાન બાંધીને રહેતા હોય. હાલ જે પોમલાના મકાનો છે તે ઘણી જ બિસ્માર હાલતમાં છે. શિયાળા-ઉનાળામાં તો કોઈપણ રીતે ચલાવી લે છે. પરંતુ ચોમાસામાં તો આ લોકોની પરિસ્થિતિ ઘણી જ કફોડી અને દયાજનક બને છે. આથી તેઓને ઘરો બાંધી આપવા જોઈએ. આ ઘર માટેની જમીન મ્યુનિસિપાલિટી કે કોર્પોરેશન પાસેથી ખરીદવી જોઈએ અને તે જમીન ઉજાસવાળા વિસ્તારમાં અને જ્યાં પાણી વગેરેની સગવડ હોય ત્યાં લેવી જોઈએ.

તો આ માટે પોમલાની જ્યાં વસતિ છે તેવા શહેરોમાં તે બે વર્ષના સમયમાં ઘરો બાંધવા જોઈએ, જેમાં એક મકાનનો અંદાજ ખર્ચ

રૂપિયા ૩૦૦૦ થવા જાય છે, આ ખરી ગુણકો થવા નો જેમ કારીગર-ના બોર્ડની મદદથી કરવા જોઈએ.

| ક્રમ | વર્ષ | એક મકાનનું ખર્ચ | કુટુંબો | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૩૦૦૦ | ૪૦ | ૧,૨૦,૦૦૦ |
| ૨. | બીજું વર્ષ | ૩૦૦૦ | ૪૦ | ૧,૨૦,૦૦૦ |
| | | ૩૦૦૦ | ૮૦ | ૨,૪૦,૦૦૦ |

પીવાનાં પાણીની વ્યવસ્થા :

માનવીની મૂળભૂત અને પ્રાથમિક જરૂરિયાત પાણીની છે. આંહી ખોયલાની જ્યારે વસાહત કરવામાં આવે ત્યારે પરબો પણ, તેમજ જાહેર નળ નાખવાં ઉપયોગી અને આવશ્યક છે. તેનો ખર્ચ આ પ્રમાણે થશે.

| ક્રમ | વર્ષ | કુલ કુટુંબો | એક કુટુંબને નળ આપવાનો ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૪૦ | ૬૦૦ | ૨૪,૦૦૦ |
| ૨. | બીજું વર્ષ | ૪૦ | ૬૦૦ | ૨૪,૦૦૦ |
| | | ૮૦ | ૬૦૦ | ૪૮,૦૦૦ |

વિજળી સગવડ :

શહેરી વિસ્તારોમાં કે જ્યાં હેઠળ ઘણા વધારે ખોયલા લોકો વસવાટ કરે છે. છતાં કેમ્પમાં કુટુંબને આઠ કરતા કોઈને ત્યાં વિજળીની સુવિધા નથી. આથી જ્યારે નવી વસાહત કરીએ ત્યારે તેને વીજળીનો લાભ આપવો જોઈએ.

| ક્રમ | વર્ષ | કુટુંબ | એક કુટુંબને વિજળી આપવાનું ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૪૦ | ૨૫૦ | ૧૦,૦૦૦ |
| ૨. | બીજું વર્ષ | ૪૦ | ૨૫૦ | ૧૦,૦૦૦ |
| | | ૮૦ | ૨૫૦ | ૨૦,૦૦૦ |

મરઘાં ઉછેર :

પછાત જાતિના દરેક કુટુંબને બબ્બે મરઘાં આપવાં જેમાં એક મરઘો અને બે મરઘીનું યુનીટ રાખવું

(જેમાં ૭૫ ટકા સબસીડીના ધોરણે)

| ક્રમ | વર્ષ | કુટુંબો | ૭૫ ટકા સબસીડીના ધોરણે કિંમત એક યુનીટની | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૪૦ | ૫૦ | ૨,૦૦૦ |
| ૨. | બીજું વર્ષ | ૪૦ | ૫૦ | ૨,૦૦૦ |
| | | ૮૦ | ૫૦ | ૪,૦૦૦ |

છૂટક ધંધાઓ માટે :

પછાત વર્ગો હાલ અન્ય વ્યવસાયો કરતાં થયાં છે, ઘણીવાર તેઓ બીજા કામ કરવા આતુરતા દર્શાવે છે. પરંતુ કામ મળતું નથી, આવા સંજોગોમાં જે કુટુંબો પોતાની રીતે ધંધો કરવા ઇચ્છા ધરાવે તેને યોગ્ય મદદ આપવી જોઇએ. દાખલાં હાથલારી, શાકભાજીની લારી, ચાની લારી કે અમુક છૂટક વસ્તુઓ ખરીદીને વેચે તેવા ૨૫ કુટુંબો છે. જેને મદદરૂપ કરવાથી તેઓ સ્વતંત્ર રીતે પગભર થશે અને આવક મેળવી શકશે.

| ક્રમ | વર્ષ | કુટુંબ | કિંમત | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૧૫ | ૮૦૦ | ૧૨,૦૦૦ |
| ૨. | બીજુ વર્ષ | ૧૦ | ૮૦૦ | ૮,૦૦૦ |
| | | ૨૫ | ૮૦૦ | ૨૦,૦૦૦ |

ઓટોરીક્ષા - પગરીક્ષા :

પોંચવા સમાજમાં હાલ ૩૦ કુટુંબના સભ્યો ઓટોરીક્ષા કે પગરીક્ષા ચલાવે છે, જે સાધનો એટલે કે રીક્ષા પોતાની માલિકીના ન હોતાં ભાડાથી ચલાવે છે. આથી આવકનો અમુક ભાગ મૂળ માલિકને આપવો પડે છે. આવા સંજોગોમાં બેંક દ્વારા કે અન્ય યોજના દ્વારા તેઓને રીક્ષા ખરીદવા લોન આપવામાં આવે તો તેઓ ઘણી સારી આવક મેળવી શકે. પ્રથમ જતાં તેઓ લોનના પૈસા હપ્તાથી ભરી આપશે અને કાયમી સાધન પોતાનું થઈ જતાં કાયમી સારી આવક મેળવી શકશે. સરકારે આવા સાધન માટે ૫૦ ટકા સબસીડી આપવી જોઈએ.

ઓટોરીક્ષા :

| ક્રમ | વર્ષ | કુટુંબ | ૫૦ ટકા સબસીડીના ધોરણે કુટુંબદીઠ મદદ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૫ | ૧૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૨. | બીજુ વર્ષ | ૫ | ૧૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| | | ૧૦ | ૧૦,૦૦૦ | ૧,૦૦૦૦૦ |

મરઘીઉછેર :

| ક્રમ | વર્ષ | કુટુંબ | ૫૦ ટકા સબસીડીના ધોરણે કુટુંબદીઠ ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૧૦ | ૭૫૦ | ૭,૫૦૦ |
| ૨. | બીજું વર્ષ | ૧૦ | ૭૫૦ | ૭,૫૦૦ |
| | | ૨૦ | ૭૫૦ | ૧૫,૦૦૦ |

સીવણની તાલીમ :

મોચીના કુટુંબોમાંથી ઘણાં યુવક-યુવતીઓ સીવણ કામ કરવા તૈયાર થયાં છે. આ માટે જરૂર છે તેમને ૬ માસ સુધી વ્યવસ્થિત તાલીમ આપવાની અને આ તાલીમ દરમિયાન દરેક તાલીમાર્થીઓને રૂપિયા ૭૫/-નું સ્ટાઇપેન્ડ આપવાનું જેનો ખર્ચ, તેમજ ટ્રેનિંગ વર્ગ માટેના મશીનો, તાલીમ આપનાર વગેરેનો ખર્ચ આ પ્રમાણે છે.

૬ માસનું એક વર્ગનું ખર્ચ

| | | |
|---|---|---|
| ૧. રૂપિયા ૪૦૦ લેખે એક તાલીમ આપનાર શિક્ષકનો ૬ માસનો પગાર | ૪૦૦ x ૬ | ૨૪૦૦ |
| ૨. દર માસે ૭૫ રૂપિયા પ્રમાણે ૧૦ તાલીમાર્થીઓને ૬ માસ માટે સ્ટાઇપેન્ડ રૂપે થતું ખર્ચ | ૭૫ x ૧૦ x ૬ | ૪૫૦૦ |
| ૩. કાચો માલ | | ૧૫૦૦ |
| ૪. ૬ માસનું મકાન ભાડું | ૧૦૦ x ૬ | ૬૦૦ |
| | | ૯૦૦૦ |

| ક્રમ વર્ષ | વર્ગ | બે ગુરુઓનો ખર્ચ | કેન્દ્રિયનો ખર્ચ | ૬૦ રૂ.ના પ્રમાણે ૧૦ મશીન ૧૧,૦૦૦ની કિંમતના કિંમત | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧. પ્રથમ વર્ષ | ૨ | ૬૦૦૦ | ૧૮૦૦૦ | ૧૨૦૦૦ | ૩૦૦૦૦ |
| ૨. બીજું વર્ષ | ૨ | ૬૦૦૦ | ૧૮૦૦૦ | ૧૨૦૦૦ | ૩૦૦૦૦ |
| | ૪ | ૬૦૦૦ | ૩૬૦૦૦ | ૨૪૦૦૦ | ૬૦૦૦૦ |

અંબર ચરખાની તાલીમ આપી અંબર ચરખા આપવાં :

અંબર ચરખા ચલાવનારા પોતાના જ ઘરમાં રહી સુખચેનથી અને વાજબી રીતે કાંતી શકે અને રોજી મેળવી શકે. જો ૮૦ કુટુંબોને અંબર ચરખા આપવામાં આવે તો તેનો અંદાજ ખર્ચ આ પ્રમાણે થાય.

| ક્રમ વર્ષ | કુટુંબ સંખ્યા | ચાર ત્રાકના અંબર ચરખાની કિંમત | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૧. પ્રથમ વર્ષ | ૪૦ | ૫૦૦ | ૨૦૦૦૦ |
| ૨. બીજું વર્ષ | ૪૦ | ૫૦૦ | ૨૦૦૦૦ |
| | ૮૦ | ૫૦૦ | ૪૦૦૦૦ |

ટોપલા-ટોપલીના ધંધા માટે :

પોયલા લોકોનો મૂળ વ્યવસાય ટોપલા-ટોપલી બનાવવાનો છે; આજે લોકો મરણ પથારીએ હોવા છતાં પોયલા જાતિનો મોટો વર્ગ આ વ્યવસાયને અનુસરી રહ્યો છે. આજે પરિસ્થિતિ એવી થઈ છે કે તેમને ધંધા માટે જે વાંસના પાન જોઈએ તે મળતા નથી, અથવા તો ખરીદવાના અથવા વેપારીની ઉધારીથી ઉધરવું પડે છે જે તેમને માટે મુશ્કેલ છે. આથી પોયલા લોકો પોતાનો વ્યવસાય જાળવી શકે તે

માટે વીમા સહાય કરવી જોઇએ. આ માટે કાયમી કોઇ ખર્ચ થશે પરંતુ પોમલા લોકો સમય જતાં તે પૈસા પાછા વાળશે. આ માટે એક સહકારી મંડળી સ્થાપવી જોઇએ. જે દ્વારા દરેક પોમલા કુટુંબને કાચો માલ મળે અને તૈયાર થતો માલ સ્થાઇ ખરીદાઇ જાય આવું કરવાથી બે ફાયદા થશે. એક તો વેપારી જે મોટો નફો મેળવે છે તે બંધ થશે એટલે કે વેપારી દ્વારા થતું શોષણ અટકશે અને બીજું પોમલા લોકોને કાયમી વ્યવસાય અને આવક મળી રહેશે. આ માટે જે ખર્ચ થશે તે આ પ્રમાણે છે.

| ક્રમ | વર્ષ | કુલ કુટુંબો | એક કુટુંબને જરૂરી મદદ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૭૫ | ૧૦૦૦ | ૭૫૦૦૦ |
| | | ૭૫ | ૧૦૦૦ | ૭૫૦૦૦ |

શિક્ષણ :

પોમલા જાતિમાં શિક્ષણનું પ્રમાણ બહુ જ ઓછું છે. આ માટે શિક્ષણનો ફેલાવો કરવો જરૂરી છે. કૌટુંબિક પરિસ્થિતિને કારણે નાનાં છોકરાંઓ ટોપલા-ટોપલીના ધંધામાં મદદ કરવી, નાનાં છોકરાઓને સાચવવા વગેરે કાર્યો કરે છે. પરંતુ શિક્ષણ લઇ શકતા નથી. પોમલા જાતિમાં શિક્ષણનો ફેલાવો થાય, શિક્ષણનું સિંચન થાય બાળકો શિક્ષણ લેતા બને તે માટે જરૂર છે એક આશ્રમશાળાની કે જેનાથી બાળકો કુટુંબથી દૂર રહી આખો દિવસ શૈક્ષણિક કાર્યમાં મગ્ન રહે. અલબત્ત આ લોકોની વસતિ ઘણી ઓછી છે. વળી, જે વસતિ પ્રવર્તમાન સમયમાં છે તે પણ એ જુદા જુદા શહેરોમાં વિભાજીત છે, આથી પ્રથમ દ્રષ્ટિએ આશ્રમશાળા કરવી તે આર્થિક રીતે પોસાય નહિ. પરંતુ ગુજરાતમાં પાંચ શહેરોમાં તેની વસતિ છે, તેમાં સુરતમાં

સૌથી વધુ કુટુંબો (૭૧ કુટુંબો) છે. આથી આ શહેરમાં જો એકાદ આશ્રમશાળા ખોલવામાં આવે તો જરૂરી સંખ્યા પણ મળી રહે. આ ઉપરાંત અન્ય શહેરોમાં ~~કે જ્યાં~~ કે જ્યાં ચોધરાંનો વસવાટ છે તેનાં બાળકો પણ આમાં દાખલ થશે. કારણ કે છે કે આ જાતિનું જૂથ ઘણું જ નાનું હોવાથી એકબીજાના નજીકના સગાંઓ હોવાથી તેઓ જરૂર આ કાર્યમાં સહકાર આપશે અને આશ્રમશાળા કરવાનું નક્કી થાય તો તે બાબતને સહર્ષ સ્વીકારશે.

આ ઉપરાંત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ચોધરાં બાળકો ને હાજરીના પ્રમાણે માસિક રૂપિયા ૨૫ આપવામાં આવે તો માતા-પિતા પોતાનાં સંતાનોને નિશાળે મોકલશે. આવા નિશાળે જતાં ૬૦ બાળકોને રૂપિયા ૨૫. લેખે માસિક રૂપિયા ૧૫૦૦ ખર્ચ થાય છે. જે વર્ષમાં લગભગ ૧૦ માસ કામ ચાલે છે, તો કુલ ખર્ચ રૂપિયા ૧૫૦૦૦ થાય.

આશ્રમશાળા :

આગળ ચર્ચા કરી તેમ ચોધરાંઓ જુદા જુદા સ્થળે વસવાટ કરતાં હોવા છતાં જ્યાં કુટુંબોની સંખ્યા વધુ છે તેવા સુરત શહેરમાં એક આશ્રમશાળા કરવી જરૂરી છે. જો કે આ એક પ્રયોગ કે પડકાર છે પરંતુ તેનું અમલીકરણ જરૂરી છે. આ કરવાથી જ ભવિષ્યની પેઢીનો ઉત્કર્ષ-વિકાસ થશે.

## બાલમંદિરનું ખર્ચ : અનાવર્તક ખર્ચ (નોનરીકરીંગ)

| | |
|---|---|
| ૧. ફર્નીચર અને અન્ય સરસામાન નવ માસ માટેનું....... | ૩,૦૦૦ |
| ૨. ૧૦ છોકરાઓ માટેના વાસણો | ૫,૦૦૦ |
| ૩. રમત-ગમતના સાધનો | ૫૦૦ |
| ૪. ૩૦ બાળકો માટેનું બાલમંદિરનું મકાન | ૫૦,૦૦૦ |
| ૫. બે ગાય (રૂ.૬૦૦ ની એક) | ૧,૨૦૦ |
| ૬. પશુ માટેનું છાપરું | ૮૦૦ |
| ૭. હુન્નર ઉદ્યોગ માટેના કાચા માલની ખરીદી | ૨,૦૦૦ |
| ૮. આકસ્મિક ખર્ચ | ૧,૫૦૦ |
| | ૬૪૦૦૦ |

## આવર્તક ખર્ચ (રીકરીંગ)

| | | |
|---|---|---|
| ૧. બે તાલીમ પામેલા શિક્ષકો દર માસે મોંઘવારી સાથે કુલ માસિક પગાર રૂ.૬૦૦ | ૬૦૦ X ૨ X ૧૨ | ૧૪,૪૦૦ |
| ૨. એક કામદાર માસિક રૂ.૪૦૦ મુજબ | ૪૦૦ X ૧૨ | ૪,૮૦૦ |
| ૩. એક રસોયો માસિક રૂપિયા ૪૦૦ મુજબ | ૪૦૦ X ૧૨ | ૪,૮૦૦ |
| ૪. એક રસોયા મદદનીશ માસિક રૂ.૩૦૦ મુજબ | ૩૦૦ X ૧૨ | ૩,૬૦૦ |
| ૫. વિદ્યાર્થીઓને માસિક રૂપિયા ૭૫ લેખે શિષ્યવૃત્તિ રૂપિયા ૬૦ મુજબ | ૭૫ X ૬૦ X ૧૨ | ૫૪,૦૦૦ |
| ૬. આકસ્મિક ખર્ચ | | ૨,૦૦૦ |
| | | ૮૩,૬૦૦ |

| | |
|---|---|
| અનાવર્તક ખર્ચ | - ૬૪૦૦૦ |
| આવર્તક ખર્ચ | - ૮૩૬૦૦ |
| કુલ ખર્ચ... | ૧૪૭૬૦૦ |

ઉપર જણાવેલ યોજનાઓનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે એક ખાસ અધિકારીની નિમણૂક કરવી જોઈએ. જેથી યોજનાનું અમલીકરણ અને કામ જલદી આવે, જેનો ફાયદો માછીમારોને ન થતાં અન્ય ને પણ થશે.

માછીમારજાતિ માટેની વિકાસ યોજનાનું બે વર્ષનું કુલ ખર્ચ આ પ્રમાણે છે :

| ક્રમ | વિગત | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧. | મકાનનું બાંધકામ | ૨૪૦૦૦૦ |
| ૨. | પીવાના પાણીની વ્યવસ્થા | ૪૮૦૦૦ |
| ૩. | વિજળીની સગવડ | ૨૦૦૦૦ |
| ૪. | મરઘા ઉછેર | ૪૦૦૦ |
| ૫. | હાથલારી, શાકભાજી માટેની લારી, નાની લારી (છૂટક ધંધાઓ) માટેની યોજના | ૨૦૦૦૦ |
| ૬. | મોટરરીક્ષા | ૧૦૦૦૦૦ |
| ૭. | પગરીક્ષા | ૧૫૦૦૦ |
| ૮. | શીવણની તાલીમ | ૬૦૦૦૦ |
| ૯. | ગટર વ્યવસ્થાની યોજના | ૪૦૦૦૦ |
| ૧૦ | [illegible] માટે | ૭૫૦૦૦ |
| ૧૧ | શિક્ષણ | ૧૫૦૦૦ |
| ૧૨ | [illegible] | ૧૪૦૧૦૦ |
| | કુલ ખર્ચ | ૭૮૪૧૦૦ |

~~જેમાં ૭૦૦૦૦૦ અનાવર્તક છે, અને ૮૪૧૦૦ રૂપિયા આવર્તક છે.~~

## સંદર્ભસૂચિ

(૧) આપણી યોજના : ગુજરાત રાજ્યની ત્રીજી પંચવર્ષીય યોજના
- પટેલ પિનાકિન, ૧૯૭૦

(૨) આપણું ગુજરાત - પટેલ પિનાકિન, ૧૯૭૦

(૩) આદિમ જાતિ વિસ્તાર પેટાયોજના વિકાસકાર્યક્રમ(૧૯૭૪-૭૯)
- બક્ષી સુલતાની
- પંડ્યા વોરા
- શાહ કોકિલાબેન

(૪) આદિવાસીઓની સમસ્યાઓ
- પટેલ હરિભાઈ
રચના પ્રકાશન - ૧૯૭૦
અમદાવાદ.

(૫) કાથોડી આદિવાસીઓમાં ગરીબી
- પંડ્યા ગૌરીશંકર
અનુસ્નાતક પદવી માટે લખાયેલો
શોધ નિબંધ
સમાજશાસ્ત્ર વિભાગ
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૧૯૭૮

(૬) ભૂતાં ડાંગી અને પર ગવિયાર
(નવસારી - ગુજરાતની પરાર અનુસૂચિત જનજાતિનો
વિકાસલક્ષી સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ)
- પટેલ ભીખુભાઈ ભૂલાભાઈ
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૧૯૮૧

(૭) ગુજરાતના સીદી
(એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી
સામાજિક - આર્થિક અભ્યાસ)
- નાયક ટી બી ઠાકોરભાઈ
પટેલ ગૌરીશ
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૧૯૮૦

(૮) ગુજરાતના આદિવાસીઓ
- શાહ વિમલ
ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૧૯૬૧

(૯) ગુજરાતના દુબળાઓ
- શાહ પી. જી.
અનુવાદ
શાહ પી. સી.
સંક્ષેપ
શાહ વિ-કુમુદબેન
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
[illegible] - ૧૯૬૨

(૧૦) પંચમહાલના ભીલો

- [illegible]

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ - ૧૯૫૫

(૧૧) [illegible]

- [illegible]

[illegible]

[illegible] વર્ષ - ૫ અંક - ૮

૧, જુલાઈ - ૧૯૭૮

(૧૨) સામાજિક સંશોધનની પદ્ધતિ

- નાયક ઠાકોરભાઈ

૧૯૬૨

(૧૩) સામાજિક સંશોધનની પદ્ધતિ

- શાહ એમ. આર.

[illegible] - ૧૯૭૭

(૧૪) સામાજિક સર્વેક્ષણ (હિંદી)

- [illegible], [illegible] - ૧૯૬૭

(15) Bhils A Study

- Naik T.B.

Delhi - 1956.

(16) Kathodis of Gujarat

- Masavi M.I., Pandya G.P.

Tribal Research and Training Institute, Gujarat Vidyapith, Ahmedabad - 1977.

(17) Kolghas of Gujarat

– Naik T.B., Mosavi M.I. and Pandya G.P.

Tribal Research and Training Institute, Gujarat Vidyapith, Ahmedabad – 1979.

(18) Report, Census of Baroda State – 1911.

(19) The Kotwalias of Gujarat

A primitive group of Tribals

Development programmes

– Social Welfare and Tribal Development Department – 1980.

(20) The Tribes and Caste of Bombay Vol. III

– Enthoven R.E., Cosmo Delhi 1975

## આર્થિક–સામાજિક મોજણી પત્રક

પરિશિષ્ટ –

પત્રક ભરનારનું નામ :

તારીખ :

ગામનું નામ :

તાલુકો : જિલ્લો :

---

ન્ય માહિતી

આપનારનું નામ :

મમાં કેટલા વર્ષોથી રહો છો ? :

આવી વસ્યા હો તો મૂળ વતન કયું ? :

કાર : કાચું/પાકું

કુલ ક્ષેત્રફળ :

સંખ્યા :

પ્રકાર :

પ્રકાર :

તાની માલિકીની જમીનમાં છે? હા/ના

તો કોની જમીનમાં છે?

ટેની છાપરી સાથે છે? . હા/ના

મકાનમાં રહો છો? હા/ના

તો માસિક ભાડું જણાવો.

૨. કુટુંબના સભ્યોની માહિતી

| ક્રમ | નામ | કુટુંબના વડા સાથેના સંબંધ | જાતિ | ઉંમર | વૈવાહિક દરજ્જો | લગ્ન સમયની ઉંમર | લગ્ન ક્યાં થયું છે? અને કેટલા અંતરે અને કઈ દિશામાં? | પત્નીનું ગોત્ર | ધંધો* | આર્થિક દરજ્જો** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨.૧ | ૨.૨ | ૨.૩ | ૨.૪ | ૨.૫ | ૨.૬ | ૨.૭ | ૨.૮ | ૨.૯ | ૨.૧૦ | ૨.૧૧ |
| | | | | | | | | | | |

* ધંધો એક કરતાં વધારે હોય તો તે લખવું. દા. ત. ખેતી અને મજૂરી, અભ્યાસ અને મજૂરી, નોકરી અને ખેતી.

** 1. જાતે કમાનારા (E) ૨. કમાનાર પર આધારિત (ED) ૩. બિનકમાનાર (NED).

# આર્થિક જીવન

## ૩.૧ મિલકત

### ૩.૧.૧ જમીન

(૧) તમારી પાસે કેટલી જમીન છે ? હેક્ટરમાં જણાવો.

(૨) આમાંની કેટલી જમીન વારસામાં મળી છે ?

(૩) કેટલી જમીન તમે જાતે ખરીદી ?

(૪) જમીન કોની પાસેથી ખરીદી ?

(૫) તમે જમીન વેચી છે ?..................ક્યારે ?..................શા માટે ?

(૬) જમીન કોને વેચી ? જાતિભાઈને/અન્યને/વેપારી–શાહુકારને

(૭) તમે કોઈની જમીન ગીરો રાખી છે ? હા/ના

(૮) જો હા તો કોની પાસેથી અને કઈ શરતે ?

(૯) તમે કોઈની જમીન ભાડે ખેડો છો ? હા/ના

(૧૦) જો હા તો કોની પાસેથી અને કઈ શરતે ?

(૧૧) તમે તમારી જમીન ગીરો મુકી છે ? હા/ના

(૧૨) જો હા તો કોની પાસે અને કઈ શરતે ?

(૧૩) તમે તમારી જમીન કોઈને ભાડે ખેડવા આપી છે ? હા/ના

(૧૪) જો હા તો કોને અને કઈ શરતે ?

(૧૫) કુલ જમીનની કિંમત રૂ...................

૩.૧.૨ મકાન અને અન્ય સ્થાવર મિલકત

| અ. નં. | વિગત | સંખ્યા | અત્યારની કિંમત |
|---|---|---|---|
| ૧. | મકાન | | |
| ૨. | વૃક્ષો ૧. મહુડા | | |
| | ૨. આંબા | | |
| | ૩. બોરડી | | |
| | ૪. અન્ય (વિગત આપો) | | |

૩.૧.૩ પશુધન તપાસ સમયે

| ક્રમ | વિગત | સંખ્યા | અત્યારની કિંમત |
|---|---|---|---|
| ૧. | ગાયો | | |
| ૨. | ભેંસો | | |
| ૩. | બકરાં, ઘેટાં | | |
| ૪. | બળદ | | |
| ૫. | વાછરડા | | |
| ૬. | વાછરડી | | |
| ૭. | મરઘાં | | |
| ૮. | અન્ય | | |
| ૯. | કુલ | | |

### ૩.૧.૪ પોતાની માલિકીનાં યંત્રો, ઓજારો, માલવાહક સાધનો

| વસ્તુ | સંખ્યા | હાલની કિંમત ₹ |
|---|---|---|
| હળ : લાકડાનું | | |
| હળ : લોખંડનું | | |
| કરબ | | |
| સમાર | | |
| વાવણિયો | | |
| નાનાં ઓજારો | | |
| ગાડું : લાકડાના પૈડાવાળું | | |
| ગાડું : ટાયરના પૈડાવાળું | | |
| કૂવો : કાચો/પાકો | | |
| કોશ | | |
| રહેંટ | | |
| ઓઈલ એન્જિન | | |
| ઈલેકટ્રિક મોટર | | |
| ટ્રેકટર | | |
| ટ્રેકટર ટોલી સાથે | | |
| ખટારો | | |
| અન્ય (વિગતો આપો) | | |

### ૩.૧.૫ ઘરવખરીનાં સાધનો

૧. રસોઈનાં અને અન્ય ઉપયોગ માટેનાં ઘરવપરાશનાં સાધનો

| વસ્તુ | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|
| વાસણો : અ તાંબાનાં | | |
| બ. એલ્યુમિનિયમનાં | | |
| ક. પિત્તળનાં | | |
| ડ. સ્ટીલનાં | | |
| ઈ. માટીનાં | | |
| ચ કાચનાં | | |
| છ. અન્ય | | |

| ક્રમ | વિગત | સંખ્યા | હાલની કિંમત |
|---|---|---|---|
| ૨. | ફર્નિચર | | |
| | અ. ખાટલા | | |
| | બ. પલંગ લાકડાનાં/લોખંડના | | |
| | ક ટેબલ, ટીપોઈ, ખુરશી | | |
| | ડ અન્ય | | |
| ૩. | સાયકલ | | |
| ૪. | ઘડીયાળ | | |
| ૫. | રેડિયો | | |
| ૬. | સીવવાનો સાંચો | | |
| ૭ | માંછલા પકડવાની જાળ | | |
| ૮. | શિકારનાં સાધનો | | |
| ૯. | વાજિંત્રો | | |
| ૧૦. | ફાનસ, ચીમની, પેટ્રોમેક્ષ | | |
| ૧૧. | ટોપલા, ટોપલીઓ | | |
| ૧૨. | દળવાની ઘંટી | | |
| ૧૩. | પ્રાયમસ | | |
| ૧૪. | પેટી | | |
| ૧૫. | બેટરી | | |
| ૧૬. | અન્ય | | |

૩.૧.૬ અન્ય અસ્કયામતો

૧ રોકડ

૨. ઘરેણાં : અ સોનાનાં કિંમત

બ. ચાંદીનાં કિંમત

ક કલાઈના કિંમત

ડ અન્ય કિંમત

૩. શેર અને અનામતો

૪. લેણું

૫. બેંક બેલેન્સ

૬. અન્ય

૩.૧ ૭ સ્થાવર તથા જંગમ મિલકતની હાલની કિંમત રૂા ........................

(૩.૧.૧+૩.૧.૨+૩.૧.૩+૩.૧.૪+૩.૧.૫+૩.૧.૬નો સરવાળો)

૪.૧ ખેતીમાંથી થતું વાર્ષિક ઉત્પાદન

| ક્રમ | પાકનું નામ | કુલ ઉત્પાદન | | ઘરના વપરાશ માટે રાખેલ | | મજૂરી પટે ચુકવેલ | | વેચેલ ઉત્પાદન | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કિલોમાં | કિંમતમાં | કિલોમાં | કિંમતમાં | કિલોમાં | કિંમતમાં | કિલોમાં | કિંમતમાં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |
| ૮ | | | | | | | | | |
| ૯ | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | |
| કુલ | | | | | | | | | |

## ૪.૨ વાર્ષિક ઉત્પાદન ખર્ચ : ખેતી, પશુપાલન

### ૪.૨.૧ ખેતી ખર્ચ અને પશુપાલન ખર્ચ

| ક્રમ | વિગત | ઘરમાંથી વાપરેલ (કિંમત રૂા. માં) | રોકડેથી ખરીદેલ (કિંમત રૂા. માં) | શાખ પર લીધેલ (કિંમત રૂા. માં) | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બિયારણ | | | | |
| ૨ | રાસાયણિક ખાતર તથા ખોળ | | | | |
| ૩ | ખાતર કમ્પોસ્ટ | | | | |
| ૪ | છાણિયું ખાતર | | | | |
| ૫ | નાનાં ઓજારોની ખરીદી તેમજ ઓજારોનું મરામત ખર્ચ | | | | |
| ૬ | જંતુનાશક દવાઓ | | | | |
| ૭ | સિંચાઈ ખર્ચ | | | | |
| ૮ | ઘાસચારો | | | | |
| ૯ | અન્ય પશુખાણ | | | | |
| ૧૦ | અન્ય | | | | |
| ૧૧ | કુલ | | | | |

૪.૨.૨ જમીન મહેસૂલ અને અન્ય વસૂલાત

૪.૨.૩ વ્યાજનું ખર્ચ

૪.૨.૪ હળભાડા તથા ગાડાભાડાનો ખર્ચ

૪.૨.૫ મજૂરી ખર્ચ (ભાડે રાખેલ)

૪.૨.૬ ખેતી અને પશુપાલન ખર્ચ (કુલ)

૪.૩ પશુપાલનમાંથી થતું વાર્ષિક ઉત્પાદન

| વિગત | સંખ્યા અથવા માપ | | કિંમત રૂપિયામાં | |
|---|---|---|---|---|
| | વેચેલ | ઘરમાં વાપરેલ | વેચેલ | ઘરમાં વાપરેલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩.૧ દૂધ અને દૂધની બનાવટો | | | | |
| ૩.૨ ખાતર | | | | |
| ૩.૩ નાનાં પશુ | | | | |
| ૩.૪ કુલ ઉત્પાદન/આવક | | | | |
| ૪.૩.૫ મરઘાં ઉછેરની કુલ વાર્ષિક આવક | | | | |
| ૩.૬ માછલી પકડવામાંથી થતી કુલ વાર્ષિક આવક | | | | |
| ૪.૩.૭ વન્ય ધંધાની કુલ વાર્ષિક આવક | | | | |
| અ. બળતણનાં લાકડાની | | | | |
| બ. મધ | | | | |
| ક. ગુંદર | | | | |
| ડ. અન્ય ગૌણ વન્ય પેદાશો | | | | |

૪.૩.૮ ગૃહઉદ્યોગની કુલ ચોખ્ખી વાર્ષિક આવક રૂ..................

૪.૩.૯ નોકરી અને ધંધામાંથી થતી ચોખ્ખી આવક રૂ....................

૪.૩.૧૦ બહારથી મળેલી વાર્ષિક આવક રૂ..................

૪.૩.૧૧ ડિવિડન્ડ, નફો તથા વ્યાજમાંથી થતી વાર્ષિક આવક રૂ......................

૪.૩.૧૨ અન્ય આવક રૂ......................

૪.૪ કુટુંબના સભ્યોએ મજૂરીમાંથી મેળવેલી કુલ વાર્ષિક આવક

| ક્રમ | કામનો પ્રકાર | કુટુંબના પુખ્ત વયના પુરુષોની સંખ્યા | | | કુટુંબની પુખ્ત વયની સ્ત્રીઓની સંખ્યા | | | કુટુંબના નાની વયના સભ્યોની સંખ્યા | | | કુટુંબની કુલ આવક | ગામ કે ગામ બહાર મજૂરી કરે છે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કામ કરેલા દિવસ સંખ્યા | દૈનિક મજૂરીનો દર | કુલ વાર્ષિક કમાણી | કામ કરેલા દિવસ સંખ્યા | દૈનિક મજૂરીનો દર | કુલ વાર્ષિક કમાણી | કામ કરેલા દિવસ સંખ્યા | દૈનિક મજૂરીનો દર | કુલ વાર્ષિક કમાણી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | ખેત મજૂરી | | | | | | | | | | | |
| ૨ | જંગલ મજૂરી | | | | | | | | | | | |
| ૩ | બાંધકામ | | | | | | | | | | | |
| ૪ | અન્ય | | | | | | | | | | | |
| ૫ | કુલ | | | | | | | | | | | |

૪.૪.૧ તમારે ત્યાંથી બહારગામ કોઇ બીજી મજૂરીએ જાય છે? હા/ના

જો હા તો કઈ મજૂરી ?

તમારા ત્યાંથી કોઇ બહારગામ રહે છે? કોણ ? ક્યાં ? ત્યાં તે શું કરે છે?

૧.

૨.



૪ ગ

૪ ग

| ક્રમ | વિગત | કુલ આવક | ઉત્પાદન ખર્ચ | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ખેતી અને પશુપાલન | | | |
| ૨. | વન્ય પેદાશ | | | |
| ૩. | ગૃહોદ્યોગ | | | |
| ૪. | મજૂરીની આવક | — | — | |
| ૫. | નોકરીની આવક | — | — | |
| ૬. | વેપાર-ધંધાની આવક | | | |
| ૭. | અન્ય આવક | — | — | |
| ૮. | કુલ | | | |

૫.૫ વાર્ષિક ખર્ચ

૫.૫ ૧ ખોરાક, પાણી, દિવાબત્તી' બળતણ વગેરે પર થતો ખર્ચ

| ક્રમ | વિગત | વાર્ષિક વપરાશ | | ઘરમાંથી વાપરેલ | | ખરીદેલ | | | | | | કોની પાસેથી ખરીદ્યું |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | રોકડેથી | | ઉધાર | | સાટામાં | | |
| | | કિલો | કિંમત રૂા. | કિલો | કિંમત રૂા. | કિલો | કિંમત | કિલો | કિંમત | કિલો | કિંમત | |
| ૧ | અનાજ | | | | | | | | | | | |
| | અ. | | | | | | | | | | | |
| | બ. | | | | | | | | | | | |
| | ક. | | | | | | | | | | | |
| | ડ. | | | | | | | | | | | |
| | ઈ. | | | | | | | | | | | |
| ૨ | શાકભાજી | | | | | | | | | | | |
| ૩ | માંસ/ઈંડા | | | | | | | | | | | |
| ૪ | દૂધ | | | | | | | | | | | |
| ૫ | ઘી | | | | | | | | | | | |

| ક્રમ | વિગત | વાર્ષિક ઉપરાશ | | ખરીદેલ | | | | | | કોની પાસેથી ખરીદયું? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રોકડ | | ઉધાર | | સાટામાં | | |
| | | કિલો | કિંમત | કિલો | કિંમત | કિલો | કિંમત | કિલો | કિંમત | |
| ૬ | ખાંડ | | | | | | | | | |
| ૭ | ગોળ | | | | | | | | | |
| ૮ | તેલ | | | | | | | | | |
| ૯ | ચા, કોફી | | | | | | | | | |
| ૧૦ | ગરમ મસાલા | | | | | | | | | |
| ૧૧ | દારૂ | | | | | | | | | |
| ૧૨ | તમાકુ અને બીડી | | | | | | | | | |
| ૧૩ | બળતણ | | | | | | | | | |
| ૧૪ | વીજળી | | | | | | | | | |
| ૧૫ | દિવાસળી | | | | | | | | | |
| ૧૬ | ફળફળાદિ | | | | | | | | | |
| ૧૭ | અન્ય | | | | | | | | | |
| ૧૮ | કુલ ખર્ચ | | | | | | | | | |

૫.૫.૨ મુસાફરી ખર્ચ

૫.૫.૩ કપડાંનું ખર્ચ

અ. પુરૂષ

બ. સ્ત્રી

ક. બાળકો

૫.૫.૪ મગરમાં પાછળ થતું ખર્ચ

૫.૫ ૫ શિક્ષણ પાછળ થતું ખર્ચ

૫.૫.૬ દવાદારૂનું ખર્ચ

૫.૫.૭ આશ્રિતોને મોકલવાની રકમ

૫.૫.૮ અન્ય સેવાઓનો ખર્ચ

૫.૫.૯ સામાજિક, ધાર્મિક વિધિઓ પાછળ થતો ખર્ચ

૫.૫.૧૦ કુલ ખર્ચ રૂ.…………………

૫.૫.૧૧ આવક ખર્ચનું તારણ ક. કુલ આવક………

બ. કુલ ખર્ચ…………

ગ. બચત કે ખોટ………

૫.૫.૧૨ તમે દરરોજ બપોરે અને રાત્રે શું શું ખાવ છો?

બપોરે રાત્રે

૫.૫.૧૩ કોઈ વખત તમારે કે ઘરનાં માણસોને ભૂખ્યા રહેવું પડે છે?

એક વખત ખાઈને ચલાવવું પડે છે? હા/ના

૫.૫.૧૪ જો 'હા' તો કુટુંબના કેટલા માણસોને કેટલો સમય?

૬. છેલ્લાં વીસ વર્ષ દરમ્યાન કરેલ મૂડી રોકાણ

| ક્રમ | વિગત | ખર્ચ રૂપિયામાં | રોકાણ માટેની જરૂરી રકમ મેળવવાનાં સાધનો | | | | | | | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સ્વયં બચત | સરકાર પાસેથી લોન | સહકારી મંડળી | શાહુકાર પાસેથી | સગાંસંબંધી પાસેથી | અસ્કયામત વેચીને | અન્ય | કુલ | |
| ૧ | નવા મકાનનું બાંધકામ | | | | | | | | | | |
| ૨ | મકાન સમારકામ ખર્ચ | | | | | | | | | | |
| ૩ | જમીન સુધારણા | | | | | | | | | | |
| ૪ | ઢોર, ખરીદી | | | | | | | | | | |
| ૫ | નવી જમીન ખરીદી | | | | | | | | | | |
| ૬ | કૂવા બાંધકામ ખર્ચ | | | | | | | | | | |
| ૭ | મોટી મૂડી રોકાણ થતું હોય તેવાં સાધનોની વિગતો | | | | | | | | | | |
| ૮ | અન્ય | | | | | | | | | | |
| ૯ | કુલ | | | | | | | | | | |

૭. દેવું

૭.૧ તમારે દેવું છે? હા/ના

૭.૧.૨ જો દેવું હોય તો દેવાની રકમ, શરતો અને કોનું દેવું છે તે જણાવવું.

| ક્રમ | દેવું કોની પાસેથી લીધું છે? | દેવાની રકમ | | | ક્યારે લીધેલ | હેતુ | દેવાનો પ્રકાર | | | અન્ય શરતો (વ્યાજની વિગત આપવી) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રોકડ | વસ્તુ કિંમત | કુલ રકમ | | | ટૂંકી મુદતનું | મધ્યમ મુદતનું | લાંબી મુદતનું | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | શાહુકાર–વેપારી | | | | | | | | | |
| ૨ | સરકાર | | | | | | | | | |
| ૩ | સહકારી મંડળી | | | | | | | | | |
| ૪ | બેન્ક | | | | | | | | | |
| ૫ | સગાંવહાલાં | | | | | | | | | |
| ૬ | અન્ય (વિગતો આપો) | | | | | | | | | |

## સાંસ્કૃતિક અભ્યાસ માટેની મુલાકાત માર્ગદર્શિકા

**સામાન્ય માહિતી :**

૧. વિસ્તાર કેવો છે ? વસ્તી કયાં પથરાયેલી છે ?

૨. જે જાતિનો અભ્યાસ કરવાનો હોય તે જાતિ સાથે બીજી કઇ જાતિઓ રહે છે ?

**ગામ :**

૧. ગામનો વિસ્તાર કેવો છે ?

૨. ગામમાં કેટલી કુલ વસ્તી છે ?

૩. ગામમાં કેટલી આદિવાસી જાતિઓનો વસવાટ છે ? અન્ય કઇ જાતિના લોકો વસે છે ?

૪. ગામની જમીન કેવી છે ?

૫. આદિવાસીઓ કયા કયા વ્યવસાય કરે છે ?

૬. આસપાસની વસ્તી કયા વ્યવસાયમાં વધુ રોકાયેલ છે ?

૭. ખેતી લાયક જમીન કેટલી છે ?

૮. ખેતી માટેનાં પશુઓ કયાં છે ? કયાં કયાં પશુઓનો ખેતીમાં ઉપયોગ થાય છે ?

૯. પશુઓ કઇ જગ્યાએ બાંધે છે ?

૧૦. ખેતી માટે પશુઓ પૂરતાં છે કે ઓછાં ?

૧૧. જમીન નહીં હોવા છતાં પશુઓ રાખે છે ?

૧૨. એકંદરે પશુઓની જાત કેવી છે ? ખેતી થઇ શકે તેવાં સશક્ત પશુઓ છે ?

૧૩. ખેતીમાં સાધનો કઇ કઇ જાતનાં અને કેટલાં છે ?

૧૪. સાધનો જાતે કે બીજા પાસે બનાવડાવે છે ?

૧૫. સાધનો કયાં રાખે છે ?

૧૬. દરેકની પાસે ખેતીનાં પૂરતાં સાધનો છે ?

૧૭. ખાતરનો ઉપયોગ કરે છે ? કયાં કયાં ખાતરો - છાણિયું ખાતર વ્યવસ્થિત ખાડા કરી રાખે છે ?

૧૮. કયા કયા પાકો વાવે છે ?

ઘર :

૧. ઘર કેવી જગ્યાએ બાંધે છે ? ડુંગરી પર કે નીચે સપાટ જમીન પર.

૨. ઘર લગોલગ છે કે એક બીજાથી દૂર ?

૩. ઘર એક જાતિનાં સાથે છે કે અલગ અલગ ?

૪. ફળિયામાં એક જાતિ સિવાય બીજી જાતિઓનો વસવાટ છે ?

૫. એક ગોત્રના કે એક લોહીના સંબંધીઓ જુદા જુદા ફળિયામાં વસે છે કે એક બીજાની નજીક રહે છે

૬. ઘર બાંધતી વખતે કરવામાં આવતી ધાર્મિક વિધિ.

૭. ઘર બાંધવામાં વપરાતો માલસામાન સ્થાનિક કે બહારનો ?

૮. ઘરને કેટલા ખંડો છે ?

૯. દરેક ઘરમાં બારીબારણાંની અને હવાઉજાસની પૂરતી વ્યવસ્થા છે ?

૧૦. ઘરની ઉપરનું છાજ કેવું છે ? ઘાસ, નળિયાં, વિલાયતી નળિયાં, પતરાં કે અન્ય.

૧૧. ઘરમાં વસ્તુઓ કયાં કયાં મૂકે છે ?

૧૨. ઘરમાં ચૂલો, ધાર્મિક સ્થાન, પાણિયારું, કોઠીઓ વગેરે કયાં કયાં મૂકે છે ?

૧૩. ઘરની સાથે બાજુમાં વરંડા જેવું હોય છે ?

૧૪. ઘરની આગળ માંડવો બનાવે છે ? કેવી રીતે ? શા માટે ?

ઘરવખરી :

૧. ઘરવખરીની ચીજોમાં શું શું હોય છે ?

૨. વાસણો તાંબા, પિત્તળનાં, એલ્યુમિનિયમનાં, સ્ટીલનાં કે અન્ય ધાતુનાં.

૩. ખાટલા કાથીના, પાટીના, વાંસના કે લોખંડના.

૪. નીચેના ફરનિચર, બાંકડો, પાટ, હિંચકો, ખુરશીઓ, ટેબલ, કબાટ વગેરે લાકડાનું કે લોખંડનું

૫. ગાદલાં, ઓશિકાં, ઓઢવાના વગેરેનો ઉપયોગ કરે છે ?

૬. સૂવા માટે શું પાથરે છે ?

૭. જમીન પર સૂવે કે ખાટલા પર ?

૮. ઘરેણાં સોના, ચાંદીના, રૂપાનાં કે અન્ય ધાતુનાં ? હાથ, પગ, ડોક, કાન વગેરેનાં ઘરેણાંનાં નામ.

<u>કુટુંબ વ્યવસ્થા :</u>

૧. કુટુંબ કેવા પ્રકારનું છે ? પિતૃસમાજ કે માતૃસમાજ ?

૨. કુટુંબમાં કેટલી વ્યક્તિઓ છે ?

૩. કુટુંબમાં કોનું પ્રભુત્વ છે ? સ્ત્રીનું, પુરૂષનું કે મોટા દિકરાનું ?

૪. કુટુંબમાં કેવા પ્રકારના સગાઓ રહે છે ?

૫. કુટુંબની કમાણી કોની પાસે રહે છે ? પોતાની પાસે, પત્ની પાસે કે મોટા દિકરા પાસે ?

૬. કુટુંબમાં અગત્યના નિર્ણયો કોણ લે છે ?

૭. અગત્યના નિર્ણયોમાં કઇ કઇ વ્યક્તિઓને પૂછવામાં આવે છે ? કે સામેલ કરવામાં આવે છે ?

૮. કુટુંબનું વિભાજન કેવા સંજોગોમાં થાય છે ?

૯. કુટુંબમાં લડાઇ ઝઘડા થાય છે ? કુટુંબની અંદરના સભ્યો વચ્ચે ? કયા કયા સભ્યો વચ્ચે બોલાચાલી, ગાળાગાળી કે મારામારી થાય છે ? થાય તો તેનું સમાધાન કે નિરાકરણ કેવી રીતે આવે ?

૧૦. કુટુંબની અંદર પતિ-પત્ની, માતા-પુત્ર, પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, બહેન-બહેન, ભાઇ-બહેન, માતા-પુત્રી, સાસુ-વહુ, ભાભી-દિયર, નણંદ-ભોજાઇ, સસરા-વહુ (ઘર જમાઇ હોય તો કુટુંબના અન્ય સભ્યો સાથે) વચ્ચે ઝઘડો થાય તો તેનો ઉકેલ કુટુંબની વ્યક્તિઓ વ્દારા લાવવામાં આવે છે ? કેવી રીતે ? અન્ય વ્યક્તિની (કુટુંબની, ગામની કે પંચની) દરમ્યાનગીરીથી ઝઘડો નિવારવામાં આવે છે કે પરસ્પર પતાવટથી ?

૧૧. પત્ની કહ્યામાં ન રહે તો શું કરે ? બોલાચાલી થાય. ગાળો દેવામાં આવે કે કાઢી મૂકવામાં આવે ?

૧૨. બંને વચ્ચે સમાધાન કેવી રીતે અને કોની મારફતે થાય ?

૧૩. અન્ય કુટુંબો સાથેના સંબંધો કેવી રીતે જળવાય છે ?

૧૪. પોતાના ગોત્રના કુટુંબ બહારના ગોત્ર વચ્ચે સામાજિક સંબંધો.

૧૫. એક ગોત્રના કુટુંબમાં લગ્ન થાય અને ન થાય તો શા માટે ?

૧૬. આર્થિક રીતે બીજા કુટુંબોનો સહારો કે મદદ લેવામાં આવે છે ? ગોત્રના, ગોત્ર બહારના કે ગામના ?

૧૭. સગાઓનાં કુટુંબોને અન્ય રીતે મદદ કરવામાં કે તેમની મદદ લેવામાં આવે છે ? ગોતીમાં ઘર સગાઓને કુટુંબોને અન્ય રીતે મદદ કરવામાં કે તેમની મદદ લેવામાં આવે છે ?

૧૮. કેવી રીતે મદદ લેવામાં કે આપવામાં આવે છે ? વસ્તુના રૂપમાં કે મહેનત કરીને ?

## ખોરાક અને પીણાં :

૧. ખોરાકમાં શું શું ખાય છે ? (અ) દરરોજ સવારે, બપોરે અને સાંજે (બ) ઉત્સવ અને વારતહેવારે ?

૨. માછલી, મરઘી, બકરું, પાડો, હરણ, તેતર, કાગડો કે અન્યમાં શું શું ખાય છે ?

૩. માંસ કયારે ખાય ? અમુક પ્રસંગે કે ગમે તે દિવસે ?

૪. પીણામાં દારૂ, તાડી, ચા વગેરે નિયમિત પીએ છે કે પ્રસંગોપાત ?

## પહેરવેશ :

૧. બાળકોનો પહેરવેશ છોકરા / છોકરી પાંચ વર્ષથી નાના અને પાંચ વર્ષથી ઉપરનાનો.

૨. પુરુષોનો પોશાક

૩. સ્ત્રીઓનો પોશાક

## સામાજિક રીતરિવાજ :

અ. રજસ્વલા સ્ત્રી :

૧. રજસ્વલા સ્ત્રીને શું કહે છે ?

૨. રજસ્વલા સ્ત્રી ઘરમાં કઇ કઇ વસ્તુઓનો સ્પર્શ કરી શકે ?

૩. રજસ્વલા સ્ત્રી રાંધવાનું કામ કરી શકે ? તેમજ બીજાં કયાં કયાં કામો જેનાથી થાય અને ન થાય ?

૪. અમુક પ્રકારનાં કામો કરવાં કે નહીં કરવાં એવી માન્યતા શા માટે ?

૫. રજસ્વલા સ્ત્રી કેટલા દિવસે નહાય છે ? (માથું ધૂએ છે ?)

૬. રજસ્વલા સ્ત્રી સાથે જાતીય સંબંધ બાંધવામાં આવે છે ? ન બાંધવા પાછળ શું માન્યતા છે ?

૭. સ્ત્રીને રજસ્વલા બંધ થાય તો ગર્ભ રહે એ પુરુષ જાણે છે ?

૮. પુરુષને કયારે ખબર પડે કે સ્ત્રીને ગર્ભ રહયો છે ?

૯. ગર્ભ શા માટે રહયો ? જાતીય સંબંધોથી, ભગવાનની કે કોઈ દેવીની ઇચ્છાથી ? કે પછી શા માટે તેની ખબર પડતી નથી ?

૧૦. કોઇ સ્ત્રીને ગર્ભ ન રહે તો તે માટે કોઇ પણ વિધિઓ કે ભુવા-ભગતની પાસે બાધા રાખે છે ? રાખે તો કેવી માનતા રાખે છે ?

૧૧. ગર્ભ રહયા પછી તરત કોઇ પણ ધાર્મિક વિધિ કરવી પડે ?

૧૨. ગર્ભ રહે તો બાળકનો જન્મ થાય ત્યાં સુધીમાં કયા કયા પ્રકારની અને કેવી કેવી સામાજિક અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે ?

૧૩. આ વિધિ કોણ કરાવે ? આ વિધિમાં કોણ કોણ હાજર રહે ? કયાં કયાં [illegible] આવે છે ?

૧૪. પ્રસવ કયાં થાય છે ? પોતાના ઘરે, દવાખાને કે સ્ત્રીના પિતાના ઘરે ?

વાર

**પ્રસવની વિધિ :**

૧. પ્રસવ પહેલાં સ્ત્રીને અન્ય પ્રકારનો જુદો જુદો ખોરાક આપવામાં આવે છે ?

૨. પ્રસવ સમયે કોણ કોણ હાજર રહે ?

૩. પ્રસવમાં પુરૂષો હાજર રહી શકે ?

૪. દાયણ, નર્સ, ડોક્ટર કે અન્યની પાસે પ્રસવ કરાવવામાં આવે છે ?

૫. દાયણ પોતાની જાતિની કે અન્ય જાતિની હોય છે ? કેટલી દાયણી હોય છે ?

૬. પ્રસવ થવામાં મુશ્કેલી થાય તો શું કરે છે ? દવા, ધાર્મિક, માન્યતા કે અન્ય વિધિઓ ?

૭. પ્રસવ થયા બાદ તુરત કોઇ સામાજિક કે ધાર્મિક વિધિ કરવામાં આવે છે ?

૮. દાયણ જન્મ બાદ શું કરે છે ?

૯. સ્ત્રીને કોઇ વિશેષ પ્રકારની સારવાર અપાય છે ?

૧૦. બાળકની નાળ કેવી રીતે કયા સાધનથી કપાય છે ?

૧૧. તે કયાં દાટે છે ?

૧૨. સ્ત્રીને પ્રસવ બાદ ઘરમાં કે કોઇ બીજી જગ્યાએ રાખવામાં આવે છે ?

૧૩. સ્ત્રીને પ્રસવ બાદ ખોરાક કેવો આપવા માં આવે છે ?

૧૪. જુદો ખોરાક આપતા હોય તો શા માટે ?

૧૫. બાળકના જન્મથી માંડી બાળક ૧૨ વર્ષનું થાય ત્યાં સુધીમાં અન્ય પ્રકારની વિધિઓ કરવામાં આવતી હોય તો તે કઇ જગ્યાએ, કોણ કરાવે છે ? અને કયા કયા સગાઓ હાજર રહે છે ?

૧૬. જન્મ બાદ બાળકો જીવતાં ન હોય તો તે માટે કોઇ ચોક્કસ કે વિશેષ પ્રકારની વિધિ કે સારવાર કરવામાં આવે છે ?

૧૭. મોટાં બાળકો શું કરે છે ? કામમાં મદદ કરે કે શિક્ષણ લેવા જાય છે ?

**લગ્ન પહેલાંના જાતીય સંબંધો :**

૧. લગ્નની ઉંમર કેટલા વર્ષની માનવામાં આવે છે ? પુરૂષ અને સ્ત્રી માટે ? લગ્ન કેવી રીતે અને એકપત્નીત્વ કે બહુપત્નીત્વ લગ્ન થાય છે ?

૨. બહુપત્નીત્વમાં કેટલી પત્નીઓ રાખી શકે ? એક કરતાં વધુ પત્નીઓ હોય તો એક જ કુટુંબની જ સગી બહેનો છે કે જુદા જુદા ગોત્રની ?

૪૬

છે ?

૩. એક કરતાં વધુ પત્નીઓ કયાં કારણોસર રાખવામાં આવે છે ?

૪. લગ્નસાથી પસંદ કરવામાં કઇ કઇ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

૫. લગ્નની પસંદગીમાં પોતાની દિકરી માટે જમાઇની પસંદગીમાં કેવા કેવા ગુણો અને કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે ? પત્નીની પસંદગીમાં કઇ બાબતો અને ગુણો જોવામાં આવે છે ?

૬. દહેજ આપવું પડે ? કેટલું ? રોકડમાં કેટલું અને વસ્તુના રૂપમાં કેટલું ? દાગીના, કપડાં, વનજ, પશુ કે અન્ય વસ્તુઓમાં શું શું અને કેટલું ?

<u>સગાઇ (વિવાહ)</u>

૧. સગાઇ કઇ ઉંમરે થાય છે ?

૨. સગાઇની શરૂઆત કયા પક્ષેથી થાય ? છોકરા કે છોકરી પક્ષેથી ?

૩. સગાઇ કરાવવામાં કોણ અગત્યનો ભાગ ભજવે છે ?

૪. સગાઇની વિધિ કયાં થાય છે ? છોકરાને ત્યાં કે છોકરીને ત્યાં ? કે બંને જગ્યાએ ?

૫. સગાઇ કરવા કેટલા માણસો જાય ? કેવા પ્રકારનાં સગાં જઇ શકે ? જેમની સગાઇ કરવાની હોય તે સાથે જઇ શકે ?

૬. સગાઇની વિધિ કોણ કરાવે છે ?

૭. સગાઇની વિધિ કેવી રીતે કરવામાં આવે છે ?

૮. આ સમયે બંને પક્ષે શું શું આપવા લેવાનું હોય છે ?

૯. દારૂ કોણ કોણ પીએ છે ?

૧૦. કન્યાપક્ષવાળા મહેમાનોને ખાવા રાખે છે ? શું ખવડાવે છે ?

૧૧. કયારે વિદાય થાય ?

૧૨. કન્યાપક્ષવાળા વરપક્ષવાળાને ત્યાં કયારે જાય ? અને બંને પક્ષે આપવા લેવાનું શું શું હોય છે ?

૧૩. જાન જાય ત્યાં સુધીની સામાજિક વિધિ કેવી રીતે કરવામાં આવે છે ? (માંડવો, ગણેશ, ગોત્ર વગેરે)

૧૪. જાન કયા સમયે જાય ?

૧૫. જાનમાં કેટલા અને કયા સગાઓ જાય છે ?

૧૬. જાનમાં પોતાની જાતિના સિવાય બીજી કોઇ જાતિના જાય છે ?

૧૭. જાન ચાલતી જાય, ગાડામાં જાય કે અન્ય કોઇ વાહનમાં ?

૧૮. જાન છોકરાની જાય કે છોકરીની ?

૧૯. જાન જતી વખતે વરનો પહેરવેશ કેવો અને બીજા લોકોનો કેવો ?

૨૦. જાનની સાથે બીજી કઇ કઇ વસ્તુઓ લઇ જવામાં આવે છે ?

૨૧. જાન કન્યાપક્ષવાળાને ત્યાં જાય પછી વધામણી માટે કે મળવા માટે કોણ આવે ?

૨૨. જાનનો ઉતારો ક્યાં હોય છે ?

૨૩. કન્યાના પિતાને ત્યાં થતી લગ્નની વિધિઓ કેવી હોય છે ? કોણ કરાવે છે ?

૨૪. જાનવાળાને દહેજ કઇ વખતે લેવામાં આવે છે ?

૨૫. જાનવાળાને કેટલા ટંક ભોજન કન્યાપક્ષ તરફથી અપાય છે ?

૨૬. પોતપોતાનું ખાવાનું જાનવાળા લઇ જાય છે ?

૨૭. લગ્નમાં મામાપક્ષના સગાઓ રોકડમાં અને વસ્તુમાં શું શું આપે છે ?

૨૮. લગ્નની જાન વરને ત્યાં જવા નીકળે ત્યારે થતી વિધિઓ, જાનની સાથે કન્યા જાય છે ?

૨૯. કન્યા સાથે જતી હોય તો બીજી કોઇ છોકરી સાથે જાય છે ?

૩૦. કન્યાને તેડવા ક્યારે, કેટલા અને કોણ જાય ?

૩૧. ફરીથી તેડવા વરપક્ષવાળા ક્યારે જાય ?

છૂટાછેડા :

૧. છૂટાછેડા કેવા સંજોગોમાં અપાય છે ?

૨. પુરૂષ આપી દે તો તેને દહેજ પરત મળે કે નહીં ?

૩. કન્યા પોતાની જાતે ચાલી જાય તો દહેજ આપવું પડે ?

૪. છૂટાછેડા અન્ય ક્યાં કારણોસર અપાય છે ?

પુનઃલગ્ન :

૧. પુનઃલગ્નમાં વિધવા, વિધુર કે છૂટાછેડા થયેલ સ્ત્રી-પુરૂષ કોની સાથે લગ્ન કરીશકે ?

૨. વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે ?

૩. વિધવા કે છૂટી થયેલ સ્ત્રી કુંવારા પુરૂષની સાથે લગ્ન કરી શકે ?

૪. વિધવાની પુનઃલગ્નમાં કોઇ વિશેષ પ્રકારની વિધિ કરવી પડે ?

૫. વિધવાનું સ્થાન કેવું છે ?

૬. દિયરવટાની પ્રથા છે ?

૭. પતિના મરી ગયા બાદ જેઠ સાથે લગ્ન કરી શકે ?

૮. સાળી સાથે લગ્ન કરી શકે ? મોટી કે નાની સાળી સાથે લગ્ન થઇ શકે ?

__ધાર્મિક જીવન :__

૧. ધર્મમાં કોઇ પ્રકારનું ધાર્મિક પ્રતિક છે ?

૨. ટોટેમ હોય તો કઇ વસ્તુને ટોટેમ તરીકે પૂજવામાં આવે છે ?

૩. કયા કયા દેવ-દેવીઓને માને છે ?

૪. દેવ-દેવીઓની પૂજા કેવી રીતે કરે છે ? કયારે કરે છે ?

૫. કયા કયા તહેવારો અને ઉત્સવો ઉજવે છે ? એ ઉત્સવો કયા માસમાં આવે છે ? કેવી રીતે ?

૬. ઉત્સવોનું મહત્વ શું ? શા માટે ?

૭. આર્થિક ક્ષેત્રમાં ધર્મનું સ્થાન, ખેતીની શરૂઆતમાં, પ્રાક લેતાં, પાકના રક્ષણ માટે કયા કયા
દેવ-દેવીઓની પૂજા કરવામાં આવે છે ?

૮. દેવોને પ્રસન્ન કરવા માટે બલિદાનોમાં શું અપાય છે ?

૯. નવું ઘર બનાવતાં, નવું પશુ ખરીદતાં કે નવા કામની શરૂઆતમાં કઇ કઇ વિધિઓ
કરવામાં આવે છે ?

૧૦. દેવનું સ્થાનક ઘરમાં હોય છે ? જો હોય તો કઇ જગ્યાએ ? (કયા ધર્મની અસર છે ?)
હિંદુ, મુસ્લિમ કે અન્ય.

૧૧. વ્યક્તિગત રીતે દેવોની પૂજાવિધિ થાય છે ? કયા કયા દેવોની ?

૧૨. સામુહિક રીતે કયા કયા દેવોની પૂજા થાય છે ?

૧૩. સામાજિક જીવનમાં ધર્મનું સ્થાન.

૧૪. ભગત-ભૂવાનું મહત્વ.

૧૫. ડાકણની માન્યતા છે ?

૧૬. ભૂત-પ્રેતની માન્યતાઓ ભૂત-પ્રેત કયાં વસે છે ? તેને વશ રાખવા શું કરવામાં આવે છે ?

૧૭. ડાકણ કોને માને છે ? ગામમાં છે ?

૧૮. ડાકણ પકડાઇ જાય તો શું કરે ? વળગાડ દૂર કરવા કઇ વિધિ કરવામાં આવે છે ?

૧૯. કોઇ બિમાર પડે, સાપ કરડે કે વીંછી કરડે તો દવાખાને જાય કે ભૂવા પાસે ?

૨૦. ભગત કેવી રીતે લોકોને સહારો આપે છે ?

મૃત્યુ :

૧. વ્યક્તિ મરણપથારીએ કે ખૂબ જ બિમાર હોય ત્યારે કઇ કઇ વ્યક્તિઓ ખબર કાઢવા આવે ?

૨. મૃત્યુ બાદ કઇ કઇ વ્યક્તિઓને બોલાવવામાં આવે છે ?

૩. મૃત્યુ પ્રસંગે આવેલા સ્ત્રી-પુરૂષો શું કરે છે ?

૪. મૃતદેહને શું કરવામાં આવે છે ? સ્નાન કરાવવું, હળદર લગાવવી વગેરે)

૫. મૃતદેહને માટે ઠાઠડી બનાવવામાં આવે છે ? કે ખાટલામાં લઇ જવાય છે ?

૬. મૃતદેહને કોણ કોણ ઉપાડી જાય છે ?

૭. મૃતદેહની સાથે કઇ કઇ વસ્તુઓ લઇ જવામાં આવે છે ?

૮. મૃતદેહને વિસામા આગળ ઉતારી શું કરવામાં આવે છે ?

૯. દાટતાં કે બાળતાં પહેલાં કયા પ્રકારની વિધિઓ કરવામાં આવે છે ?

૧૦. બાર દિવસ સુધી થતી વિધિઓ કેવી હોય છે ? કઇ કઇ ?

૧૧. બારમું કરવું જ પડે ?

૧૨. બારમાની વિધિ કોણ કરાવે અને કેવી રીતે ?

૧૩. કયા કયા સગાઓને બોલાવે ?

૧૪. ખર્ચ કેટલું થાય ?

૧૫. મૃત્યુ બાદ પતરાં કે પાળિયા ક્યારે મૂકે છે ? તે મૂકતાં કરવામાં આવતી વિધિઓ ?

૧૬. પાળિયાની કે પતરાની પૂજા ક્યારે અને કઇ રીતે કરવામાં આવે છે ?

...